શ્રીયમુના નિકુંજ ગ્રંથમાલા

# રસિક-કૌમુદી

(ભાગ : ૧૨)


: કવયિત્રી :

ગો. શ્રીરત્નપ્રભા બાભીજી મહારાજ (કુમુદિની)

ગો. શ્રીરસિકપ્રિયા બેટીજી (પન્નુબા)

પોરબંદર.





: સંપાદક-પ્રકાશક :

ગો. શ્રી રસિકપ્રિયા બેટીજી (પન્નુબા)

પોરબંદર.

# : અનુક્રમણિકા :


| ક્રમ | નામ | પૃષ્ઠ | ક્રમ | નામ | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| ૧ | આ થાળી વાગે ને ઝાલર. | ૧ | ૨૫ | હાં રે આવો આવોને ! | ૨૦ |
| ૨ | નંદભવનમાં નોબત વાગે | ૩ | ૨૬ | સખી ! પ્રેમ તણાં પારણિયે | ૨૧ |
| ૩ | આજે ગોકુલિયામાં નવરંગ | ૪ | ૨૭ | સખિયો ! સરવે આવો, | ૨૧ |
| ૪ | આજે ગોકુલિયામાં. | ૪ | ૨૮ | સજની ! નંદ જશોદાને દ્વાર, | ૨૨ |
| ૫ | આજે ગોકુલિયામાં ઝાલર, | ૫ | ૨૯ | સાવ સોનાનું મેં તો. | ૨૩ |
| ૬ | થાળી વાગે રે થાળી વાગે, | ૬ | ૩૦ | આજ ગઈ'તી સાહેલીને. | ૨૩ |
| ૭ | આવ આવને ગોપાલ ! | ૬ | ૩૧ | ઝૂલો ઝૂલો શ્રીનવનીતલાલ | ૨૪ |
| ૮ | હાં હાં કરૂં રે તને હાં હાં કરૂં | ૭ | ૩૨ | ખેલે ખેલે શ્રી નવનીતલાલ | ૨૫ |
| ૯ | બોલે છે મોર રે બોલે છે મોર | ૭ | ૩૩ | ઘૂઘરડી વાગે છે. | ૨૫ |
| ૧૦ | હાલરડાં હું ગાઉં મારા લાલને | ૮ | ૩૪ | આવો તો પારણે ઝુલાવું | ૨૬ |
| ૧૧ | મોહનને હાલરડું વ્હાલું રે | ૯ | ૩૫ | રમવા આવોને દોડી દોડી | ૨૬ |
| ૧૨ | બાલકને માખણિયાં ભાવે રે | ૧૦ | ૩૬ | જોવા ચાલો મારી બ્હેન | ૨૭ |
| ૧૩ | હાં રે સૂઈજા, સૂઈજા. | ૧૦ | ૩૭ | મે તો પારણિયે ઝૂલતા | ૨૭ |
| ૧૪ | અગર ચંદનનું પારણું | ૧૧ | ૩૮ | સોનાને પારણે, સોનાને. | ૨૮ |
| ૧૫ | નંદભવનના આંગણિયામાં | ૧૨ | ૩૯ | ઝુલો તો ઝુલાવું પ્યારા ! | ૨૯ |
| ૧૬ | મારા બાલુડા ગોપાલ ! | ૧૩ | ૪૦ | રંગ લાગ્યો પારણિયે | ૩૦ |
| ૧૭ | ગોપાલ મારો પારણિયે | ૧૪ | ૪૧ | નોબતના નાદ સુણી | ૩૦ |
| ૧૮ | મણિમય ભૂમિ મહાવનમાં | ૧૪ | ૪૨ | નવલી નવલી નોબત વાગે | ૩૧ |
| ૧૯ | ગોકુલમાં આજ ઓચ્છવ | ૧૫ | ૪૩ | લાલ ! સાવ રે સોનાનું | ૩૨ |
| ૨૦ | જોને સખિ ! | ૧૫ | ૪૪ | પ્રીતમ ઝુલે પારણે | ૩૨ |
| ૨૧ | જોને સખિ ! | ૧૬ | ૪૫ | સુણ સાહેલી ! | ૩૩ |
| ૨૨ | આજે ગોકુલિયામાં નોબત | ૧૭ | ૪૬ | શ્રી વૃષભાન ભવનમાં | ૩૪ |
| ૨૩ | ઘણી ખમ્મા રંગીલા | ૧૭ | ૪૭ | શ્રીલક્ષ્મણ ભટ્ટ ઘેર ચાલો | ૩૪ |
| ૨૪ | ચાલો સાહેલડી રે | ૧૯ | ૪૮ | મંદિરને દ્વાર મેં તો | ૩૫ |

| ક્રમ | નામ | પૃષ્ઠ |
|---|---|---|
| ૪૯ | બોલો બોલો શ્રીવલ્લભ | ૩૬ |
| ૫૦ | બ્હેની ! આજે પ્રગટયા | ૩૭ |
| ૫૧ | શ્રી વલ્લભને દ્વારે રે | ૩૭ |
| ૫૨ | ચાલો સખી ! ચરણાટે | ૩૮ |
| ૫૩ | શ્રીવિઠ્ઠલેશ ગુરુ | ૩૯ |
| ૫૪ | આનંદ આજ ભારે | ૪૦ |
| ૫૫ | સખી ! ચાલો તો જઇએ | ૪૧ |
| ૫૬ | સખી ! જો જો બોલોને | ૪૧ |
| ૫૭ | જમુનાને તીર રૂડી | ૪૩ |
| ૫૮ | શું મંત્ર ભણી વાંસલડી ! | ૪૪ |
| ૫૯ | વેણુનાદે વશ કીધી | ૪૪ |
| ૬૦ | મીઠી નજરે, કાળજડું | ૪૫ |
| ૬૧ | મધુરસ વાગે મોહનજીની | ૪૫ |
| ૬૨ | અલી વાંસલડી ! | ૪૬ |
| ૬૩ | હાં રે મધુવનમાં | ૪૭ |
| ૬૪ | હાં હાં રે મોરલડી | ૪૭ |
| ૬૫ | મીઠા મીઠા શબ્દો સુણાવજે | ૪૮ |
| ૬૬ | મેઘ ગાજે | ૪૮ |
| ૬૭ | જુઓ વાગી રહી છે | ૪૯ |
| ૬૮ | કા'ના ! કામણગારી | ૪૯ |
| ૬૯ | મારા છેલ છબિલા પ્યારા | ૫૦ |
| ૭૦ | સજની ! શ્યામ સ્નેહી | ૫૦ |
| ૭૧ | જો જો હું ને મોહનલાલ | ૫૧ |
| ૭૨ | વ્હાલાના વાંસળી | ૫૧ |
| ૭૩ | જુઓ જુઓ કાલિદીને કાંઠે | ૫૨ |

| ક્રમ | નામ | પૃષ્ઠ |
|---|---|---|
| ૭૪ | વનવનમાં ફરી સખી ! | ૫૩ |
| ૭૫ | મારું મન હરએ | ૫૪ |
| ૭૬ | ગોકુલમાં ગોતી ગોતી હારી | ૫૪ |
| ૭૭ | મધુવનની કુંજમાં ને | ૫૫ |
| ૭૮ | યમુનાના ઘાટમાં ને | ૫૬ |
| ૭૯ | રાસ રમો, રાસ રમો | ૫૬ |
| ૮૦ | બંસી લાગે છે તારી | ૫૭ |
| ૮૧ | બંસરીના ચોર | ૫૭ |
| ૮૨ | મનડું હરે રે | ૫૮ |
| ૮૩ | વાગે વાગે રે વાંસલડી | ૫૮ |
| ૮૪ | મોહન ! તારી મોરલી | ૫૯ |
| ૮૫ | આજે વૃંદાવન બંસી વાગે | ૫૯ |
| ૮૬ | મોરલી વાગી રે | ૬૦ |
| ૮૭ | પ્રીતડી લાગી રે | ૬૦ |
| ૮૮ | વૃંદાવન વાંસલડી | ૬૧ |
| ૮૯ | આવો આવો મોહનલાલ | ૬૧ |
| ૯૦ | બ્હેની ! શ્રીમદનમોહનજી | ૬૨ |
| ૯૧ | મીઠી મીઠી મોરલી રે | ૬૨ |
| ૯૨ | મદનમોહજીને લટકે | ૬૩ |
| ૯૩ | મુરલીમાં કામણભારી | ૬૩ |
| ૯૪ | નિરખો શ્રીનાથજી રૂપાળા | ૬૪ |
| ૯૫ | રમશું શ્રીનાથજીને સંગે | ૬૪ |
| ૯૬ | ચાલ ચાલ, ચતુર ! | ૬૫ |
| ૯૭ | માન તજો માનિની ! | ૬૫ |
| ૯૮ | લટક મટક રાધિકા | ૬૬ |

| ક્રમ | નામ | પૃષ્ઠ | ક્રમ | નામ | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| ૯૯ | રાધિકા ! રંગીલી ! | ૬૬ | ૧૨૪ | તમે એકવાર ગોકુલ | ૮૫ |
| ૧૦૦ | વાગે વૃન્દાવન વાંસળી | ૬૭ | ૧૨૫ | મારા શ્યામને સંદેશો | ૮૫ |
| ૧૦૧ | સહિયર ચાલ્યાં રે | ૬૮ | ૧૨૬ | સાહેલી! મોહન કોઇ મિલાવો | ૮૬ |
| ૧૦૨ | રસિયા ! શરદપૂનમની | ૬૯ | ૧૨૭ | સખી વૃંદાવનની કુંજનમાં | ૮૬ |
| ૧૦૩ | શ્રીમદનમોહનજી-શું મારું | ૬૯ | ૧૨૮ | સુખિયાં કદી ન હોય | ૮૭ |
| ૧૦૪ | વ્હાલા લાગો છો | ૭૦ | ૧૨૯ | પધારો પ્રેમથી પ્યારા ! | ૮૭ |
| ૧૦૫ | આ ઘેર પધારો | ૭૧ | ૧૩૦ | છૈયા ! વાંકલડું નિહાળમાં | ૮૮ |
| ૧૦૬ | ગરબે રમવાને ચાલો | ૭૧ | ૧૩૧ | વ્રજનારી ! હો વ્રજનારી ! | ૮૮ |
| ૧૦૭ | બાલુડો કા'ન સમજાવોને | ૭૨ | ૧૩૨ | હરિ ઉભા રહોને | ૮૯ |
| ૧૦૮ | મુરલી વાગી મુરલીધરની | ૭૩ | ૧૩૩ | બોલે છે રૂડા પક્ષી | ૮૯ |
| ૧૦૯ | સાંભળ કોયલડીના ટહુકા | ૭૩ | ૧૩૪ | જલ ભરવા જાઉં ને | ૯૦ |
| ૧૧૦ | મારા છેલ છબિલા | ૭૪ | ૧૩૫ | ગોરી ગોરી બૈયાં ને | ૯૦ |
| ૧૧૧ | એક સમે એકાંત કુંજમાં | ૭૫ | ૧૩૬ | ગોરી ધીરે ચાલોને | ૯૧ |
| ૧૧૨ | સાહેલી મારો સંદેશો | ૭૬ | ૧૩૭ | સજની ! રીસાણા રસભીના | ૯૧ |
| ૧૧૩ | તમે ભૂલી ગયા ભરથાર | ૭૮ | ૧૩૮ | ઘેર આવો રંગીલા લાલ ! | ૯૨ |
| ૧૧૪ | વરસે મેહુલિયો ને | ૭૮ | ૧૩૯ | આ મોરલિયા નાચે રે | ૯૩ |
| ૧૧૫ | મેં તો પ્યારા પ્રભુજીને | ૭૯ | ૧૪૦ | શ્યામ રંગીલી મારી | ૯૪ |
| ૧૧૬ | જાઓ જાઓ માનીતીને | ૮૦ | ૧૪૧ | શ્યામ સ્નેહી તારો | ૯૪ |
| ૧૧૭ | મદનમોહનજી છબીલા | ૮૦ | ૧૪૨ | શ્યામ સ્નેહી તને | ૯૫ |
| ૧૧૮ | મોહનવર-શું પ્રીત | ૮૧ | ૧૪૩ | આ આજે સાહેલી ! | ૯૫ |
| ૧૧૯ | હો જશોદાજી ! કામણગારી | ૮૧ | ૧૪૪ | નાથ ! સમી સાંજના | ૯૬ |
| ૧૨૦ | નમો નમો વૃંદાવન દેવી | ૮૨ | ૧૪૫ | ફૂલહાર પ્હેરજો | ૯૭ |
| ૧૨૧ | સાહેલી ! કયારે | ૮૨ | ૧૪૬ | આવો પધારોને રાજ | ૯૭ |
| ૧૨૨ | મને તો મારો મદનમોહન | ૮૩ | ૧૪૭ | મારું મન લલચાય રે | ૯૮ |
| ૧૨૩ | ઓધવજી ! એટલડું કહેજો | ૮૪ | ૧૪૮ | મારા તે બાગમાં | ૯૮ |

| ક્રમ | નામ | પૃષ્ઠ | ક્રમ | નામ | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| ૧૪૯ | મારે મંદિર કા'ન | ૯૯ | ૧૭૪ | જશોદાજી ! તમારો રે | ૧૧૭ |
| ૧૫૦ | હાં રે સખી ! ચાલો તો | ૧૦૦ | ૧૭૫ | ઘર પછવાડે કે બ્હેની ! | ૧૧૮ |
| ૧૫૧ | મારે મંદિરિયે આજ | ૧૦૦ | ૧૭૬ | ગોરસ વલોવે | ૧૧૯ |
| ૧૫૨ | ઝૂલે ઝુલવાને શ્યામ | ૧૦૧ | ૧૭૭ | ગોરી જલ ભરવાને | ૧૧૯ |
| ૧૫૩ | આ મેહુલિયો વરસે રે | ૧૦૨ | ૧૭૮ | પ્યારી પ્યારી લાગે રે | ૧૨૦ |
| ૧૫૪ | આંબાની ડાળે રૂડી | ૧૦૩ | ૧૭૯ | હું તો જલ ભરવાને | ૧૨૧ |
| ૧૫૫ | ચાલ પ્યારી રાધે ! | ૧૦૩ | ૧૮૦ | છેલ ગુમાની ! મને | ૧૨૨ |
| ૧૫૬ | મોહન મિલાવો | ૧૦૪ | ૧૮૧ | મારગ મૂકીને ચાલ્યાં | ૧૨૩ |
| ૧૫૭ | કંચનના થાળ ભરી | ૧૦૪ | ૧૮૨ | જમુનાનાં નીર ઘણાં | ૧૨૩ |
| ૧૫૮ | ફૂલડાંના હાર લઈ | ૧૦૫ | ૧૮૩ | જોને પેલો પનઘટ | ૧૨૪ |
| ૧૫૯ | શ્રીવલ્લભને શરણે જઈ | ૧૦૫ | ૧૮૪ | નણદી મારી શાને | ૧૨૪ |
| ૧૬૦ | ચાલો સાહેલી ! | ૧૦૬ | ૧૮૫ | કા'ન કાંકરી ન માર | ૧૨૫ |
| ૧૬૧ | આજ પ્રીતમ પધાર્યા | ૧૦૭ | ૧૮૬ | કા'ન ઊભા રહો તો | ૧૨૬ |
| ૧૬૨ | ફૂલ્યો મન–બાગ | ૧૦૭ | ૧૮૭ | જલ ભરવા નહીં જાઉં | ૧૨૬ |
| ૧૬૩ | પ્રેમના તરંગ–રંગ | ૧૦૮ | ૧૮૮ | ચાલોને સહિયર ! | ૧૨૭ |
| ૧૬૪ | આવો પધારો રે | ૧૦૮ | ૧૮૯ | હાં રે હું તો પાણીડાં | ૧૨૭ |
| ૧૬૫ | કા'ના ! આવો તો | ૧૦૯ | ૧૯૦ | જમુનાને તીર બ્હેની ! | ૧૨૮ |
| ૧૬૬ | બ્હેની ! મારો | ૧૧૦ | ૧૯૧ | સુણ સાહેલડી રે ! | ૧૨૯ |
| ૧૬૭ | મારા તે બાગમાં | ૧૧૦ | ૧૯૨ | લાગે છે પ્યારો પ્યારો | ૧૨૯ |
| ૧૬૮ | આજ ટોળે મળે છે | ૧૧૧ | ૧૯૩ | સજની ! પ્રાત સમયે | ૧૩૦ |
| ૧૬૯ | માતા ! સાંભળજોને | ૧૧૨ | ૧૯૪ | ભરવા દે યમુનાનાં | ૧૩૦ |
| ૧૭૦ | હાં રે સખી ખોલ્યો | ૧૧૪ | ૧૯૫ | છેટો છેટો રે | ૧૩૧ |
| ૧૭૧ | જોવા ચાલો વ્રજનારી રે | ૧૧૫ | ૧૯૬ | કૃષ્ણ ! કનૈયા ! | ૧૩૧ |
| ૧૭૨ | મારે મંદિરિયે પધારો | ૧૧૬ | ૧૯૭ | કાનુડા ! ભરવા દે | ૧૩૨ |
| ૧૭૩ | હાં રે માતા જશોદા | ૧૧૭ | ૧૯૮ | વૃષભાનની દુલારી | ૧૩૩ |


| ક્રમ | નામ | પૃષ્ઠ | ક્રમ | નામ | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| ૧૯૯ | આજ રસિયે રંગીલે | ૧૩૩ | ૨૧૮ | હાં રે સુણો જસોદા | ૧૪૪ |
| ૨૦૦ | કેમ જાવું પનઘટ | ૧૩૪ | ૨૧૯ | હું તો ગોકુલથી ગોરસ! | ૧૪૫ |
| ૨૦૧ | પનઘટ ઉપર પાણી | ૧૩૫ | ૨૨૦ | મીઠાં મીઠાં ગોરસ. | ૧૪૬ |
| ૨૦૨ | પનઘટમાં આજ | ૧૩૫ | ૨૨૧ | જો ને સખી : પેલો. | ૧૪૭ |
| ૨૦૩ | સહિયર ! જલ, | ૧૩૬ | ૨૨૨ | મધુવન વાટે, | ૧૪૮ |
| ૨૦૪ | કેમ ભરિયે, | ૧૩૭ | ૨૨૩ | કામ છે, કામ છે. | ૧૪૮ |
| ૨૦૫ | એની ! મને પનઘટ | ૧૩૭ | ૨૨૪ | વાંસળી, વાંસળી | ૧૪૯ |
| ૨૦૬ | મહીની મટુકી, | ૧૩૮ | ૨૨૫ | મહિયારી ચાલી, | ૧૪૯ |
| ૨૦૭ | મહીની મટુકી મારી | ૧૩૮ | ૨૨૬ | હો મહિયારી ! | ૧૫૦ |
| ૨૦૮ | લૈ ગયો, લૈ ગયો, | ૧૩૯ | ૨૨૭ | અળગા રહોને, | ૧૫૦ |
| ૨૦૯ | દૈ ગયો, દૈ ગયો, | ૧૪૦ | ૨૨૮ | હવે શું કરીએ, | ૧૫૧ |
| ૨૧૦ | હાં રે મારે માથે, | ૧૪૦ | ૨૨૯ | અળગા રહોને, | ૧૫૧ |
| ૨૧૧ | માડી ! હું તો, | ૧૪૧ | ૨૩૦ | મારું મનડું મોહ્યું, | ૧૫૨ |
| ૨૧૨ | મોંઘા મોંઘા ને વળી. | ૧૪૧ | ૨૩૧ | રંગે રમશું, | ૧૫૩ |
| ૨૧૩ | ગોરસ ગોળી ન ઢોળ, | ૧૪૨ | ૨૩૨ | ચાલો નિકુંજ દ્વાર, | ૧૫૩ |
| ૨૧૪ | મારી મહીની મટુકી, | ૧૪૨ | ૨૩૩ | વલ્લભ આવે છે. | ૧૫૫ |
| ૨૧૫ | જોને કામણગારો કા'ન | ૧૪૨ | ૨૩૪ | આજની સુહાગી. | ૧૫૫ |
| ૨૧૬ | કા'ન દાન માગે. | ૧૪૩ | ૨૩૫ | અષ્ટાક્ષર ધ્વનિ. | ૧૫૬ |
| ૨૧૭ | આજ ગોરસ વેચવા. | ૧૪૪ | ૨૩૬ | મથુરામાં શ્રીનાથજી | ૧૫૯ |


## રસિક કૌમુદી : અનુક્રમણિકા ભાગ : ૨


| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૩૭ | વ્રજમાં જાશું, વ્રજમાં. | ૧૬૩ | ૨૪૧ | શ્રી મેવાડ દેશમા બિરાજે | ૧૭૦ |
| ૨૩૮ | આજ મારી એનડી ! | ૧૬૪ | ૨૪૨ | મોહન મિલાવો, | ૧૭૧ |
| ૨૩૯ | જી રે ધન્ય દિવસ. | ૧૬૫ | ૨૪૩ | શ્રીજી પ્રાણથી પ્યારા | ૧૭૨ |
| ૨૪૦ | અમારા દેવ છે ન્યારા. | ૧૬૮ | ૨૪૪ | ગોવર્ધનધારી | ૧૭૪ |

| ક્રમ | નામ | પૃષ્ઠ | ક્રમ | નામ | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| ૨૪૫ | રંગે રમે રે | ૧૭૪ | ૨૭૦ | ચાલો સખી ! કદલી | ૨૦૮ |
| ૨૪૬ | ઘડી ઘડી શું કહિયે | ૧૭૫ | ૨૭૧ | છઠ્ઠું પર્વ ગોધન | ૨૧૦ |
| ૨૪૭ | એ ખંમા મારા | ૧૭૬ | ૨૭૨ | સહિયર આજ પર્વ | ૨૧૨ |
| ૨૪૮ | ચરણોમાં મારૂં મન | ૧૭૬ | ૨૭૩ | સખી ! આઠમે | ૨૧૩ |
| ૨૪૯ | રંગ રસિયા શ્રીનાથજી | ૧૭૭ | ૨૭૪ | સખી ! નવમે તે નવલ | ૨૧૪ |
| ૨૫૦ | શ્રીનાથજીનો કેસરિયા | ૧૭૮ | ૨૭૫ | સહિયર ! રમવા ચાલો | ૨૧૫ |
| ૨૫૧ | ચાલ તો નિકુંજમાં | ૧૭૮ | ૨૭૬ | હાં રે સખી ! સરવે મળી | ૨૧૮ |
| ૨૫૨ | મદનમોહનજી છબિલા | ૧૭૯ | ૨૭૭ | હાં રે સખી ! શરદપૂનમ | ૨૨૪ |
| ૨૫૩ | વૃંદાવન વાંસલડી | ૧૮૦ | ૨૭૮ | ચાલો સખી ! આદિ | ૨૨૯ |
| ૨૫૪ | પ્રીતમજીની પ્રીતમાં | ૧૮૦ | ૨૭૯ | મારે મંદિર પધારો | ૨૩૩ |
| ૨૫૫ | શ્રીગોપાલલાલજી બિરાજે | ૧૮૧ | ૨૮૦ | હો બેનડી રે | ૨૩૪ |
| ૨૫૬ | વ્હાલાજીને ગાવડી | ૧૮૩ | ૨૮૧ | રાણી રાધિકા રમે છે | ૨૩૫ |
| ૨૫૭ | વંદન કરૂં શ્રીમદનમોહન | ૧૮૪ | ૨૮૨ | મા વૃન્દા તે વનની | ૨૩૭ |
| ૨૫૮ | શ્રી જસોમતિ સુત | ૧૮૬ | ૨૮૩ | જી રે મારા જમનાજી | ૨૩૮ |
| ૨૫૯ | આ નંદગૃહે આજ | ૧૮૮ | ૨૮૪ | રાધા વૃન્દા તે વનની | ૨૩૯ |
| ૨૬૦ | તે પદ વંદુ | ૧૯૦ | ૨૮૫ | શ્રી જમનાજી તો | ૨૪૦ |
| ૨૬૧ | શ્રી મોહન મંગલકારી | ૧૯૧ | ૨૮૬ | એ રંગે રમે ઉમંગે | ૨૪૧ |
| ૨૬૨ | મદનમોહન મહારસ | ૧૯૪ | ૨૮૭ | રાણી રાધાજીની ચૂંદડી | ૨૪૨ |
| ૨૬૩ | સમય ઉથ્થાપને | ૧૯૬ | ૨૮૮ | બેની વાગે છે | ૨૪૩ |
| ૨૬૪ | શ્રીમદનમોહન પ્રભુ | ૧૯૮ | ૨૮૯ | શરદ તણી પૂર્ણિમા | ૨૪૩ |
| ૨૬૫ | નિત્યપ્રતિ સુમરિયે | ૨૦૦ | ૨૯૦ | મારા મન ગમતા મોહન | ૨૪૪ |
| ૨૬૬ | હાં રે સખી ચાલો | ૨૦૧ | ૨૯૧ | સખીઓ તો સરવે ટોળે | ૨૪૫ |
| ૨૬૭ | હાં રે સખી દ્વિતિયા | ૨૦૩ | ૨૯૨ | સુધિ આવે સજની | ૨૪૯ |
| ૨૬૮ | સહિયર ચાલ્યાં | ૨૦૫ | ૨૯૩ | મા ! વૃંદા તે વનના | ૨૪૯ |
| ૨૬૯ | સખી ! ચોથે તે ચોથો | ૨૦૭ | ૨૯૪ | અલબેલા આવોને | ૨૫૦ |

| ક્રમ | નામ | પૃષ્ઠ | ક્રમ | નામ | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| ૨૯૫ | શ્રાવણ સુદિ એકાદશી | ૨૫૨ | ૩૧૭ | જુઓ બેઠી છે | ૨૭૪ |
| ૨૯૬ | અલબેલા શ્રીમોહનલાલ | ૨૫૪ | ૩૧૮ | માતા જસોદા કરે મનુહાર | ૨૭૫ |
| ૨૯૭ | સખી ! સાંભળ મારી | ૨૫૭ | ૩૧૯ | આવે આવે શ્રીમદનમોહન | ૨૭૭ |
| ૨૯૮ | એક ગહેરું તે ફુલ | ૨૫૮ | ૩૨૦ | વરઘોડામાં વલેરા | ૨૭૮ |
| ૨૯૯ | નમો નમો યમુના | ૨૬૦ | ૩૨૧ | સમી સાંજે પધારે | ૨૭૯ |
| ૩૦૦ | એક ગોકુલિયાની ગોરી | ૨૬૦ | ૩૨૨ | ફૂલ બાગે ઉતર્યા | ૨૮૦ |
| ૩૦૧ | મથુરાની મોહની લાગી | ૨૬૧ | ૩૨૩ | જોવા ચાલો સાહેલી | ૨૮૧ |
| ૩૦૨ | આવો મારા લાલ | ૨૬૨ | ૩૨૪ | જોવા ચાલોને મારી | ૨૮૨ |
| ૩૦૩ | ગોકુલ ગ્યાંતાં રે | ૨૬૩ | ૩૨૫ | આજે આનંદ કેરો | ૨૮૨ |
| ૩૦૪ | આંગણિયે ઓછવ | ૨૬૪ | ૩૨૬ | રાધાને મદનમુરાર | ૨૮૩ |
| ૩૦૫ | મહા ઓછવના માંડવડા | ૨૬૪ | ૩૨૭ | આવી નંદભવન કેરી | ૨૮૪ |
| ૩૦૬ | મેં તો ગોકુલમાં | ૨૬૫ | ૩૨૮ | આજે અનુપ વાજાં | ૨૮૪ |
| ૩૦૭ | શ્યામવરણનું સુંદર | ૨૬૬ | ૩૨૯ | હાં રે મારી વેવાણ | ૨૮૬ |
| ૩૦૮ | વ્રજજીવન વ્રજમાં | ૨૬૭ | ૩૩૦ | રસિયા ગોકુલિંયાની | ૨૮૬ |
| ૩૦૯ | ગોકુલની ગલીમાં | ૨૬૮ | ૩૩૧ | સખી દોડી ચાલો | ૨૮૭ |
| ૩૧૦ | સાંભળ સજની રે | ૨૬૮ | ૩૩૨ | વરસે ભલે વાદળી | ૨૮૯ |
| ૩૧૧ | લગની લાગી રે | ૨૬૯ | ૩૩૩ | આજે વધામણાં રે | ૨૯૦ |
| ૩૧૨ | આજ વલ્લભ પધાર્યા | ૨૬૯ | ૩૩૪ | રંગના રસિયા રે | ૨૯૨ |
| ૩૧૩ | હો ગોકુલવારા | ૨૭૦ | ૩૩૫ | સાંભળ નોબતનાદ | ૨૯૩ |
| ૩૧૪ | મેરે અંગનેમેં | ૨૭૧ | ૩૩૬ | સહિયર ચાલો રે | ૨૯૪ |
| ૩૧૫ | પહેલી કંકોતરી | ૨૭૨ | ૩૩૭ | આજ મેં તો દીઠી | ૨૯૪ |
| ૩૧૬ | યશોદાજી કરે મનુહાર | ૨૭૪ | ૩૩૮ | ફુલી ફુલવાડી | ૨૯૪ |



॥ श्री मदनमोहनो जयति ॥

# 卐 રસિક–કૌમુદી 卐

## શ્રીજન્માષ્ટમીના ગરબા તથા ધોળ

### ( ૧ )

[ રાગ – રસિયાજીના મહિના ]

આ થાળી વાગે ને ઝાલરના ઝણકાર રે, સાહેલી !
આ નોબત વાગે નંદ તણે દરબાર, મારી સાહેલી ! ૧
આ ઢાઢણ નાચે પ્હેરી નવલાં ચીર રે, સાહેલી !
આ બાલકનું મુખ જોવા થાય અધીર, મારી સાહેલી ! ૨
આ આસન ગાદી બેઠા છે નંદરાય રે, સાહેલી !
આ વાંટે વધાઈ, મનમાં મોદ ન માય, મારી સાહેલી ! ૩
આ અંબર આપે નવલી રેશમ સાડી રે, સાહેલી !
આ કલશ ભરીને ઊભાં વ્રજની નાર, મારી સાહેલી ! ૪
આ કનક કડાં ને આપે શાલ દુશાલા રે, સાહેલી !
આ કંઠસરી ને નવસર મોતીમાલા, મારી સાહેલી ! ૫
આ કેસર કુમકુમ કેરા થાપા દીધા રે, સાહેલી !
આ સાથીડા મહા મંગલ દ્વારે કીધા, મારી સાહેલી ! ૬
આ રાતી ધોળી શ્યામા ગાય મંગાવી રે, સાહેલી !
આ દાન દિયે છે આગળ વિપ્ર બોલાવી, મારી સાહેલી ! ૭
આ પીત પટોળાં બાંધ્યા તોરણ દ્વારે રે, સાહેલી !
આ નંદભવનની શોભા સકલ નિહાળે, મારી સાહેલી ! ૮

આ ભાદરવાની આઠમ છે અંધારી રે, સાહેલી !
આ મધ્યનિશાએ પ્રગટયા શ્રીગિરધારી, મારી સાહેલી ! ૯
આ વિપ્ર બોલાવી છઠ્ઠી પૂજન કીધું રે, સાહેલી !
આ કનકમણિનું દાન તેને દીધું મારી સાહેલી ! ૧૦
આ નંદમહોત્સવ હલદી ગોરસ છાંટયાં રે, સાહેલી !
આ પેંડા બરફી સાકર સહુને છાંટયા રે મારી સાહેલી । ૧૧
આ ઝગુલી ટોપી વ્રજની ગોપી લાવ્યાં રે, સાહેલી !
આ હરખ ધરીને બાલક અંગ ધરાવ્યાં, મારી સાહેલી ! ૧૨
આ તિલક કરીને ચોડે અક્ષત પીત રે સાહેલી !
આ કરી આરતી નોછાવર બહુ રીત મારી સાહેલી ! ૧૩
આ દીપક જોતાં હસિયા બાલમુકુંદ રે, સાહેલી !
આ ગોપીજન મન ઊપન્યો આનંદકંદ, મારી સાહેલી ! ૧૪
આ જસોદાજીને સરવે ચરણે લાગે રે, સાહેલી !
આ ગિરધરને લેવાની આજ્ઞા માગે, મારી સાહેલી ! ૧૫
આ હસતાં હસતાં બોલ્યાં જસોદામાય રે, સાહેલી !
આ તમ ભાગ્યથી અમ ઘેર આનંદ થાય, મારી સાહેલી ! ૧૬
આ લઈ ઉછંગે બાલકનું મુખ નિરખે રે, સાહેલી !
આ ઉર ચાંપીને મનમાં અતિ ઘણું હરખે, મારી સાહેલી ! ૧૭
આ પ્રેમ ધરીને એકબીજાંને આપે રે, સાહેલી !
આ પોતાને મસ્તક તેના પદ સ્થાપે, મારી સાહેલી ! ૧૮
આ "કુમુદિની"ના ચંદ કરે કિલકારી રે, સાહેલી !
આ અવિચલ સુખ પામ્યાં છે વ્રજની નારી, મારી સાહેલી ! ૧૯

★ ☆

## ( ૨ )

[રાગ : ગુવારફળી ઘમઘમતી આવે, લીંબુ લટકાં લેતી જી રે]

નંદભવનમાં નોબત વાગે, શરણાઈ બહુ સારી જી રે
ઢોલ નગારાં ને દુંદુભિ વાગે, વાગે ઝાલર થાળી જી રે–૧

પર્ણ આંબલીયાનાં તોરણ બાંધ્યાં, કદલીના સ્તંભ રોપ્યા જી રે
સોના સાથીડા ને કંકુનાં છાંટણાં, ભીંતે થાપા દીધા જી રે–૨

મંડપ મનોહર મંચ બિછાવ્યા, ચિત્ર વિચિત્ર સુધાર્યાં જી રે
ધજા ફરુકતી ને વાતો વાહોલિયો, મોતીના ચોક પૂર્યા જી રે–૩

આનંદરાય ગોદાન દિયે છે, બહુ મનુહાર મનાવ્યાં જી રે
સોનાં સાંકળિયાં ને રૂપાનાં વળિયાં, ચંદનહાર મંગાવ્યા જી રે–૪

સાડી દુશાલા ને મોતીની માલા, યાચકને પહેરાવ્યાં જી રે
નર-નારી સહુ ટોળે મળીને, જય જય શબ્દ પુકાર્યાં જી રે–૫

દેતાં આશિષ સહુ નાચે ગોવાળિયા, નંદમહોત્સવ કીધો જી રે
'કુમુદિની' કિશોરતણો જન્મ સુણીને સરવે મનોરથ સીધો જી રે–૬

( ૩ )

[ રાગ–આજે સપનામાં મેં તો ડોલતા ડુંગર દીઠા જો ]

આજે ગોકુલિયામાં નવરંગ નોબત વાગે જો,
આ શરણાયું વાગે રે નંદને આંગણે—૧
આ કલશ ભરીને વ્રજની નારી ઊભાં જો,
આ તોરણિયાં બાંધ્યાં રે નંદને આંગણે—૨
આ આંગણિયામાં કદલીના સ્તંભ રોપ્યા જો,
આ જાચક આવી ઊભા નંદને આંગણે—૩
આ ભીડ ઘણેરી નાચે ગોપી ગ્વાલ જો,
આ સાથીડા પૂર્યા રે નંદને આંગણે—૪
આ જન્મ્યા જન્મ્યા 'કુમુદિની'ના ચંદ જો,
આ પારણિયાં બાંધ્યાં રે નંદને આંગણે—૫

卐

( ૪ )

[ રાગ – યમુનાનાં નીર ઘણાં ઊંડા સાહેલડી ]

આજે ગોકુલિયામાં શરણાઈ વાગે,
વાગે છે ઢોલ ને નિશાન, આનંદરાય વાંટે વધાઈ—૧
સેલાં દિયે ને વળી સાડી દિયે છે,
કરે ઘણાં સનમાન, આનંદરાય વાંટે વધાઈ—૨
કંચન હાર હીરા માણેક જડિયા,
આપે નૂપુર પગપાન આનંદરાય વાંટે વધાઈ—૩

લીલાં અંબર આપે શાલ દુશાલા,
દિયે છે ગાયો કેરાં દાન, આનંદરાય વાંટે વધાઈ—૪

કડાં સાંકળિયાં ને મુદ્રિકા આપે,
આપે છે પાક પકવાન, આનંદરાય વાંટે વધાઈ—૫

'કુમુદિની' ચાલ્યાં સહુ સજનીના સંગમાં,
પ્રગટ્યા શ્રીકૃષ્ણ ભગવાન, આનંદરાય વાંટે વધાઈ—૬

卐

( ૫ )

[ જોડિયું ]

આજે ગોકુલિયામાં ઝાલર વાગે,
વાગે નોબત શરણાઈ, આનંદરાય આનંદ પામ્યા—૧

જન્મ્યા ગોપાલ સહુ હરખ્યા ગોવાળિયા,
ગોપી રહ્યાં છે હરખાઈ, આનંદરાય આનંદ પામ્યા—૨

નંદ દરબાર દ્વારે જાચક ઊભા,
માને છે નવલી નવાઈ, આનંદરાય આનંદ પામ્યા—૩

જે જે કરીને સહુ આશિષ આપે,
જીવોને કુંવર કન્હાઇ, આનંદરાય આનંદ પામ્યા....૪

'કુમુદિની' કિશોર તેડી પલને ઝુલાવે,
માતા રહ્યાં છે ગુણ ગાઈ, આનંદરાય આનંદ પામ્યા—૫

卐

( ૬ )

[ રાગ–બોલે છે મોર રે બોલે છે મોર, પ્યારાને પારણે ]

થાળી વાગે રે થાળી વાગે, આજે ગોકુલિયામાં થાળી વાગે.
થાળી વાગે ને વ્રજમંડલ ગાજે, આજે ગોકુલિયામાં૦–૧
નંદ જસોદાજી આનંદ પામ્યાં,
જન્મ્યા ગોપાલ, મન્મથ લાજે, આજે ગોકુલિયામાં૦–૨
ગોપી – ગોવાળ મળી નાચે ઉત્સાહશું,
ગલિયે ગલિયે દધિ હલદી છાંટે, આજે ગોકુલિયામાં૦–૩
નોબતના નાદ વળી વાગે શરણાઈ,
શ્રવણે સુણીને જ્યાં ત્યાંથી ભાગે, આજે ગોકુલિયામાં૦–૪
જાચક આવીને કાંઈ દ્વારે ઊભા છે,
'કુમુદિની' કિશોર કેરાં દરસન માગે, આજે ગોકુલિયામાં૦–૫

卐

( ૭ )

આવ આવને ગોપાલ ! મારી ગોદમાં, જલેબી તારા મુખમાં દઉં.
મુખમાં દઉં ને કાંઇ કાનમાં કહું રે–આવ આવને ગોપાલ૦ ૧
રમકડાં આપું તને લાલ રંગ કેરાં,
ખીર મોહન કલાકંદ આપું સુંદર પેંડા–આવ આવને ગોપાલ૦ ૨
ઠમક ઠમક ડગલાં ભરી આવજે મારે ઘેર,
લાડ લડાવું વિવિધ ભાંતે 'કુમુદિની' કિશોર
આવ આવને ગોપાલ ! મારી ગોદમાં, જલેબી તારા મુખમાં દઉં. ૩

卐

## ( ૮ )

[ જોડિયું ]

હાં હાં કરું રે તને હાં હાં કરું,
સૂઈ જા કાનુડા ! તને હાં હાં કરું—૧
વ્રજની ગોપી તારું મુખડું નિહાળે,
અણિયાળી આંખડીમાં આંજણ ભરું, સૂઈજા કાનુડા !—૨
હૈડે ચાંપીને સ્તનપાન કરાવું,
મિસરી-માખણ તારા મુખમાં ધરું, સૂઈજા કાનુડા !—૩
રમત રમો તો કાન રમકડાં આપું,
કિલકી હસો તો મારા મનમાં ઠરું, સૂઈજા કાનુડા !—૪
'કુમુદિની' કિશોર તેડી પલને ઝુલાવું,
હાલરડાં ગાઈ કોડ પૂરા કરું, સૂઈજા કાનુડા !—૫

## ( ૯ )

[ જોડિયું ]

બોલે છે મોર રે બોલે છે મોર,
પ્યારાને પારણે બોલે છે મોર—૧
કિલકી હસે ને હાથ તાળી વગાડે,
ઘૂઘરી ઘમકે ને ઝૂલે નવલકિશોર, પ્યારાને પારણે—૨
રુદન કરે ને માત હાલરડાં ગાયે,
છાના રહોને મારા માખણિયાં ચોર, પ્યારાને પારણે—૩
'કુમુદિની' કિશોર તેડી પલને ઝુલાવે,
પોઢી રહોને હવે મેલો કિલોર, પ્યારાને પારણે—૪

卐

( ૧૦ )

[ રાગ—એકડે એક, રાખો કૃષ્ણજીની ટેક, મારી બ્હેનો. ]

હાલરડાં હું ગાઉં, મારા લાલને સંભળાવું,
ઝૂલો ઝૂલો પારણિયામાં લાલજી. ૧
ગિરધર મારો ડાહ્યો ને પાટલે બેસી ન્હાયો—ઝૂલો ઝૂલો૦ ૨
પાટલો ગયો ખસી ને ગિરધર ઊઠયો હસી— ,, ,, ૩
ચાંદા ચાંદા ચોરી, ગિરધર ને રાધા ગોરી— ,, ,, ૪
ગિરધર મારો રસિયો ને મધુરું મધુરું હસિયો— ,, ,, ૫
અગર ચંદનની સોટી, ગિરધરથી રાધા મોટી— ,, ,, ૬
સાવ સોનાની ઝારી, ગિરધરને રાધા પ્યારી— ,, ,, ૭
રાધાને હાથે ચૂડો, એનો ગિરધર વર છે રૂડો— ,, ,, ૮
વ્રજની ગોપી આવે, તને ઝબલાં ટોપી લાવે— ,, ,, ૯
ગિરધરને માખણ વ્હાલું, તે બોલે કાલું કાલું— ,, ,, ૧૦
હું રમકડાં બહુ માંડું, ગિરધરને આંજણ આંજું ,, ,, ૧૧
હું મુખમાં સાકર આપું, ગિરધરને ઉરથી ચાંપું ,, ,, ૧૨
હું ઘૂઘરડો વગાડું, મારા ગિરધરને જગાડું— ,, ,, ૧૩
તે 'કુમુદિની'ના પ્યારા, લાડકડા મોહન મારા— ,, ,, ૧૪

卐

( ૧૧ )

[ રાગ–બાલકને હાલરડું વ્હાલું ]

મોહનને હાલરડું વ્હાલું રે બાલકને હાલરડું વ્હાલું રે,
કુંવરને હાલરડું વ્હાલું રે, ૧

છાનો રહે વીર, ભરી આવું નીર,
આવી તારી દોરડી તાણું—બાલકને૦ ૨

છાનો રહે ભાઈ, આપું મિઠાઈ,
આવી તારી દોરડી તાણું—બાલકને૦ ૩

છાનો રહે કા'ન ભૂલી ગઈ ભાન,
આવી તારી દોરડી તાણું—બાલકને૦ ૪

છાનો રહે શ્યામ, કરવાં છે કામ,
આવી તારી દોરડી તાણું—બાલકને૦ ૫

છાનો રહે બાલ, છોટા ગોપાલ,
આવી તારી દોરડી તાણું—બાલકને૦ ૬

છાનો રહે લાલ, હુ લુ લુ લુ હાલ,
આવી તારી દોરડી તાણું—બાલકને૦ ૭

'કુમુદિની' કિશોર ખવરાવું ઢોર,
આવી તારી દોરડી તાણું—બાલકને૦ ૮

卐

( ૧૨ )

[ જોડિયું ]

બાલકને માખણિયાં ભાવે રે, કુંવરને માખણિયાં ભાવે રે. ૧

છાનો રહે વીર, લઈ આવું ખીર,
આવી તને કોળિયો ભરાવું....બાલકને૦ ૨

છાનો રહે ભાઈ, લાવું મીઠાઈ,
આવી તને કોળિયો ભરાવું....બાલકને૦ ૩

છાનો રહે શ્યામ, લાવું બદામ,
આવી તને કોળિયો ભરાવું....બાલકને૦ ૪

ભૂલી ગઈ ભાન, કનેડે કા'ન,
આવી તને કોળિયો ભરાવું....બાલકને૦ ૫

ભૂલી ગઈ સુધ, ઊભરાણું દૂધ,
આવી તને કોળિયો ભરાવું....બાલકને૦ ૬

'કુમુદિની' કિશોર, મેલો, કિલોર,
આવી તને કોળિયો ભરાવું....બાલકને૦ ૭

卐

( ૧૩ )

[ હાલરડું ]

હાં રે સૂઈજા સૂઈજા કનૈયા ગિરધારી !
હાં રે હાલો ગાઈ સુણાવું રે, તને લાડ લડાવું રે–સૂઈજા૦ ૧

હાં રે તારે પારણિયે હેમના છે તોરા,
હાં રે ફૂલમાળા ને વચમાં અછોડા,
હાં રે હાલો ગાઈ સુણાવું રે, તને લાડ લડાવું રે સૂઈજા૦ ૨
હાં રે તારે પારણિયે ઝૂમકાં બિરાજે,
હો રે જાને ઘમઘમ ઘૂઘરડા બાજે,
૩ હાં રે હાલો ગાઈ સુણાવું રે, તને લાડ લડાવું રે–સૂઈજા૦
હાં રે તમે 'કુમુદિની' કિશોર ઘણું ડાહ્યા,
હાં રે નવ રડશો કુંવર લાડકવાયા,
૪ હાં રે હાલો ગાઈ સુણાવું રે, તને લાડ લડાવું રે–સૂઈજા૦

卐

## ( ૧૪ )

[ રાગ–મેંદી રંગ લાગ્યો રે ]

અગર ચંદનનું પારણું ને કાંઈ રેશમની છે દોર રે,
૧ ઝૂલો વનમાળી રે.
પોપટ પઢે છે તારે પારણે ને
૨ કાંઈ બોલે મધુરા મોર રે–ઝૂલો૦
મેના ચરકલી ને બોલે પારેવડાં.
૩ બેઠા સોહામણા હંસ રે– „
ફરતાં રેશમ કેરાં ઝૂમકાં ને
૪ કાંઈ શોભે છે ફૂલડાંના હાર રે– „
હરખે વગાડું ઘમર ઘૂઘરો ને
૫ કાંઈ નવી ટાચકડાની જોડ રે– „
ભમ્મર ગરીડો ને ફેરું ફેરકણી,
૬ ગાઉં મધુરાં ગીત રે– „

શાને રડો છો મારા કુંવર કોડામણા,
મેલી હિયોને આર રે–ઝૂલો૦ ૭
કહો તો જમાડું માખણુ મિસરી,
કહો તો જમાડું ખીર રે– ,, ૮
માતા જસોદાજી ખોળે બેસાડીને,
હરખે કરાવે સ્તનપાન રે– ,, ૯
'કુમુદિની' કિશોર પ્રભુ પોઢયા પારણિયે,
ઝુલાવે વ્રજની નાર રે– ,, ૧૦

卐

( ૧૫ )

નંદભવનના આંગણિયામાં બાલક રમતું જોયું રે,
શ્યામવરણુ શ્રીઅંગ મનોહર, પીતવસન મન મોહ્યું રે. ૧
શ્રીકરમાં માખણુનો લોંદો, ભાંખોડિયાભર ચાલે રે,
તન લપટાવે, મુખમાં મેલે, વળી લપેટે ગાલે રે. ૨
નાનાં નાનાં ડગલાં ભરતા વારંવારે પડતા રે,
પોતાનું પ્રતિબિંબ નિહાળી, સંભ્રમ સાથે રડતા રે. ૩
જ્યાં દધિમથન કરે જસોદાજી, તેની પાસે આવે રે,
'માતા મુજને માખણુ આપો' સાદ કરે બોલાવે રે. ૪
પુત્રસ્નેહ ભરાણાં જનની, હસતાં ખોળે લીધા રે,
માખણુ મિસરી મોદક નાના, બાલકને કર દીધા રે. ૫
રમઝમ કરતા લાડકવાયા જઈ પારણિયે બેઠા રે,
'કુમુદિની' મેવા લઇ આવે હરિને લાગે મીઠા રે. ૬

( ૧૬ )

[રાગ–નાગર નંદજીના લાલ, રાસ રમંતા મારી નથડી ખોવાણી]

મારા બાલુડા ગોપાલ ! રમવા આવો તો તમને દડુલો. દઉં
દડુલો દઉં રે, તમને દડુલો દઉં રે મારા બાલુડા ગોપાલ ! ૧

નાના નાના દડુલા ને મોતીડાંની ભાંત,
તમને રમાડવાની મુજને ઘણી ખાંત–મારા૦ ૨

મોતી કેરા ઝૂમખા ને હીરા કેરી ગાંઠ,
તમારે કાજે રે મેં તો કીધો ઘરમાં ઠાઠ–મારા૦ ૩

આમે સામે દોડવશું ને કરશું ઝાઝા ખેલ,
વેણી ગૂંથું ફૂલ તણી ને તેલ ઘણાં ફૂલેલ–મારા૦ ૪

તિલક કરીને અંજન આંજું, રડશો ના અલબેલા !
ભોજનિયાં બહુ ભાતભાતના, તમને પીરસું પ્હેલાં–મારા૦ ૫

શિકે રાખ્યાં માખણ મિસરી, પટ વસ્તરથી ઢાંકી,
મોદક કીધા માવા કેરા ઝાઝી સાકર નાખી–મારા૦ ૬

ઝાંઝરિયાં પ્હેરાવું તમને, ઠમકે ઠમકે નાચો,
હું તમારા રંગમાં રાચું, તમ મારે રંગ રાચો–મારા૦ ૭

ભાંતભાંતના રમકડાં ને વૃક્ષે ઝૂલો બાંધું,
પ્રેમ ધરીને તેડી તમને પારણિયે પોઢાડું–મારા૦ ૮

હાલરડાં હું ગાઈ સુણાવું 'કુમુદિની'ના ચંદ !
હસતા હસતા ખોળે બેઠા, પામ્યા આનંદકંદ–મારા૦ ૯

卐

[ રાગ—મથુરામાં શ્રીકૃષ્ણ પ્રગટયા રે ]

ગોપાલ મારો પારણિયે ઝૂલે રે,
ઝુલાવે ગોકુલની નારી રે—ગોપાલ મારો૦ ૧

ગોપાલ તને રમકડાં આલું રે, ગોપાલ તને માખણિયું વ્હાલું રે,
ગોપાલ મારો બોલે છે કાલું કાલું – ગોપાલ મારો૦ ૨

ગોપાલ તને ઝાંઝરડી પ્હેરાવું કે નાનાં નાનાં ડગલાં ભરાવું,
ગોપાલ તને આંગણિયામાં નચાવું – ગોપાલ મારો૦ ૩

ગોપાલ તને 'કુમુદિની' રમાડે કે હાથમાં ઘૂઘરડો વગાડે,
કે પ્રાતઃ સમે આવીને જગાડે – ગોપાલ મારો૦ ૪

卐

( ૧૮ )

[રાગ—ધન્ય શ્રી યમુના ! કૃપા કરી શ્રીગોકુલ વ્રજ સુખ આપજો]

મણિમય ભૂમિ, મહાવનમાં શ્રીજસોદાજીને ઘેરે સોહેલો. ૧

શ્રીબાલકૃષ્ણજી ખેલે છે, માખણ મિસરી મુખ મેલે છે,
એવી બાલલીલા રસ રેલે છે—મણિમય ભૂમિ૦ ૨

હળવે હળવે ઘટુરન ચાલે, પ્રતિબિંબ જોઇને તે ઝાલે,
એવાં અઢળક સુખ જનનીને આલે—મણિમય ભૂમિ૦ ૩

વ્હાલો રત્નજડિત ઝૂલે પલના, ઝુલાવે સહુ વ્રજની લલના,
મુખ જોયા વિના ન પડે કલના—મણિમય ભૂમિ૦ ૪

ઝગુલી ટોપી અંગે ઓપી, મુખ શોભા જોઇ રહ્યાં ગોપી,
એણે કુલમર્યાદા સહુ લોપી—મણિમય ભૂમિ૦ ૫
વ્હાલે શકટ પૂતનાને મારી, સ્તનપાન કરીને તેં મારી,
એ છબિ પર 'નિજજન' બલિહારી—મણિમય ભૂમિ૦ ૬

卐

( ૧૯ )

[ રાગ—ગોકુળિયામાં એક ગરવા ગોવાળિયા ]

ગોકુલમાં આજ ઓછવ આનંદના,
શોભિતાં રે નંદજીને આંગણે રે, નંદજીને આંગણે રે૦ ૧
માતા જશોદાજી હરખે હુલરાવતાં,
પ્રેમે ઝુલાવે પુત્ર પારણે રે, નંદજીને આંગણે રે૦ ૨
ગોપી ને ગોપ મળી નાચે ઉત્સાહશું,
તોરણ બંધાવે સહુ બારણે રે, નંદજીને આંગણે રે૦ ૩
નોબતના નાદ બ્હેની ! ગાજે ગગનમાં,
'રસિકપ્રિયા' જાય વારણે રે, નંદજીને આંગણે રે૦ ૪

卐

( ૨૦ )

[ રાગ—જોને સખિ ! પેલો યમુનાતટપર નટવર નાચે શ્યામ રે ]

જોને સખિ ! પેલા નંદભવનમાં નોબત વાગે આજ રે.
શબ્દ સુણીને વ્રજની નારી રમઝમતી મંદિરિયે ચાલી,
દર્શન કરવા કાજ રે—જોને સખિ !....૧

નવસત આભરણ અંગ ધરીને વિવિધ મનોરથ મંન કરીને
આવ્યાં સકલ સમાજ રે—જોને સખિ !....૨

પારણિયે ઝુલતા હરિ જોયા, જનમ જનમનાં દુઃખડાં ખોયાં,
સરવે સરિયાં કાજ રે—જોને સખિ !....૩

રસિક પ્રીતમને પુષ્પે વધાવે, ભાંતભાંતના ભોગ ધરાવે,
'રસિકપ્રિયા' શિરતાજ રે—જોને સખિ !....૪

卐

( ૨૧ )

[ જોડિયું ]

જોને સખિ ! પેલા નંદભવનમાં ખેલે નવનીતલાલ રે.

માત જસોદાનો કર ઝાલી, ઠમક ઠમક નાચે ગિરધારી,
બોલે વચન રસાલ રે—જોને સખિ !....૧

પીત ઝગુલિયાં અંગ ધરાવી, મૃદુ મુસકનિ મારે મનભાવી,
વિકલ કરી વ્રજબાલ રે—જોને સખિ !....૨

કમલનૈન અંજન અણિયાળાં, બાલચરિત્ર કરે અતિ સારાં,
નિરખી થાઉં નિહાલ રે—જોને સખિ !....૩

રસિકપ્રિયા' શિર સદા બિરાજો, મોદભર્યાં મંદિરમાં રાજો,
દૂર કર્યાં જંજાલ રે—જોને સખિ !....૪

卐

( ૨૨ )

[ રાગ–અષાડી સાંજના અંબર ગાજે ]

આજે ગોકુલિયામાં નોબત વાગે,
નોબત વાગે, શરણાઈ વાગે—આજે૦ ૧
બારણિયે તોરણ આંબાનાં પાનનાં,
ગોપી ને ગ્વાલ મળી મંદિર સાજે—આજે૦ ૨
સોળે શુંગાર ધર્યા વ્રજની એ સુંદરી,
માતા જસોદાજીને ચરણે લાગે—આજે૦ ૩
'રસિક' પ્રીતમ રસ ભક્તોને કારણે,
પ્રગટ્યા પ્રભુજી જોઈ મન્મથ લાજે—આજે૦ ૪

卐

( ૨૩ )

[રાગ–શ્રીનાથજી તે છેલ બિરાજતા જો]

ઘણી ખંમા રંગીલા નવનીતલાલને જો,
નવનીતલાલને ને મદનમોહનલાલને જો—ઘણી૦ ૧
પ્રથમ સેવ્યા શ્રીગુસાંઇજીએ પ્રીતશું જો,
બાલક્રીડા વિનોદ રસરીત શું જો—ઘણી૦ ૨
ધન્ય કહિયે સેવક હરિદાસને જો,
કૃપાપાત્ર કરી જાણિયે ખવાસને જો—ઘણી૦ ૩
પૂરણ પ્રેમે નવનીતલાલ રીઝવ્યા જો,
ભાવ ભક્તિ વાત્સલ્ય રસે ભીંજવ્યા જો—ઘણી૦ ૪
વ્હાલો વસિયા સુદામાપુરી શહેરમાં જો,
શ્રીમદનમોહનજી બિરાજે લીલાલ્હેરમાં જો—ઘણી૦ ૫

દ્વારકેશલાલજીએ ગોદમાં પધરાવિયા જો,
રત્નપ્રભાવહુજીને મંન ભાવિયા જો—ઘણી૦ ૬
સંવત ઓગણીસસો છન્નુની સાલ છે જો,
પોષ માસ શુકલપક્ષ શુભ વાર છે જો—ઘણી૦ ૭
તિથિ નવમી ને મધ્યનિશા તે સમે જો,
વાટ જોતાં વૈષ્ણવ ઊભા આંગણે જો—ઘણી૦ ૮
વ્હાલો બગસરા શહેરથી પધારિયા જો,
દર્શન કરતાં ત્રિવિધ તાપ ટાળિયા જો—ઘણી૦ ૯
મંગલ કલશ સોહાસણી લાવિયાં જો,
મારા વ્હાલાજીને મંદિરમાં પધરાવિયા જો—ઘણી૦ ૧૦
ભાંત ભાંતની સામગ્રી કરી પ્રીતશું જો,
ભોગ ધરીને પોઢાડયા રસરીતશું જો—ઘણી૦ ૧૧
તિથિ દશમીએ પાટ પધરાવિયા જો,
પંચામૃત કરી ગોદમાં બેસાડિયા જો—ઘણી૦ ૧૨
ભાંત ભાંતના શૃંગાર હાર શોભતા જો,
વસ્ત્ર કેસરી કિનાર મંન લોભતા જો—ઘણી૦ ૧૩
દ્વારકેશલાલજીએ પારણે ઝુલાવિયા જો,
પૂરણ પ્રીતે રાજભોગ ત્યાં ધરાવિયા જો—ઘણી૦ ૧૪
સખિ ! નોબતના નાદ મનભાવતા જો,
દ્વારે કદલીના સ્તંભ રોપાવતાં જો—ઘણી૦ ૧૫
મંગલ સાથિયા, તોરણ બાંધ્યાં બારણે જો,
શોભા નિરખી વૈષ્ણવ જાય વારણે જો—ઘણી૦ ૧૬

મંગલ આરતી તિલક કુમકુમ તણાં જો,
ઈંડી પીંડી ને ભાવ મનોરથ ઘણાં જો—ધણી૦ ૧૭
ગાતાં કીર્તન વધાઈ મુખ બોલતા જો,
સહુ ભાવ હૃદયના ખોલતા જો—ધણી૦ ૧૮
રાઈ લૂણ નોછાવર ફરી વારતા જો,
જે જે શબ્દ કરી આશિષ ઉચ્ચારતા જો—ધણી૦ ૧૯
બાલક્રીડા વિનોદભર્યા ખેલતા જો,
માખણ મિસરી તે મુખમાં મેલતા જો—ધણી૦ ૨૦
સદા 'રસિકપ્રિયા' ને શિર રાજતા જો,
છબિ નિરખીને કોટિ કામ લાજતા જો—ધણી૦ ૨૧

卐

( ૨૪ )

[ રાગ—હું છું મહિયારણ રે ગોકુલ ગામની ]

ચાલો સાહેલડી રે ! નંદજીને આંગણે,
પ્રગટ્યા શ્રીનવનીતલાલ, સાહેલડી રે ! નંદજીને આંગણે. ૧
નંદજીને આંગણે રે કે નોબત વાગે સાહેલડી !
નાચે છે સહુ નરનાર, સાહેલડી રે ! નંદજીને આંગણે. ૨
નંદજીને આંગણે રે કે પારણું બાંધ્યું સાહેલડી !
પૂર્યા મોતીડાના ચોક, સાહેલડી રે ! નંદજીને આંગણે. ૩
નંદજીને આંગણે રે કે પારણું બાંધ્યું સાહેલડી !
ઝૂલે શ્રીમદનગોપાલ, સાહેલડી રે ! નંદજીને આંગણે. ૪
નંદજીને આંગણે રે, અમીરસ પીવા સાહેલડી !
ચાલો 'રસિક' સમાજ, સાહેલડી રે ! નંદજીને આંગણે. ૫

✲ ✶

## ( ૨૫ )

[ રાગ–આવો આવો સુજાતી સમાજ ]

હાં રે આવો આવોને વૈષ્ણવ સમાજ, આપું વધામણી,
હાં રે બ્હેની ! મંગલ મહોત્સવ આજ, આપું વધામણી. ૧
હાં રે પધાર્યા શ્રી નવનીતલાલ, આપું વધામણી,
હાં રે તે તો નંદ જસોદાના બાલ, આપું વધામણી. ૨
હાં રે રૂડું રૂડું સુદામાપુરી શહેર, આપું વધામણી,
હાં રે કાંઇ ઉમંગી આનંદ તણી લ્હેર, આપું વધામણી. ૩
હાં રે નિત્ય નવલા મનોરથ મંન, આપું વધામણી,
હાં રે સહુ હરખ્યા છે વૈષ્ણવજંન, આપું વધામણી. ૪
હાં રે સખિ ! તોરણ બાંધ્યાં છે દ્વાર, આપું વધામણી,
હાં રે નૃત્ય ગાન કરે નરનાર, આપું વધામણી. ૫
હાં રે મેં તો પ્રેમે કર્યાં પકવાન, આપું વધામણી,
હાં રે હું તો કરું ઘણાં સન્માન આપું વધામણી. ૬
હાં રે નિત્ય નવલા ધરાવું શૃંગાર, આપું વધામણી,
હાં રે હીરા મોતી અમોલખ હાર, આપું વધામણી. ૭
હાં રે વ્હાલો પારણિયે ઝૂલે હંમેશ, આપું વધામણી,
હાં રે એના ઘૂઘરવાળા છે કેશ, આપું વધામણી. ૮
હાં રે એનું મુખડું છે પૂનમચંદ, આપું વધામણી,
હાં રે વ્રજ ગોપીના આનંદકંદ, આપું વધામણી ૯
હાં રે પૂરી 'રસિકપ્રિયા'ની આશ, આપું વધામણી
હાં રે આપો ચરણકમલમાં નિવાસ, આપું વધામણી. ૧૦

卐 卐

( ૨૬ )

[રાગ-મુરલી વાગી મુરલીધરની, ઘરકામ તજી ચાલ્યાં સજની]

સખી ! પ્રેમતણા એ પારણિયે તમે નવનીતલાલ ઝુલાવોને.

અનુરાગે રંગ સુરંગ કરી, મન વિવિધ મનોરથ ફૂલ ભરી,
વાત્સલ્યે વસ્ત્ર બિછાવોને, તમે નવનીતલાલ ઝુલાવોને. ૧

સખી ! સ્નેહતણી સાંકળ સોહે, દૃઢ ભક્તિ કલશ મનડું મોહે,
કાંઈ ધર્મ ધ્વજા ફરકાવોને, તમે નવનીતલાલ ઝુલાવોને. ૨

કહે 'રસિકપ્રિયા' રસભાવ ભરી, ઝૂલો તો ઝુલાવું હેતે હરિ !
મનમાન્યા લાડ લડાવોને, તમે નવનીતલાલ ઝુલાવોને. ૩

卐

( ૨૭ )

[રાગ-એકડે એક, રાખો કૃષ્ણની ટેક, મારી બ્હેની]

સખિયો ! સરવે આવો, ને લઈએ અદ્‌ભુત લ્હાવો.
મારી બ્હેની ! પધાર્યા નવનીતલાલજી. ૧
શેરિયે કાચ ઢળાવો ને ફૂલડિયાં પથરાવો-મારી બ્હેની ૨
મંગલ કલશ ભરાવો, ને તોરણિયાં બંધાવો-મારી બ્હેની ૩
નવરંગ નોબત વાગે, એનો શબ્દ મધુરો લાગે-મારી બ્હેની ૪
દીપક કેરી જ્યોતિ, જાણે ઝબકે હીરા મોતી-મારી બ્હેની ૫
ધોળ વધાઈ બોલો ને ભાવ હૃદયના ખોલો-મારી બ્હેની ! ૬
કુમકુમ કેસર છાંટો ને મેવા મિસરી વાંટો-મારી બ્હેની ! ૭
રંગ બિરંગી સાડી, આભૂષણુ પ્હેરો ભારી-મારી બ્હેની ! ૮

ફૂલડે છાબ ભરાવો, મારા વ્હાલાને વધાવો–મારી બ્હેની ! ૯
અંગે આનંદ ભારી, મુખ નિરખું વારી વારી–મારી બ્હેની ! ૧૦
પારણિયે પોઢાડું, મન ગમતાં લાડલડાવું–મારી બ્હેની ! ૧૧
રમઝમતા મંદિર આવે, મને સાદ કરી બોલાવે–મારી બ્હેની ! ૧૨
મધુરી એની વાણી, એને લટકે હું લોભાણી-મારી બ્હેની! ૧૩
એ તો નંદકુંવર લટકાળા, લાડકડા લાલન મારા–મારી બ્હેની ! ૧૪
એ તો 'રસિક' પ્રીતમ ગિરધારી છબિ ઉપર જાઉં બલિહારી–
–મારી બ્હેની ! ૧૫

卐

## ( ૨૮ )

[રાગ–જસોદા ! તારો ગિરધરલાલ અમને વહાલો લાગે છે]

સજની ! નંદ જસોદાને દ્વાર મેં તો નિરખ્યા નવનીતલાલ. ૧

આંગણિયામાં ખેલતા ને માખણ મુખમાં મેલતા,
કરતા નવલા નવલા ખ્યાલ, મેં તો નિરખ્યા નવનીતલાલ. ૨

સાન કરી સમજાવતા ને માતા–મન રીઝવતા,
ચરણે ઝાંઝરનો ઝણકાર, મેં તો નિરખ્યા નવનીતલાલ. ૩

એવા 'રસિક' પ્રીતમ ગિરધારી, દર્શને આવે વ્રજની નારી,
મારા પ્રાણ તણા આધાર, મેં તો નિરખ્યા નવનીતલાલ. ૪

卐

( ૨૯ )

[રાગ–બાર બેડાંની મેં તો ગોળી ઉતરાવી]

સાવ સોનાનું મેં તો પારણું ઘડાવ્યું.
હીરા ને મોતીએ જડાવ્યું રે લોલ,
આજ મારે મંદિરે વધામણાં રે લોલ. ૧
મખમલની ગાદી ને મખમલના તકિયા,
રેશમની દોરી બંધાવું રે લોલ—આજ મારે૦ ૨
આવો નવનીતલાલ ! મારે મંદિરિયે,
પ્રીતેથી પારણે ઝુલાવું રે લોલ—આજ મારે૦ ૩
વિવિધ ભાંતના મેવા મંગાવું,
માખણ ને મિસરી ધરાવું રે લોલ—આજ મારે૦ ૪
સોના–રૂપાનાં હું તો રમકડાં આપું,
ઝાંઝરડી ચરણે પ્હેરાવું રે લોલ—આજ મારે૦ ૫
'રસિક' પ્રીતમ મને પ્રાણ થકી પ્યારા,
તનડાના તાપને બુઝાવો રે લોલ—આજ મારે૦ ૬

卐

( ૩૦ )

[રાગ–આજ ગઇ'તી કાલિંદીને તીર રે]

આજ ગઇ'તી સાહેલીને સાથ રે, શ્રીનંદજીને દ્વારે રે,
નયણે નિરખ્યા શ્રીનવનીતલાલ રે, મોહ્યું મન ત્યારે રે. ૧

વ્હાલો ઠમકે ચાલે ને પડી જાય રે, જસોદાજી તેડે રે,
આપે માખણ ને મિસરી હાથ રે, મુખડામાં મેલે રે. ૨
વ્હાલો બોલે તોતલડાં વેણ રે, નૈન અણિયારા રે,
પ્યારા લાગે એ બાલગોપાલ રે, નંદના દુલારા રે. ૩
સદા નિરખું એ નટવરવેશ રે, પારણે ઝુલાવું રે,
એવા 'રસિક' પ્રીતમ ગિરધારી કે ગુણ એના ગાઉં રે. ૪

卐

( ૩૧ )

[રાગ–આવો આવો શ્રીનંદજીના લાલ ! માખણ ખાવાને]

ઝૂલો ઝૂલો શ્રીનવનીતલાલ ! સોના પારણિયે,
લટકાળા શ્રીનંદકુમાર ! જાઉં વારણિયે. ૧
રતન જડેલું પારણિયું ને રેશમ કેરી દોર રે,
આ ફૂલતણું તો ઝૂમર બનાવ્યું,
ઉપર નાચે મોર, સોના પારણિયે. ૨
મદનમનોહર રૂપ તમારું ને ઘૂઘરવાળા કેશ રે,
ભાવ તિલક અલકાવલી શોભે,
સુંદર નટવર વેશ, સોના પારણિયે. ૩
માખણ મિસરી ભોગ ધરાવું ને ગાઉં મધુરાં ગીત રે,
'રસિકપ્રિયા' હરખે હુલરાવે,
નિરખે પૂરણ પ્રીત, સોના પારણિયે. ૪

卐

( ૩૨ )

[ જોડિયું ]

ખેલે ખેલે શ્રીનવનીતલાલ, નંદજીને આંગણિયે. ૧
બાલ ગોપાલ સખા સંગ લઇને કરતા નવલા રંગ રે,
કોઈ નાચે, કોઈ તાલ બજાવે,
ઉપજે જોઈ ઉમંગ, નંદજીને આંગણિયે. ૨

કોઈ સખાને પીઠ બિરાજે, અશ્વતણી અસવારી રે,
કોઈ સખા-શું કુસ્તી લડતાં,
ધૂમ મચાવે ભારી, નંદજીને આંગણિયે. ૩

માખણુ મિસરી મધુર મીઠાઈ ખાય પરસ્પર પ્રીતે રે,
'રસિકપ્રિયા' પ્રીતમની લીલા,
નિરખે રસની રીતે, નંદજીને આંગણિયે. ૪

卐

( ૩૩ )

[ રાગ–લીલા મોર ટહૂકે છે લીલી નાઘેરમાં ]

ઘૂઘરડી વાગે છે પ્રીતમને પારણે,
ફૂલડાનું ઝૂમર બંધાય રાજ—ઘૂઘરડી૦ ૧
મોરલિયા નાચે છે પ્રીતમને પારણે,
પોપટના સૂરો સંભળાય રાજ—ઘૂઘરડી૦ ૨

તોરણિયાં બાંધ્યાં છે પ્રીતમને પારણે,
રેશમની દોરી સોહાય રાજ—ઘૂઘરડી૦ ૩
હરખે ઝુલાવું 'રસિક' પ્રીતમને પારણે,
હાલરડાં હેતે ગવાય રાજ—ઘૂઘરડી૦ ૪

卐

( ૩૪ )

[ રાગ–આવ્યા છે ગોકુલ તારવા, છબીલો લાલ ]

આવો તો પારણે ઝુલાવું નવનીતલાલ ! આવો તો૦ ૧
સોનાનું પારણું ને રેશમની દોરી,
હાં હાં કરીને હુલરાવું, નવનીતલાલ ! આવો તો૦ ૨
કેસરિયા ઝગુલી ને કેસરિયા ટોપી,
ચરણે ઝાંઝરડી પ્હેરાવું, નવનીતલાલ ! આવો તો૦ ૩
'રસિક' પ્રીતમ રસ ભક્તોના સંગમ,
નવરંગ નાચ નચાવું નવનીતલાલ ! આવો તો૦ ૪

卐

( ૩૫ )

[ જોડિયું ]

રમવા આવોને દોડી દોડી, નવનીતલાલ ! રમવા૦ ૧
રમઝમ કરતા મંદિરે પધારો,
સંગે ગોવાળિયાની ટોળી, નવનીતલાલ ! રમવા૦ ૨

માખણ ને મિસરી તમને ખવરાવું,
આપું ગુલાબ ભરી ઝોળી, નવનીતલાલ ! રમવા૦ ૩
'રસિક' પ્રીતમ હું તો રંગે રમાડું,
પ્રીતે પધરાવું રાધા ગૌરી, નવનીતલાલ ! રમવા૦ ૪

卐

( ૩૬ )

[ રાગ–ભેટે ઝૂલે છે તલવાર ]

જોવા ચાલો મારી બ્હેન ! નવનીતલાલ ઝૂલે પારણિયે૦ ૧
હાં હાં કરું ને હું તો હરખે ઝુલાવું,
બોલે મીઠાં મીઠાં વેણ, નવનીતલાલ૦ ૨

કેસરિયા ઝગુલી ને કેસરિયા ટોપી,
કાજળભર્યાં એનાં નૈન, નવનીતલાલ૦ ૩

'રસિક' પ્રીતમ મને પ્રાણ થકી પ્યારા,
જોયા વિના નહીં ચેન, નવનીતલાલ૦ ૪

卐

( ૩૭ )

[ રાગ–મારે સાસરિયે જઇને કે'જો એટલડું ]

મેં તો પારણિયે ઝૂલતા દીઠા પ્રીતમજી,
માતા જસોદાને આંગણે. ૧

હાં રે લાલ ઝગુલી કેસરિયા ટોપી,
હાં રે શોભા જોઈને મુદિત થયાં ગોપી,
હાં રે વ્હાલો માખણિયું મુખમાં મેલે, પ્રીતમજી૦ ૨

હાં રે મીઠું બોલે ને ઘૂઘરો વગાડે,
હાં રે માતા જસોદા હરખે રમાડે,
હાં રે વ્હાલો હસતા કરે કિલકારી, પ્રીતમજી૦ ૩

હાં રે એને ચરણે ઝાંઝરડી વાગે,
હાં રે શબ્દ સુણતાં ને સ્નેહજ્યોત જાગે,
હાં રે સદા 'રસિકપ્રિયા' એ સુખ માગે, પ્રીતમજી૦ ૪

卐

## ( ૩૮ )

[ રાગ–ગાવડી દેજો ગોવાળિયા ! ]

સોનાને પારણે, સોનાને પારણે, પોઢા પ્રીતમજી !
પોઢા જસોદાના લાલ ! પારણું લાગે સોહામણું. ૧

હૈયાના હેતથી, હૈયાના હેતથી, હાલરડાં ગાતી,
રેશમની દોરી રસાલ, પારણું લાગે સોહામણું. ૨

મારા તે લાલને, મારા તે લાલને માખણિયાં ભાવે,
લાવે ગોકુલિયાની નાર, પારણું લાગે સોહામણું. ૩

મારા તે લાલને, મારા તે લાલને, ઝૂલડી સિવડાવું,
પ્હેરાવું નવલા શૃંગાર, પારણું લાગે સોહામણું. ૪

મારા તે લાલને, મારા તે લાલને, ખોળે બેસાડું,
આઝા કરું મનુહાર, પારણું લાગે સોહામણું. ૫
મારા તે લાલને, મારા તે લાલને, દૂધડાં પિવરાવું,
સાજું સોના કેરો થાળ, પારણું લાગે સોહામણું. ૬
મારા તે લાલની, મારા તે લાલની, કરશું સગાઈ,
રંગીલી રાધા રસાલ, પારણું લાગે સોહામણું. ૭

卐

( ૩૯ )

[ રાગ–મધુરસ ભરી મારી મોરલી ખોવાણી ]

ઝૂલો તો ઝૂલાવું પ્યારા ! પોઢો તો પોઢાડું પ્યારા !
સો ના પા ર ણિ યે, હાં સો ના પા ર ણિ યે.

પારણે પોઢાડું ઘમ્મર ઘૂઘરો વગાડું રે,
રડો તો રંગીલા ! સુંદર ગીતડાં સુણાવું રે,
નંદના દુલારા, માતા જસોદાના લાલા ! ઝુલો સોના૦ ૧

પ્રભાતે ઊઠીને મારે મંદિરે પધારજો,
મીઠી મીઠી મોરલીમાં મોહની પમાડજો,
પ્રાણથી છો પ્યારા, મારી આંખડીના તારા ! ઝૂલો સોના૦ ૨

'રસિક' પ્રીતમ ! તમે રંગના છો રસિયા,
મદનમોહન ! સદા મારે મંન વસિયા,
શિરના શ્રુંગાર ! મારા હૈયા કેરા હાર ! ઝૂલો સોના૦ ૩

卐

( ૪૦ )

[ રાગ—રંગ લાગ્યો મોરલિયે રંગ લાગ્યો ]

રંગ લાગ્યો, પારણિયે રંગ લાગ્યો,
પ્રીતમને પારણિયે રંગ લાગ્યો,
ખંમા ખંમા પારણિયે રંગ લાગ્યો,
જી જી રે ! પારણિયે રંગ લાગ્યો,
પારણિયામાં પોઢે ગોપાલ, પારણિયે રંગ લાગ્યો. ૧

વ્હાલા ! અડધી તે રાતનો આડો માંડ્યો,
રખે વ્રજની વનિતાનો નેડો લાગ્યો,
માતા ઝાઝા કરે મનુહાર, પારણિયે રંગ લાગ્યો. ૨

વ્હાલા ! સોનાને વાટકે સાકર ધરી,
મીઠાં માખણ ખવરાવું હેતે હરિ !
હું તો પ્હેરાવું નવલા શૃંગાર, પારણિયે રંગ લાગ્યો. ૩

વ્હાલા ! તારે પારણિયે હીરની દોરી,
તને ઝુલાવે વ્રજની ગોપી ગોરી,
જાય 'રસિકપ્રિયા' બલિહાર, પારણિયે રંગ લાગ્યો. ૪

卐

( ૪૧ )

[ રાગ—નિશાની રાણી આવી રે ]

નોબતના નાદ સુણી ચાલી રે,
ચાલી ગોકુલની ગોરી ગોવાલણી રે.

સોળે શૃંગાર ધરી, મોતીડે માંગ ભરી,
રમઝમતી અલબેલી, આવે ઉતાવળી,
એ તો કંચનના થાળ કર ઝાલી રે—ચાલી૦ ૧

ગાતી કાંઇ મધુર ગીત, પ્રીતમ-શું લાગી પ્રીત
લટકંતી મટકંતી ચતુરા ચંદ્રાવલી,
એ તો મલપંતી મોદભરી મ્હાલી રે—ચાલી૦ ૨

રસિયાના જન્મ રાસ, જોવા હૈયે હુલાસ,
ગોકુલની ગલિયોમાં સરખી સોહામણી,
વ્હાલે તનડાના તાપ દીધા ટાળી રે—ચાલી૦ ૩

卐

( ૪૨ )

[ રાગ—નગરી નગરી દ્વારે દ્વારે ]

નવલી નવલી નોબત વાગે, વાગે રે ઝાલરિયાં,
પ્રીતમજીને પ્રગટ્યા જાણી, ચાલી રે માલનિયાં. ૧

ઘર ઘર તોરણ બંદન માલા, બાંધે પૂરણ પ્રીત-શું,
ફૂલ્યાં મન વ્રજવાસી કેરાં, નાચે નવલી રીત-શું,
ગોપીજન સમારે સુંદર ફૂલતણાં પારણિયાં. ૨

મધુરાં મધુરાં મંગલ ગાતી, રસિયાને રીઝાવતી,
મેના પોપટ ને પારેવાં રમકડે રમાડતી,
મોરલડીને શબ્દે વહાલો માગે રે માગણિયાં. ૩

卐

( ૪૩ )

[ રાગ–હું તો ઢોલે રમું ને હરિ સાંભળે રે ]

લાલ ! સાવ રે સોનાનું તારું પારણું રે,
બાંધી બાંધી રેશમ કેરી દોર,
ઝૂલો ઝૂલો નવનીતલાલ ! પારણે રે. ૧

લાલ ! ભોજન કરાવું મનભાવતાં રે,
આપું આપું રમકડાંની જોડ—ઝૂલો ઝૂલો૦ ૨

લાલ ! ચરણે પ્હેરાવું સોના ઝાંઝરી રે,
વીણી લાવું ગુલાબ તણા છોડ—ઝૂલો ઝૂલો૦ ૩

હું તો કર જોડીને કરું વિનતી રે,
વ્હાલે પૂર્યા મારા મંનડાના કોડ—ઝૂલો ઝૂલો૦ ૪

卐

( ૪૪ )

[રાગ–કા'ના ! છેડો બાંસરી, કનૈયા ! છેડો બાંસુરી]

પ્રીતમ ઝુલે પારણે, કનૈયા ઝુલે પારણે,
હરખે ઝુલાવે ગોપી ઝુમ ઝુમ ઝુમ—ગોપી૦

ભાંત ભાંતનાં રમકડાં ને ટાચકડાની જોડ રે,
મેના પોપટ પારેવાં ને નાચે મધુરા મોર રે;
માખણ લાવે, મિસરી લાવે, લાવે કંચન થાલ રે,
પ્રીતમ ઝૂલે પારણે, કનૈયા ઝૂલે પારણે,
હરખે ઝુલાવે ગોપી ઝુમ ઝુમ ઝુમ—ગોપી૦ ૧

વૃંદાવનની કુંજગલીમાં રમજો રૂડા રાસ રે,
ચંદા કેરી ચાંદની ને પૂનમનો પ્રકાશ રે;
મુરલી વાગે, ગોપી નાચે, તૂટે મોતી માલ રે,
પ્રીતમ ઝુલે પારણે, કનૈયા ઝુલે પારણે,
હરખે ઝુલાવે ગોપી ઝુમ ઝુમ ઝુમ—ગોપી૦ ૨

卐

## શ્રીસ્વામિનીજીની વધાઈના ગરબા

( ૪૫ )

[ રાગ–મણિમય ભૂમિ, મહાવનમાં ]

સુણ સાહેલી ! શ્રીવૃષભાન ભવનમાં આજ વધામણાં
અતિ ઉલટભરી, કીરતકુંવરી કેરાં લેશું ભામણાં.
સહુ પ્હેરો રંગ બિરંગ સાડી,
શિર ગૂંથો ફૂલતણી વાડી,
સખી ! અરસપરસ લેશું તાળી—સુણ સાહેલી૦ ૧
ત્યાં તો તોરણ દ્વારે બંધાય છે,
મોતીના ચોક પૂરાય છે,
મળી માનિની મંગલ ગાય છે—સુણ સાહેલી૦ ૨
રાધા માધવની એ જોડી,
નિત્ય રાસ રમે ગોકુલ ગોરી,
ચિત્ત 'રસિકપ્રિયા'નાં હ્યે ચોરી—સુણ સાહેલી૦ ૩

**

( ૪૬ )

[ રાગ નંદભવનના આંગણિયામાં ]

શ્રીવૃષભાન ભવનમાં સજની ! આનંદ આજ વધાઈ રે,
કીરતકૂખ રાધિકા પ્રગટ્યાં વાંટો મધુર મિઠાઈ રે. ૧
આંગણિયામાં નોબત વાગે, તોરણ બાંધ્યાં દ્વારે રે,
નાચે ગાય સકલ નરનારી, મંગલ શબ્દ ઉચ્ચારે રે. ૨
કદલી કેરા સ્તંભ રોપાવ્યા, કુમકુમ થાપા દીધા રે,
શ્રીવૃષભાન દાન બહુ આપે, સરવે મનોરથ સીધા રે. ૩
દિયે આશિષ સકલ વ્રજવાસી, રાધાકૃષ્ણ બિહારી રે,
'રસિકપ્રિયા' નિરખે લીલા, તન-મન નાખે વારી રે. ૪

## શ્રીમહાપ્રભુજીની વધાઈના ગરબા

( ૪૭ )

[રાગ-ખોબા સમોવડી ભરી તલાવડી]

શ્રીલક્ષ્મણ ભટ્ટ ઘેર ચાલો સોહાસણી !
કંચન કલશ લિયો માથે જી રે. ૧
પર્ણ આંબલિયાનાં, શ્રીફલ ધરાવો,
ફૂલડાંની માલ લિયો હાથે જી રે. ૨
પ્રગટ થયા છે શ્રીવલ્લભ મહાપ્રભુ,
આનંદ મંગલ થાય જી રે. ૩

કદલીના સ્તંભ, દ્વારે તોરણ બાંધ્યાં
મોતીના ચોક પૂરાય જી રે. ૪
કંકુના સાથિયા કીધા આ દ્વારમાં,
વાગે નોબત શરણાઈ જી રે. ૫
ચંપા-અરણ્યમાં ને અગ્નિના કુંડમાં,
જોને, અનુપ છબી છાઈ જી રે. ૬
ચરણ અંગુષ્ઠ મુખ લઈને બિરાજતા,
તુલસીની માલ કંઠ રાજે જી રે. ૭
પટકો કેસર ભર્યો, શોભે તે બાલને,
ભાલ તિલક છબિ છાજે જી રે. ૮
માતા ઇલંમાગારુ લીધા છે ગોદમાં,
'કુમુદિની' મુખડું નિહાળે જી રે. ૯

卐

( ૪૮ )

[ રાગ–મીઠી લાગે છે મને કૃષ્ણ ! તારી બંસરી ]

મંદિરને દ્વાર મેં તો બાંધ્યાં તોરણિયાં,
કુમકુમના સાથિયા પુરાય રે, સાહેલી ! આજે વધામણાં ૧
ચંપા-અરણ્યમાં ને અગ્નિના કુંડમાં,
પ્રગટયા શ્રીવલ્લભરાય રે, સાહેલી ! આજે વધામણાં ૨
કદલીના સ્તંભ બ્હેની ! રોપ્યા છે દ્વારમાં,
નોબતના નાદ સંભળાય રે, સાહેલી ! આજે વધામણાં. ૩

માતા ઇલંમાજી પારણે ઝુલાવે,
આનંદ ઉર ન સમાય રે, સાહેલી ! આજે વધામણાં. ૪
એ સુખ શોભા કે'તાં ન આવે,
'રસિકપ્રિયા' ગુણ ગાય રે, સાહેલી ! આજે વધામણાં ૫

卐

(૪૯)

[રાગ–આવો આવો, નંદજીના લાલ ! માખણ ખાવાને]

બોલો બોલો, શ્રીવલ્લભ નામ, વૈષ્ણવ ! વ્હાલ કરી ૧

આનંદકારી, પ્રભુ મંગલકારી, પરમાનંદ કે'વાય રે,
કૃષ્ણ કમલમુખ સુમરણ કરતાં,
ઉરની આરત જાય, વૈષ્ણવ ! વ્હાલ કરી. ૨

પૃથ્વી પરિક્રમા ત્રણ કરીને અનેક જીવ ઉદ્ધાર્યા રે,
પત્રાવલંબે પંડિત જીત્યા,
માયાવાદ નિવાર્યા, વૈષ્ણવ ! વ્હાલ કરી. ૩

ભવસાગરમાં જે જન ભમતા, રાખ્યા પકડી બાંહ્ય રે,
નામ–નિવેદન મંત્ર શિખાવી,
શરણે લીધા ત્યાંય, વૈષ્ણવ ! વ્હાલ કરી. ૪

પુષ્ટિમારગ લીલા પ્રગટાવી, સ્વરૂપસેવા પધરાવી રે.
શ્રીભાગવત રસ મથન કરીને,
દીધો સાર બતાવી, વૈષ્ણવ ! વ્હાલ કરી. ૫

પરમ ઉદાર, દયાના સાગર, પ્રગટ પ્રતાપ વખાણો રે,
'દાસ' કહે સહુ આશ તજીને,
ચરણકમલ ચિત્ત આણો, વૈષ્ણવ ! વ્હાલ કરી. ૬

卐

( ૫૦ )

[ રાગ–માજી ! તારો હિંડોળો ઝાકમઝોળ ]

બ્હેની ! આજે પ્રગટ્યા શ્રીવલ્લભલાલ,
સખી ! આજે પ્રગટ્યા શ્રીવલ્લભલાલ.

માધવ માસ કૃષ્ણ એકાદશી,
શુભ નક્ષત્ર શુભ વાર—બ્હેની આજે૦ ૧

અગ્નિકુંડ થકી આપ પધાર્યા,
કૃષ્ણ કમલમુખ બાલ—બ્હેની આજે૦ ૨

'રસિકપ્રિયા' આનંદ સિંધુમાં,
મગન થઈ તત્કાલ—બ્હેની આજે૦ ૩

卐

## શ્રી ગુસાંઇજીની વધાઈના ગરબા

( ૫૧ )

[રાગ–મારે સાસરિયે જઇને કે'જો એટલડું]

શ્રીવલ્લભને દ્વારે રે, આનંદ અપાર રે
પ્રગટયા શ્રીવિઠ્ઠલનાથજી.

હાં રે ત્યાં તો નોબતના નાદ સંભળાય છે,
હાં રે મળી માનિની મંગલ ગાય છે,
હાં રે પ્હેરી સોળે શૃંગાર, ચાલી વ્રજનાર રે,
પ્રગટ્યા શ્રીવિઠ્ઠલનાથજી. ૧

હાં રે કોઈ ફૂલડાંની છાબ લઈ આવે,
હાં રે કોઈ મોતીડે નાથને વધાવે,
હાં રે બાંધ્યાં તોરણિયાં દ્વાર રે, ફૂલડાંના હાર રે,
પ્રગટ્યા શ્રીવિઠ્ઠલનાથજી. ૨

હાં રે માતા અક્કાજી પારણે ઝુલાવે,
હાં રે રસિક ભક્તોનાં ભાગ્યને મનાવે,
હાં રે દિયે આશિષ અપાર રે, હરખ્યા નરનાર રે,
પ્રગટ્યા શ્રીવિઠ્ઠલનાથજી. ૩

卐

## ( ૫૨ )

[ રાગ—વ્હાલાજીનો કેસરિયા ઘોડો રે ]

ચાલો સખી ! ચરણાટે જાયેં રે, મનોહર મંગલિયાં ગાયેં રે.
ચતણાટે વિઠ્ઠલ પ્રભુ પ્રગટ્યા,
એ રસસાગરમાં ન્હાયેં રે, મનોહર મંગલિયા ગાયેં રે. ૧
પોષ કૃષ્ણ નોમીનો શુભ દિન,
જોઈ જોઈ હૈયે હરખાયેં રે મનોહર મંગલિયાં ગાયેં રે. ૨
'રસિકપ્રિયા' ચરણોની દાસી,
અવિચલ વ્રજવાસી થાયેં રે, મનોહર મંગલિયા ગાયેં રે. ૩

( ૫૩ )

[ રાગ—જય જય શ્રીયમુના મા ! જય જય શ્રીયમુના ]

શ્રીવિઠ્ઠલેશ ગુરુ, પ્રભુ શ્રીવિઠ્ઠલેશ ગુરુ,
તૈલંગતિલકશિરોમણિ, ભૂતલ દેહ ધર્યું,
જય શ્રીવિઠ્ઠલેશ ગુરુ. ૧

શ્રીવલ્લભનંદન હો જગવંદન, ત્રિવિધ તાપ હારી, પ્રભુ૦
રોમ રોમ રસ વિલસે, શ્રીગોવર્ધનધારી,
જય શ્રીવિઠ્ઠલેશ ગુરુ. ૨

શ્રીરુક્મણિરમણ રસિક વર, પ્રેમરસે પાગ્યા, પ્રભુ૦
શ્રીપદ્માવતી પ્રિય વલ્લભ, અંતર અનુરાગ્યાં,
જય શ્રીવિઠ્ઠલેશ ગુરુ. ૩

ગૌર વરણ મુખ માધુરી તિલક તણે તેજે, પ્રભુ૦
કોટિ સૂર્ય શશિ લજ્જિત સુંદરતા સ્હેજે,
જય શ્રીવિઠ્ઠલેશ ગુરુ. ૪

હરિ સેવારસસાગર વચનામૃત વૃષ્ટિ, પ્રભુ૦
ભોગ રાગ શૃંગાર સિંચન કરી સૃષ્ટિ,
જય શ્રીવિઠ્ઠલેશ ગુરુ. ૫

મહા પતિત ઉદ્ધારણ, જગતારણ જાણો, પ્રભુ૦
ભક્તિમહારસ ભાવે અંતરમાં આણો,
જય શ્રીવિઠ્ઠલેશ ગુરુ. ૬

મંગલ રૂપ મનોહર, કેસરિયા ધોતી, પ્રભુ૦
ઉપરણો આભૂષણ મણિ માણેક મોતી,
જય શ્રીવિઠ્ઠલેશ ગુરુ. ૭

યુગલચરણ મમ મસ્તક સદા રહો ગાજી, પ્રભુ૦
'રસિકપ્રિયા' રસ કણિકા, માગે મન લાજી,
જય શ્રીવિઠ્ઠલેશ ગુરુ. ૮

卐

( ૫૪ )

[ રાગ–વાગે છે રૂડી વેણુ, કા'નાના વંનમાંહી ]

આનંદ આજ ભારે વલ્લભજીને દ્વારે.

અક્કાજી ઉર હરખ્યા, વાત્સલ્ય મેહ વરખ્યા,
નયણાં ભરી નિહાળે, વલ્લભજીને દ્વારે. ૧

વિઠ્ઠલેશ લાલ જાયા, ગુણ શેષનાગે ગાયા,
જય શબ્દ એ ઉચ્ચારે, વલ્લભજીને દ્વારે. ૨

આકાશ પુષ્પ વૃષ્ટિ, દેખે સુહાગી સૃષ્ટિ,
દેવ દુંદુભિ વજાડે, વલ્લભજીને દ્વારે. ૩

રસિયા 'રસિક' બિહારી, નિજ દાસી હું તમારી,
તન–મનના તાપ ટાળે, વલ્લભજીને દ્વારે. ૪

卐

( ૫૫ )

[રાગ–રાધા ખેલે છે રાસની માંય, ઘૂઘરી ઘમકે છે]

સખી ! ચાલો તો જઇએ ચરણાટ, મંન મારું હરખે છે.
ત્યાં તો પ્રગટયા શ્રીવિઠ્ઠલનાથ, નેહ–મેહ વરખે છે.
ગોરું ગોરું મુખડું ને અણિયાળી આંખડી,
કુટિલ કટાક્ષ જાણે કમલ કેરી પાંખડી,
હાં રે નિજ સૃષ્ટિને કરવા સનાથ—મંન મારું૦ ૧
નોબતના નાદ, વળી વાગે શરણાઈ,
નાચે નર નારી, મુખ બોલે વધાઈ,
હાં રે તાળી દેતાં પરસ્પર હાથ—મંન મારું૦ ૨
'રસિકપ્રિયા' શિશ ચરણે ધરીને,
વિવિધ મનોરથ મનમાં કરીને,
હાં રે રાખો અંતરંગ સેવકને સાથ—મંન મારું૦ ૩

卐

( ૫૬ )

[ રાગ–નંદલાલ સાથે લાગી છે લગંન રે ]

સખી ! જે જે બોલોને જેમલરાયની જો,
જેણે સેવ્યા શ્રીમદનમોહનલાલ જો.—જે જે૦ ૧
રાય સેવા સુમરણ કરે પ્રીત–શું જો
તેનું નગર કહિયે મેડતાર જો—જે જે૦ ૨
ઘણા વૈભવ સહિત સેવા કરી જો,
સ્વરૂપ સુંદર શ્રીજુગલકિશોર જો—જે જે૦ ૩

રાય ઘડિયે અવકાશ નવ પામતા જો,
અષ્ટ પ્રહર હરિ નામનો ઉચ્ચાર જો—જે જે૦ ૪
ધન્ય કહિયે તે દેશ મારવાડને જો,
તેના નગર તણાં છે ધન્ય ભાગ્ય જો—જે જે૦ ૫
એક દિવસ લશ્કર ચડી આવિયું જો,
જેમલરાયજીનું રાજ લેવા કાજ જો—જે જે૦ ૬
તેનો મંત્રી તે સોચ કરે મનમાં જો,
રહે સેવામાં રાય દિન રાત જો—જે જે૦ ૭
એ તો હમણાં રાજ લિયે આપણું જો,
કેમ કરીએ જેમલજીને જાણ જો—જે જે૦ ૮
તેની માતાને મ્હેલ જઇ કહાવિયાં જો,
તમે જઇને કહો તત્કાલ જો—જે જે૦ ૯
જઈ કહેતાં તો રાય એમ બોલિયા જો,
સર્વ ધાર્યું પ્રભુજીનું થાય જો—જે જે૦ ૧૦
તમે ચિંતા તે ચિત્ત શિદને ધરો જો,
પ્રભુ લેશે તે સર્વની સંભાળ જો—જે જે૦ ૧૧
મારો વ્હાલો બિરાજ્યા લાલ ઘોડલે જો,
સાથે લીધાં અનેક હથિયાર જો—જે જે૦ ૧૨
એણે લડતાં હરાવી સર્વ સેનને જો,
વિજય કેરા વજડાવ્યાં નિશાન જો—જે જે૦ ૧૩
કોપ ભરિયાં તે નૈન મારા નાથનાં જો,
રુદ્ર રસથી થયાં છે ઘણાં લાલ જો—જે જે૦ ૧૪

મુખ ટપકે છે શ્રમજલ બિંદુકા જો,
ઘેર આવી કર્યાં વિશ્રામ જો—જે જે૦ ૧૫
જાણ થયું છે જેમલરાયને જો,
આ તો મારા મોહનજીનાં કામ જો—જે જે૦ ૧૬
યુદ્ધ કેરાં તો ચિહ્ન શોભે અંગમાં જો,
જીત્યા જીત્યા શ્રી મદનમોહનલાલ જો—જે જે૦ ૧૭
રાય સિદ્ધ સામગ્રી કરી પ્રીત-શું જો,
ઉર ચાંપ્યા ચુંબન કરી ગાલ જો—જે જે૦ ૧૮
ભોગ ધરિયા શ્રમિત જાણી નાથને જો,
જોયા 'કુમુદિની' કિશોર તણા ખ્યાલ જો—જે જે૦ ૧૯

卐

( ૫૭ )

[રાગ–કાળી કાળી વાદળીમાં વીજળી ઝબૂકે]

જમુનાને તીર રૂડી વાંસલડી વાગે,
વગાડે નંદનો કિશોર, એ છે મારો ચિત્તડાનો ચોર.....૧
ઝરમર ઝરમર મેહુલિયો વરસે,
બોલે મધુરા મોર, એ છે મારો ચિત્તડાનો ચોર....૨
પિયુ પિયુ પિયુ પિયુ કરતા બપૈયા,
કોયલ કરે કિલકોર, એ છે મારો ચિત્તડાનો ચોર....૩
'કુમુદિની' કિશોર વ્હાલો મદનમોહનજી,
રમશું ઘણા રંગ રોળ, એ છે મારા ચિત્તડાનો ચોર....૪

卐

( ૫૮ )

[રાગ–મણિમય ભૂમિ, મહાવનમાં શ્રી જસોદાજીને]

શું મંત્ર ભણી, વાંસલડી ! તેં વશ કીધા વ્રજનાથને .
કામણગારી ! પરવશ કીધા વ્રજરત્ના સહુ સાથને.

હરિઅધર ઉપર તું શયન કરે,
અધરામૃત તારે વદન ધરે,
એ સ્વાદ ભરી મૃદુ સ્વર ઉચરે—શું મંત્ર ભણી૦ ૧

કોમલ અંગ અંગુલીને સ્પરસે,
પ્રતિ અંગ અંગ તારાં હરષે,
'કુમુદિની' કણિકા માટે તરસે—શું મંત્ર ભણી૦ ૨

卐

( ૫૯ )

[ જોડિયું ]

વેણુનાદે વશ કીધી વ્રજતરુણી રાસ રમણ કર્યું.
કૂજન તેનું લલિત મનોહર અધર સુધારસથી ભર્યું.

જે જડ તેને ચૈતન્ય કર્યાં,
સ્થાવર જંગમ સહુ સ્વાદભર્યાં,
વ્રજ તરુણીના તન – તાપ હર્યા—વેણુનાદે૦ ૧

અતિ લોભ સહિત અનંગ ભરી;
સ્વર પૂરણ રસથી ગાન કરી,
નટવરની પ્યારી અધર ધરી—વેણુનાદે૦ ૨

તુજ સંગમ રસની જે લહેરી,
પ્રસરી સરવે સામર્થ્ય ધરી,
'કુમુદિની'ની સુધ બુધ સહુ વિસરી—વેણુનાદે૦ ૩

卐

( ૬૦ )

[ જોડિયું ]

મીઠી નજરે, કાળજડું વીંધાય કે કામણ શું કરો ?
પ્રીતમજી ! નેહ ધરી અનુરાગ-સુધા નયણે ભરો.

મધુરા મધુરા છે મંત્ર ઘણા,
શું વર્ણન કરીએ નેન તણાં,
હવે ઘણું થયું નવ હોય મણા—મીઠી નજરે૦ ૧
પ્રભુ ! લોકલાજ સરવે મેલી,
આધીન થઇ સહુ સાહેલી,
જોયા વિણ જેમ સૂકે વેલી—મીઠી નજરે૦ ૨
'કુમુદિની'ના ચંદ ચતુર રસિયા,
મૃદુ વેણ સુણી મધુરું હસિયા,
નિશદિન તેના ઉરમાં વસિયા—મીઠી નજરે૦ ૩

卐

( ૬૧ )

[ રાગ-જસોદાજી ! હવે કાનુડાને વારજો ]

મધુરસ વાગે મોહનજીની મોરલી,
હાં રે મારું મનડું તે આતુર થાય, હો બ્હેન ! મધુરસ૦ ૧

વ્હાલાજીની શોભે અણિયાળી આંખડી,
હાં રે બોલે મીઠાં મધુરાં વેણ, હો બ્હેન ! મધુરસ૦ ૨

જોને બ્હેની ! કાયા કંપે ને શુદ્ધિ નવ રહે,
હાં રે હું તો ભૂલી ગઇ છું ભાન, હો બ્હેન ! મધુરસ૦ ૩

ચિત્ત મારું ચોર્યું કરી ઘણી આતુરી,
હાં રે કોઇ દેખાડો 'કુમુદિની' કિશોર, હો બ્હેન ! મધુરસ૦ ૪

卐

( ૬૨ )

[રાગ—અલી વાદલડી ! તારી રમત મારે રમવી છે]

અલી વાંસલડી ! તારા શબ્દ મધુરા કેવા છે !
તને વશ કરવાના હેવા છે.
સ્વર મીઠા અમૃત જેવા છે—અલી વાંસલડી ! ૧

તું જંગલ કાષ્ટ તણો કટકો,
હરિ પરસ કરી શીખી લટકો,
રસ ભેદ ભરી ઊમગ્યો મટકો—અલી વાંસલડી ! ૨

સ્વર સપ્ત સુધારસથી ભરિયા,
અધરામૃત સ્વાદે અનુસરિયા,
મધુરાં મધુરાં કૂજન કરિયાં—અલી વાંસલડી ! ૩

કોમલ કર અંગુલિ પરસાવી,
હરિ અધર મૃદુલે પધરાવી,
બહુ લોભ ભરી પિયુને ભાવી—અલી વાંસલડી ! ૪

'કુમુદિની'ના ચંદ તણી પ્યારી.
આકર્ષણ વિદ્યા છે તારી,
આધીન થઈ વ્રજની નારી—અલી વાંસલડી ! ૫

卐

( ૬૩ )

[ રાગ–હાં રે દાણ માગે, કા'નો દાણ માગે ]

હાં રે મધુવનમાં મોરલડી વાગે;
હાં રે ગોપી સૂતાં સેજલડીથી જાગે—મોરલડી વાગે. ૧
હાં રે મીઠા શબ્દો મધુરસ બોલે,
હાં રે કાંઈ કોયલડી કુંજમાં કલોલે—મોરલડી વાગે. ૨
હાં રે જાણે અધર અમૃતની છે ધારા,
હાં રે તે તો વગાડે લાલ લટકાળા—મોરલડી વાગે. ૩
હાં રે એની ધૂની લાગે છે ઘણી મીઠી,
હાં રે મહા મોહિની ભરેલી મેં તો દીઠી—મોરલડી વાગે. ૪
હાં રે સખી ! મળશે 'કુમુદિની'નો પ્યારો,
હાં રે તે તો મદનમોહન લટકાળો—મોરલડી વાગે. ૫

卐

( ૬૪ )

[ રાગ–હાં હાં રે મોરલિયા રીસાણા ]

હાં હાં રે મોરલડી વાગે છે,
હાં રે જુવો વૃંદા તે વનની કુંજે—મોરલડી વાગે છે. ૧
હાં રે સપ્તસ્વરે વિવિધ રસ પૂરિયા,
હાં રે હું તો ભીંજી રહી છું રસપુંજે—મોરલડી વાગે છે. ૨

હાં રે ઘણાં ફૂલી રહ્યાં છે ફૂલડાં,
હાં રે લતા ઝૂમે ને મધુકર ગુંજે—મોરલડી વાગે છે. ૩
હાં રે ઘણું હરખે 'કુમુદિની નિરખે છે,
હાં રે બેઉ ચરણ સરોજ દલ પુંજે—મોરલડી વાગે છે. ૪

卐

( ૬૫ )

[ રાગ—મધુંરી શી મોરલી બજાવજે કનૈયા ! ]

મીઠા મીઠા શબ્દો સુણાવજે, મોરલિયા ! ૧
ગોપીઓને વિરહ જગાવજે, મોરલિયા ! ૨
રાસ તણા ભેદને શિખાવજે, મોરલિયા ! ૩
વૃંદાવન ક્રીડા કરાવજે, મોરલિયા ! ૪
'કુમુદિની' ચંદને બતાવજે, મોરલિયા ! ૫

卐 卐

( ૬૬ )

[ રાગ—વીજ ચમકે મેહુલિયો ગાજે છે ]

મેઘ ગાજે વાદલડી વરસે છે,
મન મારૂં ઘણું હુલસાય—મોરલી વાગે છે. ૧
મોર નાચે કોયલડી ટહુકે છે,
કાંઇ ચંદ્ર કિરણ ચમકાય—મોરલી વાગે છે. ૨
મારી ડાબી આંખલડી ફરકે છે,
મન આકુલ-વ્યાકુલ થાય—મોરલી વાગે છે. ૩
રસ વાધ્યો ને આનંદ ઊછળે છે,
કાંઈ 'કુમુદિની' હરખાય—મોરલી વાગે છે. ૪

✵ ✶

( ૬૭ )

[ જોડિયું ]

જુઓ વાગી રહી છે વનમાંય, મધુરસ મોરલડી. ૧
મન આનંદે ઉછલિત થાય, મધુરસ મોરલડી. ૨
ઘટ ઘટમાં રહ્યા સ્વર છાય, મધુરસ મોરલડી. ૩
કાંઈ વિરહે અંતર અકળાય, મધુરસ મોરલડી. ૪
મન માધવ પાસે જાય, મધુરસ મોરલડી. ૫
રહી 'કુમુદિની' ગુણ ગાય, મધુરસ મોરલડી. ૬

卐

( ૬૮ )

[ રાગ–કા'ના મારગડો ના રોક, અમને ભાર લાગે છે ]

કા'ના ! કામણગારી મોરલીમાં શું શું કામણ છે ?
મીઠા મંત્ર મધુરા નાખ્યા, મારું કાળજડું વીંધાય છે,
ઘાયલ કરશો ના અલબેલા ! મારી એ ભલામણ છે. ૧
ઊઠતી વિરહ તણી બહુ જ્વાલા, મળવા મન મારું મૂંઝાય છે,
વ્યાકુળ કરશો ના અલબેલા ! મારી એ ભલામણ છે. ૨
આવો 'કુમુદિની'ના પ્યારા, મદનમનોહર વદન નિહાળશું,
ઝાઝી વાર કરો નહીં વ્હાલા ! મારી એ ભલામણ છે. ૩

卐

( ૬૯ )

[ જોડિયું ]

મારા છેલ છબિલા પ્યારા ! મારે મંદિર આવોને !
મારા મદનમોહન લટકાળા ! મારે મંદિર આવોને !
મારા ઘર પછવાડે દ્વારે, સજની એક ઊભી રાખશું,
ઝીણો સાદ કરી બોલાવો, મારે મંદિર આવોને ! ૧
સાસુ–નણદલ તો નવ જાણે, પિયુજીથી પણ છાનું રાખશું,
મારા તનના તાપ સમાવો, મારે મંદિર આવોને ! ૨
રજની રમશું વ્હાલમ સંગે, મનમાં મોદ ઘણેરા લાવશું,
મીઠી મોરલડી સંભળાવો, મારે મંદિર આવોને ! ૩
આવો 'કુમુદિની'ના પ્યારા ! ફૂલડિયાંની સેજ બિછાવશું,
કોમલ કર મુજને પરસાવો, મારે મંદિર આવોને ! ૪

卐

( ૭૦ )

[ જોડિયું ]

સજની ! શ્યામ સ્નેહી તારો મેં તો જોયો જમુના તીર.
શોભે પીતાંબર બહુ સારું, જાણે વીજળીના ચમકાર છે,
મસ્તક મોર મુકુટ મુકાવ્યો, મેં તો જોયો જમુના તીર. ૧
ઝલકે મકર કુંડલ બેઉ કરણે, ઉપર વેજંતી ઝલકાય છે.
નટવર ભેખ બન્યા વનમાળી, મેં તો જોયો જમુના તીર. ૨
તિરછી નયન કટાક્ષ ચલાવે, શોભે લલિત ત્રિભંગ સોહામણા,
તે તો 'કુમુદિની'નો પ્યારો, મેં તો જોયો જમુના તીર. ૩

( ૭૧ )

[ જોડિયું ]

જોજો હું ને મોહનલાલ, કરશું નવલા–નવલા ખ્યાલ,
ચોપટ પાસા રમત રમશું, ત્યારે પિયુજી મારા હારશે,
મારી પડી જશે પોબાર, કરશું નવલા–નવલા ખ્યાલ. ૧

જ્યારે વ્હાલમ રિસાઈજાશે, કહોને કેમ કરી સમજાવશું ?
કહેશે 'હું નહીં ચાલું ચાલ', કરશું નવલા-નવલા ખ્યાલ. ૨

હસિયા 'કુમુદિની'ના પ્યારા, નવલી નવલી રમત માંડશું,
જીત્યા જીત્યા દીનદયાલ, કરશું નવલા–નવલા ખ્યાલ. ૩

卐

( ૭૨ )

[ રાગ–દાદા ! હો દીકરી, વાગડમાં નવ દેશો રે ]

વ્હાલાની વાંસળી, વ્હાલાની વાંસળી,
વ્રજમંડલમાં વાગી રે બ્હેન !
વાંસલડીને નાદે વ્યાકુલ થઈ ફરું રે—વહાલાની૦

ભોજન ન ભાવે, મુંને ભોજન ન ભાવે,
નીંદરડી નવ આવે રે બ્હેન !
સ્વપ્નામાં ભણકારા વાગે શ્યામના રે—વ્હાલાની૦ ૧

ઘરમાં ન ગોઠે, મુંને ઘરમાં ન ગોઠે !
વનમાં વિરહ સતાવે રે બ્હેન !
પનઘટમાં પ્રીતમજી પ્રીતે સાંભળે રે—વ્હાલાની૦ ૨

સરખી સાહેલી' મારી સરખી સાહેલી !
સંદેશો લઇ જાજો રે બ્હેન !
એટલડું કે'જો કે દશા મારી દોહ્યલી રે—વ્હાલાની૦ ૩

શાને રીસાયા, શ્યામ ! શાને રીસાયા,
શા માટે તરછોડી રે બ્હેન !
શા માટે મોહનવર મુજને પરહરી રે—વ્હાલાની૦ ૪

વિનતી સ્વીકારો, મારી વિનતી સ્વીકારો,
વ્હેલેરા પધરાવો રે બ્હેન !
વાટલડી વેરાવું સુંદર લડાં રે—વ્હાલાની૦ ૫

તોરણ બંધાવુ', હું તો તોરણ બંધાવું,
સેજલડી સમારુ' રે બ્હેન !
દ્વારે ઊભી જોઉં વ્હાલાજીની વાટડી રે—વ્હાલાની૦ ૬

'રસિક' પ્રીતમ પ્રભુ ! રસિક પ્રીતમ પ્રભુ !
નેન ભરી નિહાળું' રે બ્હેન !
વારી વારી લઉં વ્હાલાજીના વારણાં રે—વ્હાલાની૦ ૭

卐

( ૭૩ )

[રાગ–જુઓ જુઓ, જસોદાનો કા'નો મારગડો રોકે છે]

જુઓ જુઓ કાલિંદીને કાંઠે, વાંસલડી વાગે છે,
ભાન ભૂલીને હું ચાલી વ્રજ વાટે, વાંસલડી વાગે છે.

ઘરનાં તે કામકાજ પડતાં મેલીને,
ચૂલે ચડતાં દૂધ દીધાં ઠેલીને,
હાં રે વશીકરણ કર્યું વ્રજનાથે—વાંસલડી ! ૧
અવળાં આભૂષણ અંગે સજીને,
પતિ પુત્ર ને પરિવાર તજીને,
હાં રે લાગી લગની મોહનવર માટે—વાંસલડી ! ૨
સરિતાનાં નીર જાણે મળવા સાગરમાં,
પ્રેમ તણાં પૂર ફૂશૂર નટવર નાગરમાં,
હાં રે રાસ રમવા 'રસિક' વર સાથે—વાંસલડી ! ૩

卐

( ૭૪ )

[ રાગ-તમે મારા થયા હું તમારી થઇ નંદલાલા ! ]

વનવનમાં ફરી સખી ! શોધ્યા હરિ નંદલાલા !
આવો આવો, આંખલડીના તારા !

પૂછું વૃક્ષલતા વનવેલી, કોઇ કૃષ્ણ દેખાડો સાહેલી !
નયણે નીર ભરી, સુધ બુધ વિસરી, નંદલાલા ! ૧

અહો ! તુલસી ગોવિંદ પદ-પ્યારી !
કે'જો વ્હાલાને વિનતી અમારી,
વિરહે વિકલ કરી, અંતર આશા ભરી, નંદલાલા ! ૨

કહે 'રસિકપ્રિયા' નિજ દાસી, એક ચરણકમલની ઉપાસી,
સ્નેહ સુરતી કરી, વ્હાલા ! તમને વરી નંદલાલા ! ૩

卐

( ૭૫ )

[ રાગ–મન ડોલે, મેરા તન ડોલે રે ]

મારું મન હરખે મારું તન હરખે,
મારે રમવા જાવું રાસ રે....
વૃંદાવન વાગે વાંસલડી.
મધુર મધુર વાંસલડી વાગે, લાગે મુજને પ્યારી,
છેલછબીલી, રંગરંગીલી, કપટી કામણગારી,
સખીરી કપટી કામણગારી....
રસ વરસે, મારૂં મન તરસે રે....મારે રમવા જાવું રાસ રે....
વૃંદાવન વાગે વાંસલડી, ૧
શરદપૂનમની સુંદર રજની, સજની મારી સંગે.
મોહનવરને મળવા ચાલી, રમવા રાસ ઉમંગે,
સખીરી રમવા રાસ ઉમંગે....
ચિત્ત ચટકે, મારું મન મટકે રે....
મારે રમવા જાવું રાસ રે....
વૃંદાવન વાગે વાંસલડી. ૨

卐

( ૭૬ )

[રાગ–કુંજ કુંજ વેણુ તેં વગાડી, હો શ્યામ ! માયા લગાડી]

ગોકુલમાં ગોતી ગોતી હારી, હો શ્યામ ! ક્યાં રે સંતાયા ?
વૃંદા તે વનમાં રાસ રમતાં,
સોળ સહસ્ર વ્રજનારી, હો શ્યામ ! ક્યાં રે સંતાયા ? ૧

કોઈ કહે મનમાં ને કોઈ કહે તનમાં,
વનવનમાં શોધું વિહારી, હો શ્યામ । કયાં રે સંતાયા ? ૨
મોરલી વગાડી મારું મન હરી લીધું,
વ્હાલમજી ! જોજો વિચારી, હો શ્યામ ! કયાં રે સંતાયા ? ૩
'રસિક' પ્રીતમ હું તો વારી વારી વિનવું,
અલબેલા ! લેજો ઉગારી, હો શ્યામ ! કયાં રે સંતાયા ? ૪

卐

( ૭૭ )

રાગ–ગોપ ને ગોવાલણી ને ગૌવાના વૃંદમાં]

મધુવનની કુંજમાં ને સખિયોના વૃંદમાં,
રસિયો રમાડે રાસ આજે કે બંસરી વાગે મધુરી.... ૧
રાધિકા રંગીલી, કાંઇ ઝીણું ઝીણું ગાયે,
કોયલના સૂરે વંન ગાજે કે બંસરી વાગે મધુરી.... ૨
ઊગ્યો આ ચંદ્ર જોને, કેવો આકાશમાં !
યમુના કિનારે મોર નાચે કે બંસરી વાગે મધુરી.... ૩
દેવતા વિમાને ચડી પુષ્પો વરસાવે,
શોભા અનુરૂપ છાજે કે બંસરી વાગે મધુરી.... ૪
'રસિક' પ્રીતમ વ્રજ વનિતાના સંગમાં,
નિરખીને કોટિ કામ લાજે કે બંસરી વાગે મધુરી.... ૫

卐

( ૭૮ )

[ જોડિયું ]

યમુનાના ઘાટમાં ને સખિયોના સાથમાં,
રાધિકા રમાડે રાસ વનમાં કે રમવા ચાલો સાહેલી ! ૧

ચણિયા ચોળી ને ચીર ચમકંતી ચૂંદડી,
પ્હેરીને શૃંગાર હાર તનમાં કે રમવા ચાલો સાહેલી ! ૨

'રસિક' પ્રીતમ વશ કીધી આ વેણુમાં,
મળવા ઉમંગ ઊઠે મનમાં કે રમવા ચાલો સાહેલી ! ૩

卐

( ૭૯ )

[ રાગ–મસ્ત ફિરો, મસ્ત ફિરો ]

રાસ રમો, રાસ રમો, રાસ રમો રે !
પૂર્ણિમાની પેલી રાતે રાસ રમો રે....

હો કૃષ્ણ ! રાધાને રાસમાં રિઝાવો,
સખી ! સોળે શૃંગાર સજાવો,
ગાન કરી, માન ભરી, મસ્ત ભમો રે—પૂર્ણિમાની૦ ૧

હો વ્હાલો મધુરી-શી મોરલી બજાવે,
મારા અંતરની જ્યોતને જગાવે,
નેહ ભરી નાથજીને ચરણે નમો રે—પૂર્ણિમાની૦ ૨

卐

( ૮૦ )

[ રાગ-ગાય લાવોને મારી ગોતી, હો વ્રજવાસી ! ]

બંસી લાગે છે તારી પ્યારી,
હો ગિરધારી ! સાંવરિયા ! બંસી૦ ૧
કાષ્ટ તણો કટકો ને લટકો છે ભારી,
વશ કરી છે વ્રજનારી હો, ગિરધારી ! સાંવરિયા ! બંસી૦ ૨
ભાન ભુલાવે, ઘરકામ તજાવે.
મારે છે પ્રેમકટારી, હો ગિરધારી ! સાંવરિયા ! બંસી૦ ૩
'રસિક' પ્રીતમ પ્રભુ રાસ રમાડો,
ચરણકમલ પર વારી, હો ગિરધારી ! સાંવરિયા ! બંસી૦ ૪

卐

( ૮૧ )

[ રાગ-ચૂંદડીના ચોર, મારી પાંભડીના ચોર ]

બંસરીના ચોર, મારી મોરલીના ચોર,
રાણી રાધિકા રે ! પ્યારી રાધિકા રે ! મારી બંસરીના ચોર. ૧
પ્રાણથી પ્યારી બંસરી મારી, મધુર એનો નાદ !
ગોપીઓને ભાન ભુલાવે, સાંભળે જ્યારે સાદ—રાણી૦ ૨
બંસરી ચોરી ને રાધા હસતાં વારંવાર,
વ્યાકુલ થઈ વિનવે વ્હાલો નંદનો કુમાર—રાણી૦ ૩
બંસરી આપો તો પ્યારી ! લાગું તમારે પાય,
દયા કરીને બંસરી દીધી, રીઝયા 'રસિક'રાય—રાણી૦ ૪

卐

( ૮૨ )

[ રાગ—કોણ ભરે રે, કોણ ભરે રે, યમુનાનાં પાણી ]

મનડું હરે રે, મનડું હરે રે, વ્હાલાની વાંસળી મનડું હરે રે.
ઝરમર ઝરમર મેહુલિયો વરસે,
આકાશે વીજળી ચમકયા કરે રે, વ્હાલાની૦ ૧

વૃંદા તે વનની કુંજગલીમાં,
કોયલના શોર મોર રમતા ફરે રે, વ્હાલાની૦ ૨

વરણી ન જાય સખી ! વ્રજની એ લીલા,
'રસિકપ્રિયા' ચિત્ત ચરણે ધરે રે, વ્હાલાની૦ ૩

卐

( ૮૩ )

[ રાગ—ચમકે ચમકે, ચાંદલિયો ચમકે છે ]

વાગે વાગે, વાંસલડી વાગે છે,
વગાડે શ્રીગોવર્ધનનાથ, વાંસલડી વાગે છે. ૧

એવી શરદપૂનમની રાતલડી,
ચંદ્ર ચમકે તારલિયાને સાથ, વાંસલડી વાગે છે. ૨

વ્રજગોપીનાં ટોળાં ઊમટયાં,
કાંઈ કરતાં વ્હાલાજીની વાત, વાંસલડી વાગે છે. ૩

બ્હેની ! ચાલોને ચાલ ઉતાવળી,
રંગ રસિયા-શું રમવા રાસ, વાંસલડી વાગે છે. ૪

卐

( ૮૪ )

[ રાગ–ગોકુલની ગોવાલણી ! તારાં ગોરસ મીઠાં ]

મોહન ! તારી મોરલી મુજને લાગે પ્યારી.
સ્નેહ સુધારસથી ભરી, મુખથી થાય ન ન્યારી.
મીઠા સ્વર અમૃતસમ ભરિયા,
માનિની મન આકર્ષણ કરિયાં,
કપટી કામણગારી, મુજને લાગે પ્યારી. ૧
'રસિકપ્રિયા' માગે કર જોડી,
કણિકા દિયો કૃપા કરી થોડી,
ચરણકમલ પર વારી, મુજને લાગે પ્યારી. ૨

卐

( ૮૫ )

[ રાગ–અષાડી સાંજના અંબર ગાજે ]

આજે વૃંદાવન બંસી વાગે,
બંસી વાગે, પ્રેમ બંસી વાગે....આજે૦ ૧
શરદપૂનમની રઢિયાળી રાતમાં,
વ્હાલાનો વેણુનાદ પ્યારો લાગે....આજે૦ ૨
ભાન ભુલાવે, ઘરકામ તજાવે,
મધુરો-શો સૂર બ્હેની ! ગગન ગજાવે....આજે૦ ૩
'રસિકપ્રિયા' કહે ચરણે નમીને,
જુગલ કિશોર કેરાં દરશન માગે....આજે૦ ૪

卐

( ૮૬ )

[ રાગ–મારૂં મન મોહ્યું રે, શ્રીગિરધરલાલને લટકે ]

મોરલી વાગી રે, શ્રીજમુનાજીને કાંઠે.
શબ્દ સુણીને હું તો ભાન જ ભૂલી,
ચાલી વૃન્દાવન વાટે....મોરલી વાગી રે૦ ૧
અંતરમાં આતુરતા લાગી,
મોહન મળવા માટે....મોરલી વાગી રે૦ ૨
"રસિક" પ્રીતમ પ્રભુ પ્રાણ અમારા,
પ્રીત બંધાણી તમ સાથે....મોરલી વાગી રે૦ ૩

卐

( ૮૭ )

[ જોડિયું ]

પ્રીતડી લાગી રે, શ્રીમદનમોહનજીને સંગે.
મુરલી વગાડી મારું મન હરી લીધું.
મોહી ભૃકુટીને ભ્રંગે....પ્રીતડી લાગી રે૦ ૧
વૃન્દા તે વંનની કુંજગલીમાં,
રમવા રાસ ઉમંગે....પ્રીતડી લાગી રે૦ ૨
'રસિક' પ્રીતમ મને પ્રાણ થકી પ્યારા,
સેવું સદા રસ રંગે....પ્રીતડી લાગી રે૦ ૩

卐

( ૮૮ )

[ રાગ—ગોપાલ મારો પારણિયે ઝૂલે રે ]

વૃન્દાવન વાંસલડી વાગી રે,
ાહેલી ! મારા અંતરમાં લગની લાગી—વૃન્દાવન૦ ૧
વગાડે શ્રીમદનમોહન પ્યારા રે,
મનોહર મોર મુકુટવાળા રે,
ાં હાં રે મારા નેન તણા તારા રે—વૃન્દાવન૦ ૨
વાંસલડીમાં કામણુ છે ભારી રે,
કરી વશ વ્રજ તણી નારી રે,
ાં હાં રે તે તો 'રસિક' પ્રીતમને પ્યારી—વૃન્દાવન૦ ૩

卐

( ૮૯ )

[રાગ – કા'ના મારગડો ના રોક, અમને ભાર લાગે છે ]

આવો, આવો, મોહનલાલ ! મારા કુંજ મંદિરમાં.
શરદપૂનમની રાતડી ને ચાંદલિયો ચમકાય છે,
રમશું રાસ ઘણા વિલાસ—મારા૦ ૧
જમુનાજીને તીરે પક્ષી નાદ ઘણા સંભળાય છે,
સરવે ગાય તમારૂં ગાન—મારા૦ ૨
'રસિક'રાય ગિરધારી, મળવા મનડું આતુર થાય છે,
ઊભી જોઉં તમારી વાટ—મારા૦ ૩

卐

( ૯૦ )

[ જોડિયું ]

બ્હેની ! શ્રીમદનમોહનજીલાલ, મારા પ્રાણ તણા આધાર.

યમુનાજીના ઘાટમાં ને સાહેલીના સાથમાં,
મેં તો નિરખ્યા નંદકુમાર—મારા પ્રાણ૦ ૧
બંસી મધુર બજાવી, મારી સુધ-બુધ સહુ વિસરાવી,
વ્યાકુલ કીધી વ્રજની નાર—મારા પ્રાણ૦ ૨
'રસિક'રાય ગિરધારી મુજને લગની લાગી તારી
વ્હાલા ! તમે ઉતારો પાર—મારા પ્રાણ૦ ૩

卐

( ૯૧ )

[રાગ – છોટી-બડી ગઉવાં રે ચરાનેવાલે કા'નજી]

મીઠી મીઠી મોરલી રે, વગાડે વ્હાલો કા'નજી.

ભાન ભુલાવે, ઘર-કામ તજાવે રે,
મોહ પમાડે રે, કામણગારો કા'નજી. ૧
વૃન્દા તે વનમાં ને ગોપીના સંગમાં,
રાસ રચાવે રે, કામણગારો કા'નજી. ૨
'રસિક' પ્રીતમ પ્રભુ નેન નચાવે રે,
ધૂમ મચાવે રે, કામણગારો કા'નજી. ૩

卐

## ( ૯૨ )

[રાગ – વલ્લભવર ઘેર આવિયા, આજ મારે]

મદનમોહનજીને લટકે, મોહી રે હું તો મદનમોહનજીને૦

સાંવરી સુરત, માધુરી મૂરત,
ચિત્તડું ચોરાયું રંગ ચટકે—મોહી રે હું તો.... ૧

મોર મુકુટ મકરાકૃત કુંડલ,
પીળા પીતાંબર પટકે--મોહી રે હું તો.... ૨

'રસિક' પ્રીતમ મને વ્યાકુલ બનાવી,
વેંત વાંસલડીને કટકે—મોહી રે હું તો.... ૩

卐

## ( ૯૩ )

[ જોડિયું ]

મુરલીમાં કામણ ભારી, કનૈયા ! તારી મુરલીમાં૦

ભાન ભુલાવે ઘર કામ તજાવે,
વ્યાકુલ બની છે વ્રજનારી—કનૈયા તારી૦ ૧

વૃંદા તે વનમાં રાસ રચાવ્યો,
શ ર દ નિ શા ઉજિયાળી—કનૈયા તારી૦ ૨

'રસિક' પ્રીતમ પ્રભુ પ્રાણ થકી પ્યારા,
નિરખીને કોટિ કામ વારી—કનૈયા તારી૦ ૩

卐

( ૯૪ )

[ જોડિયું ]

નિરખો શ્રીનાથજી રૂપાળા, કે નેન ભરી નિરખો૦
સાંવરી સુરત, માધુરી મૂરત,
નેત્રકમલ અણિયાળાં, કે નેન ભરી૦ ૧
ઢળકતી પાગ વળી પીળા પછોડા,
કંઠે કુસુમ વનમાળા, કે નેન ભરી૦ ૨
'રસિકપ્રિયા' ચિત્ત ચોંટ્યું ચરણમાં,
ઘડિયે કરું નહીં ન્યારા, કે નેન ભરી૦ ૩

卐

( ૯૫ )

[ જોડિયું ]

રમશું શ્રીનાથજીને સંગે, સાહેલી ! રાસ૦
શરદપૂનમની રઢિયાળી રાતમાં,
સોળે શુંગાર સજો અંગે, સાહેલી ! રાસ૦ ૧
ઘરનાં તે કામકાજ પડતાં મેલીને,
ભરિયા છે ભાવ ઉમંગે, સાહેલી ! રાસ૦ ૨
'રસિક' પ્રીતમ પ્રભુ નેનભરી નિરખ્યા,
હૈયે હરખ્યા છે રસ રંગે, સાહેલી ! રાસ૦ ૩

卐

( ૯૬ )

[ જોડિયું ]

ચાલ ચાલ, ચતુર ! તને શામળો બોલાવે,
શામળો બોલાવે, તને કુંજમાં તેડાવે રે—ચાલ૦
સોળે શુંગાર અંગ ધરો, સિંદૂર રેખ માંગ ભરો,
નેન અંજન ખંજન મીન મધુપને ભમાવે—ચાલ૦ ૧
સુંદર વદન સદન સોહે, કોટિ કામ દેખી મોહે,
અલક ઝલક મલકતું મુખ રંગ ઉપજાવે—ચાલ૦ ૨
'કુમુદિની' કિશોર ચંદ, મુદિત તે મુખારવિંદ,
લટક મટક મંદ ચાલ લાલને રિઝાવે—ચાલ૦ ૩

卐

( ૯૭ )

[ જોડિયું ]

માન તજો માનિની ! નિકુંજ દ્વાર ચાલિયે,
નિકુંજ દ્વાર ચાલિયે, અનેક રંગ મ્હાલિયે—માન૦
નવકિશોર ચિત્તના ચોર, દગ ભરી નિહાળિયે,
એ પ્રભુને અંક ભરી કોટિ કામ વારિયે—માન૦ ૧
રસનિધાન, તજો માન, કયાં લગી સમજાવિયે ?
'કુમુદિની' ફૂલતણી સેજડી બિછાવિયે—મા૦ ૨

卐

( ૯૮ )

[ જોડિયું ]

લટક મટક રાધિકા પધારે શ્યામ પાસે,
પધારે શ્યામ પાસે ને મધુર મધુર હાસે--લટક૦

સહજ રૂપ, અતિ અનુપ, મદન-માન નાસે
મુદિત થઈ મધુપસેન અંગની સુવાસે—લટક૦ ૧

વિમલ કાન્તિ, અતિ સુહાતી, ગર્વથી વિમાસે,
'કુમુદિની' પ્રકાશ કુંજ-કુંજને પ્રકાશે—લટક૦ ૨

卐

( ૯૯ )

[ જોડિયું ]

રાધિકા ! રંગીલી ! નિજ કુંજમાં પધાર્યાં,
કુંજમાં પધાર્યાં, પ્રાણનાથને નિહાળ્યા—રાધિકા૦

નેન-સેન રસિક વેણ માનને નિવાર્યા,
અંક ભરી મદનમોહન તાપને નસાવ્યા—રાધિકા૦ ૧

મુખત બોલ, દૃગનલોલ, ભાવતાં નચાવ્યાં,
'કુમુદિની' કિશોર પ્યારી ક્ષણમાં રિઝાવ્યાં—રાધિકા૦ ૨

卐

( ૧૦૦ )

[ રાગ-શંકર વસે કૈલાસમાં ]

વાગે વૃંદાવન વાંસળી, હાં રે રચ્યો રાસ વિલાસ રે,
મદનમોહન વરણાગિયા, હાં રે વ્રજજન આસપાસ રે-વાગે૦ ૧

એક નાચે ને ફરે ફૂદડી રે, એક તાળી દિયે હાથ રે,
ચતુરા રમે રસ રંગમાં, હાં રે તેવતેવડીનો સાથ રે-વાગે૦ ૨

લટકો કરીને એક નાચતાં રે, તૂટ્યા હાર અમોલ રે,
એક ઊભાં પ્રભુ પાસમાં, હાં રે લિયે મુખના તંબોલ રે-વાગે૦ ૩

એક ચૂમે હરિની ભુજા રે, એક તાળી દિયે તાલ રે,
એક કટાક્ષ કરે નાથ-શું, હાં રે રીઝે મદનગોપાલ રે-વાગે૦ ૪

રૂનક ઝુનક વાગે કિંકણી રે, પાયે નૂપુરનો નાદ રે,
ખલકે કંકણ બેઉ હાથનાં, હાં રે એક ગાય ઝીણે સાદ રે-વાગે૦ ૫

વેણી છૂટી એક શિશની રે, એક ચૂંદડીને ચીર રે,
ઉરથી ખસી ઝીણી કંચુકી, હાં રે મન ધરે નહીં ધીર રે-વાગે૦ ૬

એક મોહનજીને ભેટતાં રે, ચાંપે હૃદયાની સાથ રે,
શ્રમિત થયાં એક સુંદરી, હાં રે વ્હાલો બીડી લિયે બાથ રે-વાગે૦ ૭

એક ગાયે ઊંચે સ્વરે રે, એક કરે મૃદુ હાસ રે,
'કુમુદિની' ચંદ ગોપાલ શું, હાં રે રમે રાસ વિલાસ રે-વાગે૦ ૮

卐

( ૧૦૧ )

સહિયર ચાલ્યાં રે ઠમકતાં,
ચરણે ઝાંઝરનો ઝમકાર—સહિયર૦ ૧
નયણે કાજળ આંજિયાં;
મુખડે ચાવ્યાં પાનતંબોલ—સહિયર૦ ૨
કર્ણે શોભે રે ઝૂમખાં,
સુંદર ઉન્નત ગોળ કપોલ,—સહિયર૦ ૩
મોહનવરને રે ભેટવા,
કરતાં વિવિધ મનોરથ મંન—સહિયર૦ ૪
ભૂષણ ધરિયાં રે શોભતાં,
જાણે મદભર મત્ત ગયંદ—સહિયર૦ ૫
લટકે - મટકે રે ચાલતાં,
હૈડે ગજમોતીના હાર—સહિયર૦ ૬
સહિયર સાથે રે અતિ ઘણાં,
હસતાં તાળી દેતાં હાથ—સહિયર૦ ૭
અંબર પહેર્યાં રે શોભતાં,
ચણિયા-ચોળી કેસર રંગ—સહિયર૦ ૮
કરમાં ચૂડો રે કનકનો,
વચમાં લાલ પિરોજી બંધ—સહિયર૦ ૯
ઝૂમકાં લટકે રે ગોકર્ણે,
ફરકે મંદ સમીરે ચીર—સહિયર૦ ૧૦
'કુમુદિની' પ્રિયને રે નિરખવા,
તેનાં વ્યાકુલ મંન અધીર—સહિયર૦ ૧૧

卐 卐

(૧૦૨)

[ રાગ આભમાં ઝીણી ઝબૂકે વીજળી રે ]

રસિયા ! શરદપૂનમની રાતડી રે,
શોભે નભમાં પૂરણ ચંદ, વ્હાલમજી !
વેગે પધારો રંગમ્હેલમાં રે. ૧
સુંદર યમુના તટ રળિયામણો રે,
વ્હેતો ત્રિવિધ પવન સુખકંદ, વ્હાલમજી ! વેગે૦ ૨
હરખે ફૂલડાં વાટ વેરાવિયાં રે,
સાજ્યાં અંબર ચીર અમોલ, વ્હાલમજી ! વેગે૦ ૩
મેં તો સેજ રચી નવ ફૂલની રે,
તોરણ બાંધ્યા મારે દ્વાર, વ્હાલમજી ! વેગે૦ ૪
મંગલ કલશ ભર્યા મેં પ્રેમ-શું રે,
મારે ઘેર આવો શ્રીવલ્લભરાય, વ્હાલમજી ! વેગે૦ ૫
વ્હાલમ ! વિરહે તપે તન માહ્યરું રે,
ઘડી એક જુગ જુગ જેવી જાય, વ્હાલમજી ! વેગે૦ ૬
'કુમુદિની'ના ચંદ વિલંબ નવ કીજિએ રે,
મારા તન મન પ્રાણ આધાર વ્હાલમજી ! વેગે ૭

卐

( ૧૦૩ )

[ રાગ–સૂરતની બંગડીમાં મારું મન મોહ્યું ]

શ્રી મદનમોહનજી-શું મારું મન મોહ્યું,
કંઇક કામણિયાં કીધા હો રાજ ! મદન૦ ૧

વિનતી કરું છું મારે મ્હેલે પધારો,
ફૂલડિયાં વાટે વેરાવું, હો રાજ ! મદન૦ ૨

હરખે વ્હાલમજીને પુષ્પે વધાવું,
ફૂલડાંની સેજડી બિછાવું, હો રાજ ! મદન૦ ૩

ચંદ્રકલાના ભોગ ધરાવું,
કેસરિયા દૂધ આરોગાવું, હો રાજ ! મદન૦ ૪

'કુમુદિની' કિશોર પ્રભુ લટકે પધારે,
નિરખી નિરખીને વધાવું હો રાજ ! મદન૦ ૫

卐

( ૧૦૪ )

વ્હાલા લાગો છો ઘણા વ્હાલા, વલ્લભલાલ ! વ્હાલા લાગો છો

કેસરિયા ધોતી મારા વ્હાલાજીને શોભે,
કંઠે મોતીની છે માલા વલ્લભલાલ ! વ્હાલા લાગો છો....૧

વાંકે અંબોડે વ્રજજન વશ કીધાં,
કરતા લોચન રસ ખ્યાલા, વલ્લભલાલ ! વ્હાલા લાગો છો....૨

શ્રી વિઠ્ઠલનાથજી કુંવર કોડામણા,
શ્રીરૂક્ષ્મણી વહુજીના પ્યારા, વલ્લભલાલ ! વ્હાલા લાગો છો....૩

શ્રી શોભા બેટીજીના વીરા જ કહિયે,
શ્રીપાર્વતી વહુજીના પ્યારા; વલ્લભલાલ ! વ્હાલા લાગો છો....૪

કેસરિયા પાગ સોહે કેસરી ઉપરણો,
વિવિધ કુસુમ વનમાલા, વલ્લભલાલ ! વ્હાલા લાગો છો....૫

નવલ કિશોર મારે મ્હેલે પધારો,
'કુમુદિની'ના ચંદ લટકાળા, વલ્લભલાલ ! વ્હાલા લાગો છો....૬

卐

( ૧૦૫ )

[ રાગ–રસિયાજીના મહિના ]

આ ઘેર પધારો વલ્લભ પ્રાણઆધાર, હો રસિયાજી !
આ તમ દીઠે સુખ ઉપજે અપરંપાર, હો રંગ રસિયાજી ! ૧
આ વાંકે અંબોડે વશ કીધી વ્રજનારી, હો રસિયાજી !
આ કરતાં હીંડો નયન સમસ્યા ભારી, હો રંગ રસિયાજી ! ૨
આ લગન લગાડી અળગાં કેમ રે'વાય, હો રસિયાજી !
આ નવ દેખું તો નયણે નીર ભરાય, હો રંગ રસિયાજી ! ૩
આ ધોતી ઉપરણા ધરિયા નવલકિશોર હો રસિયાજી !
આ ઘેર પધારો ચિત્તડા કેરા ચોર, હો રંગ રસિયાજી ! ૪
આ પ્રીતલડી કીધી છે તમ–શું રાજ, હો રસિયાજી !
આ રંગ મિલાવી રંગે રમશું આજ, હો રંગ રસિયાજી ! ૫
આ ચતુર બિહારી 'કુમુદિની'ના ચંદ હો રસિયાજી !
આ મહાસુખ આપ્યાં વ્હાલમ ! આનંદકંદ !
હો રંગ રસિયાજી ! ૬

卐

( ૧૦૬ )

[ રાગ–આવ્યા છે શ્રીગોકુલ તારવા છબીલો લાલ ]

ગરબે રમવાને ચાલો, સાહેલિયો ! ગરબે રમવાને ચાલો.

પ્રથમ વિલાસ શ્યામ શ્યામા બિરાજતાં,
સંગે આનંદ રસ મ્હાલો, સાહેલિયો ! ગરબે૦ ૧

મુખડું નિહાળો શ્રી મદનમોહનનું,
વિરહાનલને ટાળો, સાહેલિયો ! ગરબે૦ ૨

તેવતેવડી સહુ ટોળે મળીને,
કંઠે બાંહોલિયો સાહો, સાહેલિયો ! ગરબે૦ ૩

નવલા શણગાર સજો સરવે શ્રીઅંગમાં,
મળશે મોહનવર વ્હાલો, સાહેલિયો ! ગરબે૦ ૪

卐

( ૧૦૭ )

[ જોડિયું ]

બાલુડો કા'ન સમજાવો, જસોદાજી ! બાલુડો કા'ન સમજાવો.

મારા મંદિરિયામાં રાડ મચાવે,
કાંઈક દયા મન લાવો, જસોદાજી ! બાલુડો૦ ૧

ગોરસને કાજ મારી મરડે કલાઈ,
કહિયે તો અમશું ખિજાઓ, જસોદાજી ! બાલુડો૦ ૨

'કુમુદિની' કિશોર ઘણા કીધા લાડકડા,
કરુણાની વાતડી શિખાવો, જસોદાજી ! બાલુડો૦ ૩

卐

## (૧૦૮)

[ રાગ–આ નેન ભરીને નિરખો સજની ]

મુરલી વાગી મુરલીધરની, ઘરકામ તજી ચાલ્યાં સજની.
બંસી વાગી બંસીધરની, ઘરકામ તજી ચાલ્યાં સજની.
નવ જાણ્યા સુત પતિના ભયને, નવ જાણ્યા વાસર કે રજની,
આકુલ–વ્યાકુલ સહુ અંગ બની, ઘરકામ૦ ૧
ભમતી હીંડે વનકુંજગલી, સહુ જ્યાં ત્યાંથી એક ઠામ મલી,
ચટકી લાગી મન મોહનની, ઘરકામ૦ ૨
તરસે વરસે દગ નીર ઘણાં, ભીંજ્યાં પટ પીત ઉરોજ તણાં,
છબિ જોઈ રહ્યાં વૃંદાવનની, ઘરકામ૦ ૩
રમવા સહુ રાસવિલાસ સખી ! મુખડું જોતાં સહુ ચિત્ર લખી,
'કુમુદિની' પ્રિયની સહુ રત્નમણિ, ઘરકામ૦ ૪

卐

## (૧૦૯)

[રાગ–જાઓ જાઓને કપટી કા'ના રે, તમ સાથે કોણ બોલે ?]

સાંભળ કોયલડીના ટહુકા, વનમાં બોલે ઝીણા મોર.
સુંદર પર્વત ઝરણાં ઝરતાં શોભે બાગબગીચા ફરતા.
ત્યાં તો સરસ સરોવર ભરિયાં, વનમાં૦ ૧
ફૂલડાં ફૂલી રહ્યાં છે કુંજ, ત્યાં તો મત્ત મધુકર ગુંજે,
કલરવ કરતાં પોપટ મેના, વનમાં૦ ૨
આંબા જાંબુ લીંબુ ઝૂંબે, જો જો મોર ઝુકયા છે લૂંબે,
પલ્લવ ફરકે મંદ સમીરે, વનમાં૦ ૩

ફરતાં આવે મૃગનાં ટોળાં, મળિયાં ચક્રવાકનાં જોડાં,
પક્ષી નાદ કરે છે સારા, વનમાં ૪

સજની ! મોહન તુજને મળશે, તારા પૂર્ણ મનોરથ ફળશે,
મોહશે મોરલડીને શબ્દે, વનમાં૦ ૫

તે તો 'કુમુદિની'ના પ્યારા, વ્હાલો મદનમોહન લટકાળા,
સજની પૂરે કોડ તમારા, વનમાં બોલે ઝીણા મોર. ૬

卐

## (૧૧૦)

[રાગ—કા'ના મારગડો ના રોક, અમને ભાર લાગે છે]

મારા છેલ છબીલા પ્યારા પ્યારા ! હો રસ ઝૂલે ઝૂલોને !
મારા મદનમોહન લટકાળા ! હો રસ ઝૂલે ઝૂલોને !
એક કદંબની ડાળે, બીજો આંબલિયે રોપાવશું,
રસ ભાવે ઝોટા મારું, હો રસ ઝૂલે ઝૂલોને ! ૧

ગરજે વાદળ મધુરાં મધુરાં, વિજળી ચમકારા બહુ થાય છે,
કોયલ ટહૂકે આંબા ડાળે, હો રસ ઝૂલે ઝૂલોને ! ૨

ઝરમર ઝરમર વરષા થાતી, પોપટ મેના કલરવ થાય છે,
વ્હાલમ ! વાર ન કરશો ઝાઝી, હો રસ ઝૂલે ઝૂલોને ! ૩

'કુમુદિની' ચંદ રંગીલા ! પ્યારા ! સુંદર રૂપ અનુપ નિહાળશું,
કરશું ગોઠલડી તમ સંગે, હો રસ ઝૂલે ઝૂલોને ! ૪

卐

## ( ૧૧૧ )

[ રાગ-બ્રજ મેરે મન ભાઈ ઐસી ]

એક સમે એકાંત કુંજમાં બેઠા રાધા પ્યારી,
કૃષ્ણ વિયોગે આતુર મનડાં કરે જલ્પના ભારી. ૧
સમરણ કરતાં સંગમ સુખનું નયણે આંસુ ખરતાં,
અર્ધોન્મીલિત કરી પ્યારીજી ઊર્ધ્વ ઉસાસે ભરતાં. ૨
વિરહ-અગ્નિ વ્યાકુળતા વ્યાપી, કોમલ તન કરમાયાં,
અરુણ અધર પર થઈ શ્યામતા યુગલ ગંડ સુકાયાં. ૩
શિથિલિત થયા હાર મોતીના, કંકણ તૂટી પડતાં,
વાર વાર લોટે ધરણી પર, વિવિધ ભાવના કરતાં. ૪
શ્રમ પ્રસ્વેદ થયો છે તનમાં, ચંદન-લેપ લગાવે,
લઈ ઘનસાર મિલાવી કુમકુમ, યુગ કુચ પર લપટાવે. ૫
શીતલ વાય કરે વીંજણાનો, તે પણ તાતો લાગે,
કુસુમ સેજ અવલોકન કરતાં મન મનોજ બહુ જાગે, ૬
'હા હા ! નાથ !' વદે મુખ વાણી, ઉષ્ણ શ્વાસ બહુ ફેલે,
ચોપટ પાસા રમત માંડી, આપ એકલાં ખેલે. ૭
કરી ભાવના પ્રીતમજીની, શ્યામ સોગઠી લેતાં,
'હા હા ! નાથ ! હું હવે હારી', વારંવારે કે'તાં. ૮
ચૂડી શ્યામ ધરી શ્રીકરમાં તેને ચુંબન કરતાં,
કસ્તુરીનો પંક બનાવી ભાલે ટીલડી ધરતાં. ૯
ચિત્ર બનાવે પ્રીતમજીનું, કુસુમ રંગ બહુ ઘોળી,
તે-શું વાત કરે વિસ્મય થઇ, મધુરી ભોળી-ભોળી ૧૦

વિકલ થઈ ભરતાં આલિંગન, ચર્વિત બીડી માગે,
કરી કટાક્ષ તણું અવલોકન, વિરહ-અગ્નિ બહુ જાગે. ૧૧
નખશિખ રૂપ નિહાળી પ્યારી, શૈયા પર પધરાવે,
ચાંપે ચરણ સુકોમલ કરથી, વીંજણે વાયુ ઢુરાવે. ૧૨
સમરણ કરતાં થાય મૂર્છના, દેહદશા વિસરાવે,
રુદન કરે શ્રમજલકણ વરસે, વ્યાકુલતા થઈ આવે. ૧૩
એવામાં સજનીને સંગે દૂર થકી હરિ દેખ્યા,
ઊભાં થઇ અવલોકયાં પિયુને પરમ સુહાગ વિશેખ્યાં. ૧૪
મન દોડે આલિંગન ભરવા મારગમાં જઇ ભેટું,
થાય અધીર, ધીર નહીં ધરતાં, વિરહ-દશા દુઃખ મેટ્યું. ૧૫
વેગે ચરણ ચલાવી ચાલ્યાં, પ્રીતમજી ત્યાં આવે,
રીઝયા પ્યારી સજની ઉપર, નવસર હાર પ્હેરાવે. ૧૬
'તારા ગુણનો પાર ન પામું. તનનાં તાપ નસાવ્યા',
ગુલબેયાં દઈ યુગલ મનોહર રંગ-ભવનમાં આવ્યાં. ૧૭
'કુમુદિની' ચંદ શિરોમણિ રાધા વિવિધ લાડ લડાવ્યાં. ૧૮

卐

## ( ૧૧૨ )

[ રાગ-ગોકુલચંદ ! લાગો છો વ્હાલા ]

સાહેલી ! મારો સંદેશો કે'જે,
કાગળ મોહનવરને દેજે—સાહેલી૦ ૧

વ્હાલમજીના વિરહ તણી વાતો,
એ વિના બ્હેની ! ક્યાંય નથી રે'વાતું,
કાઢું છું હું તો જુગ જેવી રાતું—સાહેલી૦ ૨

વિરહ તણી વેદના છે ભારી
ક્યારે મળે મોહન ગિરધારી,
પીડા હરે વિયોગ તણી મારી—સાહેલી૦ ૩

વિના વાંકે શિદ હરિ ! રીસાયા,
સતાવે છે એ હુ ત ણી મા યા,
વિકલ થઇ સુકાણી કાયા—સાહેલી૦ ૪

ચાંદલિયાની જ્યોત ઘણી દરસે,
એવે સમે વ્હાલમ જો પરસે,
જોતાં રે મારાં રોમ રોમ હરષે—સાહેલી૦ ૫

ગો ઠ લ ડી ની વા તો સં ભા રૂં,
સેજલડીની સામે નિહાળું,
ઉદાસ થઇને આંસુડાં પાડું—સાહેલી૦ ૬

કોમલ પિયુ ! કેમ કઠોર થયા ?
આજ તણી રજની ક્યાં રે રહ્યા ?
મિલાવો મારા પ્રીતમજી 'રસિયા'—સાહેલી૦ ૭

卐

## ( ૧૧૩ )

[ રાગ–મારા વ્હાલાના વનમાંય વાગે રૂડી વાંસલડી ]

તમે ભૂલી ગયા ભરથાર ! રસની વાતલડી,
કાંઇ કરતાં નવલા ખેલ, રમતાં રાતલડી....૧
ભેળાં બેસી ભોજન જમતાં, મધુરી વાત ઉચ્ચરતાં રે,
એક બીજાં મનુહાર કરીને મુખમાં વ્યંજન દેતાં—રસની૦ ૨
કર અચવાવી બીડી લઇને મુખડે ચુંબન દેતાં રે,
દઇ ગલબાંહી કુંજ–સદનમાં બાગ–બગીચે ફરતાં—રસની૦ ૩
એક સિંહાસન ઉપર બેસી ગાતાં મધુરાં ગીત રે,
તે વ્હાલમજી થયા પરાયા, ક્યાં રે ગઇ તે પ્રીત ?—રસની૦ ૪
શોકલડીને સંગે ભમતાં ડોલો છો દિન–રાત રે,
મુજ સંગે મીઠું નવ ભાખો, કરો ન રસની વાત—રસની૦ ૫
હો રસિયા ! પરનારી સંગે પ્રીત ન આવડી કીજે રે,
ચતુર તણાં લક્ષણ નવ જાણો, મનમાં સમજી લીજે—રસની૦ ૬
સેજલડી નિદ્રા નવ આવે, વ્હાલમ ! વિરહ સતાવે રે,
'કુમુદિની'ના ચંદ રંગીલા, પ્રાત સમે ઘેર આવે—રસની૦ ૭

卐

## ( ૧૧૪ )

[ રાગ–ખોબા સમોવડી ભરી તલાવડી ]

વરસે મેહુલિયો ને ગરજે આ વાદળી,
વીજળી કરે ચમકારા જી રે. ૧

બોલે કોયલડી ને નાચે મોરલિયા,
ચહુંદિશે દીસતાં અંધારાં જી રે. ૨
બોલે બપૈયા આ હરિયાળી કુંજમાં,
પિયૂ પિયૂ પિયૂ પિયૂ કરતા જી રે. ૩
એવે સમે સુધ આવે વ્હાલમજી !
કોણ સાંકેલડી તેડી લાવે જી રે. ૪
લાવો કાગળિયો ને આપું સંદેશડો,
મનડાંની વાત કોને કહીએ જી રે. ૫
'કુમુદિની' કિશોર જયારે મળશે નિકુંજમાં,
ત્યારે અધિક સુખ થાયે જી રે. ૬

卐

( ૧૧૫ )

[ રાગ–આજ ગઈ'તી કાલિંદીને તીર રે ]

મેં તો પ્યારા પ્રભુજીને સંગે અબોલડા લીધા રે,
મેં તો મદનમોહનજીને સંગે અબોલડા લીધા રે.
નહીં બોલું છબીલા લાલ રે ! કોલ કાંઇ દીધા રે. ૧
જાઓ જાઓ માનીતીને મ્હેલ રે, અહીં શિદ આવ્યા રે ?
જેણે દીધા અધરરસ પાન રે, પિયુ ભરમાવ્યા રે. ૨
તમે જૂઠા બોલા મહારાજ રે ! સત્ય નવ બોલો રે,
હવે પરસો ન મારૂં અંગ રે, ઘૂંઘટ નવ ખોલો રે. ૩
સમ ખાઇને ગયા મહારાજ રે ! ચિત્તડામાં ચોરી રે,
અહો ! 'કુમુદિની' ચંદ કિશોર રે, હું તો નથી ભોળી રે. ૪

ॐ 卐

( ૧૧૬ )

[ જોડિયું ]

જાઓ જાઓ માનીતીને મ્હેલ રે, અહીં શિદ આવ્યા રે ?
જેને સંગે રમ્યા છો સારી રાત રે, કોલ કાંઇ લાવ્યા રે. ૧
તેની મીઠી મધુરી વાત રે, નાથ ! ભરમાવ્યા રે,
જુઓ શોભી રહ્યાં છે ચિહ્ન રે, અંગ લપટાવ્યાં રે. ૨
કહો મુદિત થઇને ગયા ઘેર રે, તેને બોલાવ્યા રે,
કહી 'કુમુદિની' રસની વાત રે, નાથ ! શરમાવ્યા રે. ૩

卐

( ૧૧૭ )

[ જોડિયું ]

મદનમોહનજી ! છબીલા છેલ રે ! માયા લગાડી રે,
ક્યારે નિરખું એ નંદકુમાર રે, શ્યામ વનમાળી રે....૧
એના મુખડાની મધુરી વાત રે, વશ કરનારી રે,
મહા મોહિની ભરેલી એની આંખ રે, કામણગારી રે....૨
તમ વિના શ્રીનટવરલાલ રે ! કાંઇ નવ ગોઠે રે,
ભાન ભૂલી કરું ગૃહકાજ રે, ચિત્ત નવ ચોંટે રે....૩
સદા રહે તમારૂં ધ્યાન રે, ભોજન નવ ભાવે રે,
સુણી મુરલીનો મધુરો નાદ રે, નિદ્રા ન આવે રે....૪
સદા નિરખું શ્રીજુગલકિશોર રે, એ સુખ આપો રે,
કહે 'રસિકપ્રિયા' કર જોડી રે, ચરણ ચિત્ત સ્થાપો રે....૫

卐

( ૧૧૮ )

[ રાગ—જસોદા ! તારા કાનુડાને સાદ કરીને વાર રે ]

મોહન વર-શું પ્રીત લગાવી સજની ! હું પસ્તાણી રે. ૧
સાસું પૂછે, નણદી પૂછે, વળી પૂછે જેઠાણી રે. ૨
આડોશી – પાડોશી પૂછે, હસે ઘણું દેરાણી રે. ૩
મુજને કહે, ઉદાસ થઈ શું ? કેમ કરી કરમાણી રે ? ૪
બોલો કાંઈ, કરો કાંઈ બીજું, નેન ન સૂકે પાણી રે. ૫
કે'વા જાઉં બનાવી બીજું, ગદ્‌ગદ્‌ નિસરે વાણી રે. ૬
એવામાં અલબેલો આવ્યો, ઘૂંઘટ કાઢયો તાણી રે. ૭
મારો પક્ષ કરી હરિ બોલ્યા, સરવે લીધું જાણી રે. ૮
'કુમુદિની' પ્રીત પ્રસિદ્ધ કરાવી, નિર્ભયતા મન આણી રે. ૯

卐

( ૧૧૯ )

[ જોડિયું ]

હો જસોદાજી ! કામણગારી આ ગોકુલની ગોપી રે. ૧
મારે કાજે અંકુશ છોડી, લજજા સરવે લોપી રે, ૨
મુજને તેડી ચાલે મંદિર ગૃહકારજ દે સોંપી રે. ૩
મુજને કહે વલોવો ગોરસ, મધ્ય રવાઈ રોપી રે. ૪
માખણિયા આપીને કર પહેરાવે અંગુલી–ટોપી રે. ૫
કાંઈ મિસ કરી બહાર જો નિસરું વચન કહે બહુ કોપી રે. ૬
'કુમુદિની' હાવ ભાવ દર્શાવે, કર પકડે બહુ ચાંપી રે. ૭

卐

## શ્રીસ્વામિનીજીનો ગરબો

( ૧૨૦ )

[ જોડિયું ]

નમો નમો વૃંદાવન દેવી, શ્રીવૃષભાનકુમારી રે. ૧
જેને વશ ગોપીજનવલ્લભ, નિશદિન રાસવિહારી રે. ૨
અંજન આંજે, વેણી ગૂંથે, મોતિન માંગ સમારી રે. ૩
ડગલે-ડગલે ફૂલ બિછાવે, કરે ઘણી મનુહારી રે. ૪
જે પદકમલ કોઈ નવ પામે, તે પામ્યાં વ્રજનારી રે. ૫
'કુમુદિની' પ્રીત પરસ્પર એહુની, નિરખી તનમન વારી રે. ૬

卐

( ૧૨૧ )

[ રાગ-વલ્લભગુણ ગાવા રે. ગાવા ]

સાહેલી ! ક્યારે મદનમોહન મળશે ?
મનોરથ મારા ક્યારે પૂરણ કરશે ?—સાહેલી૦ ૧

શનિવારે શ્યામ ગયા મેલી,
કરશું ક્યારે કુંજભવન કેલી ?
સિંચન વિના શુષ્ક થઈ વેલી—સાહેલી૦ ૨

રવિવારે રોષ તજોને રસિયા !
ધનુષ ભ્રોંહ નયનબાણ કસિયાં,
ચતુરવર ચિત્તડામાં વસિયા—સાહેલી૦ ૩

સોમે રે સખી ! સૂની આ સેજલડી,
વ્હાલમ વિના જુગ સમ જાય ઘડી,
વારી રે વારી જોતી હું વાટલડી—સાહેલી૦ ૪

મંગલ મુખ મહા મંગલકારી,
જોતાં રે સખી ! આંખ ઠરે મારી,
છબિલી એની છબિ કામણગારી—સાહેલી૦ ૫

બુધે રે સખી ! સુધ-બુધ હું વીસરી,
મોહન મળવા મંદિરથી નિસરી,
વિરહવ્યથા રોમ રોમ પ્રસરી—સાહેલી૦ ૬

ગુરુવારે ગુણ પ્રીતમના ગાતી,
ફાટે રે મારી આતુર આ છાતી,
પહોંચાડો કોઈ પ્રેમભરી પાતી—સાહેલી૦ ૭

શુકરવારે સુંદરવર મળિયા,
ત્રિવિધ તાપ તે જ ક્ષણે ટળિયા,
સંયોગ-સુખ-સાગરમાં ભળિયાં—સાહેલી૦ ૮

ચરણરજ મસ્તક પર ધારું,
જીવનસુખ એ સર્વસ્વ મારું,
વસ્યું રે મન નામ મોહન પ્યારું—સાહેલી૦ ૯

卐

( ૧૨૨ )

[ રાગ-મને તો શ્રીજી નાથ લાગે પ્યારો ]

મને તો મારો મદનમોહન લાગે પ્યારો,
હાં રે મુજ અબળાનો એક સહારો—મને તો મારો૦ ૧
કેસરી ધોતી કટિ પર સોહે, તો ઉપરણો અતિ સારો,
ઢળકતી પાગ તિલક અલકાવલી,
નયણે કાજળવાળો—મને તો મારો૦ ૨

હાર હમેલ શ્રીકંઠ બિરાજે, તો અદ્‌ભુત છેલ છોગાળો,
મુરલીમાં મન વશ કરી લીધું,
ક પ ટી કા મ ણ ગા રો—મને તો મારો૦ ૩

પ્રીત કરી પ્રભુ શિદને વિસારો ? છે શું અપરાધ અમારો ?
ભલી બુરી પણ દાસી તમારી,
તનડાનો તાપ નિવારો—મને તો મારો૦ ૪

卐

( ૧૨૩ )

[ રાગ—જસોદા મૈયા ! કૃષ્ણ કનૈયા ! ]

ઓધવજી ! એટલડું કે'જો, ગોકુલ આવોને, કનૈયા૦

બાલપણાનો સ્નેહ સંભારી,
રાસરમણની વાત વિચારી,
કુંજ–નિકુંજે હો ગિરધારી ! બંસી બજાવોને કનૈયા૦ ૧

ગોકુલની ગોવાલણ છોડી,
કૂબજા–શું પ્રીતલડી જોડી,
દુઃખ–દરિયામાં શિદને બોળી ? એ સમજાવોને કનૈયા૦ ૨

'રસિક' પ્રીતમ હવે વાર ન કરશો,
વિનતી અમારી ચિત્તમાં ધરશો,
કરુણાસાગર દુઃખડાં હરશો, પ્રીત નિભાવોને કનૈયા૦ ૩

卐

## ( ૧૨૪ )

[ રાગ—તમે એકવાર મારવાડ જાજો રે, મારવાડી ]

તમે એકવાર ગોકુલ આવજો રે, હો ગિરધારી !
વ્રજનારીને શીદ વિસરાવો રે, હો ગિરધારી ! ૧

ગોકુલમાં આવજો, બંસરી બજાવજો,
હાં રે વૃંદાવનમાં તો રાસ રચાવો રે, હો ગિરધારી ! ૨

વ્હેલા-વ્હેલા આવજો, ગોપીને રિઝાવજો,
હાં રે મારા તનડાના તાપ બુઝાવો રે, હો ગિરધારી ! ૩

卐

## ( ૧૨૫ )

[ રાગ—મીઠી લાગે છે, મને કૃષ્ણ ! તારી બંસરી ]

મારા શ્યામને સંદેશો આપજો,
વારી વારી કહેજો પ્રણામ રે, અલબેલા ! વ્હેલા પધારજો. ૧

તારા વિયોગમાં શ્યામા સુકાણી,
માળા જપે છે તુજ નામ રે, અલબેલા ! ૨

ભોજન ન ભાવે ને નિદ્રા ન આવે,
સૂઝે નહીં ઘરકામ રે, અલબેલા ! ૩

'રસિક' પ્રીતમ હું તો દાસી તમારી,
પૂરો મારા મનડાની હામ રે, અલબેલા ! ૪

卐

( ૧૨૬ )

[ રાગ–રીસાણાં રસિક સંગાથે શ્રી રાધા ]

સાહેલી ! મોહન કોઇ મિલાવો,
હાં હાં રે મારા તનડાના તાપ બુઝાવો—સાહેલી૦ ૧
સખી રે, એની મીઠી મધુરી છે વાણી,
હાં હાં રે એના નેત્રકટાક્ષે લોભાણી—સાહેલી૦ ૨
સખી રે, વ્હાલે મુરલીમાં મંત્ર શું કીધું ?
હાં હાં રે મારૂં ચિત્ત–વિત્ત ચોરીને લીધું—સાહેલી૦ ૩
સખી રે, વ્હાલે પાગ ધરી શિર વાંકી,
દેખાડો કોઈ મદનમનોહર – ઝાંખી—સાહેલી૦ ૪
સખી રે, એ તો રસિક શિરોમણિ રસિયા,
હાં હાં રે મારા હૃદયકમલ માંહે વસિયા—સાહેલી૦ ૫

卐

( ૧૨૭ )

[ રાગ–મુરલી વાગી મુરલીધરની ]

સખી ! વૃંદાવનની કુંજનમાં કોઇ સુંદર શ્યામ મિલાવોને.
હું તો વ્યાકુલ થઈ ફરતી વનમાં,
નથી નીર સૂકાતાં નેનનમાં,
મારા તનના તાપ બુઝાવોને—કોઈ૦ ૧
સખી ! પનઘટમાં પ્રીતમ જોયા,
રસિયાને રંગે મન મોહ્યાં,
વ્હાલા ! મોરલી મધુર બજાવોને—કોઈ૦ ૨

卐

( ૧૨૮ )

[ રાગ-ભૈરવી ]

સુખિયાં કદી ન હોય, પ્રેમીજન સુખિયાં કદી ન હોય.
ક્ષણમાં તરસે ક્ષણમાં હરષે,
ક્ષણ વિસ્મય થઇ જોય — પ્રેમીજન૦ ૧
ક્ષણમાં ભરે નિસાસા ઊંડા,
જઈ એકાંતે રોય;
પોતાના પ્રીતમને મળવા,
'કુમુદિની' સરવસ્વ ખોય—પ્રેમીજન૦ ૨

卐

( ૧૨૯ )

[ રાગ-મેરે શ્રીનાથજી પ્યારે ]

પધારો પ્રેમથી પ્યારા ! મનોહર મોરલીવાળા !
તમારી આંખ અણીયાળી, કટીલી મદભરી ભારી'
થઇ વશ જો સહુ નારી, મનોહર મોરલીવાળા ! ૧
કુટિલ અલકાવલી ફંદે, ધરી આ કામળી સ્કંધે,
હર્યું મન મુસકની મંદે, મનોહર મોરલીવાળા ! ૨
જશો ના નાથ ! છોડીને, સુધારસમાં ઝબોળીને,
કહું છું હાથ જોડીને, મનોહર મોરલીવાળા ! ૩
'કુમુદિની' ચંદ હો રસિયા ! સદા આ નેનમાં વસિયા,
કટાક્ષો ફેંકતાં હસિયા, મનોહર મોરલીવાળા ! ૪

卐

( ૧૩૦ )

[ રાગ–આવ્યા છે ગોકુલ તારવા, છબીલો લાલ ]

છૈયા ! વાંકલડું નિહાળમાં, હો નંદજીના છૈયા ! વાંકલડું નિહાળમાં

તીક્ષણ કટાક્ષ તારા મદન ભરેલા,
ઘાયલ કરીને હવે માર મા—નંદજીના૦ ૧

પાછળ રહી છે મારી સંગની સાહેલી,
આવી જશે રે ઘડી વારમાં—નંદજીના૦ ૨

'કુમુદિની' કિશોર મારો પાલવ ગ્રહીને,
ઝટકો લગાવ્યો ઉર હારમાં—નંદજીના૦ ૩

卐

( ૧૩૧ )

[ રાગ–વ્રજવાસી, હો વ્રજવાસી, વાંસલડી વાળા ]

વ્રજનારી ! હો વ્રજનારી ! ઘૂંઘટડાવાળી વ્રજનારી.

નિત્ય પ્રતિ આ મારગડે ચાલો,
આજે અનુપ છબી છે તારી—ઘૂંઘટડાવાળી૦ ૧

ભાલે છે ટીલડી ને આંખ આંજેલી,
શોભે કસુંબલ-શી સાડી ?—ઘૂંઘટડાવાળી૦ ૨

'કુમુદિની' કિશોર તારું મુખડું નિહાળી,
મનમાં મુદિત થયા છે ભારી—ઘૂંઘટડાવાળી૦ ૩

卐

## ( ૧૩૨ )

[ રાગ–હું તો ઢાલે રમું ને હરિ સાંભરે રે ]

હરિ ! ઊભા રહો ને જાવા નહીં દઉં રે,
હું તો વારી વારી લાગું છું પાય—હરિ૦ ૧
હું તો ભોજન કરાવું ઘણાં ભાવતાં રે,
ભરી લાવું શ્રી જમનાનાં નીર—હરિ૦ ૨
આપું આપું સુગંધી પાન બીડલાં રે,
પહેરાવીશ ફૂલડાંના હાર—હરિ૦ ૩
હરિ ! ચોપડ બિછાવું રંગ મહેલમાં રે,
ઘણાં છાંટચાં અત્તર ને ફૂલેલ—હરિ૦ ૪
હું તો કર જોડીને કરું વિનતી રે,
રહો રહો 'કુમુદિની' કિશોર—હરિ૦ ૫

卐

## (૧૩૩)

[ રાગ–વાગે છે રૂડી વેણુ, કા'નાના વનમાંહી ]

બોલે છે રૂડાં પક્ષી, કાલિંદી કુંજમાંહી.
ચરકલી ને મેના, વળી કીર ને પારેવાં,
પિયુ પિયુ પપૈયા કરતાં, કાલિંદી કુંજમાંહી. ૧
બહુ હંસ કેરાં ટોળાં, સારસ અને ચકોરાં,
ઘણું મોર નૃત્ય કરતા, કાલિંદી કુંજમાંહી. ૨
'કુમુદિની' કિશોર સંગે, ભરિયાં ઘણાં ઉમંગે,
તે કુંજ કુંજ ફરતાં, કાલિંદી કુંજમાંહી. ૩

* *

( ૧૩૪ )

[ જોડિયું ]

જલ ભરવા જાઉં ને હરિ ત્યાં મળે રે,
મારાં બેડલિયાં પડી પડી જાય—જલ૦ ૧
હું તો બાગે જાઉં ને હરિ ત્યાં મળે રે,
મારાં ફૂલડિયાં પડી પડી જાય—જલ૦ ૨
હું તો મહેલે જાઉં ને હરિ ત્યાં મળે રે,
મારાં ઝાંઝરિયાં પડી પડી જાય—જલ૦ ૩
હું તો સેજે ચડું ને હરિ ત્યાં મળે રે,
મારાં ઓઢણિયાં સરી સરી જાય—જલ૦ ૪

卐

( ૧૩૫ )

[ રાગ–ચતુરા ચાલી રે, જલ ભરવા ]

ગોરી ગોરી બૈયાં ને ચૂડો લાલ છે રે,
ચૂડો લાલ છે રે, ચૂડો લાલ છે રે—ગોરી૦ ૧
માથે મોતી માંગ સમારી, શોભે ઝીણી રેશમ સાડી,
મોહી રહ્યો તે રસિયો મદનગોપાલ છે રે—ગોરી૦ ૨
કાજળ ભરિયાં નેન છબીલી, ભૃકુટી સોહે અતિ ગરવીલી,
જાણે તે તો મદન–રતિના ખ્યાલ છે રે—ગોરી૦ ૩
ઘૂંઘટપટ બેઉ દર્શન દબાવી, ઉર્વશી–રંભા બેઉ લજાવી,
'કુમુદિની' ગજ હંસ મનોહર ચાલ છે રે—ગોરી૦ ૪

卐

( ૧૩૬ )

[ જોડિયું ]

ગોરી ધીરે ચાલોને, કાંકર વાગશે રે,
કાંકર વાગશે રે, કાંકર વાગશે રે—ગોરી૦ ૧
કોમલ ચરણ સરોજ તમારાં, તે દુર્લભ મુનિજનને પ્યારાં,
તીખાં અંકુર પરસી વ્યથા બહુ જાગશે રે—ગોરી૦ ૨
કુમકુમ રંગ પડે પગલાં, કહો તો કરૂં કુસુમના ઢગલા,
તમ ચાલે માતંગ તણા મદ ભાંગશે રે—ગોરી૦ ૩
કુંજ કુટીર કરું તૈયારિ, 'કુમુદિની' વેગે ચાલો પ્યારી !
અંગ–સંગથી મન મારું અનુરાગશે રે—ગોરી૦ ૪

卐

( ૧૩૭ )

[ રાગ–રૂડા દીસો છો રાજેશ્વર ! મંદિર આવતા રે ]

સજની ! રીસાણા રસભીના, મારા પ્યારા શ્રીમોહનલાલ.
વાત કરી મુજને એક ભારી, તે મેં તો એકે નવ પાળી,
દીધી હવે વિસારી, મારા પ્રાણ તણા આધાર—સજની૦ ૧
ભજન કરે પરોક્ષે મારું. એહનાં સુખ હું કેમ વિસારું ?
હસતું વદન નિહાળું સજની ! હું તો થાઉં નિહાલ—સજની૦ ૨
ક્ષમા કરો અપરાધ અમારો, દાસ તણી શું ચૂક વિસારે ?
લાગી છાપ તમારી મારૂં સરવસ્વ પરમ દયાલ—સજની૦ ૩
'કુમુદિની' અરજ કરે કર જોડી, પહેલી પ્રીત ન દીજે તોડી,
સુધ આવે સુખ મુજને, હસતાં ચુંબન દેતાં ગાલ—સજની૦ ૪

卐

( ૧૩૮ )

[ રાગ–મારા વ્હાલાના વનમાંહ્ય, વાગે રૂડી વાંસલડી ]

ઘેર આવો રંગીલા લાલ ! ભોજન કરવાને.
લાડુ જલેબી સિદ્ધ કરી રાખ્યા ખીર કરી બહુ મીઠી રે,
સેવ સલૂણી પૂરી કીધી, બહુ ઘૃત પાગી લીટી—ભોજન૦ ૧
ચંદ્રકલા ને સૂતરફેણી, બુંદી રસિક કટોરી રે,
ગગનગાંઠિયા ખાજાં ઘેવર સુંદર શાક કચોરી—ભોજન૦ ૨
હીંગ મિરચ ને લૂણ મિલાવી સુંદર છાશ વઘારી રે,
સકરપારા વડી–વડાંની સાજી રાખી થાળી—ભોજન૦ ૩
કોમલ ભાતને દાળ ચણાની મગમાં મિરચ મિલાવી રે,
છોટી મોટી ઘઉંની રોટી બહુ ઘૃત સહિત બનાવી–ભોજન૦ ૪
કઢી પકોડી પાપડ તળિયા, સદ માખણ ઘી તાવ્યા રે,
દહીં ભાત શિખરણ સંધાણાં, વિધવિધ શાક બનાવ્યાં–ભોજન૦ ૫
કનકમણિને જડિત પાટલો ઓરડિયામાં ઢાળ્યો રે,
લીલા પલ્લવનો પનવારો મારે હાથ સમાર્યો–ભોજન૦ ૬
કનક તણી ઝારી જલ જમુનાજીનાં શીતલ ભરિયાં રે,
બીડી પાન લવિંગ એલચી થાળ ભરીને ધરિયાં–ભોજન૦ ૭
ચોપડ પાસા વિવિધ ખિલોના સાજ્યાં મંદિર માંહ્ય રે,
ગેંદ ધરી ચોગાન સહિત પ્રભુ ! રમતાં આનંદ થાય–ભોજન૦ ૮
કુંદ જાતિને વિવિધ કુસુમની ગૂંથી રાખી માળા રે,
કંઠ ધરી દર્પણમાં જોજો, રમજો નવલા ખ્યાલા–ભોજન૦ ૯

સ્વર સંગીત વિવિધ વાજિંત્રો સહિત સહુ મળી ગાશે રે,
તમ દર્શન કરતાં વ્રજતરૂણી મનમાં આનંદ થાશે–ભોજન૦ ૧૦
મંગલ દ્વાર કરી પ્રીતમજી ! શયનસદન પધરાવું રે,
અંક ભરી રમશું રસરંગે તનના તાપ સમાવું–ભોજન૦ ૧૧
'કુમુદિની' ચંદ કરો વનક્રીડા, જલ-સ્થલ, કુંજ-નિકુંજ રે,
સર્વસ્વ યુગલ મનોહર મારા મદનમોહન ! રસપુંજ !–ભોજન૦ ૧૨

卐

( ૧૩૯ )

[ રાગ–ચાંદલિયો ઊગ્યો રે, સખી ! મારા ચોકમાં ]

આ મોરલિયા નાચે રે, સખી ! મારા ચોકમાં,
આ કોયલડીનાં મધુરાં કૂજન થાય જો.... ૧
આ હરિયાળી શોભે રે સખી ! મારા બાગમાં,
આ ફૂલડિયાની ફરતી વરષા થાય જો.... ૨
આ સૌરભની લપટું રે સખી ! મારા મ્હેલમાં,
આ આજે મારી ફરકે ડાબી આંખ જો.... ૩
આ મનડું હરખ્યું મોહનલાલ પધારશે,
આ મુખડું જોતાં હૈડાં ટાઢાં થાય જો.... ૪
આ 'કુમુદિની'ના પૂર્ણ મનોરથ મંનના,
આ પ્રીત ઘણેરી હૈયામાં ઊભરાય જો.... ૫

卐

( ૧૪૦ )

[ રાગ–હો શ્યામ રે ! મેરી બૈયાં ગહો ના ]

શ્યામ રંગીલી મારી ચૂંદડી રંગાવો,
 ચૂંદડી રંગાવો, મારી ચૂંદડી રંગાવો—શ્યામ૦ ૧
 ગોરું ગોરું મુખડું, લોચન અણિયાળાં,
 રતન જડિત મારી ટીલડી ઘડાવો—શ્યામ૦ ૨
 બાંહે બાજુબંધ બેરખા બિરાજે,
 શ્યામ ગુલાબી મને બંગડી પે'રાવો—શ્યામ૦ ૩
 પ્રેમરસ રંગથી ઉમંગ ભરી રાધિકા,
 'કુમુદિની' કિશોર મને ઉરથી લગાવો—શ્યામ૦ ૪

( ૧૪૧ )

[ જોડિયું ]

શ્યામ સ્નેહી તારો ક્યાં રહે છે પ્યારી !
ક્યાં રહે છે પ્યારી ! કે'ને તું કેમ હો ન્યારી—શ્યામ૦ ૧
વિરહથી તપેલું અંગ, શી દશા છે તારી ?
દીસતી રૂખાઇ તારા વદનની અપારી—શ્યામ૦ ૨
પ્રથમથી વિનોદ કરી, રીઝવ્યા બિહારી,
ક્યાં વસે છે નાથ તારો, તુજને વિસારી—શ્યામ૦ ૩
નેન સેન બાણ એનાં ઘણાં દુ:ખકારી,
'કુમુદિની' કિશોર વશ કીધી વ્રજનારી—શ્યામ૦ ૪

卐

( ૧૪૨ )

[ જોડિયું ]

શ્યામ સ્નેહી તને કુંજમાં બોલાવે,
કુંજમાં બોલાવે, પ્યારી ! કુંજમાં બોલાવે—શ્યામ૦ ૧

પ્હેરને શૃંગાર હાર, માન તો નિવાર પ્યારી !
દૂતિકાના સાથમાં સંદેશ મોકલાવે—શ્યામ૦ ૨

તુજ વિના કમલનેન, વ્યાકુલ વગાડે વેણુ,
'કુમુદિની' કિશોર પ્યારી ! નેન ભરી લાવે—શ્યામ૦ ૩

卐

( ૧૪૩ )

[ જોડિયું ]

આ આજે સાહેલી ! હું તો ફૂલડાં વીણવા ગઇ'તી જો,
આ મારગડે મળિયા રે, મોહનલાલજી—૧

આ પાલવ પકડી પૂછે ઘરની વાત જો,
આ કર પરસીને વારે વાંકી આંખડી—૨

આ ફૂલડાં વીણી આપે મારે હાથ જો,
આ સેન દઇને છૂટી કરતાં પાંખડી—૩

આ કુંજ-નિકુંજે ભમતા ડોલે નાથ જો,
આ એકલડી દેખીને મારે કાંકરી—૪

આ ડગ ભરિયે તો મુજ પછવાડે ચાલે જો,
આ નજરું નાખે, વળી વળીને વાંકડી—૫
આ છેલછબીલો 'કુમુદિની'નો ચંદ્ર જો,
આ ભેદ ભરીને કરતા રસની વાતડી—૬

卐

( ૧૪૪ )

[ રાગ–રાજ ! સમી સાંજના પધારજો રે ]

નાથ ! સમી સાંજના પધારજો રે, સામી નિકુંજ મારી ફૂલની.
તનડાના તાપને સમાવજો રે, સામી નિકુંજ મારી ફૂલની,
જે જે કહેશો તે અમે કરશું તૈયારી,
વિવિધ કુસુમદલ સેજડી સમારી,
હાં રે તમે રીઝીને મુજને રિઝાવજોરે—સામી નિકુંજ૦ ૧
પ્રીતથી પિયુજી ! તમે મારે ઘેર આવો,
ઝીણા ઝીણા સાદ પાડી મુજને બોલાવો
હાં રે રંગે રમજો ને મુજને રમાડજો રે—સામી નિકુંજ૦ ૨
'કુમુદિની' કિશોર ! તમે પ્રાણથી છો પ્યારા,
મુજને છોડીને નાથ ! થાઓ નહીં ન્યારા,
હાં રે સદા સુખડાની સ્હેલમાં નિભાવજો રે—સામી નિકુંજ૦ ૩

卐

( ૧૪૫ )

[ જોડિયું ]

ફૂલહાર પ્હેરજો, પ્હેરાવજો રે, રસની નિકુંજમાંહ્ય ખેલિયે.
હૃદયે દઢ પ્રીતને નિભાવજો રે, રશની નિકુંજમાંહ્ય ખેલિયે.

હર્ષ તણાં ફૂલ લઈ પિયુને વધાવિયે,
ડગલાં ભરે એ ત્યાં જઈને બિછાવિયે,
પ્રીતિ પર્યંકમાં રમાડજો રે—રસની નિકુંજ૦ ૧

ભરિયાં અનુરાગ રસે કુંકુ કચોરડાં,
ઝૂલી રહ્યાં છે નેનભાવે હિંચોરડાં,
તેમાં પિયુ ! ઝૂલજો, ઝુલાવજો રે—રસની નિકુંજ૦ ૨

કહે 'કુમુદિની' તમે પ્રાણથી છો પ્યારા,
મુજને છોડીને નાથ ! થાઓ નહીં ન્યારા,
તનડાના તાપને બુઝાવજો રે—રસની નિકુંજ૦ ૩

卐

( ૧૪૬ )

[ રાગ—આવ રે મેહુલા આવ, મેહુલા અષાઢના રે ]

આવો પધારોને રાજ, કનૈયા ! ગોકુલના રે.

તમારે કાજ મેં તો કીધી તૈયારી,
જોઈ રહી છું હું વાટ કનૈયા ! ગોકુલના રે. ૧

ખાંધે છે કામળી ને કરમાં લકુટિયા,
મીઠી-મીઠી વેણુ વાય, કનૈયા ! ગોકુલના રે. ૨

જમુનાને તીરે આવો પાવાને ગાવડી,
ત્યાં તો ઘણા રંગ થાય, કનૈયા ! ગોકુલના રે. ૩
કહે છે 'કુમુદિની' કિશોરને નિહાળતાં,
મનડાં ઘણાં હરખાય, કનૈયા ! ગોકુલના રે. ૪

卐

( ૧૪૭ )

[રાગ–મારું મન લલચાય રે, શ્રીમહારાણીજી નિરખવા]

મારું મન લલચાય રે, શ્રીમદનમોહનજી નિરખવા,
મોર મુકુટ મકરાકૃત કુંડલ, મુરલી મધુર બજાય રે–શ્રીમદન૦૧
જુગલ કિશોર હિંડોળે ઝૂલે, શોભા વરણી ન જાય,
'રસિકપ્રિયા' માગે કર જોડી, એ સુખ હૃદય સમાય રે–શ્રીમદન૦૨

卐

(૧૪૮)

[ રાગ–મીઠી લાગે છે મને કૃષ્ણ ! તારી બંસરી ]

મારા તે બાગમાં ગુલાબના છોડ છે,
મ્હેકે છે મોગરો અપાર રે, રમવા આવો સાહેલી ! ૧
મારા તે બાગમાં નાચે મોરલિયા,
કોયલડી કરે ટહૂકાર રે—રમવા૦ ૨
મારા તે બાગમાં ભરિયાં સરોવર,
ફૂલ્યાં છે ફૂલ ઘણી ભાંત રે—રમવા૦ ૩

મારા તે બાગમાં ગજરા ગુંથાવશું,
દેશું પ્રીતમજીને હાથ રે—રમવા૦ ૪
મારા તે બાગમાં હિંચકા બંધાવશું,
વેણી ભરાવું સખી સાથ રે—રમવા૦ ૫
મારા તે બાગમાં વ્હેલા-વ્હેલા આવજો,
ગરબે રમવાને બ્હેની ! આજ રે—રમવા૦ ૬
મારા તે બાગમાં કરશું ગોઠલડી,
જમશું સુંદરવર સાથ રે—રમવા૦ ૭
મારા તે બાગમાં મળશે મોહનજી,
'રસિક' પ્રીતમ વ્રજનાથ રે—રમવા૦ ૮

卐

( ૧૪૯ )

[ જોડિયું ]

મારે મંદિર કા'ન રમવા પધારજો,
ફૂલડાં વેરાવું સારી વાટ રે,
અલબેલા ! વ્હેલા પધારજો—૧
દ્વારે દ્વારે હું તો તોરણ બંધાવું,
બંધાવું હિંડોળાખાટ રે—અલબેલા ! ૨
પ્રીતે પ્રભુજી ! હું તો તમને પધરાવું,
તેડાવું સહિયરનો સાથ રે—અલબેલા ! ૩
'રસિક' પ્રીતમ હું તો વારી વારી વિનવું,
ફૂલડે વધાવું મારા નાથ રે—અલબેલા ! ૪

卐卐

(૧૫૦)

[રાગ-હાં રે મારી વેવાણ નાચે ને ફરે કુદડી]

હાં રે સખી ! ચાલો તો જઇએ ફુલ બાગમાં,
હાં રે કાંઈ રમવાને રાસ વિલાસ—સખી૦ ૧

હાં રે ત્યાં તો ફૂલ્યાં છે ફૂલ બહુ ભાતનાં,
હાં રે કાંઈ મોગરાની મધુરી સુવાસ—સખી૦ ૨

હાં રે ત્યાં તો નાચે છે મોર મંનભાવતા,
હાં રે કોયલ બોલે ને કરે કિલકાર—સખી૦ ૩

હાં રે જોને વિજળી ચમકે ને ગગન ગાજતું,
હાં રે મેહ વરસે ને ઘટા ઘન ઘોર—સખી૦ ૪

હાં રે ઝૂલો બાંધ્યો કદમકેરી ડાળમાં,
હાં રે ઝૂલે રાધાને 'રસિક' કિશોર—સખી૦ ૫

卐

(૧૫૧)

[રાગ-મારે આંગણિયે આજ સોનાનો સૂરજ ઊગિયો]

મારે મંદિરિયે આજ, મારે મંદિરિયે આજ,
દીસે ઘણાં અંજવાળિયાં રે લોલ.... ૧

ધન્ય ઘડી દિન આજ, ધન્ય ઘડી દિન આજ,
મદનમોહનજી પધારશે રે લોલ.... ૨

શ્યામ-શ્યામાની જોડ, શ્યામ-શ્યામાની જોડ,
એવી રસીલી જોડી શોભતી રે લોલ.... ૩
ચાલો સરવે સમાજ, ચાલો સરવે સમાજ,
હરખે પ્રીતમ પધરાવિયે રે લોલ.... ૪
લઈ ગુલાબના છોડ, લઈ ગુલાબના છોડ,
વ્હાલાને પ્રેમથી વધાવિયે રે લોલ.... ૫
ઘણાં કરિયે સન્માન, ઘણાં કરિયે સન્માન,
ફૂલડાંની સેજડી બિછાવિયે રે લોલ.... ૬
પોઢે જુગલ કિશોર, પોઢે જુગલ કિશોર,
'રસિકપ્રિયા' જાય વારણે રે લોલ.... ૭

卐

( ૧૫૨ )

[ રાગ—રાજ ! સમીસાંજના પધારજો રે ]

ઝૂલે ઝુલવાને શ્યામ ! આવજો રે, સામે બગીચો મારો ફૂલનો.

આંબાની ડાળે મેં તો હિંચકો બંધાવ્યો,
રેશમની દોરી વળી ફુલડે ગુંથાવ્યો,
રાધિકાને સાથે તેડી લાવજો રે—સામે બગીચો૦ ૧

મોગરો ગુલાબ વીણી માલા બનાવું,
રાધિકાને શિષ રૂડી વેણી ભરાવું,
મધુરી-શી મોરલી બજાવજો રે—સામે બગીચો૦ ૨

મારા બગીચામાં ચંપો ચમેલી,
બોલસરી કેતકી ને માલતી નવેલી,
પ્રીતે પ્રભુજી પધારજો રે—સામે બગીચો૦ ૩

'રસિક' પ્રીતમ હું તો જાઉં વારી-વારી,
આવો અલબેલા ! વાટ જોશું તમારી,
તનડાના તાપને બુઝાવજો રે—સામે બગીચો૦ ૪

卐

(૧૫૩)

[ રાગ–ચાંદલિયા ! ચાલીશમાં અતિ રે ઉતાવળો ]

આ મેહુલિયો વરસે રે સખી ! મારા ચોકમાં,
આ કોયલડીના મધુરાં કૂજન થાય જો.... ૧
આ વીજળી ચમકે શ્યામ ઘટા છાઈ રહી
આ ઘન ગરજે ને મન મારું મુંઝાય જો.... ૨
આ દાદૂર મોર બપૈયા શોર મચાવતા,
આ કેમ કરી જાશે વિરહ-દશામાં રાત જો.... ૩
આ જે સુંદરીને પાસ હશે શ્રીનાથજી,
આ તે સુંદરીના ભાગ્યતણો નહીં પાર જો.... ૪
આ એવામાં અલબેલા નિરખ્યા આવતાં,
આ સંગ સખી ને કામળ ઓઢી શિષ જો.... ૫
આ મોહનવર પધરાવ્યા મંદિર પ્રીત-શું,
આ કુંજ–નિકુંજે રમિયા રાસ વિલાસ જો.... ૬

卐

( ૧૫૪ )

[રાગ–કાળી કાળી વાદળીમાં વીજળી ઝબૂકે]

આંબાની ડાળે રૂડી કોયલડી બોલે,
નાચે મધુરા મોર, ક્યારે મળે નંદનો કિશોર. ૧
વરસે મેહુલિયો ને ચમકે છે વીજળી,
ગરજે વાદળ ઘનઘોર—ક્યારે મળે૦ ૨
યમુનાનાં નીર ઘણાં નિર્મલ શોભે,
ચંદ્રકિરણ ઝકઝોર—ક્યારે મળે૦ ૩
'રસિક' પ્રીતમ પ્રભુ કુંજમાં છુપાયા,
વિરહે આ ચિત્તડું ચકોર—ક્યારે મળે૦ ૪

卐

( ૧૫૫ )

[ રાગ–જોને સખી શાણી ! જો પેલો નંદકુમાર ]

ચાલ પ્યારી રાધે ! બોલાવે નંદકુમાર.
તારે કારણ ફુલ સેજ બિછાવે,
કરે ઘણા મન ખ્યાલ—ચાલ૦ ૧
ચંપો ચમેલી કલિ વીણી-વીણી લાવે,
ગૂંથે છે મોગરાની માળ—ચાલ૦ ૨
અજવાળી રાતલડી ને ચાંદલિયો ચમકે,
વેગે ચાલો તત્કાલ—ચાલ૦ ૩
'રસિક' પ્રીતમ તારૂં રૂપ નિહાળી,
મોહ્યા છે મદનગોપાલ—ચાલ૦ ૪

卐

( ૧૫૬ )

[ રાગ–ભેટે ઝૂલે છે તલવાર, વીરાજી કેરી૦ ]

મોહન મિલાવો આ વાર, સાહેલી ! કોઇ મોહન મિલાવો.
મનડું હરીને વ્હાલા ક્યાં રે સંતાયા ?
ભમતી ફરૂં દ્વારો દ્વાર—સાહેલી કોઈ૦ ૧
મોર મુકુટ ને કાને છે કુંડલ,
રૂપ તણો છે ભંડાર—સાહેલી કોઈ૦ ૨
'રસિકપ્રિયા' એમ વારી વારી વિનવે,
આપું અમુલખ હાર—સાહેલી કોઈ૦ ૩

卐

( ૧૫૭ )

[ રાગ–કુમકુમના થાળ ભરી ચાલી મંદિરિયે ]

કંચનના થાળ ભરી ચાલી મંદિરિયે,
નંદનો કુમાર મને ક્યારે મળે, હું માંગુ એટલું.... ૧
યમુનાના ઘાટમાં ને ગોકુળની વાટમાં,
મુરલી વગાડી મારાં મનડાં હરે, હું માગું એટલું.... ૨
નિત્ય પ્રતિ નાથ ! મારે મંદિરે પધારે,
માખણ ને મિસરીની ચોરી કરે, હું માગું એટલું.... ૩
'રસિક' પ્રીતમને હું પારણે ઝુલાવું સદા,
એહુને નિરખીને મનડું ઠરે, હું માગું એટલું.... ૪

卐

( ૧૫૮ )

[ જોડિયું ]

ફૂલડાના હાર લઈ ચાલી મંદિરિયે,
યમુનાજી પૂજવાને સરવે સાહેલી, ચાલ્યાં સહુ મળી. ૧

કંચનની થાળી લઇને પૂજાનો સાજ,
સોળે શુંગાર બેની ! અંગે ધરીને—ચાલ્યાં૦ ૨

પ્રીતમના ગુણ ગાય, શોભા વરણી ન જાય,
નવલા મનોરથ મનમાં કરીને—ચાલ્યાં૦ ૩

પહેરાવ્યા ફૂલહાર, ભોગ ધરાવ્યા થાળ,
કૃષ્ણ મળે કંથ એવી વિનતી કરીને—ચાલ્યાં૦ ૪

卐

( ૧૫૯ )

[ જોડિયું ]

શ્રીવલ્લભને શરણે જઇ રહીએ આનંદમાં,
સેવું સદાય હું તીવ્ર જના ધણી, હું માગું એટલું.... ૧

વૈષ્ણવનો સંગ થાય, તનમનના દોષ જાય,
મિથ્યા પ્રપંચ મારા જાયે ટળી, હું માગું૦ ૨

ગોવિંદના ગુણ ગાઉં, બીજે કદી ન જાઉં,
ગોકુલમાં વાસ મને આપો હરિ ! હું માગું૦ ૩

પૂજું યમુનાજી માય, પ્રેમેથી લાગું પાય,
આશ્રય દઢ થાય એવી આશા ધરી, હું માગું ૪
તજાવો અભિમાન, આપો વિરહદાન,
દાસ કેરી દાસી પ્રભુ ! જાણો ખરી, હું માગું૦ ૫

卐

( ૧૬૦ )

[ રાગ–મહીડાનાં દાણુ અમે નહીં દૈયે રે લોલ ]

ચાલો સાહેલી ! ફૂલ–બાગમાં રે લોલ,
હાં રે કરીએ સાંઝીતણા ખેલ રે,
રંગે રમો રાણી રાધિકા રે લોલ. ૧
ફૂલ્યાં છે ફૂલ ઘણી ભાંતના રે લોલ,
મલ્લિકા ને માધુરી નિવાર રે—રંગે૦ ૨
માલતી ચમેલી હેમયૂથિકા રે લોલ,
હાં રે ફુલી રહ્યાં છે ગુલાબ રે—રંગે૦ ૩
ચંપો ને બોરસલી કેવડો રે લોલ,
હાં રે કાંઈ ખીલ્યાં છે હાર શૃંગાર રે—રંગે૦ ૪
જાઈ જૂઈ ને વળી કેતકી રે લોલ,
હાં રે કુંદ કુમુદકુસુમ ને મંદાર રે—રંગે૦ ૫
સરવે શૃંગાર સજો, ફુલના રે લોલ,
હાં રે તિયાં મળશે શ્રીમદનગોપાલ જો—રંગે૦ ૬
'કુમુદીની' કિશોરને સંગે લઈ રે લોલ,
હાં રે સહુ કરશું નિકુંજવિહાર રે—રંગે૦ ૭

( ૧૬૧ )

[ રાગ–કોઈ મોહન મિલાવો સખી ! મુજને રે ]

આજ પ્રીતમ પધાર્યા મારી કુંજમાં જો,
મને રંગે રમાડી અંગ–સંગમાં, હો બ્હેની ! આજ૦ ૧
મેં તો ફુલનાં બિછાનાં બિછાવિયાં જો,
મારા વ્હાલાજીને પ્રેમથી પધરાવિયા, હો બ્હેની ! આજ૦ ૨
ભાંતભાંતની સામગ્રી કરી પ્રીત-શું જો,
મને કોળિયો ભરાવે રસ રીત-શું, હો બ્હેની ! આજ૦ ૩
મેં તો 'કુમુદિની' કિશોર પ્રભુ રીઝવ્યા જો,
મારા પ્રેમના તરંગ થકી ભીંજવ્યા, હો બ્હેની ! આજ૦ ૪

卐

( ૧૬૨ )

[ રાગ–નિશ્ચેના મ્હેલમાં વસે છે મારો વ્હાલમો ]

ફૂલ્યો મન–બાગ અનુરાગ તણે ફૂલડે,
પ્રેમના સરોવરમાં ઝીલિયે, હો બ્હેની ! ૧
ઘેરી ઘેરી લતા ભુજા આલિંગન ભરિયે,
રસના હિંચોરડામાં ઝૂલિયે, હો બ્હેની ! ૨
પહેરો ઉરહાર મનુહાર કરી નાથને,
કામતણી કુંજમાંહ્ય ખેલિયે, હો બ્હેની ! ૩
સ્નેહ ને સુભાવ લ્હાવ લઇએ પ્રીતમ-શું,
'કુમુદિની' કિશોર રંગ રેલિયે, હો બ્હેની ! ૪

卐

( ૧૬૩ )

[ જોડિયું ]

પ્રેમના તરંગ-રંગ નેનમાં સમાવજો,
મીઠી મોરલડી વગાડજો જી રે. ૧
ગોપીના મધ્યમાં બિરાજે રાણી રાધિકા,
તેને ઉર આનંદ પમાડજો જી રે. ૨
કરજો મધુર ગાન તાન હો છબીલા !
તનડાના તાપને બુઝાવજો જી રે. ૩
'કુમુદિની' કિશોર ચિત્ત ચોરજો અમારાં,
વાંકલડે નેનથી નિહાળજો જી રે. ૪

卐

( ૧૬૪ )

[ રાગ—હું છું મહિયારણ રે, ગોકુળ ગામની ]

આવો, પધારો રે, ચંમેલી બાગમાં,
રમશું સાહેલડી રે ! ચંમેલી બાગમાં ૧
ફુલડે ભરીશું રે, તારો અંબોડલો,
ચંપો ને મોગરો ગુલાબ—સાહેલડી રે૦ ૨
બાંધ્યાં હિંચોરડા રે, ચંમેલી બાગમાં,
કરશું ઘણા ઝકઝોર—સાહેલડી રે૦ ૩
બોલે કોયલડી રે, ચંમેલી બાગમાં,
નાચે મધુરા મોર—સાહેલડી રે૦ ૪

ભરિયાં સરોવર રે, ચંમેલી બાગમાં
છૂટે ફુવારા હજાર—સાહેલડી રે૦ ૫

કરશું ગોઠલડી રે, ચંમેલી બાગમાં,
જમશું ખાજલિયા ને ખીર—સાહેલડી રે૦ ૬

ફૂલનાં બિછાનાં રે ચંમેલી બાગમાં,
છાંટયાં ચંદન તણાં નીર—સાહેલડી રે૦ ૭

ઊભાં 'કુમુદિની' રે, ચંમેલી બાગમાં,
સંગે શ્રીમદનગોપાલ—સાહેલડી રે૦ ૮

卐

( ૧૬૫ )

[ રાગ—હોરી આઇ રે, કા'ના ! વ્રજ કે બસિયા ]

કા'ના ! આવો તો માખણ દઉં જમવા.

માખણ આપું, મિસરી આપું, આપું પાન સોપારી,
લાડ લડાવું, રમત રમાડું, આવો ગિરિવરધારી—કા'ના૦ ૧

મીઠા મીઠા બોલ તમારા, મુજને લાગે પ્યારા,
રમવા આવો, બંસી બજાવો, સંગે લઇ ગોવાળા—કા'ના૦ ૨

'રસિક' બિહારી ! શરત મારી, વ્રજમાં વાસ વસાવો,
મદનમુરારી ! જાઉં બલિહારી, તનના તાપ બુઝાવો—કા'ના૦ ૩

卐

( ૧૬૬ )

[ રાગ–માજી તારો હિંડોળો ઝાકમઝોળ ]

બ્હેની ! મારો નંદકુંવર ચિત્તચોર,
સખી ! મારો નંદકુંવર ચિત્તચોર.
ફૂલડાં વીણવા વનમાં ગઇ'તી
નિરખ્યા નવલ કિશોર—બ્હેની ! મારો૦ ૧
મધુર હસી મુજ સામે જોયું,
મોહ્યું આ ચિત્તડું ચકોર—બ્હેની ! મારો૦ ૨
મધુર મધુર વ્હાલો બંસી બજાવે,
બોલે બપૈયા ને મોર—બ્હેની ! મારો૦ ૩
'રસિક' પ્રીતમ મારે હ્રદયે બિરાજજો,
માગું છું બેઉ કર જોડ—બ્હેની ! મારો૦ ૪

* *

( ૧૬૭ )

[ રાગ–મારા તે બાગમાં ડોલરિયો વાવ્યો ]

મારા તે બાગમાં હિંચકડો બાંધ્યો,
કૃષ્ણ કનૈયો નિત ઝૂલ્યા કરે. ૧
રાધિકાને સાથે લઇ રમવાને આવે,
મોરલીના સૂર નિત્ય વાગ્યા કરે. ૨
કોયલના ટહુકા થાય, બોલે બપૈયા,
મન હરતા મોર નિત્ય નાચ્યા કરે. ૩
ફૂલડાંની છાબ લઇ પિયુને વધાવતી,
'રસિકપ્રિયા' નિત્ય નિરખ્યા કરે. ૪

## (૧૬૮)

[રાગ—રાધા માથે ગોરસની ગોળી રે]

આજ ટોળે મળી છે વ્રજનારી રે,
જ્યાં બેઠાં જસોદા માડી, કુંવરને વારો રે. ૧
કા'ન ! મારે મંદિરે નિત્ય આવે રે,
મારાં સૂતાં બાલક રોવરાવે—કુંવરને૦ ૨
હું તો જમુનાજી ગઈ હતી પાણી રે,
મારી મારગમાં ચૂંદડી તાણી—કુંવરને૦ ૩
હું તો ગોરસ વેચવા માટે રે,
કાલ ગઇ'તી વૃંદાવન વાટે—કુંવરને૦ ૪
મારી પાછળથી મટુકી ફોડી રે,
વળી હૈયાનો હાર નાખ્યો તોડી—કુંવરને૦ ૫
અમે યમુનાજી ન્હાવાને જઇએ રે,
મારો વ્હાલો પધારે ત્યાંયે—કુંવરને૦ ૬
ચિર ચોરી કદંબ ચડી જાય રે,
એવાં દુઃખડાં તે કેમ સ્હેવાય—કુંવરને૦ ૭
ત્યારે બોલ્યાં જસોદા માડી રે,
શીદ જૂઠું બોલો છો વ્રજનારી, કુંવર મારો નાનો રે. ૮
ગોપી ટોળે મળીને નિત્ય આવો રે,
ચતુર થઇને શું આળ ચડાવો—કુંવર મારો૦ ૯
મોહન મંદિરની બ્હાર નથી જાતો રે,
રહી ઘરમાં માખણિયાં ખાતો—કુંવર મારો૦ ૧૦

લાલ રસની વાતલડી શું જાણે રે,
કેમ પાલવ તમારા તાણે—કુંવર મારો૦ ૧૧
એવું સુણતાં ને સુંદરી લજાણી,
એક બોલી અનુપમ વાણી, કુંવર નથી નાનો રે. ૧૨
ઘેર આવો તો નજરે દેખાડું રે,
ગુણ 'રસિક' પ્રીતમના વખાણું—કુંવર નથી૦ ૧૩

卐

( ૧૬૯ )

[ રાગ–કુંતા અભિમન્યુને બાંધે અમર રાખડી રે ]

માતા ! સાંભળજોને કા'નકુંવરની વાતડી રે,
અમ-શું રોજ કરે તકરાર, તમને કાંઈ ન થાય વિચાર–માતા૦
એવું સાંભળતાં કુંવરને પૂછે માવડી રે,
કુંવર ! ક્યાં રમી આવ્યા આજ, સાચું કહોને મારા લાલ–માતા૦

—સાખી—

વ્રજની ગોપી સહુ મળી કરે તમારી વાત,
મારા કુંવર કા'નજી ! તજોને એવી ભાત.
કુંવર તે ગોપીને મંદિરિયે જઈએ નહીં રે,
સુણતાં બોલ્યા નંદકુમાર, એ છે જૂઠા બોલી નાર–માતા૦ ૨

— સાખી —

હું રમતો'તો એકલો ને તે આવી તત્કાલ,
તેડી મુજને ગોદમાં મંદિર ચાલ્યાં બાલ.

ત્યાં તો માખણિયાં આપ્યાં રે મારા હાથમાં રે,
મારૂં મુખ ચૂમીને ભીડી લીધો બાથમાં રે,
તેને કાંઈ ન આવી લાજ, કરવા આવી મારી વાત–માતા૦ ૩

કુંવર ! પેલી કુંજે કોણ સખી ઊભાં હતાં રે,
સાચું કહોને મારા લાલ ! તમને કેમ લડાવ્યા લાડ–માતા૦ ૪

— સાખી —

પેલી – બીજી કુંજમાં, લલિતા ચિત્રા સાથ,
મુજને દેખી દૂરથી આવી પકડયો હાથ.
મુજને માખણિયાં આપીને, નાચ નચાવિયા રે,
મુજને પહેરાવ્યા શણગાર, આપ્યા ફૂલડા કેરા હાર–માતા૦ ૫

કુંવર ! ત્રીજી કુંજે કોણ સખી ઊભાં હતાં રે,
મુજને કહો તેની વાત, તમને કેમ લડાવ્યા લાડ–માતા૦ ૬

— સાખી —

ત્રીજી–ચોથી કુંજમાં ને રસિક વિશાખા નાર,
મુજને દેખી દૂરથી ત્યાં આવ્યાં તે વાર.
માતા ! મુજ સામું તે એક ટકે જોતી હતી રે,
મોદક દીધા મારે હાથ, મુજને તેડી ચાલ્યાં સાથ–માતા૦ ૭

કુંવર ! પાંચમી કુંજે કોણ સખી ઊભાં હતાં રે,
કુંવર ! છઠ્ઠી કુંજે કોણ સખી ઊભાં હતાં રે,
મુજને કહોને તેની વાત, તમને કેમ લડાવ્યા લાડ–માતા૦ ૮

— સાખી —

રત્નપ્રભા ચંદ્રાવલી ઊભાં તેને દ્વાર,
મુજને દેખી આવિયાં બની ઠની તે નાર.
માતા ! ફૂલ-દડા તો મારા કરમાં આપિયા રે,
તેની શું શું કહીએ વાત, ભોજન કીધાં મારે સાથ—માતા૦ ૯

કુંવર ! સાતમી કુંજે કોણ સખી ઊભાં હતાં રે,
કુંવર ! આઠમી કુંજે કોણ સખી ઊભાં હતાં રે,
મુજને કહોને તેની વાત, તમને કેમ લડાવ્યા લાડ—માતા૦૧૦

— સાખી —

રાધા યમુના સુંદરી ઊભાં પૂજા સમેત,
દૂર થકી મેં દેખિયાં મનમાં ઊપજ્યું હેત.
માતા ! વણબોલાવ્યો તેને મંદિર હું ગયો રે,
તેની શી-શી કહીએ વાત, મુજને ઘણા લડાવ્યા લાડ—માતા૦૧૧

માતા વાતલડી સુણતાં ને મન હરખ્યાં ઘણું રે,
હસિયા 'કુમુદિની'ના ચંદ, ગોપી પામ્યાં આનંદકંદ—માતા૦૧૨

卐

(૧૭૦)

હાં રે સખી ! ખીલ્યો બગીચો ચમેલી ગુલાબ,
જોવા જીવનજીને ચાલીએ.
હાં રે સખી ! પહેરો પહેરોને તમે નવલા શૃંગાર,
જોવા જીવનજીને ચાલીએ. ૧

ચીર પહેરો ને તમે ઓઢોને ચૂંદડી,
હાં રે સખી ! છેડે મેલાવો સોના કેરો તાર—જોવા૦ ૨

સો સો સિપાઇઓની આવે છે ફોજો,
હાં રે મારો વ્હાલો બિરાજે ઘોડે અસવાર—જોવા૦ ૩

વાગે છે વાજાં ને બોલે છે મોરલા,
હાં રે સખી ! ટહૂકે કોયલડી આંબાની ડાળ—જોવા૦ ૪

'કુમુદિની' કિશોર પ્રભુ પરણવાને ચાલ્યા,
હાં રે સખી ! હરખ્યાં સાહેલડીનાં મનડાં અપાર—જોવા૦ ૫

卐

## ( ૧૭૧ )

### [ રાગ–અચકો મચકો કારેલી ]

જોવા ચાલો વ્રજનારી રે, વ્રજમાં ખેલે ગિરધારી રે. ૧
વૃંદાવનમાં ગઉ ચારી રે, આવ્યા કુંજબિહારી રે. ૨
સહુ નંદભવનમાં આવ્યાં રે, સજનીને મન ભાવ્યાં રે. ૩
માતા પુત્ર સનેહે ભરિયાં રે, હરખી નિરાંજન કરિયાં રે. ૪
મુખ વારંવાર નિહાળે રે, પોતાનું સર્વસ્વ વારે રે. ૫
અંચલપટથી મુખ લૂછયાં રે, સર્વાંગે રજ જોયાં રે. ૬
લઈ તેલ–ફૂલેલ લગાવે રે, સૂક્ષ્મ વસ્ત્ર ધરાવે રે. ૭
પૂછે જનની હો લાલ રે ! શું કીધા વન ખ્યાલ રે. ૮
હરિ વનની વાત સુણાવે રે, માતાને મન ભાવે રે. ૯
પય પાન કરાવે માતા રે, પુષ્ટ થશો સુખદાતા રે. ૧૦

ભોજનશાળામાં આવે રે, પાટલડે પધરાવે રે. ૧૧
બહુ મિષ્ટ સામગ્રી સારી રે, આવી પીરસી થાળી રે. ૧૨
જલ જમુનાની ઝારી રે, દૂધ પરોસ્યાં ઠારી રે. ૧૩
બહુ વ્યંજન સાજી રાખ્યાં રે, સ્વાદ કરીને ચાખ્યાં રે. ૧૪
જુઓ જસોદાજીનાં હેત રે, બાલક ભાવ સમેત રે. ૧૫
એ રીતે લાડ લડાવે રે, 'કુમુદિની' હરિ મન ભાવે રે. ૧૬

卐

( ૧૭૨ )

[ જોડિયું ]

મારે મંદિરિયે પધારો રે, ગિરિવરધારી રંગીલા ! ૧
મારા તનના તાપ સમાવો રે, ગિરિવરધારી રંગીલા ! ૨
તમ દીઠે હું સુખ પામું રે, ગિરિવરધારી રંગીલા ! ૩
પદકમલ સદા શિર નામું રે, ગિરિવરધારી રંગીલા ! ૪
પ્રભુ ! ચોપટ પાસા રમશું રે, ગિરિવરધારી રંગીલા ! ૫
ભોજનિયાં ભેળાં જમશું રે, ગિરિવરધારી રંગીલા ! ૬
પ્રભુ ! સેજલડી સમારી રે, ગિરિવરધારી રંગીલા ! ૭
તમે રજની રમજો સારી રે, ગિરિવરધારી રંગીલા ! ૮
'કુમુદિની' વાય ઢુરાવે રે, ગિરિવરધારી રંગીલા ! ૯
પ્રભુ ! રમજો જે મન ભાવે રે, ગિરિવરધારી રંગીલા ! ૧૦

卐

( ૧૭૩ )

[ રાગ–આછું રૂડું શ્રીનંદજીનું ફળિયું ]

હાં રે માતા જસોદા કુંવર તમારો,
હાં રે જરા ધમકી આપીને તેને વારો. ૧
હાં રે પ્રાત ઊઠીને મારે ઘેર આવે,
હાં રે સાથે ઝાઝા ગોવાળિયાને લાવે. ૨
હાં રે મારા સૂતાં બાલક રોવરાવે,
હાં રે મારી ગાવલડીને ભડકાવે. ૩
હાં રે મારા ગોરસ ઢોળી–ફોડી નાખે,
હાં રે ખાટાં–મીઠાં તે સ્વાદ તેના ચાખે. ૪
હાં રે માટ ફોડીને થેઈ થેઈ નાચે,
હાં રે લાલ લકુટી લીધી તેને હાથે. ૫
હા રે તાળી પાડીને કૂદડી ફરે છે,
હાં રે દૂધ કેરા તો કોગળા ભરે છે. ૬
હાં રે એવા નિત્ય કરે છે નવા ચાળા.
હાં રે તે તો 'કુમુદિની' કિશોર છે અટારા. ૭

卐

( ૧૭૪ )

[ રાગ–છોટી–બડી ગઉવાં રે ચરાવે વ્હાલો કા'નજી ]

જસોદાજી ! તમારો રે કા'ન, રોવરાવે મારા બાલને.
સૂતાં પારણિયામાં આવી જગાડે રે, હાં આવી૦
મરડી નાખે છે એના કાન—રોવરાવે૦ ૧

શીંકેથી માખણ–માટ આવી ઉતારે રે, હાં આવી૦
ફોડી નાખે છે મારાં ઠામ—રોવરાવે૦ ૨

'કુમુદિની' ચંદ મારાં ગોરસ વલોવે રે, હાં ગોરસ૦
કરવા ન દિયે ઘરનાં કામ—રોવરાવે૦ ૩

卐

## ( ૧૭૫ )

[ રાગ-જમના પાણી ગ્યાં'તાં રે, ગોરી જમના ]

ઘર પછવાડે કે બેની ! કોણ છે ? ૧
ઝીણું ઝીણું બોલે કે બેની ! કોણ છે ? ૨
ધીરે બાર ખોલે કે બેની ! કોણ છે ? ૩
ગોરસ વલોવે કે બેની ! કોણ છે ? ૪
બાલ રોવરાવે કે બેની ! કોણ છે ? ૫
ઢોળી–ફોડી નાખે કે બેની ! કોણ છે ? ૬
થેઈ થેઈ નાચે કે બેની ! કોણ છે ? ૭
વાછરુને છોડે કે બેની ! કોણ છે ? ૮
મારી આંખ વીંચે કે બેની ! કોણ છે ? ૯
નંદનો નઠારો કે બેની ! કોણ છે ? ૧૦
'કુમુદિની'નો પ્યારો કે બેની ! કોણ છે ? ૧૧

卐

( ૧૭૬ )

[ જોડિયું ]

ગોરસ વલોવે, એ રાણી રાધિકા. ૧
ધંમ ધંમ વાગે, એ રાણી રાધિકા. ૨
છંમ છંમ ચાલે, એ રાણી રાધિકા. ૩
માખણ ઉતારે, એ રાણી રાધિકા. ૪
ઢાંકી – ઢાંકી મૂકે, એ રાણી રાધિકા. ૫
નંદલાલ આવે, એ રાણી રાધિકા. ૬
ગોવાળિયાને લાવે, એ રાણી રાધિકા. ૭
માખણિયાં માગે, એ રાણી રાધિકા. ૮
ઢોળી – ફોડી નાખે, એ રાણી રાધિકા. ૯
આંગળિયે ચાખે, એ રાણી રાધિકા. ૧૦
તમ પાયે લાગે, એ રાણી રાધિકા. ૧૧
'કુમુદિની' ઊભાં, એ રાણી રાધિકા. ૧૨
જોઈ મન લોભ્યાં, એ રાણી રાધિકા. ૧૩

卐

( ૧૭૭ )

**પનઘટના ગરબા**

[ રાગ–રાધા મહી વેચવાને નિસરી ]

ગોરી જલ ભરવાને નિસરી,
ચમચમ ચાદર ચમકે રે, ઝમઝમ ઝાંઝ ઝમકે રે—ગોરી૦

સાવ રે સોનેરી એની ચૂંદડી ને ગોરી રમઝમ કરતી જાય,
કાળી કટાબ તણી કાંચળી ને કાંઈ
ઝગમગ જોબન ઝલકે રે—ગોરી જલ૦ ૧
યમુનાજીને કાંઠડે ને કાંઈ ઊભી રહી વ્રજનાર,
ઘૂંઘટ દાબી દાંતમાં ને ગોરી
મધુરું મુખડું મલકે રે—ગોરી જલ૦ ૨
કંચન કલશ કેડ લઇને ગોરી વાંકી વળીને ભરે નીર,
ન્હાતાં નિરખ્યા નાથને રે ગોરી
પાછલે પગલે સરકે રે—ગોરી જલ૦ ૩
ઠમકો કરીને પાછી ફરીને ગોરી વિકલ થઈ મનમાંય,
ઊભી નિસાસા મૂકતી રે ગોરી
નયણે આંસુ ઢળકે રે—ગોરી જલ૦ ૪
જસોદાઘાટ સોહામણો ને કાંઈ તરુવર કેરી છાંય,
ગોકુલનાયક નિરખતાં ને કાંઈ
'કુમુદિની'નું મન હરખાય—ગોરી જલ૦ ૫

卐

(૧૭૮)

[ જોડિયું ]

પ્યારી પ્યારી લાગે રે, વ્હાલી વ્હાલી લાગે રે,
મારા મદનમોહનજીની મોરલી.
યમુનાજીને કાંઠડે હું તો ભરવા ગઇ'તી પાણી,
છેલ છબીલે છેતરી રે સખી !
એકલડી મુજને જાણી રે—મારા મદન૦ ૧

મુરલીમાં મારૂં નામ લઇને કાંઈ મધુરું ગાયન ગાતા,
મંત્ર ભણી કાંઈ મોહની રે સખી !
માનભર્યા મદમાતા રે—મારા મદન૦ ૨

શબ્દ સલૂણો સાંભળી રે, મેં તો ગાગર મેલી કાંઠે,
ચટકી લાગી પ્રેમની રે સખી !
મોહન મળવા માટે રે—મારા મદન૦ ૩

શ્યામસુંદરને શોધતી રે, હું તો વૃક્ષ કદંબની ડાળે,
નયણે નિરખ્યા નાથને રે સખી !
ઊમગ્યો આનંદ ભારે રે—મારા મદન૦ ૪

વૃંદાવનની કુંજમાં રે વ્હાલે મનમાન્યાં સુખ આપ્યાં,
'રસિક' પ્રીતમ મળ્યા પ્રેમ-શું રે
મારા ભવભવનાં દુઃખ કાપ્યાં રે—મારા મદન૦ ૫

卐

( ૧૭૯ )

[રાગ—ચાલો તો શ્રીજી જઇએ રે, શ્રીમુખ સુંદર જોવાને]

હું તો જલ ભરવાને ગઇ'તી રે, સરખી સાહેલી સાથે. ૧
મેં તો નવરંગ ચૂંદડી ઓઢી રે, કંચનની ગાગર માથે. ૨
મારગમાં મોહન જોયા રે, સજનીનાં મંન મોહ્યાં રે. ૩
વાંકલડું જોઇને ચાલ્યાં રે, તીક્ષ્ણ બાણુ લગાવ્યાં રે. ૪
હું તો પનઘટ—મારગ ભૂલી રે, પ્રગટી પ્રીત અમૂલી રે. ૫
જો સાસુ મારી જાણે રે, ઝાઝાં મેણાં મારે રે. ૬

જેઠાણીને કોઈ કહેશે રે, હાલ સંદેશા દેશે રે. ૭
નિત્ય ઘરમાં થાશે કજિયા રે, કહેશે ક્યાં વહુ વસિયાં રે. ૮
મારી દેરાણી મચકારી રે, વચન સુણાવે ભારી રે. ૯
મારી નણદલ છણકા કરશે રે, કાન પિયુના ભરશે રે. ૧૦
ત્યારે પિયુજી મારા ખીજે રે, કોઈ વાતે નવ રીઝે રે. ૧૧
તે દુખડાં તો સહી લેશું રે, વણબોલ્યાં પણ રહેશું રે. ૧૨
ગિરધરની પ્રીત ન તોડું રે, ગાંઠ કદાપિ ન છોડું રે. ૧૩
'કુમુદિની' નો રસિયો નાથ રે, રમશું તેને સાથ રે. ૧૪

卐

( ૧૮૦ )

[ રાગ–શ્યામ ! રંગીલી મારી ચૂંદડી રંગાવો ]

છેલ ! ગુમાની ! મને ભરવા દે પાણી,
ભરવા દે પાણી, મને ભરવા દે પાણી—છેલ૦ ૧

રંગભરી મોરલી, અનંગ ભરી આંખડી,
લલિત ત્રિભંગી તારા રૂપમાં લોભાણી—છેલ૦ ૨

મોહી વ્રજનારી તારા ભૃકુટીના ભંગથી,
ઘાયલ કરે છે તારી મીઠી મીઠી વાણી—છેલ૦ ૩

'કુમુદિની' કિશોર સહુ દેખશે સાહેલડી,
છોડને છબીલા ! હાલ આવે રાધારાણી—છેલ૦ ૪

卐

( ૧૮૧ )

[ જોડિયું ]

માારગ મૂકીને ચાલ્યાં જાઓ પનિહારી !
જાઓ પનિહારી ! એમ બોલ્યા ગિરધારી—મારગ૦ ૧
સરવે સાહેલી મન વિસ્મય થયાં છે,
લટકો કરીને મન મોહ્યું રાધા પ્યારી—મારગ૦ ૨
નંદનો દુલારો અતિ કામણગારો છે,
બંસરી બજાવી વશ કીધી વ્રજનારી—મારગ૦ ૩

卐

( ૧૮૨ )

જમુનાનાં નીર ઘણાં ઊંડાં સાહેલડી !
કેમ કરી ઘડુલો ભરાય, હું તો હારી સાહેલડી ! ૧
ઘડુલો ન ડૂબે મારો હાથ નવ પૂગે,
ભરતાં કમર લચકાય, હું તો હારી સાહેલડી ! ૨
નંદનો કુંવર આ વખતે જો આવે,
તો મારાં પાણીડાં ભરાય, હું તો હારી સાહેલડી ! ૩
કોણ સાહેલી મારો સંદેશો આપશે,
આપું હૈયા કેરો હાર, હું તો હારી સાહેલડી ! ૪
'કુમુદિની' કિશોર કાંઈ કામણિયું કીધું,
એ વિના ઘડી ન રે'વાય, હું તો હારી સાહેલડી ! ૫

卐

## ( ૧૮૩ )

### [ નણંદ–ભોજાઇનો સંવાદ ]

જોને, પેલો પનઘટ દેખાય, ભાભી મારી પાણીડાં જાય.
નવલી – નવલી સાડીઓ પહેરી,
ચાલી સરવે સજની ભેળી,
હાં રે નવું જોબન લ્હેરાય—ભાભી મારી૦ ૧
ડગલે – ડગલે ઠમકો કરે,
વાંકી વળીને ઘડુલો ભરે,
નજર તેની ક્યાં ને ક્યાં જાય—ભાભી મારી૦ ૨
નંદનો કુંવર પેલી પારે,
ઊભો રહીને નેન નચાવે,
અરસ – પરસ ઇશારા થાય—ભાભી મારી૦ ૩
'કુમુદિની'નો ચંદ રંગીલો,
ભાભી ! તારો છેલ છબીલો,
ઘરમાં આવી શાને અકળાય—ભાભી મારી૦ ૪

卐

## ( ૧૮૪ )

### [ જોડિયું ]

નણદી મારી શાને ખીજાય, ઘરમાં આવી કજિયા ન થાય.
હું ન જાણું આવડી વાતું,
તારી આંખે એ દેખાતું,
સાંભળી–સાંભળી મનડાં શરમાય—ઘરમાં આવી૦ ૧

જાઓ છો તમે ગાવડી દોવા,
હું આવું છું ચોબકાં જોવા,
નંદનો કુંવર ત્યાંયે સંતાય—ઘરમાં આવી૦ ૨

હું ન બોલું મનમાં રાખું,
કોઈની પાસે કાંઈ ન ભાખું,
આવડી વાતો કેમ કરી કે'વાય—ઘરમાં આવી૦ ૩

'કુમુદિની'ના ચંદની પ્રીતું,
વાત કરોને રસની રીતું,
પોગળ બધું પાધરું થઈ જાય—ઘરમાં આવી૦ ૪

卐

( ૧૮૫ )

કા'ન ! કાંકરી ન માર, મારું બેડલું ફૂટે,
હાં બેડલું ફૂટે, મારી માળા તૂટે—કા'ન ! કાંકરી૦ ૧

વ્રજના તે લોક મારી હાંસી કરે છે,
મારગ ચાલતાં મારાં મહીડાં લૂંટે—કા'ન ! કાંકરી૦ ૨

'કુમુદિની' કિશોર મારી મરડે કલાઈ.
રીઝી-રીઝીને વ્હાલો જોબન લૂંટે—કા'ન ! કાંકરી૦ ૩

卐

## ( ૧૮૬ )

### [ જોડિયું ]

કા'ન ઊભા રહો તો નીર ગાગરે ભરું,
નીર ગાગરે ભરું, નીર ઘડુલે ભરું—કા'ન ! ઊભા૦ ૧
આંબાની ડાળે મેં તો રાખી ઇંઢોણી,
કોયલ ટહૂકે ને કા'ન ! હું તો ડરું—કા'ન ! ઊભા૦ ૨
જમુનાને તીરે વ્હાલા ! કાંકરડી વાગે,
ધીમે-ધીમે રે હું તો ડગલાં ભરું—કા'ન ! ઊભા૦ ૩
મેલો મેલો ને મારો પાલવ ચોળાશે,
ઊભી ઊભી રે હું તો અરજ કરું—કા'ન ! ઊભા૦ ૪
કુમુદિની' કિશોર મારે સંગે પધારો,
નમી - નમીને શિષ ચરણે ધરું—કા'ન ! ઊભા૦ ૫

卐

## ( ૧૮૭ )

જલ ભરવા નહીં જાઉં, પનઘટ જલ ભરવા નહીં જાઉં.
છાનામાના ગિરધર આવે, સાન કરી મુજને બોલાવે,
મીઠી મધુરી વાત બનાવે, હું મનમાં શરમાઉં-પનઘટ૦ ૧
ઘૂંઘટ ખોલી નિરખે ચોલી, મુરલીમાં બોલે બોલી,
હું નવ સમજું સજની ! ભોળી, પાછળ-પાછળ થાઉં—પનઘટ૦ ૨
નૂતન જોબન બ્હેની ! તેનું, મુજ પર કરે આટલું શેનું,
જે દેખે તે દેશે મેણું, તેથી વ્યાકુલ થાઉં—પનઘટ૦ ૩
પાછળ થઈ તે ભેટવા દોડે, સૂંઘે વેણી ફૂલ અંબોડે,
પોતાના કરમાં કર જોડે, 'કુમુદિની' તે ગુણ ગાઉં—પનઘટ૦ ૪

## ( ૧૮૮ )

[ રાગ—મેલોને મોહન મટુકી ]

ચાલોને સહિયર ! સહુ મળી,
ચાલોને સહિયર સહુ મળી રે, ચાલો યમુનાને તીર,
માથે ઘડુલા લિયો હેમના, હાં રે પ્હેરો રેશમનાં ચીર—ચાલો૦ ૧
વેણી ગૂંથોને ફૂલની રે, સજો સોળે શણગાર,
કરમાં કંકણ ચૂડો હેમનો, હાં રે કંઠે નવસરો હાર—ચાલો૦ ૨
સરખા તે સરખી સાહેલડી રે, ચાલે હંસગતિ ચાલ,
મધ્યે બિરાજે રાણી રાધિકા, હાં રે તેની શોભા રસાલ—ચાલો૦ ૩
તારા—મંડલ મધ્ય ચંદ્રમા રે, જાણે ઊગ્યો આકાશ,
તેજે ત્રિભુવન મોહી રહ્યા, હાં રે એવો મુખનો પ્રકાશ—ચાલો૦ ૪
કરતાં પરસ્પર વાતડી રે, તાળી આપે છે હાથ,
ગાતાં તે ગુણ વ્રજનાથના, હાં રે આવ્યાં યમુનાને ઘાટ—ચાલો૦ ૫
પાણી ભરીને પાછાં વળ્યાં રે, મળ્યા સુંદરશ્યામ,
રસિયે રમાડયાં રસકુંજમાં, હાં રે પૂરી મનડાંની હામ—ચાલો૦ ૬

卐

## ( ૧૮૯ )

[ રાગ—મારે સાસરિયે જઇને કે'જો એટલડું ]

હાં રે હું તો પાણીડાં ભરવા ગઇ'તી સાહેલડી !
ગઇ'તી યમુનાજીને કાંઠડે. ૧
હાં રે ત્યાં તો મારગમાં મોહન મળિયા,
હાં રે મારા મનના મનોરથ ફળિયા,
હાં રે વ્હાલે મીઠી મોરલડી વગાડી—સાહેલડી ! ગઇ'તી૦ ૨

હાં રે એની મોરલીમાં મોહિની છે ભારી,
હાં રે મારી સુધ-બુધ સરવે વિસારી,
હાં રે હું તો પનઘટનો મારગ ભૂલી—સાહેલડી ! ગઇ'તી૦ ૩

હાં રે પાસે આવી ઘૂંઘટ મારો ખોલે,
હાં રે વ્હાલો વચન મધુરાં બોલે,
હાં રે એવા 'રસિક' પ્રીતમ ગિરધારી—સાહેલડી ! ગઇ'તી૦ ૪

卐

( ૧૯૦ )

[ રાગ—વરસે મેહુલિયો ને ગરજે આ વાદળી ]

જમુનાને તીર બ્હેની ! ચાલો ઉતાવળી,
સોળે શૃંગાર પહેરી અંગે જી રે. ૧
રૂપલા ઈંઢાણી ને સોનાનું બેડલું,
સરખી સાહેલી લઈ સંગે જી રે. ૨
હરિયાળી કુંજમાં બોલે કોયલડી,
બેઠી આંબલિયાની ડાળે જી રે. ૩
નાચે મોરલિયા ને બોલે બપૈયા,
હમણાં પ્રીતમજી પધારે જી રે. ૪
મેના પોપટ વળી બોલે પારેવડાં,
ફૂલ્યાં છે ફૂલ ઘણી ભાંતે જી રે. ૫
'રસિક' પ્રીતમ રાસ રમવાને આવશે,
રાધા રંગીલી લઈ સાથે જી રે. ૬

卐 卐

## ( ૧૯૧ )

[રાગ–સુણ સાહેલડી રે, મારે નંદકુંવર-શું નેહ રે]

સુણ સાહેલડી રે, મારે નંદમોહન શું પ્રીત રે,
આજું શું કહું રે, વ્હાલે ચોર્યું મારું ચિત્ત રે, ૧
જલ ભરવા ગઈ રે, મારગ મળિયા મુજને નાથ રે,
મુખ બોલ્યા નહીં રે, આવી પ્રેમે પકડયો હાથ રે. ૨
કામણ શું કર્યું રે. મુજને માર્યાં મોહનબાણ રે,
વ્યાકુળ થઇ ફરું રે, સજની ! ભૂલી હું તો ભાન રે. ૩
નટવર નંદના રે, એથી અળગું કેમ રે'વાય રે,
નયણાં ભરી-ભરી રે, નિરખું 'રસિક' શિરોમણિ રાય રે. ૪

卐

## ( ૧૯૨ )

[રાગ–વાગે છે રૂડી વેણ, કા'નાના વંનમાંહી]

લાગે છે પ્યારો પ્યારો, મોહન લટકાળો.
યમુના કિનારે આવે, કરી સાદ એ બોલાવે,
આ નેન કેરો તારો—મોહન લટકાળો.... ૧
ગાગર મારી ફોડે, જલમાં ઇંઢોણી બોળે,
હસતાં કરે ઇશારો,—મોહન લટકાળો.... ૨
સહિયર સ્નેહ એવો, ચકોરી - ચંદ્ર જેવો,
જીવન પ્રાણ મારો—મોહન લટકાળો. ૩

卐

( ૧૯૩ )

[ રાગ—રૂડા દિસો છો રાજેશ્વર ! મંદિર આવતાં રે ]

સજની ! પ્રાત સમે જલ જાતાં મુજને મળિયા મોહનલાલ.

મધુર હસી મુજ સામે જોયું, તે દહાડાનું મનડું મોહ્યું,
શું કરવું સાહેલી ! હું તો થઈ હાલ-બેહાલ—સજની ! ૧

કુંજ—કુંજ મોહન ગુણ ગાતી, વ્યાકુલ થઈ ફરું મદમાતી,
'રસિક' પ્રીતમ ગિરધારી, મારી વેગે લ્યો સંભાળ—સજની ! ૨

卐

(૧૯૪)

[ રાગ—ભેટે ઝૂલે છે તલવાર ]

ભરવા દે યમુનાનાં નીર, કાનુડા ! શીદને સંતાપે !

ઝીણો ઝીણો ઝરમર મેહુલિયો વરસે,
ભીંજે મારું નવરંગ ચીર—કાનુડા ! ૧

સાંજ પડીને ઘેર જાવું છે એકલું,
શીતલ વહે છે સમીર—કાનુડા ! ૨

'રસિક' પ્રીતમ હું તો વારી વારી વિનવું,
પરસો ન મારું શરીર—કાનુડા ! ૩

卐

## ( ૧૯૫ )

[ રાગ—સખી ! શરદ પૂનમની રાત રે, સુંદર વેણુ વાગે ]

છેટો છેટો રે નંદજીના લાલા રે ! પાણીડાં કેમ ભરિયે ? ૧
શ્યામ ! શાને કરો છો હવે ચાળા રે, પાણીડાં૦ ૨
મારી સંગે સાહેલી નથી લાવી રે, પાણીડાં૦ ૩
મને એકલડી જાણી સતાવી રે, પાણીડાં૦ ૪
વ્હાલા ! નંદ – જશોદાને કે'શું રે, પાણીડાં૦ ૫
ગોકુલ મૂકી વૃંદાવન રે'શું રે, પાણીડાં૦ ૬
વ્હાલા ! બાળક અમારાં રોશે રે, પાણીડાં૦ ૭
નાની નણદલ મેણલાં દેશે રે, પાણીડાં૦ ૮
તમે 'રસિક' પ્રીતમ ગિરધારી રે, પાણીડાં૦ ૯
પાલવ મેલોને જાઉં બલિહારી રે, પાણીડાં૦ ૧૦

卐

## ( ૧૯૬ )

કૃષ્ણ ! કનૈયા ! કુંજબિહારી ! બેડલું ચડાવ, મારું બેડલું ચડાવ.
હું સુકુમારી નાજુક નારી, મારું બેડલું ચડાવ, મારું બેડલું ચડાવ.

દૂર ઘણું છે મંદિર મારું,
સાંજ પડી ને થાય અંધારું,
એવામાં અલબેલા ! મારી સાથે સાથે આવ,
મારી સાથે સાથે આવ—કૃષ્ણ કનૈયા ! ૧

ઝરમર–ઝરમર વર્ષા થાતી,
કોયલડી કાંઈ મધુરું ગાતી,
મારગ જાતાં મોહન ! તારી મોરલી સુણાવ,
તારી મોરલી સુણાવ—કૃષ્ણ કનૈયા ! ૨

યમુના-તટ પર નિત નિત આવો,
દરશન આપી તાપ બુઝાવો,
'રસિક' મનોહર મારા નેનમાં સમાવ,
મારા નેનમાં સમાવ—કૃષ્ણ કનૈયા ! ૩

卐

( ૧૯૭ )

[ રાગ—સાહ્યબા મોટર મંગાવ, માંડવગઢ જાવું ]

કાનુડા ભરવા દે નીર, મંદિરિયે જાવું.
સાંજ પડી ને સાસુ ખીજાશે,
રોકી જમુનાને તીર—મંદિરિયે જાવું. ૧
મંદિર છે દૂર, મારે જાવું છે એકલું,
શીતલ વહે છે સમીર—મંદિરિયે જાવું. ૨
'રસિક' પ્રીતમ મારી વિનતી સ્વીકારો,
મોહન ! મેલોને ચીર—મંદિરિયે જાવું. ૩

卐

( ૧૯૮ )

[ રાગ—નંદરાજાનો છૈયો, કૃષ્ણ કનૈયો ]

વ્રખુભાનની દુલારી, રાધાકુમારી, પાણીડાં ભરે કાંઈ ધીરે ધીરે,
ધીરે ધીરે, યમુના તીરે—પાણીડાં૦ ૧

નંદનો કુમાર ગાયો ચારવાને આવે,
સંગે ગોવાળિયા ઝાઝેરા લાવે,
'રસિક' પ્રીતમ મીઠી મોરલી બજાવે—પાણીડાં૦ ૨

卐

( ૧૯૯ )

આજ રસિયે રંગીલે મારું મનડું હર્યું,
હાં મનડું હર્યું ને કાંઈ કામણ કર્યું—આજ૦

— સાખી —

જલ ભરવાને હું ગઈ, યમુનાજીને તીર,
ગાગર મેલી કાંઠડે, ભરવા બેઠી નીર.
આગળ આવીને મારું બેડું ભર્યું—આજ૦ ૧

— સાખી —

મુજશું કરતાં વાતડી, ચાલ્યાં કુંજભવન,
ફૂલ બિછાવી સેજડી, પરસ્યાં મારાં તન.
મુખડું ફેરીને માન મેં તો કર્યું—આજ૦ ૨

— સાખી —

હે સજની ! એકાંતનાં, સુખડાં કહ્યાં ન જાય,
વ્હાલમને જોયા વિના, ઘડી એક નવ રહેવાય.
મનડું મારું તો એને ચરણે પડ્યું—આજ૦ ૩

— સાખી —

'કુમુદિની' ના ચંદશું, કીધા ભોગ-વિલાસ,
ચટકી લાગી પ્રેમની, મુખ જોવાની આશ.
એહુને મળીને મારું દુઃખડું ટળ્યું—આજ૦ ૪

卐

(૨૦૦)

[ જોડિયું ]

કેમ જાવું પનઘટ, શ્યામ આડો ફરે,
હાં આડો ફરે ને કાંઈ ચાળા કરે—કેમ જાવું૦

— સાખી —

યમુનાજીને કાંઠડે કાંકરી મારે કા'ન,
ગાગર ફોડે હેમની, નાચે દઈ-દઈ તાન.
મુરલી વગાડી મારું મનડું હરે—કેમ જાવું૦ ૧

— સાખી —

પાણી ભરી પાછી વળી, મારગ રોકે ત્યાંય,
વૃંદાવનની કુંજમાં, પકડી મારી બ્હાંય,
'રસિક' પ્રીતમ રસ ઉરમાં ઢરે—કેમ જાવું૦ ૨

卐

( ૨૦૧ )

[ રાગ–નંદભવનના આંગણિયામાં ]

પનઘટ ઉપર પાણી ભરતાં નિરખ્યા મોહન પ્યારા રે. ૧
સાંવરી સૂરત, માધુરી મૂરત, નેત્રકમળ અણિયાળાં રે. ૨
મધુર હસીને ચિતડું ચોર્યું સુધ-બુધ સહુ વિસરાવી રે. ૩
કામણ કરવા છેલ છબીલે મુરલી મધુર બજાવી રે. ૪
મગન થઈ મંદિર હું ચાલી ગાગર ભૂલી કાંઠે રે. ૫
તાલાવેલી તનમાં લાગી મોહન મળવા માટે રે. ૬
વિરહે વિકલ થઈ હું ફરતી, નણદી મારી પૂછે રે. ૭
શોચ કરો ભાભી શું કારણ ? નયણે આંસુ લૂછે રે. ૮
પનઘટમાં પ્રીતમજી જોયા, મનડું મારું મોહ્યું રે. ૯
મુરલીમાં મન વશ કરી લીધું, તેથી સર્વસ્વ ખોયું રે. ૧૦
વૃંદાવનને મારગ જાતાં રસિયા મોહન મળશે રે. ૧૧
ન્હાની નણદલ ધીરજ આપે, સર્વ મનોરથ સરશે રે. ૧૨

ૐ

( ૨૦૨ )

[ રાગ–ગોકુલના એક ગરવા ગોવાળિયા ]

પનઘટમાં આજ જોયા પ્રીતમજી,
સાંભળી રે, મધુરસ મોરલી રે—મધુરસ મોરલી રે. ૧
શ્યામ સોહામણા ને વારી લઉં વારણા.
લટકે લોભાણી વ્રજસુંદરી રે—મધુરસ૦ ૨
ધરિયા શણગાર હાર, ફૂલતણા શોભતા,
કરમાં લકુટી કાંધે કામળી રે—મધુરસ૦ ૩

'રસિક' પ્રીતમ પ્રભુ ગાયો ચરાવતા,
સંગે શોભે છે ગ્વાલમંડલી રે—મધુરસ૦ ૪

卐

( ૨૦૩ )

[રાગ—રૂડા દીસો છો રાજેશ્વર ! મંદિર આવતા રે]

સહિયર ! જલ ભરવાને કાજે પનઘટ ચાલિયાં રે,
સુંદર નખશિખ ભૂષણ અંગ અમોલ ધરાવિયાં રે.
લટકો કરતાં નવલ કિશોરી, કર ઘટ જડિત અમોલ ઇંઢોણી,
કસી કંચુકી ઉરજ મદન શરમાવિયા રે—સહિયર૦ ૧
ભ્રોંહ ધનુષ મન્મથ-શર ફાંસી, અંગ અંગ પ્રતિ અધિક વિકાસી,
એ તરુણી મનમોહન મનમાં ભાવિયા રે—સહિયર૦ ૨
કુંજ ઓટ ઊભા મનમોહન વળી વળી મુખ નિરખે સોહન,
એ છબી જોતાં રોમ રોમ અકુલાવિયાં રે—સહિયર૦ ૩
લંક મરોડી નીર ભરંતાં કમલનેનનું ધ્યાન ધરંતાં,
એવામાં અલબેલા સન્મુખ આવિયા રે—સહિયર૦ ૪
અંક ભરી ચોલી-બંધ ખોલે, અધર હસી મધુરું કાંઈ બોલે,
નયન મિલાવી અંગ અંગ પરસાવિયા રે—સહિયર૦ ૫
કુંજગલિમાં સેજ બિછાવી, વિવિધ મનોરથ સોંજ બનાવી,
એ તરુણી-શું મન્મથરંગ જમાવિયા રે—સહિયર૦ ૬
'કુમુદિની' ચંદ ચતુર નવનાયક, વિવિધ બંધ કીડે સુખદાયક,
રસિક પરસ્પર તનના તાપ નસાવિયા રે—સહિયર૦ ૭

卐

( ૨૦૪ )

[ રાગ—મને કે'શો બાંધ્યા પછી ન છૂટે ]

કેમ ભરિયે આ યમુનાનાં પાણી કે કાનુડો કેડે પડયો. ૧
મારી નવરંગ ચૂંદડી તાણી કે કાનુડો કેડે પડયો. ૨
મેં તો સોના ઇંઢોણી મેલી કાંઠે કે કાનુડો૦ ૩
ચાલી યમુનાજી ભરવાને માટે કે કાનુડો૦ ૪
મેં તો ધીરેથી પાણીડાં સીંચ્યાં કે કાનુડો૦ ૫
આવી પાછળથી નેન મારાં વીંચ્યાં કે કાનુડો૦ ૬
મારી ફૂલડાંની વેણી નાખી તોડી કે કાનુડો૦ ૭
મારી ઇંઢોણી જળમાં ઝબોળી કે કાનુડો૦ ૮
એવા 'રસિક' પ્રીતમ ગિરધારી કે કાનુડો૦ ૯
વશ મોરલીમાં કીધી વ્રજનારી કે કાનુડો૦ ૧૦

卐

( ૨૦૫ )

[ રાગ—માજી ! તારો હિંડોળો ઝાકમઝોળ ]

બેની ! મને પનઘટ જાવાની હામ,
સખી ! મને પનઘટ જાવાની હામ.
સાવ સોનાનો મારો શોભે ઘડુલો,
હીરા જડિત કેરું કામ—બેની ! મને૦ ૧
શિરપર ઓઢી નવરંગ ચૂંદડી,
ગાતી મધુર હરિનામ—બેની ! મને૦ ૨
'રસિક' પ્રીતમ પ્રભુ ધેનુ ચરાવે,
મળશે ત્યાં સુંદરશ્યામ—બેની૦ ! મને૦ ૩

**

## * દાણના ગરબા *

( ૨૦૬ )

[ રાગ–મહીડાનાં દાણ અમે નહીં દૈયે રે લોલ ]

મહીની મટુકી મારી સાંકડી રે લોલ,
ઝાઝાં ગોરસ નવ માય જો;
આઘા રહોને અલબેલડા રે ! લોલ૦ ૧
સરવે સાહેલડીના સંગમાં રે લોલ,
પકડો ન મ્હારી બાંય જો—આઘા૦ ૨
જાવા દિયોને તડકો તપે રે લોલ,
મારાં ગોરસ ખાટાં થાય જો—આઘા૦ ૩
જઈને કહું બાવા નંદને રે લોલ
ખીજે જસોદાજી માયા જો—આઘા૦ ૪
કોઈ ગોરી ને કોઈ સાંવરી રે લોલ,
કોઇ બાલક બહુ અકળાય જો—આઘા૦ ૫
'કુમુદિની' કિશોર તમે ના ડરો રે લોલ,
દોડી ઘેરો પરાઈ નાર જો—આઘા૦ ૬

卐

( ૨૦૭ )

[ જોડિયું ]

મહીની મટુકી મારી ફૂટશે રે લોલ,
મીઠાં ગોરસ છલકાય રે;
હવે નહીં જાઉં મહી વેચવા રે લોલ૦ ૧

તડકા તપે ને કેમ ચાલિયે રે લોલ,
ઘેર મારી સાસુડી ખિજાય રે—હવે નહીં૦ ૨

આઘા રહોને અલબેલા રે! લોલ,
મેલો પાલવડો ચોળાય રે—હવે નહીં૦ ૩

પાયે પડીને હું તો વિનવું રે લોલ,
'કુમુદિની' ચંદ મુસકાય રે—હવે નહીં૦ ૪

卐

( ૨૦૮ )

[ રાગ–મને મારી છે નેન કટારી રે, લટકાળા ! ]

લૈ ગયો, લૈ ગયો. લૈ ગયો, રે, મારી ગોળી ગોરસની૦

રકઝક કરતાં પાલવ ચોળાણો,
વાત મધુરી કહી ગયો રે—મારી ગોળી૦ ૧

ઢોળી–ફોડીને કીચ કીધી મારગડે,
કરમાં ઠટકડો રહી ગયો રે—મારી ગોળી૦ ૨

'કુમુદિની' કિશોર હવે તમ-શું ન બોલું,
મારે-તારે ઝગડો થઈ ગયો રે—મારી ગોળી૦ ૩

卐

[ જોડિયું ]

( ૨૦૯ )

દૈ ગયો, દૈ ગયો, દૈ ગયો રે, મને મુખડાનું બીડલું૦
સાસુ ન જાણે, મારા પિયુજી ન જાણે,
એક દી' મારે ઘેર રહી ગયો રે—મને૦ ૧
એહુની સંગાથે મેં તો પ્રીતલડી કીધી,
નંદનો કુમાર કોલ લઈ ગયો રે—મને૦ ૨
'કુમુદિની' કિશોર મારે મહેલે પધાર્યા,
છાનો-છાનો રંગ રોળ થઈ ગયો રે—મને૦ ૩

卐

( ૨૧૦ )

[ રાગ-હાં રે કોઈ માધવ લ્યો, માધવ લ્યો ]

હાં રે મારે માથે મટુકડી ભારી રે,
હાં રે કોઈ ગોરસ લ્યો, ગોરસ લ્યો. ૧
દસ-પાંચ મળી વ્રજનારી રે, હાં રે કોઈ ગોરસ લ્યો૦ ૨
ચાલ્યાં વૃંદા તે વનની વાટે રે, હાં રે કોઈ ગોરસ લ્યો૦ ૩
તિયાં ઊભા મોહન દાન માટે રે, હાં રે કોઈ ગોરસ લ્યો૦ ૪
ગોપી ઝૂંઘટ મારીને એમ બોલી રે, હાં રે કોઈ ગોરસ લ્યો૦ ૫
મારી મટુકીમાં છાશ અમોલી રે, હાં રે કોઈ ગોરસ લ્યો૦ ૬
તેનાં મૂલ તે કોણ કરી જાણો રે, હાં રે કોઈ ગોરસ લ્યો૦ ૭
ઠાલા ઠાલા પાલવડા તાણો રે, હાં રે કોઈ ગોરસ લ્યો૦ ૮
તમે 'કુમુદિની' કિશોર લટકાળા રે, હાં રે કોઈ ગોરસ લ્યો૦ ૯
દધિ ચાખોને પ્રાણથકી પ્યારા રે, હાં રે કોઈ ગોરસ લ્યો૦ ૧૦

( ૨૧૧ )

[ રાગ–જશોદાજી ! હવે કાનુડાને વારજો ]

માડી ! હું તો હવે નહીં જાઉં મહી વેચવા,
માડી ! મને કનેડે નંદનો નઠારો, મા !—માડી૦ ૧
માડી ! મારી ગોળી ફોડી ને મહી ચાખિયાં,
માડી ! મારા મરડી નાખ્યા બેહુ હાથ હો મા !—માડી૦ ૨
માડી ! એ તો આવી વળગે છે મારે ઘૂંઘટે,
માડી ! મારા તોડી નાખ્યા ઉસ્હાર હો મા !—માડી૦ ૩
માડી ! ઘણા ચાળા કરે છે મારે ચોટલે,
માડી ! એની મીઠી મારકણી આંખ હો મા !—માડી૦ ૪
જોર ઘણું જોયું 'કુમુદિની' કિશોરનું,
માડી ! હવે કરવા તે કોણ ઉપાય હો મા !—માડી૦ ૫

卐

( ૨૧૨ )

[ રાગ–મોંઘા મોંઘા ને વળી મીઠડા રે, સાગર ઊછળે ]

મોંઘા-મોંઘા ને વળી મીઠડા રે ગોરસ વેચશું હે સખી ! કુંજમાં,
જાશું સહુ મળી સાથ રે, ગોરસ વેચશું૦ ૧
છેટેથી આવે વરણાગિયો રે, ગોરસ વેચશું૦
રસિયો શ્રીમોહનલાલ રે, ગોરસ વેચશું૦ ૨
આગળ આવીને હરિ માગશે રે, ગોરસ વેચશું૦
ત્યારે કહીશ ઘણી વાત રે, ગોરસ વેચશું૦ ૩
લકુટી મારીને જ્યારે ઢોળશે રે, ગોરસ વેચશું૦
'કુમુદિની' ઝગડો થાય રે, ગોરસ વેચશું૦ ૪

## ( ૨૧૩ )

[ રાગ–કાહે મચાવે શોર, બપૈયા ]

ગોરસ – ગોળીને ઢાળ, કનૈયા !
માખણ મિસરી ચોરીને ખાધાં, તેમાં ઘણું છે જોર, કનૈયા ! ૧
જઇને કહું છું નંદબાવાને, વીતી ગયા ત્રણ પ્હોર, કનૈયા ! ૨
'કુમુદિની' ચંદ કર્યાં શું કારજ, ચાર્યાં નંદજીનાં ઢોર, કનૈયા ! ૩

## ( ૨૧૪ )

[ રાગ–જરા કહેના સાંવરિયા આયા કરે ]

મારી મહીની મટુકડી ઢાળી ગયો, મારી મહીની૦
વૃંદા તે વનને મારગ વચ્ચે.
કર પકડી ઝકઝોરી ગયો—મારી મહીની૦ ૧
હસતાં–હસતાં નેન મિલાવી,
મુજ ચિત્ત–વિત્તને ચોરી ગયો—મારી મહીની૦ ૨
'કુમુદિની'ના પ્રભુ ! નજર બચાવી,
કંચુકીની ગૂઢ ગાંઠ છોડી ગયો—મારી મહીની૦ ૩

## ( ૨૧૫ )

[ રાગ–કા'ના ! મારગડો ના રોક, અમને ભાર લાગે છે ]

જોને કામણગારો કા'ન ગોરસ દાન માગે છે.
ઘરમાં બાલક રોતાં મેલ્યાં, પિયુજી હમણાં વનથી આવશે,
પાલવ મેલોને અલબેલા ! મુજને વાર લાગે છે. ૧

સાસુ નણદલ મેણાં દેશે, ન્હાનો દેરીડો ખીજાય છે,
મારી પાડોશણુની સામે ગોરસદાન માગે છે. ૨

મારી દેરાણી મચકારી, જો જો ઘરમાં કજિયા થાય છે,
મેલો 'કુમુદિની'ના પ્યારા ! મુજને વાર લાગે છે. ૩

卐

( ૨૧૯ )

[ રાગ–ગામ ગાંડું કીધું આ ગોવિંદ ગોવાળિયે ]

કા'ન ! દાન માગે આ ગોકુલની વાટમાં,
ગોકુલની વાટમાં ને યમુનાના ઘાટમાં—કા'ન૦ ૧

સરખી સાહેલી મળી ગોકુલની વાટમાં,
માથે મટુકી લઈ જાય રાજ—કા'ન૦ ૨

નંદલાલ સામા મળ્યા, ગોકુલની વાટમાં,
આવી મરોડી મારી બ્હાંય રાજ—કા'ન૦ ૩

ફોડી મટુકી કા'ન ગોકુલની વાટમાં,
મીઠાં ગોરસ છલકાય રાજ—કા'ન૦ ૪

રીઝયા 'રસિક'રાય ગોકુલની વાટમાં,
સરવે સાહેલી લાગી પાય રાજ—કા'ન૦ ૫

卐

## ( ૨૧૭ )

### [ રાગ – મારે સાસરિયે જઈને કે'જો ]

આજ ગોરસ વેચવા ચાલી ગોવાલણ,
ચાલી મહિયારણ વૃંદા તે વનની વાટમાં.

હાં રે ત્યાં તો મારગ મોહન જોગા,
હાં રે છબી નિરખીને મન મારાં મોહ્યાં,
હાં રે પાસે આવીને ચૂંદડી તાણી—ગોવાલણ૰ ૧

હાં રે દાન આપો તો આજ જાવા દેશું,
હાં રે નહીં તો રસ્તો રોકીને ઊભા રે'શું,
હાં રે ગોપી મનમાં ને મનમાં મુંઝાણી—ગોવાલણ૰ ૨

હાં રે હું તો દાન નહીં આપું તમને,
હાં રે પ્રભુ ! જાવા દિયોને આજ અમને,
હાં રે તમે સૌના થયા આજ દાણી—ગોવાલણ૰ ૩

હાં રે એવા 'રસિક' પ્રીતમ ગિરધારી,
હાં રે ફોડી મટુકી ને હસિયા મુરારી,
હાં રે પીધાં ગોરસ ને ગોપિયો લજાણી—ગોવાલણ૰ ૪

卐

## (૨૧૮)

### [ જોડિયું ]

હાં રે સુણો જસોદા માત રે, કા'નાની વાત રે,
હું કેમ જાઉં મહી વેચવા.

હાં રે આવી પાછળથી ગોળી મારી ફોડે,
હાં રે વળી હૈયાનો હાર મારો તોડે,
હાં રે મોડું મારગમાં થાય રે, સાસુ ખીજાય રે—હું કેમ૰ ૧

હાં રે વ્હાલો પનઘટમાં પાછળ આવે,
હાં રે નવ બોલું તો મુજને બોલાવે,
હાં રે કાંઇ મોરલીમાં ગાય રે, ચિત્તડું ચોરાય રે—હું કેમ૦ ૨

હાં રે અમે યમુનાજી ન્હાવાને જાયેં,
હાં રે મળી સરવે સાહેલડી ન્હાયે.
હાં રે વ્હાલો વસ્ત્ર લઇ જાય રે, કદમની છાંય રે—હું કેમ૦ ૩

હાં રે પ્રાત ઊઠી મંદિર મારે આવે,
હાં રે મારાં સૂતાં બાલક રોવરાવે,
હાં રે દૂધ ઢોળી ઢોળી જાય રે. માખણિયાં ખાય રે—હું કેમ૦ ૪

હાં રે માતા ! કુંવરને આજ સમજાવો,
હાં રે પરનારીને શીદ અકળાવો ?
હાં રે લાગું વારી વારી પાય રે, રસિયા રિઝાય રે—હું કેમ૦ ૫

卐

( ૨૧૯ )

[રાગ—મેં તો દિલ્હી સે દુલ્હન લાયા રે, હો બાબુજી !]

હું તો ગોકુલથી ગોરસ લાવી રે, હો માતાજી !
તારા કા'નાએ ધૂમ મચાવી રે, હો માતાજી !

મીઠું મીઠું બોલી મટુકી મારી ફોડી,
માને ન મોહન કહું કર જોડી,
હાં રે રાખો રાખો કુંવર સમજાવી રે—હો માતાજી ! ૧

શીંકે રાખું ઢાંકી, આવીને જાય ચાખી,
સેન ચલાવે ભૃકુટી કરી વાંકી,
હાં રે વ્હાલો દોડે બાલક રોવરાવી રે—હો માતાજી ! ૨

કા'નો મારો નાનો, જાણે ન ચતુરાઈ,
જા, જૂઠા બોલી, ન કરતી બડાઈ,
હાં રે એવું કે'તાને ગોપી લજાણી રે—હો માતાજી ! ૩

卐

(૨૨૦)

[ રાગ – મધુરી-શી મોરલી બજાવજે, કનૈયા ! ]

મીઠાં મીઠાં ગોરસ ચખાવજે, ગુજરિયા !

ગોરસ આપો તો જાવા દેશું, ગુજરિયા !
નહીં આપો તો રસ્તો રોકી રે'શું ગુજરિયા ! ૧

ગોરસનું મૂલ ઘણું ભારી, કનૈયા !
પાલવ મેલો તો જાઉં વારી, કનૈયા ! ૨

ગોરસ આપો તો પાલવ છોડું, ગુજરિયા !
નહીં આપે તો મટુકી તારી ફોડું, ગુજરિયા ! ૩

મટુકી ઉતારી પાસે, રાખી, ગુજરિયા !
'રસિક' પ્રીતમ રીઝયા ચાખી, ગુજરિયા ! ૪

卐

## ( ૨૨૧ )

[ રાગ–જોને સખી ! પેલો યમુનાતટ પર ]

જોને સખી ! પેલો બંસી બટ પર મોહન માગે દાણ રે.

ગોપકુંવરનું મંડલ સાથે,
કંચન લકુટી લઈને હાથે,
મારગ મળિયા કા’ન રે, જોને સખી ! ૧

કંચન મટુકી શિર પર લઈને,
સરખે સરખી ભેળી થઈને,
ચાલી ચતુરસુજાન રે, જોને સખી ! ૨

મધુર હસી હરિ પાસે આવે,
લકુટી મારી મહી ઢળકાવે,
નાચે દઈ દઈ તાન રે, જોને સખી ! ૩

મંદિર મારું દૂર ઘણેરું,
સાસુ – નણદી દેશે મેણું,
થાશે બહુ નુકસાન રે, જોને સખી ! ૪

‘રસિક’ પ્રીતમ પ્રભુ પાછળ ફરતા,
વાટ ઘાટ પર મનડું હરતા,
ચરણકમલમાં ધ્યાન રે, જોને સખી ! ૫

卐

( ૨૨૨ )

[ રાગ–જાદુગર સૈયાં, છોડો મેરી બૈયાં ]

મધુવન વાટે, યમુના ઘાટે, રોકી વ્રજની નાર,
નટવર ! જાવા દે.
હું અલબેલી, છેલછબીલી, નવલ ગુજર નાની નાર છું,
હવે કરો એટલી વાર—નટવર ! જાવા દે૦ ૧
કમલનયન અડશો ના મુજને, નાજુક મારી બ્હાંય છે
પિયુ ! દેખે ગોપકુમાર—નટવર ! જાવા દે૦ ૨
'કુમુદિની' દાસી, થાય ઉદાસી, દુરિજન કેરો ત્રાસ છે,
સાસુડી દેશે ગાળ—નટવર ! જાવા દે૦ ૩

卐

( ૨૨૩ )

[ રાગ–લઈ ગયો, લઈ ગયો, લઈ ગયો રે, મારી ગોળી ]

કામ છે, કામ છે, કામ છે રે, ગિરધારી !
જાવા દો મારે કામ છે.
ગોરસ અમારાં ખાટાં રે થાશે,
તડકો તપે ને વળી ઘામ છે રે—ગિરધારી ! ૧
બાલક અમારાં રોશે રે વ્હાલા !
છેટું ગોકુલિયું ગામ છે રે—ગિરધારી ! ૨
'રસિક' પ્રીતમ મારો પાલવડો મેલો,
રાધા રંગીલી મારું નામ છે રે—ગિરધારી ! ૩

卐

( ૨૨૪ )

[ જોડિયું ]

વાંસળી, વાંસળી, વાંસળી રે, શ્યામ! શાને વગાડો વાંસળી ?
વાંસળીમાં કામણ શું શું ભર્યું છે ?
વીંધી નાખે છે અમ પાંસળી રે—શ્યામ૦ ૧

યમુનાને તીર નીર ભરવાને જઇએ,
ત્યાં તો મારો છો મને કાંકરી રે—શ્યામ૦ ૨

'રસિકપ્રિયા' કર જોડી કહે છે,
વારી વારીને મેં તો ના કરી રે—શ્યામ૦ ૩

卐

( ૨૨૫ )

મહિયારી ચાલી મહી વેચવા રે, એની મટકીનો રૂપેરી રંગ. ૧
ઇંઢોણી રેશમ પાટની રે, સજ્યા સોળે શૃંગાર શ્રીઅંગ. ૨
ઘૂંઘટડો દાબી દાંતમાં રે, તે તો ચાલે ચટકતી ચાલ. ૩
રણઝણ વાગે કિંકિણી રે, પગે પાયલનો ઝણકાર ૪
સરખા તે સરખી સાહેલડી રે, સહુ ગોરસ વેચવાને જાય. ૫
ગોકુલની ગલી સાંકડી રે, તિયાં જોયા શ્રીગોકુલનાથ. ૬
ચમકી ચાલીને ઊભી થઈ રહી રે, કાંઈ સરવે સાહેલીનો સાથ. ૭
જોયા જીવન જુગતે કરી રે, ચિત્ત ચોર્યું છોગાળે એ છેલ. ૮
દધિભાજન ખસકી પડયું રે, વહી ચાલી તે શેરીમાં રેલ. ૯

વિકલ થઇને સુધિ નવ રહી રે, તેનું ચિત્ત ચડયું ચકડોળ. ૧૦
એવી દશા થઈ સર્વની રે, મુખે બોલી શકે નહીં બોલ. ૧૧
કરુણા કરીને પાસે આવિયા રે. વ્હાલો પૂછે મધુરસ વાત. ૧૨
દાન અપરિમિત આપિયાં રે, તિયાં 'કુમુદિની' ભીંજાણાં ગાત. ૧૩

卐

( ૨૨૬ )

[રાગ–મણિમય ભૂમિ, મહાવનમાં શ્રીજસોદાજીને]

હો મહિયારી ! દધિનાં દાન દિયોને, જાવા નહીં દઉં..
ઊભાં રહોને, હો મૃગનયની ! ગોરસનો રસ હું લઉં.
તમ દીઠે સુખ ઉપજે ભારી, મન હરણ કર્યું હો વ્રજનારી !
મદમાતી હો રાધેપ્યારી !—હો મહિયારી૦ ૧
પાલવ પકડી મીઠું બોલી, મિષ કાંઇક કરીને પરસો ચોલી,
શિરની વેણી દીધી ખોલી—હો મહિયારી૦ ૨
'કુમુદિની'ના પ્રાણપતિ સંગે, ઝગડો માંડયો વાટે રંગે,
મન મુદિત થયાં ભૃકુટી ભંગે,—હો મહિયારી૦ ૩

卐

( ૨૨૭ )

[ જોડિયું ]

અળગા રહોને, અડશો ના અલબેલા, ! મારા અંગ-શું
હવે શું કહીએ, અળવિતરાં મેલીને રહીએ ઢંગ-શું.
તમે છેલછબીલા ! ઢોંગાળા ! હવે કરીએ નહીં ઝાઝા ચાળા,
ગંભીર થઇ રહીએ પ્યારા !—અળગા રહોને૦ ૧

મારે સાસુ-નણંદનો ભય ભારી, પાલવડો મેલો ગિરધારી !
મનમોહન ! હું તમથી હારી—અળગા રહોને૦ ૨
'કુમુદિની'ના પ્રાણપતિ વ્હાલા ! ઉરથી તોડી મોતી-માલા,
કરતા અનુચિત નવલા ખ્યાલા—અળગા રહોને૦ ૩

卐

(૨૨૮)

[ જોડિયું ]

હવે શું કરીએ, આંગણિયામાં ઊભો નંદનો છૈયો.
મારે માથે છે મહિની ગોળી. એને સંગે ગોપકુંવર ટોળી,
લકુટી મારીને દેશે ઢોળી—હવે શું કરીએ૦ ૧
મારે સાસુ-નણદનો ભય ભારી, દુરિજન દેખી દે છે તાળી,
મને સહુ દેખતાં કહે છે પ્યારી—હવે શું કરીએ૦ ૨
મારા પિયુ દેખતાં ઘૂંઘટ ખોલે, મુખે અણઘટતાં વચનો બોલે,
તે તો રાત-દિવસ વાંસે ડોલે—હવે શું કરીએ૦ ૩
'કુમુદિની'ના ચંદ સદા રસિયા, મારે હૃદયકમલ આવી વસિયા,
એવાં વચન સુણી મધુરું હસિયા—હવે શું કરીએ૦ ૪

卐

(૨૨૯)

[ જોડિયું ]

અળગા રહોને, હમણાં પિયુજી વનથી આવી દેખશે.
તે તો ખીજ કરે મારે માથે, એમ બોલે-રહો તેની સાથે,
મેં તો વચન દીધાં એને હાથે—અળગા રહોને૦ ૧

પ્રીતલડી તો મનમાં રાખો, દુરિજનનાં વેણ શીદને સાંખો ?
મુજ સાથે એવું શું ભાંખો ?—અળગા રહોને૦ ૨

જલ ભરવા જમુનાજી જાયેં, એકાંતે ભેળાં ત્યાં થાયેં,
એક બીજાના પાલવ સ્હાયેં—અળગા રહોને૦ ૩

'કુમુદિની'ના ચંદ્ર ચતુર વ્હાલા ! સમજુ થઇ રહીએ નંદલાલા !
કંઠે આરોપી વરમાળા—અળગા રહોને૦ ૪

卐

( ૨૩૦ )

[ રાગ–ચાલ ચાલને ચતુરા ! જાયેં કુંજમાં જો ]

મારૂં મનડું મોહ્યું ને હવે કયાં જશો જો ?
વ્હાલમ ? રજનીવેળાના તમે કયાં વસો જો ? ૧

કોઈ મળશે કામણગારી કામિની જો,
નાથ ! રોકી રાખે રે રખે જામિની જો ! ૨

એવી અબળા અનેક મળે વનમાં જો,
કામણગારી ને કાંઇક તેના મનમાં જો. ૩

કોલ આપો અલબેલા ! મારા હાથમાં જો,
જાવા દઇએ તો તેડી ચાલો સાથમાં જો. ૪

તમે 'કુમુદિની' કિશોર મનમાં વસ્યા જો
સુણી બોલ કામિનીના, મધુરું હસ્યા જો. ૫

卐

( ૨૩૧ )

[ જોડિયું ]

રંગે રમશું રંગીલી ! તારા સાથમાં જો,
લ્યોને આપું આ કોલ તારા હાથમાં જો. ૧
સ્નેહભાવે કરીને મને ભીંજવ્યો જો,
ગોરી ! લટકો કરીને તમે રીઝવ્યો જો. ૨
તમે કહોને વચન આધીન છું જો,
પ્રેમ પાસે સદાય હું તો દીન છું જો. ૩
તારું મુખડું જોયું ને રસ વાધિયો જો,
રાધા 'કુમુદિની' કિશોર પાય લાગિયો જો. ૪

卐

( ૨૩૨ )

ચાલો નિકુંજ દ્વાર રંગે, હો સજની ! ચાલો.
અતિ આનંદમાં બિરાજે પ્રિયાજી,
શ્રીમદનમોહનજીને સંગે, હો સજની ! ચાલો૦ ૧

વિવિધ ભાતના મેવા મંગાવ્યા ને પ્રીતમને ભોગ ધરાવ્યા,
કરતાં વિનોદ અરોગ્યાં પરસ્પર,
યમુનાજલ આચમન કરાવ્યાં, હો સજની ! ચાલો૦ ૨

ઝીણા પટ લઇ આવ્યાં, લલિતાજી મુખવસ્ત્ર કરાવ્યાં,
અતિ સુગંધ પાન બીડી કરીને,
પ્રીતમ પ્રિયાને અરોગાવ્યાં, હો સજની ! ચાલો૦ ૩

કુસુમમહેલમાં પધાર્યા, સાહેલી ! પ્રાણપ્રિયાજી લઇ સંગે,
અતિ સુગંધ તિયાં છિરકયાં ગુલાબ નીર,
છોડયા ફુવારા ઉમંગે, હો સજની ! ચાલો૦ ૪

એક સખી ફૂલમાળા લઇને બેઉને કંઠ ધરાવે,
અતિ સુગંધ કર લીધા અગરજા,
પરસ્પર બેહુને લગાવે, હો સજની ! ચાલો૦ ૫

ગાન-તાન કરે અતિ ઉત્સાહ-શું ને પ્યારીજી બીન બજાવે,
વેણુ વગાડે શ્રીમદનમોહનજી,
પ્યારીનું મુખડું નિહાળે, હો સજની ! ચાલો૦ ૬

ગલબૈયાં દઈ પ્રાણપ્રિયાજીને, શયનસદનમાં પધાર્યા,
અતિ સુગંધ પુષ્પશૈયા રચી છે,
લલિતાજી વાય ઢોળાવે, હો સજની ! ચાલો૦ ૭

અતિ આનંદે ને વિધવિધ ભાતે પ્રિયા-પ્રીતમ સંગ ખેલ્યાં,
જોઇ જાલરંધ્રે સખી મન–સુખ પામ્યાં,
હૃદયકમલ રસ રેલ્યાં હો સજની ! ચાલો૦ ૮

એ લીલા મારે મન વસો ને વારી વારી ચરણે લાગું,
'કુમુદિની' કિશોર મારે હૃદયે બિરાજો,
સદા જુગલપદ માગું, હો સજની ! ચાલો૦ ૯

卐

( ૨૩૩ )

[ રાગ—ચમકે ચમકે ચાંદલિયો ચમકે છે ]

આવે, આવે, વલ્લભલાલ આવે છે,
મારી ડાબી ફરૂકે આંખ, વલ્લભલાલ આવે છે. ૧
મેં તો સદન સમાર્યાં પ્રેમ—શું,
કાંઈ ફૂલડે વેરાવી વાટ, વલ્લભલાલ આવે છે. ૨
મેં તો હરખે બિછાવી સેજલડી,
મારી સજની પધરાવવાને જાય, વલ્લભલાલ આવે છે. ૩
મેં તો સોળે શણગાર ધરાવિયા,
કાંઈ 'કુમુદિની' નો હરખ ન માય, વલ્લભલાલ આવે છે. ૪

卐

( ૨૩૪ )

## શ્રીનાથજીનું ધોળ

[ રાગ—આજની શોખીન બેની ]

આજની સુહાગી બેની ! શ્રીજીદ્વાર ચાલો.
આજની બડભાગી બેની ! શ્રીજીદ્વાર ચાલો. ૧
નિકુંજનાયકને નયણે નિરખવા,
પ્રેમરસનું પાન કરવા શ્રીજીદ્વાર ચાલો. ૨
મંગલા કરો, શૃંગાર કરો, ગ્વાલના દર્શન કરો,
રાજભોગની ઝાંખી કરવા શ્રીજીદ્વાર ચાલો. ૩

નિત્ય નવા શૃંગાર ને નિત્ય નવી લીલા,
ઝાપટિયાની ઝાપટ ખાવા શ્રીજીદ્વાર ચાલો. ૪

ફૂલઘરમાં ફૂલ ભરો, પાનઘરમાં બીડાં,
શાકઘરની સેવા કરવા શ્રીજીદ્વાર ચાલો, ૫

નાથુવાસમાં નાથજીનાં ગૌમાતા બિરાજે,
લાલબાગની લ્હેરો કરવા શ્રીજીદ્વાર ચાલો. ૬

લ્હેરિયાં પ્હેરો, ચૂંદડી પ્હેરો, રંગબેરંગી સાડી પ્હેરો.
કછવાઈમાં ગોઠ કરવા શ્રીજીદ્વાર ચાલો. ૭

સેવા કરો, દર્શન કરો, બનાસની ઝારી ભરો,
મહાપ્રસાદનો સ્વાદ લેવા શ્રીજીદ્વાર ચાલો. ૮

આજની સુહાગી બેની ! શ્રીજીદ્વાર ચાલો.
આજની બડભાગી બેની ! શ્રીજીદ્વાર ચાલો.

卐

## અષ્ટાક્ષરની ધૂન

શ્રીકૃષ્ણઃ શરણં મમ, શ્રીકૃષ્ણઃ શરણં મમ,
શ્રીકૃષ્ણઃ શરણં મમ. જય શ્રીકૃષ્ણઃ શરણં મમ.
કદમ કેરી ડાળો બોલે, શ્રીકૃષ્ણઃ શરણં મમ.
જમુના કેરી પાળો બોલે, ,, ,, ,,
વ્રજ ચોરાસી કોસ બોલે, ,, ,, ,,
કુંડકુંડની સીડિયો બોલે, ,, ,, ,,
કમલ–કમલ પર મધુકર બોલે, ,, ,, ,,

ડાળ ડાળ પર પક્ષી બોલે, શ્રીકૃષ્ણઃ શરણં મમ.
વૃંદાવનનાં વૃક્ષો બોલે, ” ” ”
ગોકુલિયાની ગાયો બોલે, ” ” ”
કુંજ-કુંજ વન-ઉપવન બોલે, ” ” ”
વ્રજભૂમિનાં રજકણ બોલે, ” ” ”
રાસ રમંતાં ગોપી બોલે, ” ” ”
ધેનુ ચરાવતા ગોપો બોલે, ” ” ”
વાજાં ને તબલાંમાં બોલે, ” ” ”
શરણાઈ ને તંબૂરમાં બોલે, ” ” ”
નૃત્ય કરંતી નારી બોલે, ” ” ”
કેસર કેરી ક્યારી બોલે, ” ” ”
આકાશે – પાતાળે બોલે, ” ” ”
ચૌદ લોક બ્રહ્માંડે બોલે, ” ” ”
ચંદ સરોવર ચોકે બોલે, ” ” ”
પત્ર – પત્ર શાખાએ બોલે, ” ” ”
આંબા – લીંબુ ને જાંબુ બોલે, ” ” ”
વનસ્પતિ હરિયાળી બોલે, ” ” ”
જતીપુરાના લોકો બોલે, ” ” ”
મથુરાજીના ચોબા બોલે, ” ” ”
ગોવર્ધનને શિખરે બોલે, ” ” ”
ગલી-ગલી ગહેવરવન બોલે, ” ” ”
વેણુસ્વર સંગીતે બોલે, ” ” ”
કળા કરંતા મોર બોલે, ” ” ”

પુલિન કંદરા મધુવન બોલે, શ્રીકૃષ્ણઃ શરણં મમ.
શ્રીજમુનાજીની લ્હેરો બોલે, " " "
આંબાડાળે કોયલ બોલે, " " "
તુલસીજીના ક્યારા બોલે, " " "
સર્વ જગતમાં વ્યાપક બોલે, " " "
વિરહીજનનાં હૈયાં બોલે, " " "
કૃષ્ણવિયોગે આતુર બોલે, " " "
વલ્લભી વૈષ્ણવ સર્વે બોલે, " " "
મધુર વીણા વાજિંત્રો બોલે, " " "
કુમુદિની સરોવરમાં બોલે, " " "
ચંદ્ર–સૂર્ય આકાશે બોલે, " " "
તારલિયાના મંડલ બોલે, " " "
અષ્ટપ્રહર આનંદે બોલે, " " "
રોમરોમ વ્યાકુલ થઈ બોલે, " " "
મહામંત્ર મનમોદે બોલે, " " "
જુગલચરણ અનુરાગે બોલે, " " "



# શ્રીનાથજીની ધ્વનિ

મથુરામાં શ્રીનાથજી, ગોકુલમાં શ્રીનાથજી,
યમુનાજીને કાંઠે રમતા રંગીલા શ્રીનાથજી. ૧

રંગીલા શ્રીનાથજી, અલબેલા શ્રીનાથજી,
વલ્લભકુલના વ્હાલા બોલો, રંગીલા શ્રીનાથજી. ૨

મધુવનમાં શ્રીનાથજી, કુંજનમાં શ્રીનાથજી,
વૃંદાવનમાં રાસ રમંતા રંગીલા શ્રીનાથજી. ૩

નંદગામ શ્રીનાથજી, બરસાને શ્રીનાથજી,
કામવનમાં ક્રીડા કરતા રંગીલા શ્રીનાથજી. ૪

દાનગઢ શ્રીનાથજી, માનગઢ શ્રીનાથજી,
સાંકડીખોરે ગોરસ ખાતા રંગીલા શ્રીનાથજી. ૫

સંકેતમાં શ્રીનાથજી, વનવનમાં શ્રીનાથજી,
ગહેવરવનમાં રાસ રમંતા રંગીલા શ્રીનાથજી. ૬

ગોવર્ધન શ્રીનાથજી મારગમાં શ્રીનાથજી,
માનસીગંગામાં મન હરતા રંગીલા શ્રીનાથજી. ૭

રાધાકુંડ શ્રીનાથજી, કૃષ્ણકુંડ શ્રીનાથજી,
ચંદ્રસરોવર ચોકે રમતા રંગીલા શ્રીનાથજી. ૮

વૃક્ષ વૃક્ષ શ્રીનાથજી, ડાળ ડાળ શ્રીનાથજી.
પત્ર પત્ર ને પુષ્પે રમતા રંગીલા શ્રીનાથજી. ૯

આન્યોરમાં શ્રીનાથજી, ગોવિંદકુંડ શ્રીનાથજી,
અપ્સરાકુંડે આનંદ કરતા રંગીલા શ્રીનાથજી. ૧૦

ગલી ગલી શ્રીનાથજી, કુંજ કુંજ શ્રીનાથજી,
સુરભિકુંડે સ્નાન કરતા રંગીલા શ્રીનાથજી. ૧૧

મંદિરમાં શ્રીનાથજી, પર્વતપર શ્રીનાથજી,
જતીપુરામાં પ્રગટ બિરાજે રંગીલા શ્રીનાથજી. ૧૨

બિલછૂબન શ્રીનાથજી, કુસુમોખોર શ્રીનાથજી,
શ્યામઢાકમાં છાક આરોગે રંગીલા શ્રીનાથજી. ૧૩

રુદ્રકુંડ શ્રીનાથજી, હરજીકુંડ શ્રીનાથજી.
કદમખંડીમાં ક્રીડા કરતા રંગીલા શ્રીનાથજી. ૧૪

ગામ ગામ શ્રીનાથજી, ઠામ ઠામ શ્રીનાથજી,
ગુલાલકુંડે હોરી રમતા રંગીલા શ્રીનાથજી. ૧૫

નવલકુંડ શ્રીનાથજી, રમણકુંજ શ્રીનાથજી,
વ્રજવાસીના વ્હાલા બોલો : રંગીલા શ્રીનાથજી. ૧૬

卐



# રસિક કૌમુદી

[ ભાગ - ૨ ]

*

( ૨૩૭ )

## * શ્રી વ્રજમંડલનું માહાત્મ્ય *

વ્રજમાં જાશું, વ્રજમાં જાશું, વ્રજમાં જાશું વ્હેલા રે,
વ્રજમાં જાશું, શ્રીયમુના નાશું, થાશું આનંદ ઘેલા રે—૧
સરખી સહિયર સર્વ મલીને વ્રજપરિક્રમા કરશું રે,
વ્રજપરિક્રમા કરશું ને ભવસાગર પાર ઊતરશું રે—૨
ગોકુલ મથુરા ને વૃંદાવન રાસ રમે ગિરધારી રે,
રાસ રમે ગિરધારી એને સંગે રાધાપ્યારી રે—૩
શ્રીયમુનાજીને કાંઠે વ્હાલો બંસી મધુર બજાવે રે,
બંસી મધુર બજાવે ગોપી તન મન ભાન ભૂલાવે રે—૪
શ્રીમહાપ્રભુજી કૃપા કરે તો અખંડ વ્રજમાં વસિયે રે,
અખંડ વ્રજમાં વસિયે બ્હેની એક પલક નવ ખસિયે રે—૫
શ્રીગોવર્ધનની સુભગ તળેટી વ્રજરજ અડશે અંગે રે,
વ્રજરજ અડશે અંગે તો રંગાશું હરિને રંગે રે—૬
રોગ ભોગ એક ક્ષણમાં જાશે આંખી વ્રજની કરતાં રે,
આંખી વ્રજની કરતાં બેની કુંજનિકુંજે ફરતાં રે—૭
વૃક્ષ લતા ને પશુ પક્ષીમાં પ્રીતમના પડછાયા રે,
પ્રીતમના પડછાયા પડતાં દૂર થશે જગમાયા રે—૮
અષ્ટપ્રહર આનંદ મગન મન ગોવિંદના ગુણ ગાશું રે,
ગોવિંદના ગુણ ગાશું બ્હેની ! સ્હેજે સુખિયાં થાશું રે—૯
'રસિકપ્રિયા' મન એ અભિલાષા બીજું કાંઇ ન જાચું રે,
બીજું કાંઇ ન જાચું એ વ્રજલીલાને રંગ રાચું રે—૧૦

卐 卐

( ૨૩૮ )

[રાગ–આજ મારી બેનડી ! ચામાં આનંદ કેવો થાય છે ?]

આજ મારી બેનડી ! વ્રજમાં આનંદ કેવો થાય છે ? ૧

કાખમાં લીધાં ઝાંપીજી ને હાથમાં લીધી થેલી,
મહારાણીજીના મંગલ ગાતી પહોંચી સહુથી પે'લી–મારી૦ ૨

સરખી સૈયર સહુ મળીને જમનાજીમાં ન્હાય,
પ્રેમ ધરીને પાન કરંતા જમનું તેડું જાય–મારી૦ ૩

કુમકુમ અક્ષત ફૂલની માળા પૂજા કેરો થાળ,
શ્રી જમનાજીને દૂધ ચડાવો ધરાવો શૃંગાર—મારી૦ ૪

પેંડા બરફી ખીર મોહન ને જલેબીના ભોગ,
મિસરી મેવા બાસોંદી બહુ સામગ્રી સંજોગ–મારી૦ ૫

શ્રીજમનાજીમાં કાચબા રમે વાંદરા રમે કાંઠે.
ચોબાજી તો બારણે ઊભા દક્ષિણા લેવા માટે–મારી૦ ૬

સાંજ સમે સહુ નાવમાં બેસી દર્શન માટે જાય,
વિશ્રામઘાટે આરતી ઊતરે જોતાં આનંદ થાય–મારી૦ ૭

શ્રીમહાપ્રભુજીના બેઠકજીમાં ભાવે ધરિયે ભોગ,
પ્રેમે ચરણસ્પર્શ કરતાં ભાગે ભવના રોગ–મારી૦ ૮

છોટા મોટા મદનમોહનજી આઠે દર્શન થાય,
શ્રીરમણપ્રભુજીના બેઠકજીમાં મંગલ ધોલ ગવાય–મારી૦ ૯

મધુપુરીની મંગલ શોભા કહેતાં ના'વે પાર,
દેવને દુર્લભ વ્રજની લીલા ગાયે નર ને નાર–મારી૦ ૧૦

'રસિકપ્રિયા' માગે કરજોડી આપો વ્રજમાં વાસ,
નેન ભરીને નટવર નિરખું રમતા રાસ વિલાસ–મારી૦ ૧૧

卐

( ૨૩૯ )

## શ્રીનાથજીના પાટોત્સવનું ધોળ

[ રાહ–સખી રે આંબો રોપીયો ]

જી રે ધન્ય દિવસ ધન્ય રાતડી,
ધન્ય ધન્ય સાતમ શુભવાર—શ્રીનાથજી૦ ૧

મહામંગલ માસ ફાગણ તણો,
કૃષ્ણપક્ષ પરમ સુખ સાર—શ્રીનાથજી૦ ૨

મથુરા નગરીમાં આનંદ છાઈ રહ્યો,
સતઘરા તણી શોભા અપાર—શ્રીનાથજી૦ ૩

શ્રીગુસાંઇજી પધાર્યા પરદેશમાં,
સતઘરામાં બિરાજે બાલક સાત—શ્રીનાથજી૦ ૪

આવી સેવકે આપી વધામણી,
પાઉં ધાર્યા શ્રીગોવર્ધનનાથ—શ્રીનાથજી૦ ૫

સાતે બાલક સન્મુખ થઈ રહ્યા,
વ્હાલે ભેંટયા શ્રીવલ્લભલાલ—શ્રીનાથજી૦ ૬

નિજ મંદિરે પધરાવ્યા પૂરણ પ્રીતશું,
હૈયે હરખ્યા છે સહુ પરિવાર—શ્રીનાથજી૦ ૭
ગાદી તકિયા સિંહાસન શોભતાં,
પિછવાઈ ચંદરવા રસાલ—શ્રીનાથજી૦ ૮
કેસરી વાગો ને પાગ ધરી કેસરી,
ચોવા ચોલી ને વિવિધ શૃંગાર—શ્રીનાથજી૦ ૯
મોરચંદ્રિકા મહા રસ ભાવની
પ્રીતે પહેરાવ્યા ફૂલડાંના હાર—શ્રીનાથજી૦ ૧૦
વ્હાલો મોરલી વગાડે મીઠી તાનશું,
દર્પણ દેખાડે સુભગ સ્વરૂપ—શ્રીનાથજી૦ ૧૧
રસોઈ કરતાં વહુ બેટીજી હરખિયાં,
નયણે નિરખ્યા શ્રીનંદના કુમાર—શ્રીનાથજી૦ ૧૨
જેને સેવા મનોરથ મન થયા,
સિદ્ધ કરિયા સામગ્રીના થાળ—શ્રીનાથજી૦ ૧૩
ગૂઢ ભાવ મનોરથ મન તણા,
ખરમંડા ને ખીર રસાલ—શ્રીનાથજી૦ ૧૪
કંચનપટ્ટા બિછાવ્યા પૂરણ પ્રીતશું,
સન્મુખ સાજ્યા સુંદર પકવાન—શ્રીનાથજી૦ ૧૫
શીતલ ઝારી ભરી શ્રીયમુના જલ તણી,
પધરાવ્યા શ્રી પ્રાણ આધાર—શ્રીનાથજી૦ ૧૬
વહુ બેટીજી પરોસે પૂરણ પ્રીતશું,
કરે અરસપરસ મૃદુ હાસ્ય—શ્રીનાથજી૦ ૧૭

વ્હાલા ભોજન અરોગ્યા ભાવશું,
કર્યાં આચમન નિર્મલ નીર—શ્રીનાથજી૦ ૧૮
શ્રીમુખ પોંછી બીડાં અરોગાવિયાં,
લવિંગ એલચી સોપારી બરાસ—શ્રીનાથજી૦ ૧૯
કંચન કલશ કેસર રંગ ઘોળિયા,
ચોવા ચંદન અબીલ ગુલાલ—શ્રીનાથજી૦ ૨૦
વહુ બેટીજી ચાલે છે મલપતાં,
ચાલે ઝાંઝરને ઝમકાર—શ્રીનાથજી૦ ૨૧
એક અબીલ ઉડાવે ઉજ્જવલ ભાવશું,
રંગ રસિયાના રચિયા કપોલ—શ્રીનાથજી૦ ૨૨
ગૂઢ વચન પરસ્પર ગુણ ભર્યાં,
કાંઈ બોલે મનોહર બોલ—શ્રીનાથજી૦ ૨૩
ચોવા ચિબુકને ચંદન ચરચિયાં,
પ્રેમે છિરકી પ્રીતમજીની પાગ—શ્રીનાથજી૦ ૨૪
રસ વાધ્યો ને આનંદ ઊલટિયો,
પિચકારીના પૂરણ ભાવ—શ્રીનાથજી૦ ૨૫
વહુ બેટીના ભાગ્ય સખી શું કહું ?
સુખ પામ્યાં છે સહુ પરિવાર—શ્રીનાથજી૦ ૨૬
એ તો ગૂઢ સ્વરૂપ વ્રજભક્તનાં,
રંગે રીઝયા શ્રીગોવર્ધનનાથ—શ્રીનાથજી૦ ૨૭
કોટી કંદર્પ સ્વરૂપ સોહામણું,
ફેંટે ફરિયાં છે અબીલ ગુલાલ—શ્રીનાથજી૦ ૨૮

ભેટ ધરિયાં આભૂષણ એ સમે,
પ્રભુ પ્રેમે કર્યાં અંગીકાર—શ્રીનાથજી૦ ૨૯
વ્હાલે હસી હસી શ્રીમુખે માગિયાં,
પ્રગટી પરમ અલૌકિક પ્રીત—શ્રીનાથજી૦ ૩૦
ઘણા દિવસ બિરાજ્યા શ્રીજી સતઘરે,
નિત્ય નવલા મનોરથ થાય—શ્રીનાથજી૦ ૩૧
ભોગ રાગ શૃંગાર નિત્ય નવનવા,
આનંદ મંગલમાં દિન જાય—શ્રીનાથજી૦ ૩૨
મારે વ્હાલે મહા સુખ આપિયાં,
કાપ્યા કોટિ વિરહ તન તાપ—શ્રીનાથજી૦ ૩૩
કહે 'રસિકપ્રિયા' રસ ભાવશું,
મારે શિર છે ચરણ તણી છાપ—શ્રીનાથજી૦ ૩૪

卐

( ૨૪૦ )

[ રાહ – મેરે શ્રીનાથજી પ્યારે ]

અમારા દેવ છે ન્યારા, રંગીલા રાસ રમનારા,
મનોહર મોરલીવાળા, સખી ! શ્રીનાથજી પ્યારા. ૧

સ્વરૂપે સ્યામ એ શોભે, નિરખતાં મારું મન લોભે,
કમલશાં નેન અણિયાળાં, સખી ! શ્રીનાથજી પ્યારા. ૨

સુહાગી સૃષ્ટિ સહુ ચાલો, નિડર થઈ મંદિરે મ્હાલો,
જપો મુખ નાથની માલા, સખી ! શ્રીનાથજી પ્યારા. ૩

મળી ભાઈઓ તથા બ્હેનો, હવે વિલંબ છે શેનો ?
અલૌકિક અર્થ દેનારા, સખી ! શ્રીનાથજી પ્યારા. ૪

કરી જેમ ઇંદ્રજલવૃષ્ટિ, શરણુ આવી સહુ સૃષ્ટિ,
ઉગારી અભય દેનારા, સખી ! શ્રીનાથજી પ્યારા. ૫

પડે દુઃખ સ્હેજમાં સ્હેવું, સદા આનંદમાં રહેવું,
તતક્ષણુ તાપ હરનારા, સખી ! શ્રીનાથજી પ્યારા. ૬

ખૂંચે જો માર્ગમાં કાંટા, સુણી વરૂ વાઘના ઘાંટા,
ડરો નહીં દેવ રખવાળા, સખી ! શ્રીનાથજી પ્યારા, ૭

નદી સિંધુ અને નાલાં, વટાવી પર્વતો પાળા,
જઈ નિરખો શ્રીનંદલાલા, સખી ! શ્રીનાથજી પ્યારા. ૮

પ્રભુને મંદિર પહોંચો, હૃદય નિજ ધર્મને સોચો,
કૃપારસ દાન દેનારા, સખી ! શ્રીનાથજી પ્યારા. ૯

કરો રસભાવશું ભક્તિ, પ્રભુમાં પ્રેમ આસક્તિ,
હરિ સહુ દુઃખ હરનારા, સખી ! શ્રીનાથજી પ્યારા. ૧૦

કહે નિજ દાસ કરજોડી, યુગલ પદ પ્રીતમે જોડી,
રહો નહીં એક ક્ષણુ ન્યારા, સખી ! શ્રીનાથજી પ્યારા. ૧૧

卐

( ૨૪૧ )

[ રાહ – શ્રીગોકુલ ગામમાં બિરાજે શ્રીગોકુલેશ ]

શ્રી મેવાડ દેશમાં બિરાજે, શ્રીનાથજી અલબેલા.
એની શોભા અલૌકિક છાજે. શ્રીનાથજી અલબેલા. ૧

એ તો નંદ જસોદાના લાલ, શ્રીનાથજી૦
વ્રજ ગોકુલના પ્રતિપાલ, શ્રીનાથજી૦ ૨

શ્યામ સ્વરૂપ સોહામણું લાગે, શ્રીનાથજી૦
મારા અંતરમાં સ્નેહજ્યોત જાગે, શ્રીનાથજી૦ ૩

એ તો રાધારમણ રંગભીના, શ્રીનાથજી૦
ધર્યાં નખશિખ શૃંગાર નવીના, શ્રીનાથજી૦ ૪

સૂથન કાછની ને સુંદર પટકો, શ્રીનાથજી૦
કોટિ કંદર્પ લાવણ્ય એનો લટકો, શ્રીનાથજી૦ ૫

મોર મુકુટ મસ્તક પર સોહે, શ્રીનાથજી૦
કોટિ કામિનીનાં મનડાં મોહે, શ્રીનાથજી૦ ૬

રતન જડિત અભૂષણ અંગે, શ્રીનાથજી૦
ચિત્ત ચોર્યું ભ્રૂકુટીને ભંગે, શ્રીનાથજી૦ ૭

સોહે કેસરનું તિલક ભાલ, શ્રીનાથજી૦
વ્હાલો ચાલે છે હંસગતિ ચાલ, શ્રીનાથજી૦ ૮

વ્હાલે મુરલી વગાડી વશ કીધાં, શ્રીનાથજી૦
વ્રજ ગોપીએ પ્રેમ રસ પીધાં, શ્રીનાથજી૦ ૯

આઠે દર્શનમાં આનંદ ભારી, શ્રીનાથજી૦
નયણે નિરખું નિકુંજબિહારી, શ્રીનાથજી૦ ૧૦

એવી શરદ નિશા અજવાળી, શ્રીનાથજી૦
બે બે ગોપીને વચ્ચે વનમાળી, શ્રીનાથજી૦ ૧૧

રચ્યો વૃંદા તે વનમાં રાસ, શ્રીનાથજી૦
વ્રજસુંદરીની પૂરી વ્હાલે આસ, શ્રીનાથજી૦ ૧૨

કરજોડી કહે છે નિજદાસ, શ્રીનાથજી૦
આપો ચરણકમલમાં નિવાસ, શ્રીનાથજી૦ ૧૩

卐

( ૨૪૨ )

[ રાહ – ભેટે ઝૂલે છે તલવાર ]

મોહન મિલાવો આ વાર સાહેલી ! કોઈ મોહન મિલાવો. ૧

મનડું હરીને વ્હાલે ક્યાંયે સંતાયા,
ભમતી ફરું દ્વારો દ્વાર—સાહેલી૦ ૨

મોરમુકુટ એને કાને છે કુંડલ,
રૂપતણો છે ભંડાર—સાહેલી૦ ૩

'રસિકપ્રિયા' કહે વારીવારી વિનવું,
આપું અમૂલખ હાર—સાહેલી૦ ૪

卐

## ( ૨૪૩ )

[ રાહ – મારા છેલ ગુમાની શ્યામ પ્યારા. ]

શ્રીજી ! પ્રાણથી પ્યારા ન થાઓ ન્યારા, નેનના તારા,
વ્હાલા લાગો છો અપાર. ૧
પ્રાત ઊઠીને દર્શન કરીએ, મંગલા સમે સુહાય,
કીર્તનિયા તો કીર્તન કરતા, મંગલ આરતી થાય રે૦ ૨
શૃંગાર સમેનાં દર્શન કરીએ, કંઠે મોતીના હાર,
મોરમુકુટ મકરાકૃત કુંડલ અદ્ભુત ધર્યો શૃંગાર રે૦ ૩
ફૂલતણી તો માળા ધરાવી, બંસરી દીધી હાથ,
ગોસ્વામી બાળક દર્પણ દેખાડે, મંદ હસે મારો નાથ રે૦ ૪
શૃંગારનાં તો કીર્તન ગવાયે રે, વૈષ્ણવની ભીડ ન માય,
ઝાપટિયા તો ઝાપટ મારે, પાપ શરીરનાં જાય રે૦ ૫
ગ્વાલ સમેનાં દર્શન કરિયાં, પાટિયાં સન્મુખ સજાય,
ચરણકમલમાં તુલસી સમર્પે ધૂપદીપ તિયાં થાય રે૦ ૬
ટેરો ખેંચી ભોગ પધરાવે, આણે કંચન થાળ,
મધુમેવા પકવાન મિઠાઈ, રાજભોગના પ્રકાર રે૦ ૭
સખડીમાં બહુ સોંજ બનાવી, સૌણે સુંદર થાળ,
રોટી લીટી શાક સલૂણાં, કે'તાં ન આવે પાર રે૦ ૮
કીર્તનિયા તો કીર્તન બોલે, આરોગે મારા નાથ,
કરી મનુહાર પ્રેમે અરોગાવે, વલ્લભ બાલક સાથ રે૦ ૯
માલા બોલે ને ભોગ સરાવે, બીડાં આરોગે શ્યામ,
શ્રીકંઠે ફૂલહાર ધરાવે, પૂરે મનની હામ રે૦ ૧૦

ફૂલછડી ને બંસી ધરાવે, વારે આરતી થાલ,
દેશદેશના વૈષ્ણવ આવે, વૃદ્ધ તરુણ ને બાલ રે૦ ૧૧

સાંજ સમે શંખનાદ સુણીને દોડે નર ને નાર,
દર્શન કરતાં સહુ દુઃખ ભૂલે, આનંદ થાય અપાર રે૦ ૧૨

ભાંત ભાંતના મેવા મિઠાઈ ભાવે ધરતાં ભોગ,
બીન મધુરી વાગે મનોહર સુંદર લાગે સંજોગ રે૦ ૧૩

સંધ્યા સમે વ્હાલો વનથી પધારે, સંધ્યા આરતી થાય,
ઝાંઝમૃદંગો ને વાજિંત્રો વાગે, મનમાં મોહ ન માય રે૦ ૧૪

શૃંગાર સરવે વડા કરીને સૂક્ષ્મ થાય શૃંગાર,
દૂધના ડબરા ભોગ સામગ્રી, સેનમાં સાણ્યા થાળ રે૦ ૧૫

ભોગ સરે ને બીડી અરોગે, શ્રીકંઠે ફૂલહાર,
સેન સમેનાં દર્શન કરતાં ભીડ તણો નહીં પાર રે૦ ૧૬

કીર્તનિયા તો કીર્તન ગાતાં સેનની આરતી થાય,
નિકુંજનાયક નયણે નિરખતાં આનંદ ઉર ન સમાય રે૦ ૧૭

આઠ સમેની અદ્‌ભુત ઝાંખી દેવને દુર્લભ હોય,
સુખસાગરમાં સ્નાન કરે તો સરવે ઉપાધિ ખોય રે૦ ૧૮

દાસી જાણીને દયા વિચારો, વ્રજમાં આપો વાસ,
'રસિકપ્રિયા' રસ ભાવ મનોરથ, પૂરો ઉરની આસ રે૦ ૧૯

卐

( ૨૪૪ )

[ જોડિયું ]

શ્રીગોવર્ધનધારી ! કુંજબિહારી ! દર્શન આપોને,
રાધારમણ મુરારી ! જાઉં બલિહારી, દર્શન આપોને. ૧
મોરમુકુટ મકરાકૃત કુંડલ, તિલક બિરાજે ભાલ,
સૂથન કાછની સુંદર પટકો, ઉર વૈજંતીમાલ રે૦ ૨
મુરલી વગાડી મન હરી લીધાં. વશ કીધી વ્રજનાર,
છેલછબીલો રંગરંગીલો, નટવર નંદકુમાર રે૦ ૩
વૃંદા તે વનને મારગ જાતાં માગે ગોરસદાન,
મટુકી ફોડે ને ગોરસ ઢોળે નાચે દૈ દૈ તાન રે૦ ૪
યમુના કિનારે રાસ રચાવે, એક ગોપી એક શ્યામ,
'રસિકપ્રિયા' કરજોડી કહે છે, વ્રજમાં કરું વિશ્રામ રે૦ ૫

卐

( ૨૪૫ )

[ રાહ–કોણ ભરે રે, કોણ ભરે રે, યમુનાનાં પાણી ]

રંગે રમે રે, રંગે રમે રે, શ્યામા શ્રીનાથજી શું રંગે રમે,
રંગે ભરે રે, રંગે ભરે રે, શ્યામા શ્રીનાથજીને રંગે ભરે. ૧
સામસામી નેન બાણ છૂટે પિચકારિયો,
કિંશુક ગુલાબ રસે ભરી ધરી ઝારિયો,
પેચ પાંચ ભાવભર્યાં મનડું હરે રે—શ્યામા૦ ૨

અબીર ગુલાલ તણી ભરી વળી ઝોરિયાં,
આસપાસ દોડતી અહીરતણી છોરિયાં,
છલબલશું છેલ તણે પૂંઠે ફરે રે—શ્યામા૦ ૩

'કુમુદિની' કિશોર તમે હાર્યા, હું જીતી,
હોડાહોડ પરસ્પર પ્રગટ થતી પ્રીતિ,
એ છબિ નિહાળી કાજ સહુનાં સરે રે—શ્યામા૦ ૪

卐

( ૨૪૯ )

## [ શ્રીનાથજીનું ધોળ ]

ઘડી ઘડી શું કહિયે, શ્રીજી અંતરજામી ! આપને,
જનમજનમની પ્રીત નિભાવો, દૂર કરો સંતાપને–ઘડી૦ ૧

પતિ ન છોડે નિજ પત્નીને કદી કરે અપરાધ એ, કદી૦
પિતા પુત્રને ના તરછોડે આપે શિક્ષા સાધ એ, આપે૦
દયા કરી દિલમાં જ વિચારો, શિષ ચરણની છાપને–ઘડી૦ ૨

કમલ જીએ સૂરજને સ્નેહે જુવે 'કુમુદિની' ચંદ્રને, જુવે૦
દાસી જુએ દીનબંધુને, નંદ–જશોદાનંદને, નંદ૦
ક્ષમા કરો અપરાધ અમારો, જપું નિરંતર જાપને–ઘડી૦ ૩

卐

( ૨૪૭ )

[ રાહ – ખંમા મારા નંદજીના લાલ ]

એ ખંમા મારા ગોવર્ધન નાથ ! શ્રીજીદ્વાર ફરીને બોલાવ્યાં. ૧

પાંચપાંચ વર્ષે અમે શ્રીજીદ્વાર આવિયાં,
સ્નેહે સન્માન કરી અમને બોલાવિયાં,
સરખી સાહેલીને સાથ—શ્રીજીદ્વાર ફરીને બોલાવ્યાં. ૨

મંગલા શૃંગાર ગ્વાલ અને રાજભોગના,
ચરણેસ્પર્શીને સુખ લેશું સંયોગના,
મંદિરમાં મલશું એકાંત—શ્રીજીદ્વાર ફરીને બોલાવ્યાં. ૩

કોડી કંદર્પ રૂપ નયણે નિહાળશું,
ઘરના તે કામકાજ સ્હેજે વિસારશું,
ફૂલ્યાં ફરશું દિનરાત—શ્રીજીદ્વાર ફરીને બોલાવ્યાં. ૪

અબળા બડભાગી એક આવી શરણમાં,
અનાથના નાથ હવે રાખો ચરણમાં,
અંતરની તૂટી આઘાત—શ્રીજીદ્વાર ફરીને બોલાવ્યાં. ૫

卐

( ૨૪૮ )

[ રાહ – શ્યામ રંગ સમીપે ન જાવું. ]

ચરણોમાં મારું મન લાગ્યું, શ્રીનાથજીના ચરણોમાં૦ ૧

કોટિ કંદર્પરૂપ નેન ભરી નિરખું,
હૈયામાં સ્નેહબાણ વાગ્યું — શ્રીનાથજીના૦ ૨

જનમ-જનમની પ્રીત પ્રગટાવી,
જગતને તૃણવત્ ત્યાગ્યું — શ્રીનાથજીના૦ ૩

'રસિકપ્રિયા' રસભાવે ભીંજાણી,
અહર્નિશ એ સુખ માગ્યું — શ્રીનાથજીના૦ ૪

卐

( ૨૪૯ )

[ રાહ-બંસી બાજી હો શ્યામ ! તેરી મદનગોપાલ ]

રંગ રસિયા શ્રીનાથજી ! પધારો મારે ઘેર,
અલબેલા શ્રીનાથજી ! પધારો મારે ઘેર. ૧

વાટલડીએ ફૂલ વેરાવું, તોરણ બાંધું દ્વાર,
ઠામઠામ દીપક અજવાળું, ઝગમગ જ્યોત અપાર-રંગ૦ ૨

ગાદી તકિયા મખમલના ને મખમલ કેરા શ્રાજ,
પ્રીતમજી તમે પ્રેમે પધારો, કરવા મંગલ કાજ—રંગ૦ ૩

ભાંત ભાંતના ભોગ ધરાવું, સાજું કંચન થાળ,
પેંડા બરફી કરું કચોરી, બુંદી મોહનથાળ—રંગ૦ ૪

વ્હાલમજી ! હું વાય ઢોળાવું કરું મધુરું ગાન,
બીડી પાન બરાસ એલચી કરું ઘણાં સન્માન—રંગ૦ ૫

ફૂલતણી તો સેજ બિછાવું રંગે રમશું રાસ,
સર્વ મનોરથ સફલ કરોને પૂરો ઉરની આશ—રંગ૦ ૬

તમે બોલાવી હું નવ આવી, વેરણ ઊપજી લાજ,
ક્ષમા કરો અપરાધ અમારો, રસિયા રાજધિરાજ—રંગ૦ ૭

જેવી તેવી પણ દાસી તમારી શરણ તમારે આવી,
'રસિકપ્રિયા' રસ દૃષ્ટિ કરીને આપ લિયો અપનાવી—રંગ૦ ૮

卐

( ૨૫૦ )

[ રાહ – વ્હાલાજીનો કેસરિયા ઘોડો રે ]

શ્રીનાથજીનો કેસરિયા ઘોડો રે,
કે ગોપિયોમાં રમવાને છોડયો રે૦ ૧

આવ્યા છો પણ દાતણિયા કરતા જાઓ,
દાતણિયાં કેમ કરીએ ગોરી રે,
સંગાથે ગોપબાલની ટોળી રે૦ ૨

આવ્યા છો પણ ન્હાવણિયાં કરતા જાઓ,
ન્હાવણિયા કેમ કરીએ ગોરી રે,
સંગાથે ગોપબાલની ટોળી રે૦ ૩

卐

( ૨૫૧ )

[ રાહ – ચાલ ચાલ ચતુર નાર ]

ચાલ તો નિકુંજમાં શ્રીનાથજી નિહાળિયે. ૧

ફૂલના શંગાર અંગ, નેત્ર કમલ રસ અનંગ,
અધરબિંબ ભ્રૂકુટિભંગ, કોટિ કામ વારિયે—ચાલ૦ ૨

ચંદનની વિચિત્ર પાગ, કુટિલ કેશ કુસુમ લાગ,
તિલક રેખ મહા સુહાગ, પલક ના વિસારિયે–ચાલ૦ ૩
'કુમુદિની' ચરણારવિંદ, મધુકર મકરંદ સંગ,
લુબ્ધ લલિત સુખદ સ્વાદ, તન મન ધન વારિયે–ચાલ૦ ૪

卐

( ૨૫૨ )

[ રાહ–શ્રીનાથજી તો છેલ બિરાજતા જો ]

મદનમોહનજી છબિલા મનડું હર્યું જો,
મીઠી મોરલી વગાડી કામણ શું કર્યું જો. ૧
એનું મુખડું પૂનમ કેરો ચંદ્રમા જો,
કામણ ઝલકે સાહેલી એના નેનમાં જો. ૨
સૂથન પટકો ને પાગ સોહે ઢળકતી જો,
સુણી નૂપુરનો નાદ હું તો હરખતી જો. ૩
બાજુ પોંચી ને ફૂમકાં બિરાજતાં જો,
છબી જોતાં મદન મંન લાજતાં જો. ૪
જલ ભરવા જમુનાજી સખી હું ગઇ જો,
નાથ નિરખ્યા ને મંન આતુર થઈ જો. ૫
નથી ગમતું સાહેલી મુંને એ વિના જો,
ક્યારે નિરખું ગોપાલલાલ નંદના જો. ૬
એવા 'રસિક' પ્રીતમ મનમાં વસ્યા જો,
મુજ સામું જોઇને મધુરું હસ્યા જો. ૭

卐

( ૨૫૩ )

[ રાહ–ગોપાલ મારો પારણિયે ઝૂલે રે ]

વૃંદાવન વાંસલડી વાગી રે,
સાહેલી મારા અંતરમાં લગની લાગી-વૃંદા૦ ૧

વગાડે શ્રીમદનમોહન પ્યારા રે,
મનોહર મોરમુકુટવાળા રે,
હાં હાં રે મારા નેન તણા તારા રે-વૃંદા૦ ૨

વાંસલડીમાં કામણ છે ભારી રે,
કરી વશ વ્રજ તણી નારી રે,
હાં હાં રે તે તો 'રસિક' પ્રીતમને પ્યારી-વૃંદા૦ ૩

卐

( ૨૫૪ )

પ્રીતમજીની પ્રીતમાં બંધાણી રે,
બેની ! હું તો પ્રીતમજીની પ્રીતમાં બંધાણી. ૧

મધ્ય નિશાએ મારે મંદિર પધાર્યા,
નવરંગ ચૂંદડી તાણી રે—બેની ! ૨

નયનોમાં નેન જોડી, મોતીની માલા તોડી,
ઉચ્ચર્યા અમૃત રસવાણી રે—બેની૦ ! ૩

મધુર હસીને મારું મન હરી લીધું,
ભોળી થઇને ભરમાણી રે—બેની ! ૪

તે રે દિવસથી હું વ્હાવરી બની છું,
ભાવે ના ભોજન પાણી રે—બેની ! ૫
રાત દિવસ મને રટણ પ્રીતમજીનું,
કમલકલી કરમાણી રે—બેની ! ૬
'રસિક' પ્રીતમ મારે હૃદયે બિરાજ્યા,
દાસી પોતાની જાણી રે—બેની ! ૭

卐

( ૨૫૫ )

## શ્રી ગોપાલલાલજી કડીમાં બિરાજ્યા તેનું ધોળ

[ રાહ—શ્રીનાથજી તે છેલ બિરાજતા જો ]

શ્રીગોપાલલાલજી બિરાજે કડી શહેરમાં જો,
એમના સેવકને રાખે લીલા લહેરમાં જો. ૧
સુંદર શોભા વ્હાલાજીની અતિ ઘણી જો,
વૈષ્ણવજનને મસ્તક સોહે એ ધણી જો. ૨
મારો વ્હાલો વસે જોધપુર શહેરમાં જો,
મારવાડ દેશના તે લોક લીલા લહેરમાં જો. ૩
ત્યાંના રાજા નિત્ય દર્શને જાય છે જો,
રૂપિયા પાંચ ભેટ ધરી ખુશી થાય છે જો. ૪
રાજા સ્વધામ ગયો કુંવર મોટો થયો જો,
કાનફટાના ધરમમાં જઇ ભળ્યો જો. ૫
મહારાજ મંદિર ઉઠાવી ત્યાંથી ચાલિયા જો,
મારગ દેશ ગુજરાત તણા ઝાલિયા જો. ૬

રથ અટક્યો કડીમાં લાગ્યા સૌ ખેડવા જો,
મોટા મોટા શહેરના વૈષ્ણવ આવ્યા તેડવા જો. ૭
કડી શહેર ઉપર અતિશય કૃપા કરી જો,
શ્રીગોપાલલાલજી બિરાજ્યા પ્રેમ ઉર ધરી જો. ૮
નિત્ય નવલા શૃંગાર વસ્ત્ર શોભતાં જો,
લલિત લાવણ્યે કોટિ કામ લોભતાં જો. ૯
શ્યામ વરણ અંગ અરુણ ઝાંય ઝળકતી જો,
મધુર મુરલી અધર રહી મલકતી જો. ૧૦
વામ બાહુ પર વામ કપોલ છે જો,
નેત્રકમલ ચંચલ ચપલ અતિ લોલ છે જો. ૧૧
બીજો શ્લોક યુગલગીત તણો ભાવ છે જો,
પુષ્ટિલીલાનો પ્રગટ પ્રભાવ છે જો. ૧૨
શ્રીબાલકૃષ્ણજી બિરાજે એની ગોદમાં જો,
બાલક્રીડા કરે છે મંન મોદમાં જો. ૧૩
નિધિ ગુસાંઇજીના ગોપાલલાલ છે જો,
શ્રીમહાપ્રભુજીના બાલકૃષ્ણલાલ છે જો. ૧૪
દર્શન સમય સમયનાં નિત્ય થાય છે જો,
નરનારી બાલ વૃદ્ધ દર્શને જાય છે જો. ૧૫
ભોગ રાગ ને શૃંગાર મનોરથ ઘણા જો,
સેવા કરે છે બાલક વલ્લભકુલ તણા જો. ૧૬
નિત્ય નવલા આનંદ ઓછવ થાય છે જો,
શોભા જોઇ દાસ વારણે જાય છે જો. ૧૭

卐

(૨૫૯)

[રાહ–મારે ઘેર આવજે માવા, સવારે ઢેબરૂં ખાવા રે]

વ્હાલાજીને ગાવડી વ્હાલી, ચારે વન વનમાં ચાલી રે.

ગાવડી સંગે ગોવિંદ ડોલે, ગોકુલ વૃંદાવન,
ગોરજગંગાસ્નાન કરે, વ્હાલો પ્રીતમ પ્રાણજીવન—૧

બંસીબટ પર બંસી બજાવે, બોલાવે લૈ લૈ નામ,
કાળી કાજર ધોળી ધૂમર, જપે આઠે જામ—૨

નામ સુણીને નટવર પાસે આવે ટોળે ટોળ,
ઊંચે શ્રવણે આતુર દોડે, ભાવભરી અણમોલ—૩

વ્હાલો વ્હાલ કરે બહુ ઝાઝાં મુખ પર ફેરે હાથ,
નેન ભરીને શ્રીમુખ નિરખે સરવે ગાયોને સાથ—૪

જમુનાજીનાં જલ પીવરાવે ને ન્હવરાવે નંદલાલ,
લીલું લીલું ઘાસ ચરાવે ગાયોને ગોપાલ—૫

ગૌ દોહનની ગૂઢ છે લીલા, જાણે ગોપીજન,
કાં તો જણાવે કૃપા કરીને પોતે થઇ પ્રસન્ન—૬

ગાવડી વ્હાલી ને ગોરસ વ્હાલું, વ્હાલો સાચો સ્નેહ,
માખણરૂપી મનડાં ચોરે નિજજન ભરિયા નેહ—૭

卐

# શ્રી મદનમોહનલાલજીના નવ અખ્યાન

( ૨૫૭ )

## અખ્યાન પહેલું

[ રાહ—વંદું શ્રીવિઠ્ઠલવર. ]

વંદન કરું શ્રીમદનમોહન પ્રભુ રાસરમણ રસભોગી,
શ્રીવિઠ્ઠલેશસ્વરૂપ રસરંજિત વિપ્રયોગ સંયોગી. ૧

મૂળ ધામ અવિચલ જે લીલા અષ્ટ સ્વામિની સંગ,
ગોકુલપતિ મધ્યરસનાયક લજ્જિત કોટિ અનંગ. ૨

અગણિત પૂજા રસિક વ્રજતરૂણી દિવ્ય મનોહર રૂપ,
કુંજનિકુંજ સઘન વન ઉપવન વિલસે શ્રીગોકુલ ભૂપ. ૩

ધાતુરત્ન ગિરિરાજ કંદરા સુખદ સરોવર ભરિયાં,
કુમલ કુમોદ પ્રફુલ્લિત ખીલ્યાં પ્રિય સુખને અનુસરિયાં. ૪

ફૂલ્યાં ફૂલ ગુલાબ ચમેલી ત્રિવિધ પવન લ્હેરાતાં,
એ સૌરભ રસપાન કરંતાં મધુપ ફરે મદમાતાં. ૫

કોકિલ મોર શોર કલકૂજન ગોકુલપતિ ગુણ ગાયે,
સ્વરૂપાત્મક લીલા સામગ્રી જોતાં તૃપ્તિ થાયે. ૬

યુગલકિશોર વિવિધ રસક્રીડા કહેતાં ન આવે પાર,
શ્રીરમણેશ ચરણરજ પરસી, કાંઇ એક કરૂં ઉચ્ચાર. ૭

એ પ્રભુએ મંન ઇચ્છા વિચારી ભક્ત મનોરથ જાણી,
ભૂતલ ભાગ્ય ફળ્યાં નિજજનનાં અતિશય કરુણા આણી. ૮

અગણિત સ્વરૂપ અખંડ બિરાજે પોતાને શ્રીઅંગે,
લીલાહિત બાહિર પ્રગટાવ્યાં, પ્રિયવલ્લભ મંન રંગે. ૯
પરમરસિક મન્મથ મનમોહક નિજસ્વરૂપ સમાન,
લીલા નિત્ય અખંડિત વિલસે, આપે મહારસ દાન. ૧૦
તેમાં મધ્ય શિરોમણિ નાયક શ્રી ગોવર્ધન ધારી,
અગણિત યૂથ ચતુર્થં યૂથપતિ, નાથ નવલ સુખકારી. ૧૧
શ્રીમથુરેશ મનોરથ પૂરણ પ્રિય નવનીત વખાણો,
શ્રીવિઠ્ઠલનાથ નિકુંજબિહારી, રસિક રસાત્મક જાણો. ૧૨
દ્વારિકેશ મૃદુ વેશ મનોહર કોટિ મદનમન મોહે,
શ્રીગિરિધારી અતિ સુખકારી, યુગલ સ્વામિની સોહે. ૧૩
ગોકુલચંદ મંદ મુસકનિયે માનિનીનાં મંન હરતાં,
બાલકૃષ્ણ સંગે વ્રજબાલા, ક્રીડા વિવિધ કરતા. ૧૪
નટવર નૃત્ય કલા પરિપૂરણ શ્રીકલ્યાણ કૃપાલ,
મુકુંદરાય રંગના રસિયા, સુખનિધિ શ્રીગોપાલ. ૧૫
મદનમોહન મનહરણ કમલમુખ, યુગલ સ્વામિની સાથ,
વેણુનાદે વશ કરી ગોપી, લીલા રસવિખ્યાત. ૧૬
શ્રીવૃષભાનકુમારી રાધિકા, મુખ્ય સ્વામિની કહિયે,
દ્વિતિય સ્વામિની શ્રીચંદ્રાવલી કહેતાં પાર ન લહિયે. ૧૭
અગણિત સ્વરૂપ લીલા અતિ અગણિત,
અગણિત ભક્તસમાજ,
એકએકથી અધિક બિરાજે 'રસિકપ્રિયા' સિરતાજ. ૧૮

卐

( ૨૫૮ )

## આખ્યાન બીજું

[ રાહ – શ્રીલક્ષ્મણસુત શ્રી૦ ]

શ્રીજસોમતિ સુત શ્રીમદનમોહંનજી,
રસિક રસાત્મક રસભર્યાં તંનજી,
શ્રીમુખ શોભા પરમ પ્રસંનજી,
નિજજન કેરા પ્રાણજીવંનજી.

– ઢાળ –

જી રે પ્રાણજીવન નિજજન કેરા ને ગહેરા રસ શૃંગાર.
ભક્ત હૃદયસરોજ મધ્યે કરે વિવિધ વિહાર. ૧

મૂલ રૂપ સ્વરૂપ સંવલિત, કોટિ કિરણ પ્રકાશ,
નેત્રકમલ કટાક્ષ કરતા વિવિધ વચન વિલાસ. ૨

શ્રીલક્ષ્મણગૃહ પ્રથમ પ્રગટ્યા શ્રીમુખ અગ્નિસ્વરૂપ,
પુષ્ટિ મારગ પ્રગટ કરવા ધર્યું માનુષ રૂપ. ૩

અંગીકૃત જે સૃષ્ટિ અગણિત કરી સેવા જોગ્ય,
શરણ મંત્રે સિદ્ધ કીધા લીલાને ઉપયોગ. ૪

કૃપાદૃષ્ટિ વૃષ્ટિ કરીને દીધાં વિરહનાં દાન,
સ્વરૂપ સેવા સ્નેહે આપીને કર્યાં બહુ સનમાન. ૫

પુત્રરૂપે પ્રગટિયા શ્રીવિઠ્ઠલ પરમ દયાલ,
અંતઃકરણ અગાધ રસમય કમલનેન વિશાલ. ૬

સંયોગ રસશૃંગાર આત્મક ગૌરવરણ સુકુમાર,
કોટિ કિરણ પ્રકાશ કરતા મધુર વચન ઉચ્ચાર. ૭
શ્રીઆચાર્યજી કૃત શુદ્ધ પુષ્ટિ તેનો કર્યો બહુ વિસ્તાર.
સેવાસાગર પ્રગટ કીધો માર્ગને અનુસાર. ૮
રસાત્મક જે રહસ્ય લીલા ભાવ તેના ગૂઢ,
પ્રગટ રૂપ પ્રમાણ દીસે કેમ કહું મતિ મૂઢ. ૯
કૃપારસના પાત્ર પૂરણ શ્રી જેમલ રાઠોડ,
શરણ આવીને સેવા માગી પૂર્યા તેના કોડ. ૧૦
મદનમોહન સ્વરૂપ સુંદર રાધિકા રસબાલ,
કૃપાસાગર કૃપા કરીને પધાર્યા તતકાલ. ૧૧
શુદ્ધ ભાવે સેવા કરત પુષ્ટિ મારગ રીત,
ભોગ રાગ શૃંગાર વૈભવ ધરી પૂરણ પ્રીત. ૧૨
લોક વૈદિક ત્યાગપૂર્વક તજ્યાં સહુ અભિમાન,
પ્રાણજીવન પ્રસન્ન કીધા ને દીધા અદ્ભુત દાન. ૧૩
સ્વરૂપ સુંદર હૃદય સ્થાપ્યા ને કાપ્યા સહુ અંતરાય,
લીલા નિત્ય અખંડ વિલસે એ સુખ કહ્યાં નવ જાય. ૧૪
એ ભક્તરાજના ચરણ પરસી માગું વારંવાર,
મદનમોહન મધુર લીલા કહું ગુણ વિસ્તાર. ૧૫
પુષ્ટિ પાગટ્ય અભિનવું ફલ સારનો જે સાર,
'રસિકપ્રિયા' ને મન વસો, એ યુગલ નિત્ય વિહાર. ૧૬

卐

( ૨૫૯ )

## આખ્યાન ત્રીજું

[ રાહ – આ પોષ મધ્યાહ્નને નોમે શ્રીનાથજી ]

આ નંદગૃહે આજ વધામણાં પ્રગટ્યા શ્રીમદનમોહન,
આ અલૌકિક ચંદ્ર ઉદય થયો—૧
આ માતા જસોદા મન હરખિયા વરખિયા પ્રેમ અપાર,
આ સુત મુખ નિરખી સંતોષિયા—૨
આ અષ્ટમી અતિ રે આનંદ ભરી કૃષ્ણપક્ષ કારણ રૂપ,
વ્રજભૂપ ગોકુલપતિ અવતર્યા—૩
આ શ્રાવણ માસ સોહામણો વરસ્યો કૃપારસ મેહ,
આ નેહ નવીન જાણી ભક્તના—૪
આ મધ્ય નિશાને મંગલ સમે મહા નિધિ મંગલકરણ,
દુ:ખહરણ ત્રિવિધ ત્રણ લોકના—૫
આ નવલ નક્ષત્ર શુભ રોહિણી શુભ ઘડી શુભ બુધવાર,
આ સારનો તે સાર શિરોમણિ—૬
આ વ્રજજન અતિ રે આનંદિયા કર લીધા કંચન થાળ,
આ હાર વિવિધ રંગ પુષ્પના—૭
આ સુખદ શૃંગાર ધર્યો શોભિતા રંગ ભર્યા રેશમચીર,
આ અધીર થયા રે સહુ સુંદરી—૮
આ અગણિત યૂથ ટોળે મળ્યા નિરખવા નવલકિશોર,
રંગરોળ મચ્યો રે નંદભવનમાં—૯

આ મંગલ કળશ મસ્તક ધર્યાં ઉચ્ચરે મંગલ મુખ ગાન,
આ માનભર્યા મંદિરે પધારિયા—૧૦

આ તોરણ દ્વારે બંધાવિયા રોપ્યા છે કદલીના સ્તંભ,
આ ચોક ચિત્રિત રંગ પૂરિયા—૧૧

આ ગોપકુંવર અતિ કિલકતાં નૃત્ય કરે નવનવ ભાંત,
આ વાજિંત્ર વાગે રે અતિ અભિનવાં—૧૨

આ અગણિત દાન તેણે સમે કરે રે શ્રીનંદજી ઉદાર,
આ અચલ ભંડાર ખોલાવિયા—૧૩

આપે રે પેરે કરી રે પે'રામણી હૈયડલે હરખ ન માય,
આ આનંદસાગર તિયાં ઉલટિયો—૧૪

આ ભાગ્ય ફળ્યાં રે નિજ ભક્તના નિરખ્યા નવલવર નાહ,
ઉત્સાહભર્યાં આશિષ આપે ઘણી—૧૫

આ ધન્ય ધન્ય નંદ જસોમતી ધન્ય ધન્ય ગોકુલ ગામ,
આ કામપૂરણ પ્રિય આવિયા—૧૬

આનંદ મહોત્સવ નિત્ય નવા નવલા મનોરથ મંન,
આ તનડાના તાપ નસાવિયા—૧૭

આ 'રસિકપ્રિયા' રે જાયે વારણે એ સુખ હૃદય સમાય,
આ ઘડી ન સુહાય પ્રભુ તમ વિના—૧૮

卐

( ૨૬૦ )

## અખ્યાન ચોથું

[ રાહ – તે પદ વંદું શ્રીવલ્લભનંદજી. ]

તે પદ વંદું શ્રીજસોમતીનંદજી, મદનમનોહર આનંદકંદજી,
કોટિ કલા વૃંદાવનચંદજી, નખમણિ જોત હરે દુઃખદ્વંદજી.

– ઢાળ –

એવા સુખદ ચરણસરોજ પ્રિયના શીતલ અતિ સુકુમાર,
ભક્તહૃદય પ્રકાશ કરતાં પૂરે રસશૃંગાર—૧
ગોપીજન કુચ કુમકુમે આરક્ત અતિ અનુરાગ,
સ્મરણ કરતાં સ્નેહ ઉપજે ભરે ભાગ્ય સુહાગ—૨
રોમરોમ રસે ભર્યાં સ્વરૂપાત્મક સર્વ શ્રીઅંગ,
લાવણ્ય લટકે ચાલ ચટકે મોહ્યાં કોટિ અનંગ—૩
વેણુનાદે વિવશ કીધાં ને આકર્ષ્યાં વ્રજનાર,
વચન રચને ચિત્ત હર્યાં, વ્હાલે કર્યાં વિવિધ વિહાર—૪
આધિદૈવિક લલિત લક્ષ્મી શ્રીરાધિકા રસરૂપ,
રમણ અર્થે હૃદય વસિયા, રીઝયા શ્રીગોકુલ ભૂપ—૫
વિરહ ને સંયોગ આત્મક, દીધાં મહારસદાન,
પ્રીત રીતે થયા પરવશ, ભક્ત જીવન પ્રાણ—૬
તિલક મૃગમદ ધર્યાં મસ્તક, ઉભય રેખ રસાલ,
શ્યામબિંદુ મધ્ય સોહે, અધર લાલ પ્રવાલ—૭

પુષ્ટિ મહારસ દાન કરવા, મુકુટ મંગલરૂપ,
કરણ કુંડલ રત્નજડિયાં, ભક્ત ભાવ સ્વરૂપ—૮
નાસા નકવેસર બિરાજે, સુંદર મૃદુલ કપોલ,
મંદ હાસ્ય પ્રકાશ કરતાં, ભર્યાં રસતંબોલ—૯
શૃંગાર હાર હમેલ ભૂષણ, ભક્ત ભાવાપન્ન,
સૂથન પટકા શ્વેત જરકસી, મોહે સહુના મંન—૧૦
કાછની કટિ કિંકણી કલરવ કહ્યા નવ જાય,
નૃત્ય કરતાં નવલ નૂપુર શબ્દ મધુર સુહાય—૧૧
માનિનીના માન હરતા, ચતુર ચિત્તના ચોર,
'રસિકપ્રિયા' ને મન વસો એ યુગલ નવલકિશોર—૧૨

卐

( ૨૬૧ )

## અખ્યાન પાંચમું

[ રાહ – શ્રીવિઠ્ઠલ સુખકારી. ]

શ્રીમોહન મંગલકારી, રાધારમણ નિકુંજબિહારી,
મોહી સકલ વ્રજનારી, લીલા અવિચલ નિત્ય અપારી—૧
સ્નેહ સુધારસ ભીના, રસિકશિરોમણિ પરમ પ્રવીના,
કોટિ મદન મદ છિના, રસશૃંગાર રસિક આધીના—૨
ભક્તિ સુધારસ વરસે, સ્વરૂપ બલે સન્મુખ આકર્ષે,
નિજજનના મંન હરષે, ચરણસરોજ હૃદય બિચ પરસે—૩
કોટિ કિરણ રવિ જોતે, રોમેરોમ રસરંજિત હોતે,
દસન હંસન ઉદયોતે, પરમ પ્રકાશ કરે પ્રભુ પોતે—૪

– ઢાળ –

તે તો ભક્તહૃદયને પ્રકાશે રે,
તેના દોષ તિમિર અઘ નાસે રે. ૧
એક મદનમોહન મુખ કેતાં રે,
પ્રિય સંગમના સુખ દેતાં રે. ૨
કોટિકાલના અંતર કાપે રે,
રસદાન અપરિમિત આપે રે. ૩
કૃપાદૃષ્ટિ કરીને ચિત્ત ચોરે રે,
તેનાં બલ કરી બંધન તોડે રે. ૪
મહા વિષહ વિરહ દુઃખ ટાળે રે,
નિજસ્વરૂપ હૃદયમાં પધારે રે. ૫
જેણે મદનમોહન મન ધરીયા રે,
તેના તતક્ષણ કારજ સરિયાં રે. ૬
નિત્યલીલા અખંડ અનુભવતા રે,
પ્રિય રોમરોમ રસ ભરતા રે. ૭
જ્યાં કુંજનિકુંજ અપાર રે,
કેમ વરણવું વિવધ વિહાર રે. ૮
મહેલ પન્નાપિરોજાએ જડિયા રે,
હીરારત્ન અમોલખ ભરિયા રે. ૯
ત્યાંહાં કનકભૂમિ હરિયાલી રે,
અતિ કોમલ પ્રિય સુખકારી રે. ૧૦

ધાતુરત્ન ખચિત ગિરિરાજ રે,
રસરમણ તણા બહુ સાજ રે. ૧૧
પશુપક્ષી કોલાહલ કરતાં રે,
ત્યાં તો મોરનાં મંડલ ફરતાં રે. ૧૨
ફૂલ્યાં ફૂલ ગુલાબ ચમેલી રે,
અરૂઝયાં વન વૃક્ષ ને વેલી રે. ૧૩
ત્યાં તો સુખદ સરોવર ભરિયાં રે,
પર્વત પર ઝરણાં ઝરિયાં રે. ૧૪
ફૂલ્યાં કમલ રંગબેરંગી રે,
મધુપાન કરે અલી સંગી રે. ૧૫
યમુના જલ નિર્મલ સોહે રે,
તટ રત્નખચિત મન મોહે રે. ૧૬
રસ રાસ પુલિન મધ્ય રમતા રે,
મધ્ય નાયક મુજ મન ગમતા રે. ૧૭
કોટિ કોટિ મનોરથ પૂરે રે,
વ્હાલો વિરહ વેદના ચૂરે રે. ૧૮
વ્રજલલનાના યૂથ અપાર રે,
રસ વિલસે અવિચ્છિન્ન ધાર રે. ૧૯
એવા મદનમોહન મહારસિયા રે,
તે તો 'રસિકપ્રિયા' મંન વસિયા રે. ૨૦

卐

( ૨૬૨ )

**અખ્યાન છઠ્ઠું**

[ રાહ – સગુણ સ્નેહી શામળા. ]

મદનમોહન મહા રસભર્યા, પ્રભુ અહર્નિશ દર્શન આપોજી,
યુગલ કેલિ અખંડ લીલા હૃદય સ્થિર કરી સ્થાપોજી. ૧

નંદકુંવર નવનાયક નિરખું, નયણાં ભરી ભરી પ્રીતેજી,
સ્વરૂપામૃત રસપાન કરીને, સેવું રસતણી રીતેજી. ૨

નામનિરંતર અંતર રટતાં, આનંદ થાય અપારજી,
કોટિ કાલની વિરહ વેદના, દૂર કરે તેણી વારજી. ૩

ભોગ રાગ શૃંગાર શિરોમણિ, વૈભવ સહિત બિરાજેજી,
પુષ્ટિ મહારસ દાનના દાતા, ભૂષિત ભક્ત સમાજેજી. ૪

સિંહાસન આસન અલૌકિક, ગૂઢ ભાવ મંન જાણોજી,
ખેલવણાં રસભક્ત રસીલાં, અન્ય ન ઉરમાં આણોજી. ૫

સાત્વિક ભાવે શીતલ ઝારી, બીડાં બહુ રસરૂપજી,
એ રસ અંગીકાર કરીને, રીઝે શ્રીગોકુલ ભૂપજી, ૬

મંગલ ભોગ સંજોગ સામગ્રી, આરતી આરત ટાળેજી,
મુખ્ય સ્વામિની મહારસ ભરિયાં, સર્વસ્વ અંગ ઓવારેજી. ૭

એ રસસિંધુમાં સ્નાન કરીને, મગ્ન થયા પ્રભુ પોતેજી,
વિવિધ મનોરથ ભાવનાં ભૂષણ, ચળકે અદ્ભુત જોતેજી. ૮

પ્રેમપીયૂષમાં રંગિત ધોતી, ઉપરણો અતિ સોહેજી,
ઢળકતી પાગ ને પેચ સમાર્યા, જે દેખે તે મોહેજી. ૯

એમ પરસ્પર પ્રીતમ પ્યારી, પ્રેમ અમૃતરસ પાગ્યાંજી,
પુષ્પમાલ વ્રજબાલ ધરાવે, આતુર અતિ અનુરાગ્યાંજી. ૧૦
આરસી ઉજ્જવલ ભાવ અલૌકિક, શ્રીમુખ સુંદર નિરખેજી,
અંતરંગ જે સખી સહચરી, તે ગાન કરી મન હરખેજી. ૧૧
કુંજનિકુંજથી સહુ વ્રજસુંદરી, સિદ્ધ સામગ્રી લાવેજી,
ગોપીવલ્લભ ભોગ સમર્પે, પ્રીતમને મંન ભાવેજી. ૧૨
મથન કરે મહા મોદ ભરિયાં, દૂધ તબકડીમાં મેલેજી,
એ અધરામૃત પાન કરી બેઉ પરસ્પર ખેલેજી. ૧૩
ખટરસ વ્યંજન રાજસ તામસ સાત્વિક નિર્ગુણ ભક્તજી,
આતુર થઇ આલિંગન ભરવા, કરવા કેલિ અવ્યક્તજી. ૧૪
ભક્ત મનોરથ પૂરણ કરતા આરોગ્યા બહુ પ્રીતેજી,
કરી આચમન શ્રીમુખ પોંછયાં, બીડાં રસતણી રીતેજી. ૧૫
પુષ્પમાલ વ્રજબાલ ધરાવે, વેણુવેત્ર કર ધરિયાજી,
સંગીતસાગર નટવરનાગર તાપ ત્રિવિધ તન હરિયાજી. ૧૬
નૃત્ય ગાન નાના પ્રકારે રાગરાગિણી રૂપજી.
સેવા અર્થે સન્મુખ ઊભાં, રીઝયા શ્રીગોકુલ ભૂપજી. ૧૭
ચંદ્રાવલી અતિ ચતુરશિરોમણિ, આરત અંગ ઓવારેજી,
રાજસ ભાવે રસિક રિઝાવે, અંતર આરત ટાળેજી. ૧૮
શૈયા સામગ્રી સિદ્ધ કરી રાખ્યા, બહુવિધ બંટા ભોગજી,
કોટિ કોટિ રસભાવ મનોરથ, પ્રીતમને ઉપયોગજી. ૧૯
એ લીલા અતિ ગૂઢ અગોચર, કે'તા પાર ન લહિયેજી,
'રસિકપ્રિયા' રમણેશકૃપાએ, યુગલ કેલિ ગુણ ગૈયેજી. ૨૦

卐卐

( ૨૬૩ )

## અખ્યાન સાતમું

[ રાહ – આપ સેવા કરી શીખવે શ્રીહરિ. ]

સમય ઉથ્થાપને સુખદ સિંહાસને,
ઊઠયા સુખસેજથી રંગ ભરિયા,
કરી શૃંગાર વ્રજનાર જે પુલિંદની,
ભાવ સાત્વિક રસે ભોગ ધરિયા. ૧
મધુર મેવા મનોરથ લાવિયાં,
સ્વતઃ શ્રીહસ્તકમલે સમાર્યાં,
આર્દ્ર અંતર ભરે નયન અશ્રુ ઝરે,
વિવિધ વાત્સલ્ય મનમાં વિચાર્યાં. ૨
ભોગ સંજોગ વાજિંત્ર અતિ અભિનવાં,
તાન બંધાન સુર બીન બાજે,
અષ્ટમહાસિદ્ધિ નવનિદ્ધિ દ્વાર રહી,
કોટિ વૈભવ કોટિ કામ લાજે. ૩
આરતીહરણને આરતી વારતાં,
મુગ્ધ ભાવે ભર્યાં જે કુમારી,
સુખદ સંધ્યા સમે ચતુરવરને ગમે,
ધરી શ્રીહસ્તમાં કનકથાળી. ૪
સહજ શૃંગાર વ્રજનાર હરિને કરે,
વિવિધ વ્યંજન ભોગ ધરે ભાવે,

મથન કરે માનિની દૂધ ડબરા ભરે,
નયન-શું નયન સ્નેહે મિલાવે. ૫
કહે રસવારતા વચન ઉચ્ચારતાં,
ઉભય આહ્લાદ કે'તાં ન આવે,
સુખદ જે સહચરી સેજ બહુવિધ કરી,
પ્રીત હિત પુષ્પશૈયા બિછાવે. ૬
વિવિધ બીડાં ધરે ભોગ બંટા ભરે,
સાજ રસ કાજ સહુ સિદ્ધ કરિયાં,
ઊઠયા આધાર તે વાર અચવન કરી,
રસિક વ્રજનારના ચિત્ત હરિયાં. ૭
નયનશયને કરી ભાવ ઉરમાં ધરી,
સુગંધ રસપાન બીડાં અરોગે,
સહજ શૃંગાર ફૂલહાર શ્રીકંઠમાં,
સ્વામિની સંગ રસ ભાવ ભોગે. ૮
તુર્ય પટરાણી મહારાણી મહામોદશું,
આરતી સ્વતઃ નિજ અંગ વારે,
રસિક રસયૂથ જે પ્રગટ પોતે કર્યાં,
ભાવનિર્ગુણ પ્રિયા મન વિચારે. ૯
નયન નિંદ્રા ભર્યાં શયનસુખ શું કર્યાં,
કુંજ નવ કેલિ કહેતાં ન આવે,
યુગલ ગુણગાન એ ધ્યાન અંતર ધરું,
એ વિના અન્ય સપને ન ભાવે. ૧૦

'રસિક'જન વિનવે દીન થઇને કહે,
ચરણ શરણે સહુ કાજ સરશે,
મદનમોહન મહા મોહની રૂપ એ,
મનોરથ મંનતણા પૂર્ણ કરશે. ૧૧

卐

(૨૬૪)

## અખ્યાન આઠમું

[ રાહ – લલિત મનોહર શ્રીવલ્લભ સુવન સુજાન ]

શ્રીમદનમોહનપ્રભુ રસનિધિ રસિક સુજાણ,
ભવદુઃખભંજન નિજજન જીવન પ્રાણ. ૧

વદન સુકોમલ ભ્રૂકુટી કામ કમાન,
સ્વરૂપ સુંદરતા લાવણ્ય લલિત સુઠાન. ૨

એ છબિ જોતાં રહે ન અનુસંધાન,
ભક્ત અનન્યને આપે મહા રસદાન. ૩

કૃપાકટાક્ષે દૂર કરે અજ્ઞાન,
મહા મોહની નહીં કોઇ એહને સમાન. ૪

મહા પતિતને પાવન કરે નિજ બાન,
કરુણાસાગર હૃદય ધરું નિત્ય ધ્યાન. ૫

અગણિત આનંદ કેમ કરી શકીએ વખાણ,
શેષ સહસ્ર મુખ કરે સદા ગુણગાન. ૬

એ રસ દુર્લભ જાણે નહીં કોઇ આન,
ભાગ્યવાન મહા ભક્ત કરે રસપાન. ૭
અવિચલ લીલા સાગરમાં કરે સ્નાન,
લોક વેદની રાખે નહીં કાંઈ કાન. ૮
ચતુરશિરોમણિ ચોસઠ કલા નિધાન
મહદ્ કૃપા વિણ પડે નહીં પહેચાન. ૯

– ઢાળ –

એવા તે રસનિધિ રસિકનાયક, સ્મરણ કરતાં સુખ ભરે,
ત્રિવિધ તાપ સંતાપ નાસે, રાસરમણમાં જઈ મળે. ૧૦
મદનમોહન મધ્ય નાયક, કોટિ કામિની સંગ લઈ,
શુદ્ધ સ્નેહે નવલ નેહે, પ્રીતમજી પરવશ થઈ. ૧૧
નયન શયને મધુર વચણે, મુસકની મનમોહતી,
ચાલ ચટકે ને લલિત લટકે, સુંદરી સંગ સોહતી. ૧૨
ચુંબન કરતા ચતુરનાયક, મૃદુલ ગોલ કપોલશું,
માનિનીના માન હરતા, અધર લાલ તંબોલશું. ૧૩
આતુર થઈ આલિંગન આપે, ને ચાંપે હૃદયવાર,
અંગ પરસે સ્નેહ વરસે, કરે કેલિ વિહાર. ૧૪
વેણી વનિતાની સમારે, ફૂલ ગૂંથે નિજ કરે,
અધરપાને મહારસ દાને, કોટિ મનમથ મદ હરે. ૧૫
કુંજ ભવનેશીતલ પવને, પુષ્પશૈયા જ્યાં રચી,
ચરણચોકી ચરણ ધરવા, રત્નમણિ માણક ખચી. ૧૬
કુંજ કેલિ વિહાર જલસ્થલ, એક રસના કેમ કહું ?
'રસિકપ્રિયા' રમણેશ કૃપાએ, મહા સન્મુખ થઇ રહું. ૧૭

* *

( ૨૬૫ )

**અખ્યાન નવમું**

[ રાહ – નિતપ્રતિ ક્ષણુંક્ષણું સુમરિયે રે. ]

નિત્યપ્રતિ સુમરિયે, સ્નેહશું રે,
શ્રીમદનમોહન પ્રિય નામ રે રસના !
રાધારમણ રસે ભર્યાં રે,
પૂરે મનોરથ કામ રે રસના ! ૧
ધર્મ, પતિવ્રત, પાળિયે રે,
ટાળિયે અન્ય વ્યાસંગ રે રસના !
સર્વસ્વ સોંપી શ્રીચરણમાં રે,
નિત્યનિત્ય નવલા ઉમંગ રે રસના ! ૨
અષ્ટપ્રહર રુચિએ રહે રે,
લીલા લલિત ગુણગાન રે રસના !
શુદ્ધ મને સન્મુખ રહી રે,
કરીએ સ્વરૂપરસ પાન રે રસના ! ૩
મૂલ મનોહર ધામનો રે,
વરણ્યો વિવિધ વિહાર રે રસના !
ભક્ત મનોરથ પૂરવા રે,
ભૂતલ સેવા પ્રકાર રે રસના ! ૪
તનુજા વિત્તજા ને વળી માનસી રે,
શ્રેષ્ઠ શિરોમણિ સાર રે રસના !

એ રસ રંગમાં જે રંગ્યા,
તેના ભાગ્યતણો નહીં પાર રે રસના ! ૫
શ્રીવલ્લભ વિઠ્ઠલ વશ કર્યા રે,
શ્રીમદનમોહન રસરૂપ રે રસના !
લીલા લલિત પ્રકાશવા રે,
ભિન્ન ન એક સ્વરૂપ રે રસના ! ૬
ચરણ શરણ રહી સેવિયે રે,
આરત ઉર અભિલાષ રે રસના !
શ્રીરમણ કૃપા ઢલણી ઢળે રે,
નિસદિન નિકટ નિવાસ રે રસના ! ૭
દીન થઈને દંડવત કરું રે,
યુગલ ચરણની હું દાસ રે રસના !
'કુમુદિની' સંગે સુફલ કરો રે,
'રસિકપ્રિયા' મન આશ રે રસના ! ૮

卐

( ૨૬૯ )

## * શ્રીનવવિલાસના ગરબા *

### વિલાસ પહેલો

[ રાહ – પોષ નોમે શ્રીવિઠ્ઠલનાથજી. ]

હાં રે સખી, ચાલો વૃંદાવન કુંજમાં,
હાં રે લઇ વિવિધ પૂજાનો સાજજો,
ગાતાં તે ગુણ વ્રજ રાજના,
હાં રે પેરી નવલાં આભૂષણ ચીરજો—ચાલો૦ ૧

હાં રે તિયાં યૂથ તણી ગણના નહીં,
હાં રે નવયૌવન નવલે વેશ જો,
ચાલ્યાં પ્રિયાજીની કુંજમાં,
હાંરે જિયાં નિર્ગુણ ભક્ત સુદેશ જો—ચાલો૦ ૨

હાં રે ઘોષ ઘોષ પ્રતિ આનંદ થઇ રહ્યો,
હાં રે સાજ્યાં નૂતન અંબર ચીર જો,
ગાતાં તે ગુણ વ્રજનાથના,
હાં રે જેને નિરખવાને મનડાં અધીરજો—ચાલો૦ ૩

હાં રે મધ્યપાતી કહિયે શ્રીચંદ્રાવલી,
હાં રે લઇ ઉજ્જ્વલ સામગ્રી હાથ જો,
ચંદ્રકલા ચંદ્ર શિરોમણિ,
હાં રે ચંદ્રવદની સહિયરનો સાથ જો—ચાલો૦ ૪

હાં રે કાંઈ ચાલ્યાં તે ચાલ ઉતાવળો,
હાં રે જઈ પહોંચ્યાં નિકુંજને દ્વાર જો,
પૂજા સામગ્રી સન્મુખ કરી,
હાં રે વૃંદાદેવીને કીધો જુહાર જો—ચાલો૦ ૫

હાં રે એ તો ગૂઢ સ્વરૂપ યમુના તણાં,
હાં રે માગ્યા નંદકુંવર ભરથાર જો,
તેજ ક્ષણે પ્રભુજી પધારિયા,
હાં રે રસ ઉછલિત વિઘૂર્ણિત નેન જો-
યુવતી મંડલ મધ્ય આવિયા,
હાં રે કરી વિવિધ સમાગમ સેન જો—ચાલો૦ ૬

હાં રે સખી, પ્રથમ વિલાસ શ્યામા શ્યામના,
હાં રે નવજોબન નવલા વેશ જો,
સરવે સામગ્રી અંગીકૃત કરી,
હાં રે મન મુદિત કરે રસ ખેલ જો—ચાલો૦ ૭

હાં રે તિયાં આનંદની ગણના નહીં,
હાં રે મહા મદન મનોહર રૂપ જો,
'કુમુદિની' ના મનમાં વસો,
હાં રે શોભા સાગર શ્રીજુગલ સ્વરૂપ જો—ચાલો૦ ૮

卐

( ૨૬૭ )

## વિલાસ બીજો

[ રાહ – હાં રે સખી, શરદ પૂનમની રાત. ]

હાં રે સખી, દ્વિતીયા ને દ્વિતીય વિલાસ,
મદનમોહન સંગ ખેલ્યાં,
હાં રે સખી, કુંજ સંકેત વિહાર, પ્રિયા પ્રીતમ રસ રેલ્યાં, ૧

— સાખી —

મુખ્ય કહું લલિતા સખી, ચંચલ ચતુર સુજાન,
પૂજા સામગ્રી લઈ, ચાલ્યાં કરતાં ગાન.
હાં રે સંપૂરણ બહુ ઉપહાર, થાળ કંચન કર સોહે,
હાં રે નવ જોબન તેજ ભંડર, કોટિ મન્મથ મનમોહે. ૨

— સાખી —

મંદિર દેવી પૂજવા, આવ્યાં સકલ સમાજ,
નંદકુંવર ત્યાં આવિયા, ઉદિત થયો ઉડુરાજ,
હાં રે થયો હાસ્ય વિનોદ અપાર, ધાર રસની જેમ વરસે,
હાં રે ચાલ્યાં નેન સેન કટાક્ષ,
સકલ અંગ અંગ પ્રતિ પરસે. ૩

— સાખી —

પાયસ સામગ્રી કરી, મનમાન્યા રસભોગ,
રીઝયા રસાનિધિ સાંવરો, ભક્ત તણાં સંયોગ.
હાં રે કાંઈ ગુણનિધિ તેનો યૂથ, સકલ અનુરાગિત શોભે,
હાં રે કાંઇ શ્રમજલ કેરા બિંદુ, સકલ મુખપર મન લોભે. ૪

— સાખી —

અબલા ભેખ ધરાવિયા, ગરબે રમવા કાજ,
વિવિધ વાજિંત્ર બજાવિયાં, મંડલ યુવતી સમાજ.
હાં રે ત્યાં તો વર્ત્યો છે મોદ અપાર, પ્રેમરસ પાન કરંતાં,
હાં રે સહુ નાચે ગાતાં ગીત, શ્યામશું અંક ભરંતાં. ૫

— સાખી —

તે રસસિંધુ પ્રવાહમાં સર્વ થયાં ગરકાવ,
'કુમુદિની' ચંદ ગોવિંદશું ભેદ કટાક્ષના ભાવ.
હાં રે તે તો લીલા વરણી ન જાય, કહો તે કેમ કરી કહિયે?
હાં રે શ્રીવલ્લભચરણપ્રતાપ યુગલરસ ઉરમાં લહિયે. ૬

— સાખી —

તેહ કૃપારસ જો મળે, કણિકા હૃદય સમાય,
વંદું શ્રીવિઠ્ઠલ પ્રભુ, શ્રીગોકુલપતિ રાય. ૭

卐

( ૨૬૮ )

## વિલાસ ત્રીજો

[ રાહ – મૂકો મારગ જાવા દો કહું છું ]

સહિયર ચાલ્યાં સરવે શ્યામાજીની કુંજમાં રે,
તેમાં મુખ્ય વિશાખા રૂપશીલ ગુણવંત—સહિયર૦ ૧

— સાખી —

ગાતાં ગીત ગોપાલનાં, પ્રીતમપ્રિયા વિલાસ,
ત્રીજો પર્વ નિકુંજમાં, કરૂણારસ સુખરાસ
કરતાં હોડ પરસ્પર ભાવતણી સંખ્યા નહીં રે,
દીસે કામજ્વરેથી પીડિત જેનાં મંન—સહિયર૦ ૨

— સાખી —

ચાલ્યાં સર્વ સાહેલડી, કુંજ ભવનની વાટ,
કંચન થાળ સામગ્રીના, પ્રિય મળવા ઉત્સાહ,
સરવે સાજ સમારી રમણ મનોરથ સોચતાં રે,
કરતાં વાતલડી ને તાળી દેતાં હાથ—સહિયર૦ ૩

— સાખી —

શ્યામાજીના મહેલમાં, આવ્યાં સરવે સાથ,
ફૂલ બિછાના ત્યાં બન્યાં, સંગે શ્રીવ્રજનાથ.

કરતાં નેન સમસ્યા ગરબે રમવા કારણે રે,
જોડે પધરાવ્યાં છે હરખે જુગલકિશોર—સહિયર૦ ૪

— સાખી —

તન મન ફૂલ્યાં સુંદરી, હરખ્યાં વિવિધ વિનોદ,
ધરિયાં સરવે રંગશું બાસોંદીના ભોગ.
સુંદર પાક સામગ્રી મોહન મનમાં ભાવિયાં રે,
રીઝયા નંદકુંવર ને કરતાં નાના ખેલ—સહિયર૦ ૫

— સાખી —

વિવિધ સમાગમ યુગલના, કુસુમ સેજ રતિરંગ,
મધ્યે કમનીય કર્ણિકા, વિલસે અંગ ઉમંગ.
નાચે ગાય બજાવે ઠમકે ફરતાં ફૂદડી રે,
વાગે નૂપુર કિંકિણી પાયલનો ઝંણકાર—સહિયર૦ ૬

— સાખી —

પૂર્ણ મનોરથ ત્યાં થયા, સરવે હરખ્યાં મંન,
પ્રેમ છકયાં મધુપાનથી, અણિયાળાં લોચંન.
ભેટયાં અંગઅંગ પ્રતિ 'કુમુદિની' ચંદકિશોરશું રે,
એ રસસ્વાદ ઘણેરો પીતાં મંન અધીર—સહિયર૦ ૭

卐

( ૨૬૯ )

## વિલાસ ચોથો

[ રાહ – શ્રીલક્ષ્મણ ભટજીને ઘેર. ]

સખી ! ચોથે તે ચોથો ખેલ સૈયર ચાલોને,
સખી ! પરાસોલી વનમાંય, સૈયર ચાલોને. ૧
સખી ! સોળે શૃંગાર ધરાવિયાં, સહુ ચાલોને,
ચણિયા ચોળી ને ચીર, સૈયર ચાલોને. ૨
ત્યાં ફૂલ્યાં છે ફૂલ અતિ ઘણાં, સહુ ચાલોને,
કાંઇ શીતલ મંદ સુગંધ સૈયર ચાલોને. ૩
સખી ! કુંજ ગલી રળિયામણી, સહુ ચાલોને,
કાંઈ કલરવ કોકિલ મોર, સૈયર ચાલોને. ૪
સખી ! યમુના પુલિન સોહમણા, સહુ ચાલોને,
કાંઈ ધાતુ રતન ગિરિરાજ, સૈયર ચાલોને. ૫
સખી ! ચંદ્રભગા મધ્ય યૂથમાં, સહુ ચાલોને,
આ મુખ્ય મહા રસરૂપ, સૈયર ચાલોને ૬
સખી વિવિધ સામગ્રી કર ધરી, સહુ ચાલોને,
ખરમંડા પાક રસાલ, સૈયર ચાલોને. ૭
સખી ! લાડુ જલેબી સિદ્ધ કર્યાં, સહુ ચાલોને,
પ્રત્યેક અંગના ભાવ, સૈયર ચાલોને ૮
સખી ! કંચન થાળ સોહામણા, સહુ ચાલોને,
લઈ પૂજા કેરો સાજ, સૈયર ચાલોને. ૯

સખી ! ઉત્કંઠિત મન હરખિયાં, સહુ ચાલોને,
વનદેવી પૂજન કાજ, સૈયર ચાલોને. ૧૦
સખી ! કુંજભવનમાં આવિયાં, સહુ ચાલોને,
છબી જોતાં ફૂલ્યાં અંગ, સૈયર ચાલોને. ૧૧
સખી ! નેહ કટાક્ષે ભીંજવ્યા, સહુ ચાલોને,
આ ઉછલિત ઉર આનંદ, સૈયર ચાલોને. ૧૨
સખી ! પહોંચ્યાં ત્યાં સરવે જઈ, સહુ ચાલોને.
વનદેવી મંદિર માંય, સૈયર ચાલોને. ૧૩
સખી ! દૃષ્ટિ પડયા નંદલાલજી, સહુ ચાલોને,
દેવીનાં ધરિયાં રૂપ, સૈયર ચાલોને. ૧૪
સખી ! કરતાં પરસ્પર વાતડી, સહુ ચાલોને,
આ ઉમગ્યો હાસ્ય વિનોદ, સૈયર ચાલોને. ૧૫
સખી ! યુવતી મંડલ મધ્ય આવિયાં, સહુ ચાલોને,
આ પરસ્યાં કોમલ અંગ; સૈયર ચાલોને. ૧૬
સખી ! મનવાંછિત ફળ ત્યાં મળ્યાં; સહુ ચાલોને;
આ 'કુમુદિની' ચંદ્ર ગોવિંદ; સૈયર ચાલોને. ૧૭

卐

( ૨૭૦ )

## વિલાસ પાંચમો

[ રાહ – રાધે કહ્યું માનને તું મારું રે.

ચાલો સખી ! કદલી વનમાં જૈયે રે;
ત્યાં તો ગુપ્ત સંકેત વિલાસ—ચાલો સખી૦ ૧

તેમાં મુખ્ય સંજાવલી કહિયે રે,
તેનાં રૂપ હ્રૃદયમાં લહિયે રે,
તેને સંગે સુહાગિયાં થઇયે—ચાલો સખી૦ ૨

વનદેવી તે પૂજન કાજ રે,
સાજ્યો સઘળો તે યુવતી સમાજ રે,
ભેટો નંદકુંવર મહારાજ—ચાલો સખી૦ ૩

ધૂપ દીપ ને ભોગ રસાલ રે,
ગાતાં ગીત ચાલ્યાં સહુ બાલ રે,
મંડલ મધ્યે આવ્યા નંદલાલ—ચાલો સખી૦ ૪

સંજાબ સામગ્રી લાવ્યાં રે,
લઈ પ્રભુજીને ભોગ ધરાવ્યા રે,
સહુ તનડાના તાપ નસાવ્યા—ચાલો સખી૦ ૫

કોઈ ચુંબન કરવાને ચાલ્યાં રે,
કોઈ બાહુ શ્રીકંઠમાં ઘાલ્યા રે,
કોઈ નેનનેન શું સાલ્યાં—ચાલો સખી૦ ૬

કોઈ અધર સુધાશું તરસે રે,
કોઈ મુખછબિ જોઇને હરખે રે,
કોઈ નેન કૃપારસ વરસે—ચાલો સખી૦ ૭

કોઈ કુસુમ ગેંદ કર દેતાં રે,
હસી પ્રીતમ ઉરશું લેતા રે,
મુખે વાત મધુરી કે'તા—ચાલો સખી૦ ૮

એક કુસુમાવલી લઇ આવે રે,
હસી પ્રભુજીને કંઠે ધરાવે રે,
કર લઈ ઉરશું પરસાવે—ચાલો સખી૦ ૯
નાના વ્યંજન ભોગ ધરાવ્યાં રે,
તે તો મોહનને મન ભાવ્યાં રે,
સહુ તનના તાપ નસાવ્યા—ચાલો સખી૦ ૧૦
વ્હાલો 'કુમુદિની ચંદ ગોવિંદ રે,
મુખ જોતાં ખીલ્યાં અરવિંદ રે,
સહુ ગાતાં કેલિ ૨ સ છંદ—ચાલો સખી૦ ૧૧

卐

( ૨૭૧ )

## વિલાસ છઠ્ઠો

[ રાહ – શ્રીનાથજીને છેલ બિરાજતા રે. ]

છઠ્ઠું પર્વ ગોધન વન ચાલિયાં જો,
મુખ્ય ભામા મોહન મનભાવિયાં જો. ૧
પેર્યાં ચણિયાં ચોળી ને ચીર શોભતાં જો,
જોતાં કોટિ કંદર્પ મન લોભતાં જો ૨
પૂજાથાળી લીધી છે કોમળ હાથમાં જો,
ભામા શોભે છે સખિયોના સાથમાં જો. ૩
સોળે શૃંગાર ધર્યાં છે મન ભાવતાં જો,
લટકે ચાલે કટિ સિંહને લજાવતાં જો. ૪

ભ્રોંહ ધનુષ કામ દ્રગન કમલ પાંખડી જો,
ઝીણું અંજન અણિયાળી આંખડી જો. ૫

વદનકમલ અધરબિંબ દશનાવલી જો,
વિદ્યુત જ્યોત માનો કનકની હારાવલી જો. ૬

ચાલ્યાં ઠમકે રમકે ને મીઠું બોલતાં જો,
ગાતાં ભાવ હ્રુદયના ખોલતાં જો. ૭

આવ્યાં મંદિર પૂજા કરમાં ધરી જો,
વનદેવી તણાં રૂપ ધર્યાં શ્રીહરિ જો. ૮

પૂજી દેવી ને ભોગ શિખરણ ધર્યાં જો,
ભ્રોંહ ચલિત લલિત મોહનના મનડા હર્યાં જો ૯

રાધા માધવ ને મધ્ય પધરાવિયાં જો,
ગાતાં વિવિધ વાજિંત્ર બજાવિયાં જો. ૧૦

મધ્ય નાચે ગાયે ને સહુ ઝીલતાં જો,
શ્યામ શ્યામા બિહારી રસ રીઝતાં જો. ૧૧

તેના મંડલ તણી ગણના નહીં જો,
મધુપાન અલિ પ્રેમ સરિતા વહી જો ૧૨

જેમ કમલ 'કુમુદિની' વિકસતાં જો,
તેમ હરખ્યાં છે શ્યામ અંગ પરસતાં જો. ૧૩

卐

( ૨૭૨ )

## વિલાસ સાતમો

[ રાહ – શ્રીમદ્‌વલ્લભ આજ પ્રગટ હુવા રે. ]

સહિયર આજ પર્વ નિજ ધામમાં રે,
આ ગહેવર વન નિજ રમણ વિલાસ. ૧
તેમાં મુખ્ય કૃષ્ણાવતી રે,
આ કૃષ્ણરસાસવ ભીંજ્યા મંન. ૨
વનદેવી પૂજાને કારણે રે,
આ સજિયાં દ્વાદશ આભ્રણ તંન, ૩
ગુંજા કુંજા અતિ રસશું ભર્યાં રે,
આ શ્રીકર શોભે કંચન થાલ. ૪
મોદ વિનોદે ચાલ્યાં સુંદરી રે,
આ મનહર કામ કરું બલિહાર. ૫
લેતાં હીંચ ચલિત હારાવલી રે.
આ ઝલકે જડિત કરણ તાટંક. ૬
લટકે ગાય બજાવે તાનશું રે,
આ જાણે મદભર મત્ત ગયંદ. ૭
આવ્યાં મંદિર દેવી પૂજવા રે,
આ વિહસે મુખ છબિ જ્યોતપ્રકાશ. ૮
ચંદ્રાવલી પ્રમુદિત સહુ યૂથમાં રે,
આ નંદકુંવરશું વિવિધ વિલાસ. ૯

કોકકલારસ નિપુણ મનોજશું રે,
આ અતિ આવેશ ભર્યાં સહુ મંન. ૧૦

કોઈ ઉરવલ લપટ્યા શ્યામશું રે,
આ કોઇ ભુજ ધારી કરતાં રંગ. ૧૧

વિલસે અંક ભરે વ્રજલાડિલો રે,
આ નાના ભેદ કટાક્ષ સુજાન. ૧૨

'કુમુદિની' ચંદ રિઝાવે સર્વને રે,
આ કોકિલ કલરવ કમનીય ગાન. ૧૩

卐

( ૨૭૩ )

## વિલાસ આઠમો

[ રાહ – પાઓ પ્રેમરસ પ્રાણજીવન રે. ]

સખી ! આઠમે ને આઠમો ખેલ રે, નિકુંજને દ્વારે રે,
સહુ ચાલોને સૈયર સાથ રે, ઘણા ઉપહારે રે. ૧

લિયો શ્રીફલ પૂજાનો સાજ રે, મનોહર મેવા રે,
સખી ! સાંતનકુંડ વિલાસ રે, મહાસુખ લેવા રે. ૨

તેના મુખ્ય શિરોમણિ જેહ રે, ભામા–સારંગી રે,
રૂપ શીલ ગુણ ચતુર સુજાણ રે, ચાલ્યાં ઉમંગી રે. ૩

લીધાં ચંદન વંદન ને ધૂપ રે, દીપ સંગ સોહે રે,
ભરજોબનનો અતિ ગર્વ રે, કોટિ કામ મોહે રે. ૪

બદ્રવનમાંહે કીધો પ્રવેશ રે, અતિ સુખ પામ્યાં રે,
સૂર્યમંદિર મહાસુખ ધામ રે, ચરણ શીષ નામ્યાં રે. ૫
ભોગ ફેણી સામગ્રી પકવાન રે, ગૂઢભાવ જાણો રે
કે'તાં આવે નહીં કાંઇ પાર રે, હૃદયમાં આણો રે. ૬
નંદકુંવર સાથે કેલિ વિલાસ રે, રસભોગ કીધા રે,
મળ્યા 'કુમુદિની' ચંદ ગોવિંદ રે, મનોરથ સીધા રે. ૭

卐

( ૨૭૪ )

## વિલાસ નવમો

[ રાહ – અતિ ઉત્તમ આસો માસ. ]

સખી ! નવમે ને નવલ વિલાસ, શ્યામજી ને ત્યાંયે રે,
મળ્યો નવધા ભક્તસમાજ, મહા સુખ થાયે રે. ૧
ત્યાં તો કુંજ નિકુંજ અપાર ભેદ અતિ સોહે રે,
રચી તલ્પસેજ બહુ ભાંત સકલ મનમોહે રે. ૨
જેહ કરતાં મનોરથ મંન, તેહ રસ છાજે રે,
મધ્યપાતી શિરોમણિ રૂપ શ્યામાજી બિરાજે રે. ૩
કીધા સર્વ તણા શૃંગાર શ્યામાજીએ હરખે રે,
સખી ! કુંજમહેલની માંય માધુરી વરખે રે. ૪
ગુણવંત સકલ વ્રજ ભક્ત તે નિરગુણ કીધાં રે,
પોતાની નિકુંજની માંય સકલ સુખ સીધા રે. ૫
કુંજ રચના વિવિધ પ્રકાર ભાવ મન જેવા રે,
તે તો સિદ્ધ કરે તે વાર શ્યામાજી તેવા રે. ૬

કરે ગાન ભેદ સુર તાન પ્રિયા સંગ મ્હાલે રે,
મનુહાર કરે નંદલાલ કંઠ ભુજ સાલે રે. ૭
પૂવા ખોવા ને પકવાન મનોહર મેવા રે,
નવધા વ્યંજન બહુભાંત સકલ સુખ લેવા રે. ૮
ત્યાં તો ભોગ રાગ શૃંગાર મહારસ ભરિયા રે.
થયાં નિરગુણ ભક્તસમાજ શ્યામાજીએ કરિયા રે ૯
વ્હાલો વિલસે વિવિધ પ્રકાર સકલની સંગે રે,
તે તો લીલા વરણી ન જાય ધરો મન રંગે રે. ૧૦
વ્હાલો 'કુમુદિની' ચંદ ગોવિંદ તરુણ મદમાતા રે,
કરે નવલ ગજેંદ્ર વિહાર, થયાં દ્રગ રાતાં રે. ૧૧

卐

( ૨૭૫ )

[ રાહ – નિશદિન શ્રીનટવર શ્રીનટવર નામ ઉચારિયે રે ]

સહિયર ! રમવા ચાલો નવરંગ નવલા નોરતાં રે,
પહેરો ફરતાં ફરતાં નવરંગ સુંદર ચીર—સહિયર૦ ૧

— સાખી —

પહેરો સાડી જરકસી રાતી છાપાદાર,
પહેલો પર્વ મનાવિયે કરમાં પૂજા થાળ.
સરવે રમઝમ કરતાં જાયેં દેવી પૂજવા રે,
મળશે નંદકુંવર ને પૂર્ણ મનોરથ થાય—સહિયર૦ ૨

— સાખી —

બીજો પર્વ નિકુંજમાં પહેરો પીળાં ચીર,
ફૂલ્યાં ફૂલ અતિ ઘણાં શીતલ વહે સમીર.
ઠમકે રમકે ચાલો સામગ્રી કરમાં લઈ રે,
શ્યામા–શ્યામ બિરાજે હરખે ધરશું ભોગ—સહિયર૦ ૩

— સાખી —

ત્રીજો પર્વ સોહામણો હરિત પટોળા હોય,
નારીકુંજર છાપના જોતાં હરિ મનમોય.
મધુરું ગાન કરંતાં જાયેં સહિયર ! સહુ મળી રે,
ગૂંથી કુસુમકળીના નવલા નવલા હાર—સહિયર૦ ૪

— સાખી —

ચોથું પર્વ નિકુંજમાં શ્યામ સુકોમલ ચીર,
પાલવ મેલી ઢળકતો, ચાલો ગજગતિ ધીર.
સહિયર ! મોદ વિનોદે દેવીપૂજન ચાલિયે રે,
લેતાં હીંચ પરસ્પર ગાયેં મંગલ ગીત—સહિયર૦ ૫

— સાખી —

પર્વ મનોહર પાંચમો કુંજ ભવન ને દ્વાર,
વસન બિરાજે કેશરી મંગલ સહુ ઉપહાર.
વિવિધ પ્રકારે સુંદર વાજાં વાગે અભિનવાં રે,
મહાધ્વનિ મંગલ ગાજે નૂપુર કેરો નાદ—સહિયર૦ ૬

— સાખી —

છઠ્ઠે છેલ છબીલડે કીધો તરૂણી વેશ,
છળ કરી છળવા કામિની છૂટા મેલ્યા કેશ.
પહેર્યાં શ્વેત વસન ને ગૂંથ્યાં ફૂલ અંબોલડે રે,
કરતાં નયન સમસ્યા ગરબે રમતાં સાથ—સહિયર૦ ૭

— સાખી —

પર્વ મનોહર સાતમે પહેર્યાં વસ્ત્ર ગુલાબ,
આભૂષણ અંગે ધર્યાં લીધી પૂજા છાબ.
કરતાં સજની સંગે મોહનવરની વાતડી રે,
હસતાં લટકો કરતાં તાળી દેતાં હાથ—સહિયર૦ ૮

— સાખી —

આઠમે ઓઢી ચૂંદડી વસન પિરોજી રંગ,
જમુના તટ ટોળે મળ્યાં સજની કેરા સંગ.
વરતે આનંદમંગલ મોહનવર ત્યાં આવિયા રે,
પૂર્ણ મનોરથ કીધા ભેટયાં અંગોઅંગ—સહિયર૦ ૯

— સાખી —

નવમે નવલકિશોર-શું રમતાં મંડલ રાસ,
નીલાંબર પિતાંબરે કરતાં વિવિધ વિલાસ.
દશમે દશવિધ ભકતે નવલ દશેરા માનિયા રે,
કીધા અશ્વ આરોહણ મોહન નંદકુમાર—સહિયર૦ ૧૦

卐

( ૨૭૬ )

## શ્રીવ્રતચર્યાનું ધોળ

[ રાહ – હાં રે સખી શરદ પૂનમની રાત ]

હાં રે સખી ! સરવે મળી એક સાર,
સુખદ જમનાજીને તીરે,
હાં રે ગુણ ગાતાં મધુરાં ગીત,
કંઠ કોકિલ સ્વર ધીરે. ૧

— સાખી —

વ્રત આરંભણ ત્યાં કર્યું સરવે સજની સાથ,
પ્રતિમા યમુના રજતણી મળવા શ્રીવ્રજનાથ.
હાં રે કાંઈ ધરિયાં કાત્યાયની નામ,
વસન આભૂષણ સાજયાં
હાં રે કાંઈ કનકમણિના હાર,
કુસુમ મસ્તક પર ધાર્યાં. ૨

— સાખી —

ધૂપ દીપ ને આરતી ફલ ફલેરી બહુ ભોગ,
ગંધાક્ષત કુમકુમ તણાં પૂજન કેરા યોગ.
હાં રે કર જોડીને કરિયો જુહાર,
મંત્ર જપ જપતાં સરવે,
હાં રે માગ્યા નંદકુંવર ભરથાર,
વચન મધુરે સ્વર હળવે. ૩

— સાખી —

હે દેવી ! મહાભાગિની ! કલ્યાણી ! સુખકંદ !
તમ કરુણા પ્રીતમ મળે નંદનંદન વ્રજચંદ.
હાં રે અતિ સુખદ ઋતુ હેમંત,
ગયાં સહુ પાછલે પો'રે,
હાં રે તે તો સુમરે શ્રીમદનગોપાલ,
કંઠ બાહુ સહુ જોડે. ૪

— સાખી —

વરણન કરતાં વલ્લભા, આવ્યાં જમુના તીર,
અર્ધોન્મિલિત કુમુદિની કાંઇક ઉષ્ણતા નીર.
હાં રે કાંઇ ચંદ્રકિરણ બહુ મંદ,
અનિલ સૌરભ સમ વહેતો,
હાં રે નિશ જાગ્યા શ્રીજુગલકિશોર,
શ્રમિત સંદેશો દેતો. ૫

— સાખી —

આગમ જાણી પ્રાતના જલમાં કર્યો પ્રવેશ,
વસ્ત્ર ઉતાર્યાં કાંઠડે છૂટા મેલ્યા કેશ.
હાં રે કાંઈ છાંટે નિર્મલ નીર,
વદન જલકણિકા ચમકે,
હાં રે કાંઈ કૃષ્ણા અંબરરૂપ,
ચંદ્ર તારાગણ ચળકે. ૬

— સાખી —

કુમકુમ લેપન કુચ વિશે ચકવાકની ભાંત,
કંપિત થાતાં શીતથી તપસી યુગલ પાંત.
હાંરે કાંઇ તે મુખકમલ પ્રકાશ
ચંદ્ર સૂરજ સમ જાણો,
હાં રે કાંઈ થાય ન તે નિરધાર
કહો તે કેમ પરમાણો ? ૭

— સાખી —

વિસ્મય થઈ ચિંતવે સહુ એકબીજાનું આસ્ય
કરુણા રસ વરસે ઘણું કરતાં મધુરું હાસ્ય.
હાં રે કાંઈ વૈષ્ણવ વૃક્ષ કદંબ,
કામરક્ષક તેને કહિયે,
હાં રે કાંઈ ખરતાં કુસુમ પરાગ,
મદનશર મનમાં લહિયે. ૮

— સાખી —

ચીરહરણ કરીને ચઢ્યા, રસિયા મદનગોપાલ,
પુરુષભાવ બાલક સહુ, હસતાં કરતાં ખ્યાલ.
હાં રે કાંઈ તે સહુ બાલકવૃંદ,
પૂતના ભક્ષણ કરિયાં,
હાં રે કાંઈ હરિ કીધું સ્તનપાન,
કરી શોષણ ઉર ધરિયાં ૯

— સાખી —

પ્રિય બોલ્યા હે સુંદરી ! જલથી નિસરો બ્હાર,
વસ્ત્ર દઉં તમને સહી, માનો વચન નિરધાર.
હાં રે કાંઈ હસી બોલ્યાં સહુ બાલ,
લાલ ! આ બાલક કેવાં,
હાં રે કાંઈ નગ્ન શરીરે કહો,
કેમ આગમન કરવાં. ૧૦

— સાખી —

તમ સંગે રમવા તણું કીધું વ્રત આરંભ,
એ બાલક દેખે સહુ પતિવ્રતામાં ભંગ.
હાં રે કાંઇ હાસ્ય કરો શીદ કાજ ?
લાલ ! તમને નવ છાજે,
હાં રે કાંઈ વસન દિયો મહારાજ !
સકલ તરૂણી મન લાજે. ૧૧

— સાખી —

એ બાલકથી ના ડરો, હે સકુમારી બાલ !
ચરણ ધરો નિજ તટ વિશે, નૂપુર શબ્દ રસાલ.
હાં રે કાંઈ નૂપુર કેરો નાદ,
શ્રવણ મુજ પાવન કરિયે,
હાં રે કાંઈ તમ તન દરશન બાલ,
નયન સાર્થકતા ધરિયે. ૧૨

— સાખી —

ફૂલ્યો કદમ તે ચીરથી, ડાર ડાર ને પાત,
નીવી સુંદર કંચુકી, રંગબિરંગી ભાંત.
હાં રે કાંઈ હો હરિ ! અમ સહુ બાલ,
ચરણ અંબુજની દાસી,
હાં રે કાંઈ ચીર તણાં દિયો દાન,
કરો ના મોહન હાંસી. ૧૩

— સાખી —

દાસીભાવ ને દીનતા હાલ ન તેનું કામ,
લંપટ ભ્રમર કમલ તણા, ડાંડીમાં નહીં ધામ.
હાં રે કાંઈ જો ન દિયો તો નાથ !
થાય જગમાં બહુ નિંદા
હાં રે કાંઈ સુણતાં ઉપજે ક્ષોભ,
વચન અમ કેરાં સીધાં. ૧૪

— સાખી —

અહો કમલદલ લોચની ! તજોને નિર્મળ નીર,
એ તરંગ સૂચન કરે, પહેરો નવરંગ ચીર.
હાં રે કાંઈ નિકટ પધારો બાલ !
ભુજા આલિંગન ભરિયે,
હાં રે કાંઈ નિરાવરણ શ્રીઅંગ,
પ્રિયા ! આચ્છાદન કરિયે. ૧૫

— સાખી —

રસમાં ડૂબ્યાં સુંદરી, કાં ન કરો રસખેલ ?
મન મારૂં મોહિત થયું, તરસું કરવા કેલ.

હાં રે કાંઈ જલ પાવન પદકમલ,
કરો પાવન આ સ્થલને,
હાં રે કાંઈ વિવિધ સુગંધ સુવાસ,
અનિલ છોડે પરિમલને. ૧૬

— સાખી —

રસવચનો પ્રિયનાં સુણી, આવ્યા જલથી બ્હાર,
નિજ અંગે કર મેલિયા, નમિત દૃષ્ટિ સહુ નાર.

હાં રે કાંઈ હસતાં બોલ્યા નાથ !
બેઉ કર ગ્રહણ કરોને,
હાં રે કાંઈ હો કૃષ અંગીબાલ !
વચન તે ચિત્ત ધરોને. ૧૭

— સાખી —

વ્રતનિયમ પાળ્યાં ઘણાં, સુકાયાં શ્રીઅંગ,
કામાત્મક આ ચીરથી, અંકુર ભાવ અનંગ.

હાં રે કાંઈ નગ્ન શરીરે બાલ !
તમો જલક્રીડા કીધી,
હાં રે કાંઈ કુપિત થયા જલદેવ,
મળે કહો કેમ કરી સિદ્ધિ ? ૧૮

— સાખી —

વચન સુણી વ્રજપતિ તણા, અંજલિ બેઉ કર સાથ,
અતિ પ્રસન્ન પ્રીતમ થઈ, પહેરાવે નિજ હાથ.

હાં રે કાંઈ પરસે કોમલ અંગ,
લાલ લલના મદમાતાં,
હાં રે કાંઈ થયા મનોરથ પૂર્ણ
પ્રેમ ઉન્મત્ત દગ રાતાં. ૧૯

— સાખી —

વર આપ્યું રમવા તણું, રસિક શિરોમણિ રાય,
'કુમુદિની' સરવે મળી, આજ્ઞા લઈ ઘેર જાય.

હાં રે કાંઈ એ સહુ અબલા નાય,
ચાં, અંગપરસે સુખ પામ
હાં રે કાંઇ અતિ મન હરખ્યાં વામ,
યાં. ૨૦ ચરણપંકજ શિર નામ

卐

( ૨૭૭ )

## રાસનો ગરબો

[ રાહ – ઉપરના ગરબાનો ]

હાં રે સખી ! શરદપૂનમની રાત,
જે, સકલ વન શોભિત રા

હાં રે કાંઈ ફૂલ્યાં છે કુસુમ અપાર,
સકલ મન્મથ મંન લાજે. ૧

— સાખી —

મંદ મંદ વાયુ વહે, યમુના લહેર તરંગ,
ઝગમગ કરતી વાલુકા, પ્રિયપદ પરસ ઉમંગ.
હાં રે કાંઈ નીલકમલની પાંત,
ભ્રમર ગુંજાર કરંતાં,
હાં રે કાંઈ પામ્યાં છે કુસુમ વિકાસ,
રસિકજન તાપ હરંતાં. ૨

— સાખી —

કુંદ જાતિ ને કેવડો, પીત વેલ ને શ્વેત,
લતા મધુર ને માલતી, ફૂલ્યાં વૃક્ષ સમેત.
હાં રે કાંઈ ફૂલ્યાં છે અધિક ગુલાબ;
ચંદ્રમુખ રાયચમેલી,
હાં રે કાંઈ મંદમંદ મકરંદ,
મલયની સુંદર વેલી. ૩

— સાખી —

પારિજાત ને કેતકી, બોલસરીનાં ફૂલ,
મંદસમીરે હાલતાં ખરતાં યમુનાકૂલ.
હાં રે નિજ રમણ તણાં જે સ્થાન,
આદિ વૃંદાવન કહિયે,
શ્રી વલ્લભચરણ પ્રતાપ
સદા તે સ્થલમાં રહિયે. ૪

— સાખી —

તરુવર અંબ કદંબના, ચંપક શ્યામ તમાલ,
મધુરસ વરસે અતિ ઘણા, ત્યાં આવ્યા ગોપાલ.

હાં રે કાંઈ કલરવ કોકિલ મોર,
શોર કરી ગૂંજન કરતાં,
હાં રે કાંઈ સારસ હંસ ચકોર,
કીર અતિ સુંદર ફરતા. ૫

— સાખી —

મોરમુકુટ શિર શોભતો, ઉર વૈજંતી માલ,
પીત વસન કટિયે ધર્યાં, અચ્યુત શ્રીગોપાલ.

હાં રે કાંઈ કરણિકારનાં પુષ્પ,
બેઉ કરણે અતિ શોભે,
હાં રે કાંઇ લોચન મત્ત વિશાલ,
કોટિ મન્મથ મંન લોભે. ૬

— સાખી —

કીર્તીમય વન માલનું, આચ્છાદન શ્રીઅંગ,
માયા પીત દુકૂલથી, ઉપજાવે મન રંગ.

હાં રે કાંઈ નૃત્ય કરે જેમ મોર,
મહારસથી મદમાતા,
હાં રે કાંઈ નટવર લેખકિશોર,
પ્રેમ ઉન્મત્ત દૃગ રાતા. ૭

— સાખી —

વામ બાહુ પર શ્રીહરિ, ધરિયા વામ કપોલ,
રસ સીંચે નિજભક્તને, ભાવ અસંખ્ય ભાવ.
હાં રે વ્હાલે કીધો વેણુનાદ,
સુધારસની જેમ ધારા,
હાં રે કાંઈ દીધી ઊંચી ઘોર,
સપ્તસ્વર અધર વિહારા. ૮

— સાખી —

મદનધ્વનિ જઇને પડી, વ્રજરત્નાને કાન,
સેજે ચમકી જાગિયાં, ભૂલ્યાં અનુસંધાન.
હાં રે કાંઈ આતુર થઈ વ્રજબાલ,
લાલ મુખ જોવાને ચાલ્યાં,
હાં રે કાંઇ ઉલટાં પહેર્યાં ચીર,
ચરણનૂપુર કર ઘાલ્યાં. ૯

— સાખી —

તે મુરલીના નાદથી, સ્થકિત થયાં ખગ મોર,
મુદિત થઈ દેવાંગના, મદન કરે તન જોર.
હાં રે કાંઈ યથા યથા અધિકાર,
દાન તે સ્વશું કીધું,
હાં રે વ્રજરમણિનાં ભાગ્ય અપાર,
સકલ તેનું કારજ સીધું. ૧૦

— સાખી —

કૂજન ત્રિવિધ પ્રકારનું, લલિત ત્રિભંગી વેશ,
વક્રભ્રોંહ મનડું હરે, લોચન કુટિલ સુરેશ,
હાં રે કાંઈ ઉન્નત નાસા અધર,
લલિત મુક્તા ફૂલ લલકે.
હાં રે કાંઈ સુંદર ગોલ કપોલ,
શ્રવણ કુંડલ અતિ ચલકે. ૧૧

— સાખી —

અધરામૃતની તે સુધા, ફેલી વ્રજજન અંગ,
ચકિત થઈને ચાલિયાં, વાધ્યો અધિક અનંગ.
હાં રે કાંઈ અંતર રમણ વિલાસ,
સકલના ઉરમાં સ્થાપ્યું,
હાં રે કાંઈ પ્રેમ ધરી મનમાંય,
સુખદ લીલાપદ આપ્યું. ૧૨

— સાખી —

મોહન મદનગોપાલની, સકલ સ્વામિની તેહ,
બેઉ પરસ્પર એક છે, ધરો ન મન સંદેહ.
હાં રે તે તો લીલા અચલ વિહાર,
શ્યામસુંદર સંગ રમતાં,
હાં રે કાંઈ એ મનહરણી વામ,
લલિત મોહન મન ગમતાં. ૧૩

— સાખી —

શરદોત્ફુલ્લિત મલ્લિકા, યમુના નિર્મલ નીર,
'કુમુદિની' પ્રિય ત્યાં રમે વિવિધ રાસ રતિ ધીર.

卐

( ૨૭૮ )

## શ્રી નિત્યલીલાનું ધોળ

[ રાહ – ચાલો વ્રજયાત્રાના સુખ લૈયે રે. ]

ચાલો સખી ! આદિવૃંદાવન જઇએ રે,
ત્યાં તો રાસરમણ સુખ લઇએ રે. ચાલો૦ ૧

દેહ નવીન અલૌકિક થાયે રે,
લૌકિક દેહ તણા ગુણ જાયે રે,
તેમાં અલૌકિક કામ સમાયે. ચાલો૦ ૨

દીવ્ય રૂપ બને તે ભક્ત રે,
હરિલીલામાં મન આસક્ત રે,
તે તો ક્ષણ ક્ષણમાં અનુરક્ત. ચાલો૦ ૩

સોળે શૃંગાર દ્વાદશ આભ્રણ રે,
મહા અદ્ભુત ગૌર વરણ રે,
જેને દૃઢ શ્રીમહાપ્રભુજીનું શરણ. ચાલો૦ ૪

પહેલાં કનક તણી ભૂમિ રે,
જોતાં વિરહભાવ પ્રગટાવે રે,
કોમલ નવનીતસમ દરશાવે, ચાલો૦ ૫

તે પર ભક્તશિરોમણિ ચાલે રે,
જેનું વરણ કર્યું મારે વ્હાલે રે,
જેને વિરહ ઘણું મન સાલે. ચાલો૦ ૬

જેનાં નેત્રકમલ અનુરાગી રે,
તે તો સરવે પ્રપંચના ત્યાગી રે.
ભાવે ભરિયાં છે અચલ સુહાગી. ચાલો૦ ૭

સન્મુખ દીસે સઘન વરકુંજ રે,
ઘણા મધુર મધુપગણ ગુંજ રે,
મધ્યે શ્રીમહાપ્રભુજીની કુંજ. ચાલો૦ ૮

વ્રજલલનાનાં યૂથ ઘણેરાં રે,
થાય ઠામ ઠામ થકી ભેળાં રે,
મંગલ રૂપ સ્વરૂપ તે કેરાં. ચાલો૦ ૯

આદર નેત્રકમલ થકી કરતાં રે,
પાસે આવી આલિંગન ભરતાં રે,
તેનાં ભાગ્ય અધિક મન ધરતાં. ચાલો૦ ૧૦

શ્રીમહાપ્રભુજીનું ધામ વિચિત્ર રે,
શોભે નીલમણિ શું જડિત્ર રે,
જેને નિરખતાં થાયે પવિત્ર. ચાલો૦ ૧૧

સાંગામાચીએ પ્રભુજી બિરાજે રે,
રૂપ લલિત તરુણતાઇ છાજે રે,
જોતાં કોટિ મદનમન લાજે. ચાલો૦ ૧૨

શોભે કમલ સમોવડ નેન રે,
જાણે ભરિયાં વિવિધરસ સેન રે,
જાણે અરુણ ઉજાગરા રેન. ચાલો૦ ૧૩

આવી સન્મુખ આદર કીધા રે,
શ્વેતકમલ શ્રીકરમાંય લીધાં રે,
તે તો ભક્તના હાથમાં દીધાં. ચાલો૦ ૧૪

ગાન નૃત્ય વાદ્ય ઘણાં થાય રે,
તેને આનંદ ઉર ન સમાય રે,
પ્રીતમ પાસે પધરાવીને જાય. ચાલો૦ ૧૫

કોઈ કુસુમની વર્ષા કરતાં રે,
પક્ષી નાદ મધુરાં ઉચરતાં રે,
ત્યાં તો મોરનાં મંડલ ફરતાં. ચાલો૦ ૧૬

એક સન્મુખ બીન બજાવે રે,
રાગરાગિણી ગાઈ સુણાવે રે,
એક ચરણમાં ફૂલ બિછાવે. ચાલો૦ ૧૭

સન્મુખ દરસે ગુલાબની કુંજ રે,
જ્યાં વિવિધભર્યાં રસપુંજ રે,
થાય ભ્રમર તણાં મૃદુ ગુંજ. ચાલો૦ ૧૮

તેને પાસે સરોવર ભરિયાં રે,
શોભા જોતાં વિવિધ મન હરિયાં રે,
સરવે સમાજ સહિત અનુસરિયાં. ચાલો૦ ૧૯

મ્હેલ ગુલાબ તણો જ્યાં દરસે રે,
સૌરભ વિવિધ પ્રકારની પરસે રે,
જોતાં ભક્તતણાં મન હરષે. ચાલો૦ ૨૦

સામે શોભે ગોવરધનરાય રે,
શ્રીજમુનાજીની નહેર સુહાય રે,
મહામંગલ રૂપ દેખાય. ચાલો૦ ૨૧

શ્રીપ્રિતમજીનું ધામ વિચિત્ર રે,
તે તો આજ થયા તેના મિત્ર રે,
ભક્ત ભરિયાં છે ભાવ પવિત્ર. ચાલો૦ ૨૨

સેજ વિવિધ કુસુમની બિછાવી રે,
સમાગમ તણી સોંજ બનાવી રે,
બહુ સામગ્રી પધરાવી. ચાલો૦ ૨૩

રાજે નવલકિશોર સ્વરૂપ રે,
મહા મન્મથ રૂપ અનુપ રે,
ત્યાં તો તેડી ચાલ્યા વ્રજભૂપ ચાલો૦ ૨૪

દ્વાર સન્મુખ દૃષ્ટિ છે પ્રિયની રે,
ક્યારે મળશે કમલદલ નયની રે,
જુવે વાટ વારી વારી તેની. ચાલો૦ ૨૫

સહુ સમાજ રહી ગયાં બ્હારે રે,
નૃત્ય ગાન કરે બહુ ભારે રે,
ભક્ત સહિત મહાપ્રભુજી પધારે. ચાલો૦ ૨૬

જઈ શૈયા નિકટ પધરાવે રે,
શ્રીપ્રીતમજી મધુર મુસકાવે રે,
લજ્જા સહિત નયન ઢળકાવે. ચાલો૦ ૨૭

શ્રીમહાપ્રભુજી કરે મનુહાર રે,
કરો નવલ નિકુંજ વિહાર રે,
તે તો પ્રથમ સમાગમ સાર રે. ચાલો૦ ૨૮

વિનતી કરીને નિજગૃહે પધારે રે,
મંદ હાસ્ય કરે વારે વારે રે,
તે તો ભક્તના ભાગ્ય વિચારે. ચાલો૦ ૨૯

પ્રભુ પ્રથમ સમાગમ કરિયા રે,
નરગુણ ભાવ ભરી અનુસરિયા રે,
'કુમુદિની' શ્રીમોહનવર વરિયાં. ચાલો૦ ૩૦

卐

## ( ૨૭૯ )

[ રાહ – જરા સામને તો આવો છલિયા ]

મારે મંદિર પધારો મોહન
હું તો જોઉં છું તમારી વાટ રે,
મીઠી લાગે મનોહર મોરલી,
ખીલી ખીલી પૂનમની રાત રે. ૧

વાટલડીયે ફૂલડાં વેરાવું, તોરણ બંધાવું બારણિયે,
ભાંતભાંતના ભોજન બનાવું, કૃષ્ણ તમારે કારણિયે.

સાજું હરખે હિંડોળાખાટ રે,
મળી સરખી સાહેલીનો સાથ રે,
મીઠી લાગે મનોહર મોરલી,
ખીલી ખીલી પૂનમની રાત રે. ૨

ફૂલડાં મંગાવું માલા ગૂંથાવું, હરખે બિછાવું સેજલડી,
ચોપડ પાસા રમત રમાડું, વિનતી કરું પ્રભુ ચરણે પડી.

નિજ દાસીના દિલમાં હુલ્લાસ રે,
આવો પ્રીતમ અમારે આવાસ રે,
મીઠી લાગે મનોહર મોરલી,
ખીલી ખીલી પૂનમની રાત રે. ૩

卐

( ૨૮૦ )

[ રાહ – હો રાજવી રે, વાવડીનાં પાણી ભરવા ગ્યાં'તાં ]

હો બેનડી રે, વાંસલડી કાંઇ વૃંદાવનમાં વાગી
મને પ્રેમપીડા જાગી, મને પ્રેમપીડા જાગી. ૧

હો બેનડી રે, શ્યામને કોઇ સંદેશો પોંચાડો,
મને મારગડો દેખાડો, મને પ્રેમપીડા જાગી. ૨

હો બેનડી રે, સાસરિયામાં સાસુડી સંતાપે,
મારાં કુમળાં કાળજ કાપે, મને પ્રેમપીડા જાગી. ૩

હો બેનડી રે, જેઠાણીનું જોર ઘરમાં ઝાઝું
હું તો દેખી દિલમાં દાઝું, મને પ્રેમપીડા જાગી. ૪

હો બેનડી રે, દેરાણી કાંઇ મુખપર મેણાં દે છે,
મને ન કહેવાનું કહે છે, મને પ્રેમપીડા જાગી. ૫

હો બેનડી રે, નણદલ મારી નખરાં કરતી આવે,
એના ભાઇને ભરમાવે, મને પ્રેમપીડા જાગી. ૬

હો બેનડી રે, પાડોશણ પણ પગલાં મારા ગણતી,
કાંઈ વાંકાં વચનો ભણતી, મને પ્રેમપીડા જાગી. ૭

હો બેનડી રે, એટલું મારા શ્યામને સમજાવો,
મને ચરણોમાં બોલાવો, મને પ્રેમપીડા જાગી. ૮

હો બેનડી રે, રસિકપ્રિયા' રસિયાના રંગમાં રંગી,
મળ્યા જનમજનમના સંગી, મને પ્રેમપીડા જાગી. ૯

卐

( ૨૮૧ )

[ રાહ – જુવો ગરબે રમે છે માત અંબિકા જો. ]

રાણી રાધિકા રમે છે રાસ રંગમાં જો,
પ્યારા મદનમોહનજીના સંગમાં જો. ૧
રાસ જોવા શ્રીમહાપ્રભુજી પધારિયા જો,
સાથે મહાલક્ષ્મીવહુજી સોહાવિયાં જો. ૨
રાસ જોવા શ્રીગુસાંઇજી પધારિયા જો,
સાથે રૂખમણીવહુજી સોહાવિયાં જો.
સાથે પદ્માવતીવહુજી સોહાવિયાં જો. ૩

રાસ જોવા ગોપીનાથજી પધારિયા જો,
શ્રીવહુજીને સાથે તેડી લાવિયાં જો, ૪

રાસ જોવા શ્રીગિરધરજી પધારિયા જો,
સાથે ભામિનીવહુજી સોહાવિયાં જો. ૫

રાસ જોવા ગોવિંદરાયજી પધારિયા જો,
સાથે રાણી વહુજી સોહાવિયાં જો. ૬

રાસ જોવા બાલકૃષ્ણજી પધારિયા જો,
સાથે કમલાવહુજી સોહાવિયાં જો. ૭

રાસ જોવા ગોકુલનાથજી પધારિયા જો,
સાથે પારવતી વહુજી સોહાવિયાં જો. ૮

રાસ જોવા રઘુનાથજી પધારિયા જો,
સાથે જાનકીવહુજી સોહાવિયાં જો. ૯

રાસ જોવા યદુનાથજી પધારિયા જો,
સાથે મહારાણીવહુજી સોહાવિયાં જો. ૧૦

રાસ જોવા ઘનશ્યામજી પધારિયા જો,
સાથે કૃષ્ણાવતીવહુજી સોહાવિયાં જો. ૧૧

રાસ જોવા ચાર બેટીજી પધારિયાં જો,
શોભા જમના કમલા દેવકાં સોહાવિયાં જો. ૧૨

રાસ જોવા પુરુષોત્તમજી પધારિયા જો,
લક્ષ્મી સત્યભામા બ્હેન સાથે લાવિયાં જો. ૧૩

રાસ જોવા શ્રીહરિરાયજી પધારિયા જો,
સાથે સુંદરવહુજી સોહાવિયાં જો. ૧૪
એવા રાસને વિલાસ નયણે નિરખતાં જો,
દાસી 'રસિકપ્રિયા' ના મંન હરખતાં જો. ૧૫

卐

( ૨૮૨ )

[ રાહ – મા પાવા તે ગઢથી ઉતર્યાં રે ]

મા ! વૃંદા તે વનની કુંજમાં રે, મા શ્રી જમુનાજી !
રંગરસિયો રમે છે રાસ, મા શ્રીજમુનાજી !
મા ! વ્હાલે વગાડી રૂડી વાંસળી રે, મા શ્રી જમુનાજી !
પૂરી વ્રજસુંદરીની આશ, મા શ્રી જમુનાજી !
મા ! રાસ રમવાને પધારજો રે, મા શ્રી જમુનાજી !
તમે સોળે સજો શણગાર, મા શ્રી જમુનાજી !
મા ! ચણિયા ચોળી ને ચીર ચૂંદડી રે, મા શ્રી જમુનાજી !
સોહે કંઠે એકાવન હાર, મા શ્રી જમુનાજી !
મા ! બાંહે બાજુબંધ બેરખી રે, મા શ્રી જમુનાજી !
સોહે કાને ઝૂમખ તણી જોડ, મા શ્રી જમુનાજી !
મા ! કડયે કંદોરો કટિ મેખલા રે, મા શ્રી જમુનાજી !
સોહે ચરણે ઝાંઝર ઝમકાર, મા શ્રી જમુનાજી !
મા ! ચૂડી કંકણ હાથ સાંકળાં રે, મા શ્રી જમુનાજી !
સોહે નથમાં નાચંતો મોર, મા શ્રીજમુનાજી !

મા ! સરખી સાહેલીયોના સાથમાં રે, મા શ્રી જમુનાજી !
સહુ રમજો ગરબા રાસ, મા શ્રી જમુનાજી !
મા ! 'રસિકપ્રિયા' કરે વિનતી રે, મા શ્રી જમુનાજી !
દેજો અવિચલ વ્રજમાં વાસ, મા શ્રી જમુનાજી !

卐

( ૨૮૩ )

[ રાહ – જી રે મારા અંબાજી મા ]

જી રે મારાં જમુનાજી મા ! મધુવનની કુંજમાં પધારજો,
જી રે મારાં જમુનાજી મા ! પ્રીતમને પ્રીતશું રમાડજો. ૧
જી રે મારાં જમુનાજી મા ! શરદપૂનમની રૂડી રાતમાં,
જી રે મારાં જમુનાજી મા ! રમજો સાહેલિયોના સાથમાં. ૨
જી રે મારાં જમુનાજી મા ! સોહે શૃંગાર ધર્યા શોભતા,
જી રે મારાં જમુનાજી મા ! દર્શન કરીને મન લોભતાં. ૩
જી રે મારાં જમુનાજી મા ! ફૂલ્યાં છે ફૂલ ભાતભાતનાં,
જી રે મારાં જમુનાજી મા ! પક્ષી બોલે છે જાતજાતનાં. ૪
જી રે મારાં જમુનાજી મા ! વાજિંત્રો વાગે સુરતાનમાં,
જી રે મારાં જમુનાજી મા ! મનડું મોહ્યું છે મધુર ગાનમાં. ૫
જી રે મારાં જમુનાજી મા ! જુગલ સ્વરૂપે સુખ આપજો,
જી રે મારાં જમુનાજી મા ! કષ્ટ વિરહ તણાં કાપજો. ૬
જી રે મારાં જમુનાજી મા ! વ્રજમાં વસ્યાની મને હામ છે,
જી રે મારાં જમુનાજી મા ! 'રસિક' પ્રીતમ પૂરણ કામ છે. ૭

卐

( ૨૮૪ )

રાધા વૃંદા તે વંનની કુંજમાં જો,
મારે વ્હાલે વગાડી રૂડી વેણુ જો,
રાધાજીનો હાર હીરે જડ્યો જો. ૧
રાધા તેવતેવડી ટોળે મળી જો,
ચાલી રમઝમતી વ્રજનાર જો—રાધા૦ ૨
પે'ર્યાં ચણિયા ચોળી ને ચીર શોભતાં જો,
કાંઈ સજિયા છે સોળ શુંગાર જો—રાધા૦ ૩
એક ચાલે છે ચાલ ઉતાવળી જો,
એક બોલે છે મધુર રસ બોલ જો—રાધા૦ ૪
એક ગાતાં તે ગુણ વ્રજનાથનાં જો,
એક મુખડામાં મેલે તંબોલ જો—રાધા૦ ૫
પૂજાથાળી લીધી છે કોમલ હાથમાં જો,
સહુ ચાલે છે હંસગતિ ચાલ જો—રાધા૦ ૬
સહુ આવ્યાં શ્રીજમનાજીને કાંઠડે જો,
કાંઈ કરતાં તે હાસ્યવિનોદ જો—રાધા૦ ૭
રાધામાધવને મધ્ય પધરાવિયાં જો,
ગોપી ફરતાં તે મંડલાકાર જો—રાધા૦ ૮
તાળી લેતાં ને વાગે ઝાંઝર ઝૂમણા જો,
ફરે ફૂદડી ને ગરબા ગાય જો—રાધા૦ ૯
સખી ! એ સુખશોભા નિરખવા જો,
દાસી 'રસિકપ્રિયા' લલચાય જો—રાધા૦ ૧૦

ૐ

( ૨૮૫ )

[ રાહ – મા તું પાવાની પટરાણી. ]

શ્રીજમનાજી તો પ્રીતમનાં પટરાણી,
રમે છે રાસ કુંજમાં રે લોલ.
શ્રીજમનાજી તો મોહનનાં મહારાણી—રમે છે રાસ૦ ૧
શ્રીજમનાજી તો શ્યામવરણ સુકુમારી—રમે છે રાસ૦
શ્રીજમનાજીએ વશ કીધા ગિરધારી—રમે છે રાસ૦ ૨
શ્રીજમનાજીનાં કમલ સરિખાં નેણ—રમે છે રાસ૦
શ્રીજમનાજી તો ઉચ્ચરે અમૃત વેણ—રમે છે રાસ૦ ૩
શ્રીજમનાજી તો સોળે સજે શણગાર—રમે છે રાસ૦
શ્રીજમનાજીને કંઠે એકાવન હાર—રમે છે રાસ૦ ૪
શ્રીજમનાજીને ચરણે ઝાંઝર ઝમકાર—રમે છે રાસ૦
શ્રીજમનાજીની શોભા છે અપરંપાર—રમે છે રાસ૦ ૫
શ્રીજમનાજીને ચટકે ચૂંદડી લાલ—રમે છે રાસ૦
શ્રીજમનાજી તો ચાલે છે હંસગતિ ચાલ—રમે છે રાસ૦ ૬
શ્રીજમનાજીનાં ગોપીજન ગુણ ગાયે—રમે છે રાસ૦
શ્રીજમનાજી તો પ્રેમ સુધારસ પાયે—રમે છે રાસ૦ ૭
શ્રીજમનાજીને 'રસિકપ્રિયા' પાય લાગે—રમે છે રાસ૦
શ્રીજમનાજીની ચરણકમલરજ માગે—રમે છે રાસ૦ ૮

卐

( ૨૮૬ )

[ રાહ – એ રંગે રમે ઉમંગે રમે. ]

એ રંગે રમે ઉમંગે રમે, રાધા નિકુંજમાં રંગે રમે.

રાધાને ચરણે સોનાનાં ઝાંઝર,
મોહનનાં નૂપુર મનને ગમે—રાધા૦ ૧

રાધાને હાથમાં હીરાનો ચૂડલો,
મોહનની પોંચી મનને ગમે—રાધા૦ ૨

રાધાને કંઠે નવસેરો હાર છે,
મોહનની માળા મનને ગમે—રાધા૦ ૩

રાધાને કરણે મોતીની ઝૂમખી,
મોહનનાં કુંડલ મનને ગમે—રાધા૦ ૪

રાધાને મસ્તકે હીરાની ટીલડી,
મોહનનો મુગટ મનને ગમે—રાધા૦ ૫

રાધાને શિર પર કેસરિયા ચૂંદડી,
મોહનની કાછની મનને ગમે—રાધા૦ ૬

રાધાને સંગે સખિયોનો સાથ છે,
મોહનની મોરલી મનને ગમે—રાધા૦ ૭

જુગલસ્વરૂપ મારે હૃદયે બિરાજો,
'રસિકપ્રિયા' બેઉ ચરણે નમે—રાધા૦ ૮

卐

(૨૮૭)

[ રાહ – અંબાજીની ચૂંદડી ચમકે છે. ]

રાણી રાધાજીની ચૂંદડી ચમકે છે,
એની ચૂંદડીમાં સોનેરી કોર મોરી મા—રાધાજીની૦ ૧

એને ચરણે તો વીંછિયા સોનાના,
વાગે ઝાંઝરના ઝણકાર મોરી મા—રાધાજીની૦ ૨

એને શ્રીહસ્તે ચૂડલો હીરાનો,
એને દશે આંગળિયે વેઢ મોરી મા—રાધાજીની૦ ૩

એને હઇયે તે હાંસડી હીરાની,
એને કંઠે એકાવન હાર મોરી મા—રાધાજીની૦ ૪

એને કરણે તો ઝૂમખ મોતીના,
એણે પૂરી મોતીડાંની માંગ મોરી મા—રાધાજીની૦ ૫

એને મસ્તકે ટીલડી હીરાની,
એને કુમકુમ કેસર કેરી આડ મોરી મા—રાધાજીની૦ ૬

એને નાકે તે નથ હીરા રત્ન જડી,
એમાં નાચે કળાયેલ મોર મોરી મા—રાધાજીની૦ ૭

એને સંગે તે સોળ સોળ સાહેલી,
આવી મળિયા શ્રીમોહનલાલ મોરી મા—રાધાજીની૦ ૮

એવા જુગલ સ્વરૂપને નિરખીને,
જાય 'રસિકપ્રિયા' બલિહાર મોરી મા—રાધાજીની૦ ૯

卐

( ૨૮૮ )

] રાહ – ઝૂલે ઝૂલે છે નંદકિશોર, કૃષ્ણ ઝૂલે છે. ]

બેની વાગે છે જમુનાને તીર બંસી વાગે છે. ૧

એનો મધુરો-શો સૂર જાણે અમૃત ઝરે,
સર્વે વ્રજની વનિતાને વ્યાકુલ કરે,
થઈ મોહનને મળવા અધીર—બંસી૦ ૨

ગોપી અવળાં આભૂષણ અંગે ધર્યાં,
એવા મદનમોહનજીએ મનડાં હર્યાં,
ઓઢયાં અવળાં તે અંબર ચીર—બંસી૦ ૩

પ્રભુ પાસે આવીને સહુ ચરણે નમ્યાં,
રાસ 'રસિક' પ્રીતમજીને સંગે રમ્યાં,
વા'લે ટાળી છે વિરહાની પીડ—બંસી૦ ૪

卐

( ૨૮૯ )

[ રાહ – ગોપને ગોવાલણીને ગૌવાના વૃંદમાં. ]

શરદ તણી પૂર્ણિમા ને કિરણો રાકેશની,
રંજિત કરે છે વંનવેલી, કે રોશની રંગે ઢળી છે....૧

ખીલ્યાં કુમુદ રાસ ઉત્સવને આગમે,
મયૂર કલા પૂરીને યમુનાને તીરે રમે,
ઝગમગતી રેણુકા અમોલી, કે રોશની રંગે ઢળી છે....૨

કૃષ્ણ કાંત ગોપિકા વિલાસ રાસ રંગમાં,
નૃત્યગાન વાદ્ય રસે શોભિતાં તે સંગમાં,
કરતાં અનેક કુંજ કેલી, કે રોશની રંગે ઢળી છે.—૩

'કુમુદિની' કિશોર તે કિશોરીઓના સાથમાં,
રમતાં રમેશ રાસ તાળી દિયે હાથમાં,
પ્રેમ તણા સિંધુ રહ્યા છેલી, કે રોશની રંગે ઢળી છે....૪

卐

( ૨૯૦ )

[ રાહ – કાના ના છેડો ના છેડો બાંસુરી રે ]

મારા મનગમતા મોહન આવજો રે મારે આંગણે,
નંદના લાલા કામણગારા બંસરીવાળા,
આવજો રે મારે આંગણે. ૧

જમુનાને કાંઠે મધુવનની વાટે,
ગાયો ચરાવતા જોયા રંગરસિયા,
રાણી રાધા સંગ રાસ રચાવજો રે, મારે આંગણે૦ ૨

પનઘટને બ્હાને દુરિજનથી છાને,
મળવાને મોહન હું આવી સંજા ટાણે,
વ્હાલા પૂર્વની પ્રીત નિભાવજો રે, મારે આંગણે૦ ૩

卐

(૨૯૧)

## શ્રીગોપીગીતનું ધોળ

[ રાહ – વ્રજના જીવન કરું વિનતી ]

સખીઓ તે સરવે ટોળે મળી, શ્રીજમુનાજીને તીર,
વિકલ થઇને કરે વિનતી, મન ધરે નહીં ધીર—૧

તમારા પ્રાગટય થકી પ્રીતમ રે, વ્રજ અધિક સોહાય,
વૈભવ શોભા વધી રહી, વસે લક્ષ્મી સદાય—૨

વિરહ વ્યથાએ ઢૂંઢી રહ્યાં રે, તમે જીવન પ્રાણ,
દાસી જાણીને દયા કરો, આપો દર્શન દાન—૩

હા હા રમણ અભીષ્ટપ્રદ રે, બેઉ નેન વિશાલ
શરદ ઋતુના કમલતણી, શોભા હરે તતકાલ—૪

દાસી તમારી વિના મૂલની રે, માર્યાં નેનનાં બાણ,
સ્રીવધ તમને શોભે નહીં, આપો જીવન દાન—૫

શ્રેષ્ઠ શિરોમણિ આપ છો રે, રક્ષા કરી વારંવાર,
વિષ જલ અગ્નિ મૃત્યુ થકી, માર્યા અસુર અપાર—૬

વૃષ્ટિ વાદળ ઉત્પાતનાં રે, ટાળ્યાં વિઘન અનેક,
આવે સમે રે અળગા રહ્યા, કાપો કષ્ટ આ છેક—૭

નથી રે આનંદ કેવળ ગોપીને રે, સરવે સૃષ્ટિના પ્રાણ,
અંતર્યામી આત્મા તણા, મિત્ર સરવેના જાણ—૮

વિશ્વ રક્ષણ કેરે કારણે રે, યદુકુલ અવતાર,
દાસી જાણીને પૂરણ કરો, મનોરથ તતકાળ—૯

યદુકુલ તિલક કે'વાઓ છો રે, ભય ટાળો સંસાર,
ચરણ શરણ જે કોઇ થઈ રહે, આપો અભય તે વાર—૧૦
કમલ સરિખા શ્રીહસ્ત જે રે, પકડયો લક્ષ્મીનો હાથ,
પ્રીતમ પ્યારા શ્રીહસ્ત તે, વેગે ધરો અમ માથ—૧૧
વ્રજજન કેરી વિરહવ્યથા રે, તમો હરતા હો વીર,
ગર્વ ટાળો રે નિજભક્તના, મંદ મુસકનિ ધીર—૧૨
મિત્ર મનોહર આપ છો રે, વેગે કરો અંગીકાર,
કિંકરી જાણી કૃપા કરો, બતાવો વદન રસાલ—૧૩
વનવનમાં વિચરી રહ્યા રે, ગોધન પાછળ ધાય,
પ્રણત જનોનાં પાપો હરે, તમ ચરણ સદાય—૧૪
જે પદ લક્ષ્મી સેવી રહ્યાં રે, ધર્યાં શેષને માથ,
તે પદ સ્થાપો હૃદય વિષે, ઠારો વિરહની આગ—૧૫
મધુર વચન પ્રભુ આપનાં રે, હરે પંડિતોના મંન,
તે વચને રે અમે મોહી રહ્યાં, પ્યારા કમલલોચન!—૧૬
અધરસુધા પીવરાવીને રે, આપે. જીવન દાન,
દાસી જાણીને દયા કરો, પ્રિય ! ચતુર સુજાન—૧૭
તપ્તજનોને જીવન દિયે રે, કવિ કરે રે વખાણ,
પાપ હરે ને મંગલ કરે, સુણે શ્રવણ સુજાણ—૧૮
કામ કરમ નિર્મૂળ કરે રે, સુખશાંતિનું સ્થાન,
જે જગતમાં ધન્ય છે, કરે કથા રસપાન—૧૯
ધ્યાન તમારૂં મંગલ કરે રે, પ્રેમદષ્ટિ વિહાર,
હો કપટી ! પ્રિય ! શું કહું, વશ થઈ વ્રજનાર—૨૦

ક્રીડા કલ્લોલ એકાંતનાં રે, સુખ કહ્યાં નવ જાય,
મધુર વચને મનડાં હર્યાં ચિત્ત ચંચળ થાય—૨૧
વ્રજવનમાં ગઉ ચારવા રે, જ્યારે પધારો છો નાથ !
કમલસમા રે બેઉ ચરણમાં, લાગે કંકર ઘાસ—૨૨
વ્યથિત થતાં હશે વ્હાલમા રે, તમો કોમળ કાન્ત,
એ રે ચિંતાએ મન અમ તણાં, વ્યાકુલ થાય બહુ ભાંત—૨૩
વ્રજમાં પધારો સંજા સમે રે. લઈ ગોધન સાથ,
અલક ઝલક મુખમાધુરી, રજ રંજિત ગાત—૨૪
મનહર મુખડું દેખાડીને રે, ચિત્ત ચોરો છો વીર !
હૃદય અમારાં રસે ભરે, કામ જાગે શરીર—૨૫
હા હા રમણ ! આરતિહર રે ! તમ ચરણારવિંદ,
પ્રણત મનોરથ પૂરણ કરે, સેવે લક્ષ્મી સ્વછંદ--૨૬
શીતલ સુખદ મંગલમય રે, ભૂમિભૂષણ રૂપ,
સ્થાપિત કરીએ આ સ્તન વિષે, બેઉ ચરણ અનુપ—૨૭
સુરત વધારે સુંદરવર રે ! નાસે શોક સંતાપ,
વેણુ વડે રે ચુંબિત થયા, એવા અધર છે આપ—૨૮
એ અધરામૃત આપનું રે, પીવરાવો આ વાર,
તેથી કરીને સુખ સ્વર્ગનું, તુચ્છ લાગે સંસાર—૨૯
વૃંદા તે વનમાં વસી રહ્યા રે, જ્યારે દિવસમાં શ્યામ,
દર્શન વિના ક્ષણ એક તે, લાગે યુગને સમાન—૩૦
કુટિલ કુંતલ મુખ નિરખતાં રે, સુખ સંજાએ થાય,
બ્રહ્માએ રચી જડબુદ્ધિએ પલકાંતર ત્યાંય—૩૧

ગીતે મોહી રે સહુ ગોપિકા રે, તજ્યાં પતિ પરિવાર,
શ્રવણે સુણીને સુંદર બાંસુરી, આવ્યા વંન મોઝાર—૩૨
કપટી કુટિલ બીજું કોણ હશે રે, એવા નિઠુર છો નાથ !
બંધુ બાંધવ તજ્યાં તમ માટે, મેલી ગયાં વન રાત—૩૩
ક્રીડા કૌતુક એકાંતનાં રે, સુખ સાંભળે શ્યામ,
મનહર મુખડું નિહાળતાં, ઉર ઉપજે છે કામ—૩૪
વ્હાલા વક્ષસ્થલ નિરખતાં રે, જ્યાં છે લક્ષ્મીનો વાસ,
મળવાને મનડું મોહિત થયું, નિરખ્યા નેન કટાક્ષ —૩૫
વ્રજવનવાસીના દુઃખને રે, દૂર કરવા મહારાજ !
પ્રગટ પ્રભુ તમો અવતર્યા, નિજજન હિત કાજ—૩૬
સ્વજન તમારાં સુખી રહે રે, આપો ઔષધ એહ,
કૃપણપણું રે કરશો નહીં, ચિત્ત વ્યાકુલ છેહ—૩૭
સર્વસ્વ પ્રાણજીવન ! છો રે, પ્રિય ! અતિ સુકુમાર,
ચરણ ધરો રે જ્યારે સ્તન વિષે, ધીમે પ્રાણઆધાર !—૩૮
વનવનમાં વિચરી રહો રે, લાગે કંકર ત્યાંય,
એ રે ચિંતાએ ચિત્ત અમતણાં આકુલવ્યાકુલ થાય—૩૯
કૃષ્ણદર્શન કેરી લાલસા રે, કરે વિવિધ વિલાપ,
ઊંચે સ્વરે રે ગાયે ગોપિકા, વાધ્યો અતિ ઘણો તાપ—૪૦
પ્રગટ થયા રે પ્રભુ તે સમે રે, મોહ્યા કોટિક કામ,
મનહર મધુર હસી રહ્યા, મુખ સુંદરશ્યામ—૪૧
વિરહવ્યથા વિસરી ગયાં રે, પામ્યાં અવિચલ આનંદ,
'રસિક' પ્રીતમ મળ્યા માનિની, સાચો સ્નેહનો રંગ—૪૨

* *

( ૨૯૨ )

[ રાહ – મુરલી વાગી મુરલીધરની. ]

સુધિ આવે સજની ઘડી ઘડી,
નિરખું મનમોહન નેન ભરી.

ફાગુણમાં હોળી રંગ રમતાં, રસિયાને રસભાવે ગમતાં.
મન મારું લીધું હરી હરી—નિરખું મનમોહન૦ ૧

ચોવા ચંદન છિરકી અંગે, સુંદરવર શ્રીરાધા સંગે,
પિચકારી મારે ફરી ફરી—નિરખું મનમોહન૦ ૨

કરી નેનસેન મધુરું બોલે, પ્રિય હસી હસી ઘૂંઘટ ખોલે,
મુખ ઉપર મુરલી ધરી ધરી—નિરખું મનમોહન૦ ૩

ભરી અબિલ ગુલાલ તણી ઝોળી, કેસર ઢોળે ગોકુલ ગોરી,
પ્રીતમને પરવશ કરી કરી—નિરખું મનમોહન૦ ૪

કહે 'રસિકપ્રિયા' રસસિંધુ તણી,
માગું આતુર થઇ એક કણી,
વ્રજવલ્લભવરને વરી વરી નિરખું મનમોહન૦ ૫

卐

( ૨૯૩ )

મા ! વૃંદા તે વનના ચોકમાં રે, દેવી શ્રીયમુના....
મા ! ખેલો રંગીલા રાસ રે, દેવી શ્રીયમુના.... ૧
મા ! શ્યામસુંદરર સંગમાં રે, દેવી શ્રીયમુના....
મા ! કરતાં મધુરું હાસ્ય રે, દેવી શ્રીયમુના.... ૨

મા ! ચરણા ચોલીને ચીર ચૂંદડી રે, દેવી શ્રીયમુના....
મા ! સોળે સજ્યા શણગાર રે, દેવી શ્રીયમુના.... ૩

મા ! નાકે નકવેસર શોભતાં રે, દેવી શ્રીયમુના....
મા ! ઉર એકાવન હાર રે, દેવી શ્રીયમુના.... ૪

મા ! સરખી સૈયરના સાથમાં રે, દેવી શ્રીયમુના....
મા ! તાળી દેતાં હાથ રે, દેવી શ્રીયમુના.... ૫

મા ! અમૃતવાણી ઉચ્ચરે રે, દેવી શ્રીયમુના....
મા ! ગાતાં ગુણ વ્રજનાથ રે, દેવી શ્રીયમુના.... ૬

મા ! કર જોડીને કરગરું રે, દેવી શ્રીયમુના....
મા ! દેજો વ્રજમાં વાસ રે, દેવી શ્રીયમુના.... ૭

મા ! 'રસિકપ્રિયા' કરે વિનતી રે, દેવી શ્રીયમુના....
મા ! રાખો ચરણને પાસ રે, દેવી શ્રીયમુના.... ૮

卐

( ૨૯૪ )

## શ્રી દ્વારકેશલાલજીનાં દ્વિતિય વહુજી કમલપ્રભા (છમકલબા)નું ધોળ

[ રાહ – પ્રથમ સમરૂં શ્રીવલ્લભ શ્રીવિઠ્ઠલેશ જો. ]

અલબેલા ! આવોને મારે આંગણે,
આવો તો દઉં માખણ મિસરી હાથજો;
ભોજન તો કરાવું મન ભાવતાં,
પાસે બેસી કરું મધુરી વાત જો—અલબેલા૦ ૧

નાના નાના કોર ધરૂં મુખ કમલમાં,
પ્રીતેથી આરોગો મારા નાથ જો;
મુખ પોંછીને બીડી આપું પાનની,
સરસ સુગંધી બરાસ કેશર સાથ જો—અલબેલા૦ ૨

અધર અરુણ તો થાશે પ્રીતમ આપના,
હસ્તગ્રહીને લઈ ચાલું એકાંત જો;
એકાંતે બેસીને રમશું સોગઠે,
સેજ સમારૂં પ્રીતમ પોઢો રાત જો....અલબેલા૦ ૩

અત્તર ફૂલેલ લગાવું, કોમલ અંગમાં,
હૃદય દબાવી સ્પર્શું બંને ગાત જો;
શ્રમિત થયા છો પોઢો સુંદર સેજમાં,
ચરણ પલોટું હમણાં થાશે પ્રાત જો—અલબેલા૦ ૪

ખેલ કરંતાં અર્ધ નિશા વીતી ગઇ,
પોઢયાં બન્ને પલમાં થયું પ્રભાત જો,
શોર સુણી તમચરનો બન્ને જાગિયાં,
આળસ મરડી ફરી ફરી લપટાત જો—અલબેલા૦ ૫

અસ્તવ્યસ્ત શૃંગાર સમારે લાડિલી,
પ્રીતમનાં તો નેત્રકમલ મીંચાત જો;
પ્રેમધરી પ્યારી દધિમંથન આદર્યું,
કરી માખણ આપ્યું પ્રીતમને હાથ જો—અલબેલા૦ ૬
મંદ હસી પરસ્પર નેન નચાવિયાં,
પ્રેમવિવશ થઈ પાય પડયાં અકુલાત જો;

મોહન કહે સુણો મદમાતી સુંદરી,
તું તે હું, હું તે તું, જગવિખ્યાત જો—અલબેલા૦ ૭

વચન દઈ મળવાનું બેઉ છૂટા પડયાં,
હૃદયમંદિરમાં વસિયા દીનાનાથ જો;
'દાસી'ના પ્રભુ કરી સંકેત પધારિયા,
આવી ઊભા જ્યાં જસોદા માત જો—અલબેલા૦ ૮

卐

( ૨૯૫ )

## પવિત્રા ઉત્સવનું ધોળ

[ રાહ – એક સમે હરિ હલધર સાથે. ]

શ્રાવણ સુદિ એકાદશી આવી, જીવન વૈષ્ણવજનનું લાવી,
પુષ્ટિ અનુગ્રહ રે કીધો. ૧

એક સમય પ્રભુ અડધી રાતે, પોઢયા શ્રીઠકુરાણીઘાટે,
શ્રીમહાપ્રભુજી રે જાગ્યા. ૨

દૈવીજન વિછુડયા જે હરિથી, તેનો ઉદ્ધાર કરું ફરીથી,
ચિંતા ઉપજી રે મનમાં. ૩

જીવને કારણ પ્રાગટ્ય મારું, ભવસાગરથી કેમ ઉગારું ?
અગણિત દોષે રે ભરિયા. ૪

અંતરની ગતિ અડધી રાતે, જાણી શ્રીગોવર્ધનનાથે,
સન્મુખ આવી રે ઊભા. ૫

કોટિકંદર્પે દર્શન દીધાં,
મધુર હસીને મન હરી લીધાં,
ઉચર્યા અમૃત રે વાણી. ૬

ચિંતા ચિત્તમાં શીદને ધરો છો ?
કલિયુગના દોષોથી ડરો છો,
પુષ્ટિ અનુગ્રહ રે કરજો. ૭

નામનિવેદન મંત્ર સુણાવો,
જીવને બ્રહ્મસંબંધ કરાવો,
અગણિત દોષો રે બળશે. ૮

મારી સેવાનો થાય અધિકારી,
દૃઢ કરી દિલમાં લેજો વિચારી,
નથી કોઈ સાધન રે બીજું. ૯

વચન સુણી વલ્લભ સુખ પામ્યા,
મધુર હસી ચરણે શિર નામ્યા,
ચિત્તની ચિંતા રે ટાળી. ૧૦

પ્રેમ સહિત પવિત્રાં ધરાવિયાં,
મિશ્રી ભોગ મધુર અરોગાવ્યા,
પ્રીત પરસ્પર રે પ્રગટી. ૧૧

આજ્ઞા દઈ હરિ આપ પધાર્યા,
શ્રીદામોદરદાસજીનાં ભાગ્ય વિસ્તાર્યાં,
પ્રથમ નિવેદન રે કરિયું. ૧૨

જય શ્રીવલ્લભપ્રભુ જય ગિરધારી,
ચરણ શરણ લઇ લીધા ઉગારી,
નિજજન દાસી રે જાણી. ૧૩

( ૨૯૬ )

## બાર મહિનાનો ગરબો

[ રાહ – આવો આવો શ્રીનંદજીના લાલ, માખણ ખાવાને. ]

અલબેલા શ્રીમોહનલાલ ! મંદિર આવો ને,
તમે શાને વધાર્યાં વ્હાલ ? મંદિર આવોને. ૧

કારતક માસે કામણ કીધાં, ચિત્તડાં લીધાં ચોરી રે,
મંત્ર ભણી મોહનવર મુજને નાખી પ્રેમઠગોરી. ૨

રંગભવનમાં રંગે રમતાં, સુખસાગરમાં ન્હાતાં રે,
સુરસંગીત વિવિધ વાજિંત્રે, ગીત મધુરાં ગાતાં, ૩

માગશર માસે મદન સતાવે, વિરહવ્યથા ગભરાવે રે,
વિકલ થઇ વ્હાલમજી ! મારા સુખનાં સમરણ આવે. ૪

ચોપડ પાસા રમત રમતાં, ફૂલબગીચે ફરતાં રે.
એકબીજાં મનુહાર કરીને ભાવે ભોજન કરતાં ૫

પોષ માસ પૂરણ સુખ આપી, પિયુ પરદેશ પધાર્યા રે,
અંગ અંગ આતુર કરવાને, મોહન માન વધાર્યાં, ૬

અરસપરસ આલિંગન ભરતાં, કરતાં રસની વાત રે,
પ્રિય સૌભાગ્ય મદે મદમાતાં ફરતાં દિનને રાત. ૭

મહા માસે મોહન મુખ જોવા, મન મારું મુંજાય રે,
અંતરમાં આતુરતા વ્યાપી, નયણે નીર ભરાય. ૮
શીતકાલ સુંદરવર નિરખી, શીતલ કરતાં છાતી રે,
ભુજ ભરી ભેટી અંગ લપેટી, મંદ મધુર મુસકાતી. ૯

ફાગણ માસ સકલવન ફૂલ્યાં, અંગ અનંગ સતાવે રે,
હું અબલા એકલડી જાણી, સન્મુખ બાણ ચલાવે. ૧૦
કેસર રંગ કનક પિચકારી, હરખે હોળી રમતાં રે,
અબીર ગુલાલ કપોલે પરસી, મોહનને મન ગમતાં. ૧૧

ચૈત્ર માસ ચતુરાઈ તમારી, જાણી જગદાધાર રે,
પ્રીતમ પ્રીત કરી તરછોડી, ઘડી ન લાગી વાર. ૧૨

ફૂલ ગુલાબ મનોહર માલા, વલ્લભ વેણી સમારો રે,
વ્હાલ ભરી વશકરણી વિદ્યા, શું કહું સ્નેહ તમારો, ૧૩

વૈશાખે વ્યાકુલતા વ્યાપી, ભૂખ્યા ભોજન નવ ભાવે રે,
સેજલડીમાં શયન કરતાં નયણે નિદ્રા ન આવે. ૧૪
ચંદન ચરચી શ્યામ શ્રીઅંગે, વીંઝણે વાય ઢોળાવું રે,
નવનાયક સંગ નાવે બેસી, તનના તાપ બુઝાવું. ૧૫

જેઠ માસ જીવન સુખ આપો, વિરહ વેદના કાપો રે,
નખશિખ સુભગ સ્વરૂપ તમારું હૃદયકમલમાં સ્થાપો. ૧૬

શ્રમ સરિતા જલ સ્નાન કરતાં, મુખડે ચુંબન દેતાં રે,
અરસપરસ અભિષેક કરતાં, વાત મધુરી કે'તાં. ૧૭

માસ અષાડ પપૈયા બોલે, ભાવ હૃદયના ખોલે રે,
નવલનાહને નયણે નિરખવા, ચંચલ ચિત્તડું ડોલે. ૧૮
ફૂલ શૃંગાર શ્રીઅંગે ધરાવી, દર્પણમાં મુખ જોતાં રે,
પ્રથમ સ્નેહ પ્રાણવલ્લભ-શું, વિરહ વ્યથા દુઃખ ખોતાં. ૧૯

શ્રાવણ માસ સરોવર ભરિયાં, ઝરમર વરસે મેહ રે,
પ્રીતમજી ! પરદેશ વસ્યા તો, શીદને કર્યો સ્નેહ. ૨૦
એક હિંડોળે બેસી ઝૂલતાં, વૃક્ષકદમની ડાળે રે,
અરસપરસ આલિંગન ભરતાં, વીજળીને ચમકારે. ૨૧

ભાદરવે ભરજોબન ખીલ્યું, વ્હાલમ વે'લા આવો રે,
બાંહ્યગ્રહ્યાનું બિરદ વિચારો, ઉરની આગ બુઝાવો. ૨૨
વિવિધ મનોરથ મનમાં ઊપજે, સુંદર સેજ બિછાવું રે.
અતિ એકાંત ભવન અલબેલા ! પુષ્પહાર પહેરાવું. ૨૩

આસુ માસ અધિક સુખ દેવા, વ્હાલમ ! વાર ન કરશો રે,
વિરહ ભરી વિનતી આ મારી, હૃદયકમલમાં ધરશો, ૨૪
ફૂલ બગીચે ફૂલડાં વીણતાં, પાછળથી દગ વીંચોરે,
મંદ હસી મોહન ! મન હરતાં, પ્રેમ સુધારસ સીંચો. ૨૫

અધિક માસમાં અધિક મનોરથ, ખટરસ સ્વાદ સમર્પું રે,
દેહ પ્રાણ આત્મા સહુ ઇંદ્રિય, આપ ચરણમાં અર્પું. ૨૬
દીન જાણીને દયા વિચારો, અહર્નિશ દર્શન આપો રે,
'રસિકપ્રિયા' રસરાસ રમાડો, ભવભવના દુઃખ કાપો. ૨૭

卐

( ૨૯૭ )

## બાર માસનો ગરબો

[ રાહ – છે સ્વારથીઓ સંસાર ]

સખી ! સાંભળ મારી વાત,
કારતક માસે કૃષ્ણ પધાર્યા મેલી મુજને ઘેર,
હું અબળા એકલડી જાણી, કામ કરે બહુ કેર. ૧
માગસર માસે મોહન મળવા મન મારું મૂંઝાય,
રડી રડી કંઈ રાત વિતાવું, દિવસ દોહ્યલા જાય. ૨
પોષ માસ પ્રીતમ મુખ જોવા નિશદિન તલપે નેન,
પિયુ પરદેશ પધાર્યા મારા, ચિત્તમાં ન આવે ચેન. ૩
મહા માસે મારું મન મોહ્યું, સર્વસ્વ ખોયું સાર,
પરનારી-શું પ્રીત કરી, મને મેલી નિરાધાર. ૪
ફાગણ માસે ફૂલ ઘણેરાં, રમવા હોળી રંગ,
કોયલ બોલે કુ હૂ કુ હૂ, ત્યાં કંપે મારું અંગ, ૫
ચૈત્ર માસ ચતુરાઇ તમારી, જાણી મેં જગદીશ,
ક્ષમા કરો અપરાધ અમારો, મેલો મનની રીસ. ૬
વૈશાખે વલ્લભવર વ્હાલા, જોઉં તમારી વાટ,
જેમ ચકોરી જુવે ચંદ્રને, ઉરમાં થયો ઉચાટ. ૭
જેઠ માસમાં જુગલ સ્વરૂપે, નિરખું મારા નાથ !
મન માન્યા હું કરું મનોરથ, સાહેલીને સાથ. ૮

અષાડ માસે અંતરજામી, આશા ઉરમાં એક,
એક ક્ષણું અળગા નવ થાશો, વિનવું કરી વિવેક. ૯

શ્રાવણ માસે ભર્યાં સરોવર, ઝરમર વરસે મેહ,
સુંદરવરનું સ્મરણ કરતાં, પ્રગટે નવ તન નેહ. ૧૦

ભાદરવે ભરજોબન ખીલ્યું, મુરઝાણું આ મંન,
નાથ ! અમો મન થઈ નિરાશા, પ્રીતમ થાઓ પ્રસન્ન. ૧૧

આસો માસ શરદ અજવાળી, રમવા સુંદર રાસ,
મદનમોહન મંદિર પધાર્યા, જાણી નિજજન દાસ. ૧૨

卐

( ૨૯૮ )

## ફૂલ ગુલાબનું રે...

એક ગહેરું તે ફૂલ ગુલાબનું રે,
એની કલિયે કલિયે રસરેલ રે—ફૂલ ગુલાબનું રે૦ ૧

હું તો વારિ જાઉં શ્રીલક્ષ્મણ તાતને રે,
હું તો વારિ જાઉં શ્રીઇલંમાજી માતને રે,
જેણે જાયા શ્રીવલ્લભરાય રે—ફૂલ ગુલાબનું રે૦ ૨

હું તો વારિ જાઉં શ્રીવલ્લભ તાતને રે,
હું તો વારિ જાઉં શ્રીઅક્કાજી માતને રે,
જેણે જાયા શ્રીગોપીનાથ રે—ફૂલ ગુલાબનું રે૦
જેણે જાયા શ્રીવિઠ્ઠલનાથ રે—ફૂલ ગુલાબનું રે૦ ૩

હું તો વારિ જાઉં શ્રીવિઠ્ઠલ તાતને રે,
હું તો વારિ જાઉં શ્રીરૂખમણી માતને રે,
જેણે જાયા શ્રીગિરધરલાલ રે—ફૂલ ગુલાબનું રે૦
જેણે જાયા શ્રીગોવિંદરાય રે—ફૂલ ગુલાબનું રે૦
જેણે જાયા શ્રીબાલકૃષ્ણલાલ રે—ફૂલ ગુલાબનું રે૦
જેણે જાયા શ્રીગોકુલનાથ રે—ફૂલ ગુલાબનું રે૦
જેણે જાયા શ્રીરઘુનાથલાલ રે—ફૂલ ગુલાબનું રે૦
જેણે જાયા શ્રીજદુનાથલાલ રે—ફૂલ ગુલાબનું રે૦

હું તો વારિ જાઉં શ્રીવિઠ્ઠલ તાતને રે,
હું તો વારિ જાઉં શ્રીપદ્માવતી માતને રે,
જેણે જાયા શ્રીઘનશ્યામલાલ રે—ફૂલ ગુલાબનું રે૦ ૪

હું તો વારિ જાઉં શ્રીપુરુષોત્તમજી તાતને રે,
હું તો વારિ જાઉં શ્રીચંદ્રાવલી માતને રે,
જેણે જોયા શ્રીરમણલાલ રે—ફૂલ ગુલાબનું રે૦ ૫

હું તો વારિ જાઉં શ્રીરમણલાલજી તાતને રે,
હું તો વારિ જાઉં શ્રીરાણીવહુજી માતને રે,
જેણે જાયા શ્રીવ્રજપાલલાલ રે—ફૂલ ગુલાબનું રે૦
જેણે જાયા શ્રીઘનશ્યામલાલ રે—ફૂલ ગુલાબનું રે૦
જેણે જાયા શ્રીકન્હૈયાલાલ રે—ફૂલ ગુલાબનું રે૦ ૬

હું તો વારિ જાઉં શ્રીઘનશ્યામ તાતને રે,
હું તો વારિ જાઉં શ્રીપ્રાણમતી માતને રે,

જેણે જાયા શ્રીદામોદરલાલ રે—ફૂલ ગુલાબનું રે૦
જેણે જાયા શ્રીદ્વારકેશલાલ રે—ફૂલ ગુલાબનું રે૦ ૭

卐

## ( ૨૯૯ )

[ રાહ – નમો નમો વૃંદાવનદેવી. ]

નમો નમો યમુના મહારાણી, આનંદ મંગલકારી રે,
કૃપા કરે ગોપીજનવલ્લભ, રાધારમણ બિહારી રે, ૧
પુલિન મનોહર રાસ રચાવે, કુંજ નિકુંજ સમારી રે,
અતિ ઉદાર કરુણા વરસાવે, રસ ઉપજાવે ભારી રે. ૨
પુષ્ટિદાનદાતા તે જાણો, હરિ–શું મિલન વિચારી રે,
ચરણરેણુ અદ્‌ભુત તે કણિકા, 'કુમુદિની' દાસી તમારી રે. ૩

卐

## ( ૩૦૦ )

## હોરી ખેલ

[ રાગ – અચકો મચકો કારેલી ]

એક ગોકુલિયાની ગોરી રાજ લટકો મટકો કરતીતી,
હરિ સંગે રમવા હોરી રાજ લટકો મટકો કરતીતી૦ ૧
જલ ભરવા યમુના ઘાટે રાજ લટકો,
લઈ સરખી સૈયર સાથે રાજ લટકો૦ ૨
મારગમાં મોહન મલ્યાં રાજ લટકો,
સહુ મનના મનોરથ ફલિયા રાજ૦ ૩

ભરી અબીર-ગુલાલે ઝોરી રાજ લટકો,
શિર કેસર ગાગર ઢોળી રાજ લટકો૦ ૪
પિચકારી પરસ્પર ચાલે રાજ લટકો,
ગોરી હાથ હરીનો ઝાલે રાજ લટકો૦ ૫
વ્હાલે મુરલી મધુર બજાવી રાજ લટકો,
અમૃત વરસા વરસાવી રાજ લટકો૦ ૬
ત્યાં ગગન ગુલાલે છાયો રાજ લટકો,
રંગરસિયે રંગ મચાયો રાજ લટકો૦ ૭
રાધાજીને રંગમાં રોળ્યાં રાજ લટકો,
ત્યારે વચન મધુરાં બોલ્યાં રાજ લટકો૦ ૮
તમે નિર્લજ છો નંદલાલા રાજ લટકો,
હવે વિવશ થઈ વ્રજ બાલા રાજ લટકો૦ ૯
અમે નંદ જસોદાને કે'શું રાજ લટકો
મન માન્યા ઉરાહણા દેશું રાજ લટકો૦ ૧૦
એવાં વચન સુણી હરિ હસ્યા રાજ લટકો,
મન 'રસિકપ્રિયા' ને વસ્યા રાજ લટકો૦ ૧૧

卐

( ૩૦૧ )

[ રાગ – ઉપર મુજબ ]

મથુરાની મોહની લાગી મહારાજ,
મને મથુરાની મોહની લાગી....૧

મંગલ મહોત્સવ નૃત્ય-ગાન તાનસું,
પ્રેમ પીયુષે રહી પાગી મહારાજ મને.... ૨
જય જયશ્રી ગોકુલેશ શબ્દ સોહામણો,
સુણતાંને સ્નેહ જોત જાગી મહારાજ મને.... ૩
'રસિકપ્રિયા' રંગ રોલમાં રંગાણી,
અંતર ભર્યાં અનુરાગી મહારાજ મને.... ૪

( ૩૦૨ )

આવો મારા લાલ ગોવિન્દ ગોપાલ,
કહું એક મીઠી મીઠી વાતડી રે લોલ૦ ૧
આવજો મારે ઘેર કરશું લીલા લહેર,
હમણાં દોવરાવું ગોરી ગાવડી રે લોલ૦ ૨
દૂધના છે ઠાઠ દહીંના ભર્યાં માટ,
ખાટી-મીઠી છાસે ભરી ત્રાંબડી રે લોલ૦ ૩
માખણ મારા ખાવ ઝટ મોટા થાવ,
યમુનાને કાંઠે વાજો વાંસળી રે લોલ૦ ૪
નન્દનાકુમાર હૈયાના છો હાર,
જોઈને ઠરે છે મારી આંખડી રે લોલ૦ ૫
ચરણની છું દાસ આપો વ્રજવાસ,
છૂટે સંસારરૂપી સાંકળી રે લોલ૦ ૬

( ૩૦૩ )

## વધાઈ

[ રાગ – પાણી ગ્યાતા રે બેની અમે તળાવના રે ]

ગોકુલ ગ્યાતાં રે બેની અમે મહીં વેચવા રે
જશોદાને જનમ્યાં લાલ મન મારૂં હરખાણું રે....૧
ઓસરીયે બેઠા રે બેની એ તો નન્દ રાજા
દે છે અનેરા દાન મન મારૂં....૨
આંગણીયે નાચે રે ગોપી ગ્વાલ રંગ ભીના રે
દહીં દુધની રેલમ છેલ મન મારૂં....૩
બારણિયે બાંધ્યા રે તોરણ આંબાના રે,
મોતીના પૂર્યા ચોક મન મારૂં....૪
નોબત નગારાં રે વાગે બેની દરવાજે રે
શરણાઈઓના શોર મન મારૂં....૫
પારણિયે ઝૂલે રે લાલ મારા લાડકડા રે
ઝૂલાવે વ્રજની નાર મન મારૂં....૬
હાલરડાં ગાતી રે બેની હું તો હુલરાવું રે,
ઘૂઘરાના ઘંમકાર મન મારૂં....૭
ઝંબલાંને ટોપી રે લાલ તને પહેરાવું રે
કંઠે હીરાનો હાર મન મારૂં....૮
માખણુને મિસરી લાલ તને ખવરાવું રે
સાજું સોનાના થાળ મન મારૂં....૯
'રસિકપ્રિયા'ના રે કોડ પુરો કાનુડા રે
નાનકડા નવનીતલાલ મન મારૂં હરખાણું રે....૧૦

( ૩૦૪ )

## સ્નેહ ભરી શિખામણ

આંગણિયે ઓછવ મનાવ તારે ઘેર પ્રીતમ પધારશે
મોંઘેરા મંડપ સજાવ તારે ઘેર પ્રીતમ પધારશે—૧

આસોપાલવના તું તોરણ બંધાવજે
કંકુ કેસરના તું સાથિયા પુરાવજે
પ્રેમતણે પુષ્પે વધાવ તારે ઘેર—૨

ચંપેલી બાગમાં તુ હીંચકા બંધાવજે,
ફૂલડાંના હાર એની પિયુને પહેરાવજે
સ્નેહતણે ઝૂલે ઝુલાવ તારે ઘેર—૩

દેજે તું દાન આજ ગોરસ ગોપાલને
કરજે વિવેકે વશ વ્રજના પ્રતિપાલને
અણચિતવ્યો આવ્યો છે દાવ તારે ઘેર—૪

માનવતી થઈને તું મોંઘેરી થઈશમાં
નાથને ન ગમે એવા વચનો તું કહીશમાં
શ્યામ રંગ ચિત્તમાં ચઢાવ તારે ઘેર—૫

卐

( ૩૦૫ )

[ રાગ – એક પરદેશી મેરા દિલ લે ગયા ]

મહા ઓછવના માંડવડા રચાવો, તો જરા,
મીઠાં મીઠાં મંગલ ગાવા આવો તો જરા૦—૧

માંડવામાં મોટા મોટા મંચ બિછાવો
મખમલની ગાદીને તકીયા સજાવો
પ્યારા ગોકુલનાથને પધરાવો તો જરા—મીઠાં મીઠાં૦ ૨

આંગણિયામાં કંદલીના સ્થંભ રોપાવો
મોતીડાના ચોક પૂરી સાથિયા બનાવો
દ્વારે દ્વારે તોરણિયાં બંધાવો તો જરા—મીઠાં મીઠાં૦ ૩

નોબત નગારાં વરી વાગે શરણાઈ
બોલે નર-નારી મુખે મંગલ વધાઈ
શ્રીવલ્લભવરને મોતીડે વધાવો તો જરા—મીઠાં મીઠાં૦ ૪

卐

( ૩૦૬ )

## શ્રી ગોકુલેશ નામની ધ્વની

મેં તો ગોકુલમાં ગોકુલેશ નિરખ્યા રે બ્હેન
જ્યાં જોઇએ ત્યાં ગોકુલેશજી,
મારા આનંદે હૈયા હરખ્યાં રે બ્હેન જ્યાં જોઇયે....૧

વ્હાલે મથુરામાં મહાસુખ આપ્યાં રે બ્હેન જ્યાં જોઇયે,
મારા કષ્ટ વિરહના કાપ્યાં રે બ્હેન જ્યાં જોઇયે....૨
વ્હાલે મધુવનમાં મોહની કીધી રે બ્હેન જ્યાં જોઇયે,
મારી સુધબુધ સાન હરી લીધી રે બ્હેન જ્યાં જોઇયે....૩
વ્હાલો ગિરિરાજમાં ગોવર્ધન વસિયા રે બ્હેન જ્યાં જોઇયે,
એ તો સેવા શૃંગારના છે રસિયા રે બ્હેન જ્યાં જોઇયે....૪

મેં તો ગલિયોમાં ગોકુલેશ દીઠા રે બ્હેન જ્યાં જોઇયે,
મારા મનમાં લાગ્યા છે ઘણા મીઠા રે બ્હેન જ્યાં જોઇયે....૫
વ્હાલા ભક્તોને ઘેર ઘેર રમતા રે બ્હેન જ્યાં જોઇયે,
સ્નેહ ભાવે સુજાતિને ગમતા રે બ્હેન જ્યાં જોઇયે....૬
ઠામ ઠામે વલ્લભ ગુણ ગાજે રે બ્હેન જ્યાં જોઇયે,
વ્હાલો પ્રગટ્યા છે ભક્ત તણે કાજે રે બ્હેન જ્યાં જોઇયે....૭

વ્હાલે કાલોલમાં કરૂણા વિચારી રે બ્હેન જ્યાં જોઇયે,
જન્મ ઉત્સવનો આનંદ ભારી રે બ્હેન જ્યાં જોઇયે....૮
વ્હાલો વિઠ્ઠલનાથજીના લાલા રે બ્હેન જ્યાં જોઇયે,
શ્રી રુકમણિ વહુજીના જાયા રે બ્હેન જ્યાં જોઇયે....૯

શોભા બેટીજીના વીર લટકારા રે બ્હેન જ્યાં જોઉયે.
શ્રી પારવતી વહુજીના પ્યારા રે બ્હેન જ્યાં જોઇયે....૧૦

કહે "રસિકપ્રિયા" નિજ દાસી રે બ્હેન જ્યાં જોઇયે,
સદા યુગલ ચરણની ઉપાસી રે બ્હેન જ્યાં જોઇયે ત્યાં....૧૧

卐

( ૩૦૭ )

## બાલલીલાની કવિતા

શ્યામવરણનું સુન્દર બાલક નન્દ ભવનમાં રમતું તું
કોટિ સૂર્ય સમ તેજ અલૌકિક મારા મનમાં ગમતું તું—૧

કમલ નૈન અંજન અણિયારાં મન્દ સ્મિત મુખ પર ઝલકે,
ઘૂઘરવાળા કેશ મનોહર ફર ફર પવન થકી ફરકે—૨

કેસરિયા ઝગુલીને ટોપી ને ચરણે ઝાંઝરડી ઝમકે,
માત યશોદાનો કર ઝાલે મધુર મધુર ચાલે ઠમકે—૩

જન્મ દિવસ જાણી પોતાનો આનંદ મગ્ન થઈ હંસતા,
નાનકડા નવનીતલાલ એ "રસિકપ્રિયા" ને મન વસતા—૪

卐

( ૩૦૮ )

## શ્રી મદનમોહનજી વ્રજમાં પધાર્યા તેનું ધોળ.

[ રાગ – મુરલી વાગી મુરલીધરની ]

વ્રજજીવન વ્રજમાં પધાર્યા સખી દેશો-દેશમાં આનંદ છાઇ રહ્યો,
દેશો–દેશમાં આનંદ છાઈ રહ્યો,
રસભક્તને હૃદય સમાઈ રહ્યો—દેશો-દેશમાં૦ ૧

મથુરા ગોકુલ વૃન્દાવનમાં બહુ મનોરથ થાશે મધુવનમાં,
વૈષ્ણવજન મંગલ ગાઈ રહ્યો—દેશો-દેશમાં૦ ૨

માધવરાય વહુજી મધુરવીણા બેના બેટીને બાલક સોહામણા,
રસ પ્રેમ પિયૂષ પથરાઇ રહ્યો—દેશો-દેશમાં૦ ૩

મુખિયા ભીતરિયા જલઘરિયા સેવકજન સંગે પરાવરિયા,
ઉર આનંદ અતિ ઉભરાઈ રહ્યો—દેશો-દેશમાં—૪

ઠામ ઠામે મોટર જ્યાં ઉભે વૈષ્ણવ આવે દર્શન લોભે,
બહુ જય જય શબ્દ સુહાઈ રહ્યો,
દેશો-દેશમાં આનંદ છાઈ રહ્યો૦—૫

卐

( ૩૦૯ )

[ રાગ – સાવન કા મહિના પવન કરે શોર ]

ગોકુલની ગલીમાં જોયા શ્રી ગોકુલનાથ

ચટકતિ ચાલે મનડું મોહ્યું કરતા મધુરી વાત—૧

વાતમાં ફસાવી મને ભાન તો ભુલાવી,
કરીને ઇશારો મને ફૂલબાગમાં બોલાવી
એકલી હું ચાલી સખી ન લીધી સાથ—ચટકતિ ચાલે૦ ૨

ઘેરી ઘેરી કુંજ આવી ઘટા શ્યામ છાઈ
મધુરાશાં મોર બોલે ફલી વનરાઈ
એવામાં અલબેલે હરવેથી પકડયો હાથ—ચટકતિ ચાલે૦ ૩

હાથ તો હરિનો પકડયો બની બડભાગી
લગન લગાડી હૈયે સ્નેહ જોત જાગી
જાતાં મેં ન જાણી રંગીલી રૂડી રાત—ચટકતિ ચાલે૦ ૪

卐

( ૩૧૦ )

[ રાગ – સાચા સંબંધી રે ગોકુલ ક્યારે જાસું ]

સાંભળ સજની રે વ્રજમાં ક્યારે જાસું—૧

વૃંદા તે વનની કુંજ નિકુંજે પ્રીતમના ગુણ ગાસું૦સાંભળ–૨

સરખી સૈયર સર્વે મલીને શ્રીયમુનાજીમાં ન્હાસું૦ સાંભળ–૩

પ્રેમ ધરીને પૂજન કરશું હૈયામાં હરખાસું૦ સાંભળ–૪

પેંડા બરફી દૂધ જલેબી ભાવે ભોગ ધરાવસું૦ સાંભળ–૫
રાત-દિવસ વ્રજની સુધી આવે નેન ભરાણાં આંસુ૦ સાંભળ–૬
"રસિકપ્રિયા" રસભાવ મનોરથ રહેજે સુખિયાં થાસું
સાંભળ સજની રે વ્રજમાં ક્યારે જાસું૦ ૭

卐

( ૩૧૧ )

[ જોડિયું ]

લગની લાગી રે વ્રજ ચોરાસી ફરવા—૧
વ્રજમંડલ મને પ્રાણ થકી પ્યારું,
કુંજ નિકુંજે ફરવા—લગની લાગી રે—૨
જ્યાં મુરલીધર મુરલી બજાવે,
માનિનીના મન હરવા—લગની લાગી રે—૩
જલ યમુના રસપાન કરીને,
ત્રિવિધ તાપ પરહરવા—લગની લાગી રે—૪

卐

( ૩૧૨ )

આજ વલ્લભ પધાર્યા મારે આંગણિયે રે,
મારે ઓરડે આનંદ થાય મારી બ્હેન—આજ૦ ૧
મેં તો મોતિડાંના ચોક પૂરાવિયા રે,
કાંઈ તોરણ બાંધ્યાં દ્વાર, મારી બ્હેન—આજ૦ ૨

મેં તો કંદલીના સ્થંભ રોપાવિયા રે,
    મારા હૈયામાં હરખ ન માય, મારી બ્હેન–આજ૦ ૩
મેં તો મંડપ રચાવ્યા મહા મોદશું રે,
    હું તો તેડાવું સાહેલીનો સાથ, મારી બ્હેન–આજ૦ ૪
હું તો ફૂલડાં મંગાવું ભાંતભાંતના રે,
    હું તો વધાવું શ્રી ગોકુલનાથ, મારી બ્હેન–આજ૦ ૫
ભાંતભાંતની સામગ્રી કરી પ્રીત શું રે,
    હું તો બિછાવું ફૂલડાંની સેજ, મારી બ્હેન–આજ૦ ૬
હું તો કરજોડીને કરૂં વિનતી રે,
    વ્હાલા પૂરો મારા મનડાની હામ, મારી બ્હેન–આજ૦ ૭

卐

( ૩૧૩ )

## શ્રીનાથજીનું ધોળ

હો ગોકુલવારા હો ગિરિરાજવારા, તારે ને મારે પ્રીત બાંધી—૧
તેં તો વ્રજમાં પ્રાગટ્ય લીધું છે–
    વ્રજવાસીને બહુ સુખ દીધું છે;
    કાંઈ કામણીયું એવું કીધું છે–હો ગોકુલવારા—૨
તેં તો પાથો ગુજરીના દહીં પીધાં છે–
    ભોળી વહુના માખણ ખૂબ લીધાં છે;
    સહુ વૈષ્ણવના કારજ સીધાં છે–હો ગોકુલવારા—૩

તને ગાયોના ધણ બહુ વ્હાલાં છે–
તેથી નામ તારૂં ગોપાલા છે;
તારે સાથે તો ગોપ ગોવાલા છે–હો ગોકુલવારા—૪

તું તો સદુપાંડેને ઘેર રમતો તો–
વરી નરોના દૂધ રોજ જમતો તો;
વ્રજવાસીના મનમાં બહુ ગમતો તો–હો ગોકુલવારા—૫

તેં તો પાડે બેસીને પ્રયાણ કીધું–
એક ચતુરાનાગાનું કારજ સીધું;
એનું ભાવ ભર્યું ભોજન ત્યાં લીધું–હો ગોકુલવારા—૬

અષ્ટ સખાને સાથે ખેલી હંસિયો છે–
તારૂં નામ જ વ્રજનો રસિયો છે;
હવે મેવાડમાં જઈ વસિયો છે–હો ગોકુલવારા
હો ગિરિરાજવારા તારે ને મારે પ્રીત બાંધી—૭

卐

( ૩૧૪ )

[ રાગ – મેરે અંગને મેં તુમારા ક્યા કામ હે ]

મેરે અંગને મેં પધારે ગોકુલનાથજી૦ ૧

બાગો મેં ગઈ થા મેં ફૂલવા બીનન કૂં,
ફૂલોં કી કલી મેં દેખે શ્રી ગોકુલનાથજી૦ ૨

ગોકુલ ગઈ થી મેં ગોરસ બેચન કૂં,
ગોકુલ કી ગલી મેં દેખે શ્રી ગોકુલનાથજી૦ ૩

યમુના પે ગઈ થી મેં પનિયાં ભરન કૂં,
યમુના કી લહરો મેં દેખે શ્રી ગોકુલનાથજી૦ ૪
સોને કી થાલી મેં સુંદર મિઠાઈ,
કેસરિયા બરફી અરોગે શ્રી ગોકુલનાથજી૦ ૫
કુંજ – નિકુંજો મેં સેજ બિછાઈ,
ફૂલોં કી સેજો મેં પોઢે શ્રી ગોકુલનાથજી૦ ૬
યુગલ સ્વરૂપ મેરે નેનો મેં બસ ગયે,
પ્રાણોં સે પ્યારે હમારે શ્રી ગોકુલનાથજી૦ ૭

卐

(૩૧૫)

## શ્રી વિવાહ ઉત્સવના ગરબા

### * ભાવભર્યું આમંત્રણ *

પહેલી કંકોતરી શ્રી મહાપ્રભુજીને મોકલો રે,
શ્રી મહાલક્ષ્મીજીવહુજીને પધરાવો દઈ માન,
આપણે મંદિર આજ વધામણાં રે૦ ૧
બીજી કંકોતરી શ્રી ગોપીનાથજીને મોકલો રે,
શ્રી પાયંમાવહુજીને પધરાવો દઈ માન આપણે૦ ૨
ત્રીજી કંકોતરી શ્રી વિઠ્ઠલનાથજીને મોકલો રે,
શ્રી રૂક્મિણીવહુજીને પધરાવો દઈ માન–આપણે૦
શ્રી પદ્માવતીવહુજીને પધરાવો દઈ માન–આપણે૦ ૩
ચોથી કંકોતરી શ્રી ગિરધરલાલજીને મોકલો રે,
શ્રી ભામિનીવહુજીને પધરાવો દઈ માન-આપણે૦ ૪

પાંચમી કંકોતરી શ્રીગોવિંદરાયજીને મોકલો રે,
શ્રીરાણીવહુજીને પધરાવો દઇ માન–આપણે૦ ૫
છઠ્ઠી કંકોતરી શ્રીબાલકૃષ્ણલાલજીને મોકલો રે,
શ્રીકમલાવતી વહુજીને પધરાવો દઈ માન–આપણે૦ ૬
સાતમી કંકોતરી શ્રીગોકુલનાથજીને મોકલો રે,
શ્રીપારવતીવહુજીને પધરાવો દઇ માન–આપણે૦ ૭
આઠમી કંકોતરી શ્રીરઘુનાથલાલજીને મોકલો રે,
શ્રીજાનકીવહુજીને પધરાવો દઈ માન–આપણે૦ ૮
નવમી કંકોતરી શ્રીયદુનાથલાલજીને મોકલો રે,
શ્રીમહારાણીવહુજીને પધરાવો દઈ માન–આપણે૦ ૯
દશમી કંકોતરી શ્રીઘનશ્યામલાલજીને મોકલો રે,
શ્રીકૃષ્ણાવતીવહુજીને પધરાવો દઇ માન–આપણે૦ ૧૦
ચારે બેટીજીને ચાર કંકોતરી મોકલો રે,
સરવે સમાજને પધરાવો દઈ માન–આપણે૦ ૧૧
રથ ઘોડા ને સિગરામ ગાડી મોકલો રે,
મોકલો મોકલો પાલખડી દસ–વીસ–આપણે૦ ૧૨
પરણે પરણે કુંવર શ્રી નંદરાયના રે,
શ્રીવૃષભાનરાયની કુંવરી શ્રીરાધા નામ–આપણે૦ ૧૩
કારતક સુદી એકાદશી મંગલ રાતના રે,
શુભઘડી શુભદિન શુભવેળા શુભવાર–આપણે૦ ૧૪
સગાં સમ્બન્ધી કુટુંબ સહિત પધારજો રે,
વ્હેલા પધારજો દેવા આશીર્વાદ–આપણે૦ ૧૫

卐 卐

( ૩૧૬ )

## માતાજીના મનોરથ

યશોદાજી કરે મનુહાર પરણાવું પ્યારા લાલને,
પરણાવું પ્યારા લાલને, ન્હાનકડા નટવર બાલને૦ ૧

લગન લખાવું રૂડા મંડપ રચાવું રે,
દેવ દેવડી તેડાવું વ્રજની નાર—પરણાવું૦ ૨

મોતીડાના ચોક મારે આંગણે પુરાવું રે,
તોરણિયાં બંધાવું દ્વારે દ્વાર—પરણાવું૦ ૩

વાજિંત્રો વગડાવું નવી નોબતો બેસાડું રે,
ગોકુલમાં ગવરાવું મંગલ ચાર—પરણાવું૦ ૪

કદલીના સ્તંભ મારે આંગણે રોપાવું રે,
જુગતે જમાડું નર ને નાર—પરણાવું૦ ૫

"રસિકપ્રીતમ" ને રૂડાં ઘરેણાં ઘડાવું રે,
મન ગમતો મંગાવું ચંદનહાર—પરણાવું૦ ૬

卐

( ૩૧૭ )

## લાડકા લાડુ તથા બડી સગાઇમાં ગાવાનું

જુઓ બેઠી છે તાતજીને ખોળે કે લાડડી લટકારી,
ફૂલ ગૂંથ્યાં છે તેને અંબોડે કે લાડડી લટકારી૦ ૧

દાદા દીયે છે નવસરો હાર કે લાડડી,
વળી મુખડું જુવે છે વારંવાર કે—લાડડી૦ ૨

જુવો બેઠી દાદાજીને ખોળે કે લાડડી,
ફૂલ ગુંથાવે તેને અંબોડે કે—લાડડી૦ ૩
દાદા દીયે ચન્દન હાર રૂડો કે લાડડી,
વરી સાવ સોનાનો હાથ ચૂડો કે—લાડડી૦ ૪
જુવો બેઠી કાકાજીને ખોળે કે લાડડી,
ફૂલ ગૂંથ્યાં છે તેને અંબોડે કે—લાડડી૦ ૫
કાકા દીયે બંગડીયું ને વીંટી કે લાડડી,
વળી વાત પુછે છે મીઠી મીઠી કે—લાડડી૦ ૬
જુવો બેઠી વીરાજીને ખોળે કે લાડડી,
ફૂલ ગૂંથાવે તેને અંબોડે કે—લાડડી૦ ૭
વીરા દીયે છે કાન તણી બૂટી કે લાડડી,
ત્યારે લાડડી રીસાઇને ઉઠી કે—લાડડી૦ ૮
વીરા માંગુ સોનૈયાની થાળી કે લાડડી,
કડાં સાંકરાં ઘડાવે ભાભી મારી કે—લાડડી૦ ૯

卐

( ૩૧૮ )

[ રાગ – ઝૂલે ઝૂલે છે નન્દનો કિશોર, કૃષ્ણ ઝૂલે છે ]

માતા જસોદા કરે મનુહાર લાલ મારો લાડકડો,
વ્રજ ગોપીના પ્રાણ આધાર—લાલ મારો લાડકડો૦ ૧
રાણી રાધાશું સગપણ સ્નેહે કર્યાં,
એવાં લગ્ન મનોરથ મનમાં ધર્યાં,
એના અન્તરમાં આનંદ અપાર—લાલ મારો૦ ૨

દેશો દેશમાં કંકોતરી કોડે લખી,
સુણી આવ્યાં ઉમંગ ભર્યાં સર્વે સખી,
સગા સંબંધીને સહુ પરિવાર—લાલ મારો૦ ૩
એક બારણિયે તોરણ બાંધી રહી,
રોપ્યાં કંદલીના સ્તંભ આજ આંગણ મહીં,
ચોક પૂરે ચતુર વૃજનાર—લાલ મારો૦ ૪
લાલ અંગે ઉબટના પીઠી ધરે,
મળી માનિની મંગલ ગાન કરે,
શોભીતા ધરાવે શૃંગાર—લાલ મારો૦ ૫
હાથી ઘોડા ને પાલખી હીરે જડી,
અંબાડી અમુલખ રત્ને મઢી,
ત્યાં તો નેકી પોકારે છડીદાર—લાલ મારો૦ ૬
અલબેલા અસવાર આજ ઘોડે ચઢયા,
નંદરાયના કુમાર છત્ર ચમરે ઢળ્યા,
આપે આશિષ વધાવે વ્રજનાર—લાલ મારો૦ ૭
વાગે ઢોલ-નગારાં ને નોબત નવી,
શરણાઇયોના શોર શોભા વરણે કવિ,
થયો જગતમાં જય જયકાર—લાલ મારો૦ ૮
દેવ દુંદુભિ વગાડે પુષ્પ વૃષ્ટિ કરે,
છબી નિરખી સાહેલી મારાં મનડાં ઠરે,
રાણી રાધાજીના ભાગ્ય અપાર—લાલ મારો૦ ૯

卐

( ૩૧૯ )

[ રાગ–રાધા ખેલે છે રાસની માંય–રાધા ખેલે છે ]

આવે આવે શ્રીમદનમોહનલાલ ઘૂઘરી ઘમકે છે,
એની ઘોડી છે લાલ ગુલાલ ઝાંઝર ઝમકે છે,
ઘોડી ચાલે ચટકતી ચાલ, ઝાંઝર ઝમકે છે.......૧

જરકસી જામા ને પઠકા બિરાજે,
અણિયારી આંખ જોઈ કોટિ કામ લાજે,
હાં રે એને કંઠે મોતીડાની માળ, મુખડું મલકે છે.......૨

ફૂલતણાં સહેરા શ્રીમસ્તકે ધર્યા છે,
કાનતણાં મોતીએ મનડાં હર્યાં છે,
હાં રે સોહે કેસરના તિલક ભાલ, મુખડું મલકે છે.......૩

બાજુ પોંચી ને વળી હીરાની વીંટી,
મખમલની મોજડી મેં ચરણોમાં દીઠી,
હાં રે હું તો નિરખીને થાઉં નિહાલ, મુખડું મલકે છે.......૪

'રસિકપ્રીતમ' આજ પરણવા પધારે,
ચડીને અટારી નરનારી નિહાળે,
હાં રે વ્હાલા લાગે શ્રીનંદજીના લાલ, મુખડું મલકે છે.......૫
આવે આવે શ્રીમદનમોહનલાલ, ઘૂઘરી ઘમકે છે.

卐

( ૩૨૦ )

## ઉત્સાહ ભર્યાં આમંત્રણ

વરઘોડામાં વેલેરાં પધારજો સાજનિયાં,
મોટેરાંના માનને વધારજો સાજનિયાં૦ ૧
વરઘોડામાં વાજિંત્રો બહુ વાજે સાજનિયાં,
આગળ વરના તાતજી બિરાજે સાજનિયાં૦ ૨
વરઘોડાના સાજ ઘણા સાદા સાજનિયાં,
સોનૈયા લૂંટાવે વરના દાદા સાજનિયાં૦ ૩
વરઘોડામાં ધજા ને પતાકા સાંજનિયાં,
રૂપૈયા લૂંટાવે વરના કાકા સાજનિયાં૦ ૪
વરઘોડામાં ઝબકે માણેક હીરા સાજનિયાં,
મોતીડાં લૂંટાવે વરના વીરા સાજનિયાં૦ ૫
વરઘોડામાં શોભે રૂડા મ્યાના સાજનિયાં,
મ્યાને બેસી આવે વરના નાના સાજનિયાં૦ ૬
વરઘોડામાં હાથી ઝૂલે સામા સાજનિયાં,
મામેરાં લઈ આવે વરના મામા સાજનિયાં ૭
વરઘોડામાં વાગે રૂડા ત્રાંસા સાજનિયાં,
ઘરેણા ઘડાવે વરના માસા સાજનિયાં૦ ૮
વરઘોડાની શોભા જુઓ કેવી સાજનિયાં,
આનંદ ભર્યાં આવશે બનેવી સાજનિયાં૦ ૯
વરઘોડામાં ઝબકે રૂડા દીવા સાજનિયાં,
આજ અમારે કા'નકુંવરના વિવાહ સાજનિયાં ૧૦

વરઘોડામાં શોભે મખમલ ગાદી સાજનિયાં,
વર શણગારે હરખે ભરિયાં દાદી સાજનિયાં૦ ૧૧
વરઘોડે પધરાવો મંગલ ગાતાં સાજનિયાં,
મોતીડે વધાવે વરના માતા સાજનિયાં૦ ૧૨
વરઘોડાની કરીએ સુંદર ઝાંખી સાજનિયાં,
અત્તર લગાવે વરના કાકી સાજનિયાં૦ ૧૩
વરઘોડાની વાટ ઘણી લાંબી સાજનિયાં,
ગજરા ગૂંથી લાવે વરની ભાભી સાજનિયાં૦ ૧૪
વરઘોડામાં વાર હવે શેની સાજનિયાં,
આરતી ઉતારે વરની બ્હેની સાજનિયાં૦ ૧૫
આરતીમાં મેલ્યાં માણેક મોતી સાજનિયાં,
વારી વારી વીરાનું મુખ જોતી સાજનિયાં૦ ૧૬
વરઘોડામાં વ્રજવાસી બહુ ઝાઝા સાજનિયાં,
પરણવા પધારે વરરાજા સાજનિયાં૦ ૧૭

卐

( ૩૨૧ )

[ રાગ – સખી જે જે બોલોને જેમલરાયની જો ]

સમી સાંજે પધારે વર રાજીયો જો,
વેગે કરજો સામૈયાં તૈયાર જો....સાંજે૦ ૧
લેજો સો સો હાથી ને લાખ ઘોડલા જો,
મોટા રથને પાલખડી અપાર જો....સાંજે૦ ૨

લેજો લેજો ઘોડાગાડી સામટી જો,
વળી લેજો સિગરામ તણી જોડ જો....સાંજે૦ ૩

વળી લેજો તે ફોજ સિપાઇ તણી જો,
સાથે લેજો મોટા છડીદાર જો....સાંજે૦ ૪

સહુ જાજો અનેક વાજાં વાગતાં જો,
નવી નોબત શરણાઈ નિશાન જો....સાંજે૦ ૫

વળી વેગે ભરાવો ફૂલ છાબડી જો,
જઈ વધાવો નંદના કુમાર જો....સાંજે૦ ૬

ટોળે મળ્યા છે યૂથ નરનારના જો,
હાલ આવે 'કુમોદિની' કિશોર જો;
સાંજે પધારે વર રાજીયો....જો૦ ૭

卐

## ( ૩૨૨ )

[ રાગ – ગરૂડે ચડી આવજો ગિરધારી ]

ફૂલ બાગે ઉતર્યા વરરાજા, ત્યાં વાગે આંગણિયામાં વાજાં,
લીલાં પીળાં તે અંબર સાજ્યાં, સામૈયાની વાર કરો નહીં ઝાઝી ૧

માંડવ ફૂલડિયે શણગારો, ઠામે ઠામે દિપક અંજવાળો,
મધ્યે રત્ન બાજોઠડા ઢાળો—સામૈયાની૦ ૨

તેને સંગે મોટા મોટા હાથી, વળી ગોપકુંવર તેના સાથી,
દ્રવ્ય ખરચો ઘણાં ઘરમાંથી—સામૈયાની૦ ૩

વરને બેસાડો ગજની અંબાડી, વળી પાલખીયે તેની માડી,
આવે પ્હેરી અમૂલખ સાડી—સામૈયાની વાર૦—૪

તે તો વ્રજ ચોરાસીના રાય, જેનો સુજસ ઘણો વખણાય,
તે તો 'કુમુદિની' ચંદ કે'વાય—સામૈયાની વાર૦—૫

卐

## (૩૨૩)

જોવા ચાલો સાહેલી શ્રીનંદકુમાર,
નંદકુમાર મારા હૈયાના હાર—જોવા૦ ૧

સમી તે સાંજનો નીકળે વરઘોડો,
હાં રે જુઓ ઝબકે છે દીવાનાં તેજ અપાર—જોવા૦ ૨

અબલખ ઘોડા ને ચાબુક બિરાજે;
હાં રે જુઓ શોભે છે બેઠા છોગાળા અસ્વાર—જોવા૦ ૩

નોબત વાગે ને શરણાઇયો વાગે,
હાં રે જુઓ ઢોલ-નગારાનાં ઝણકે ઝણકાર—જોવા૦ ૪

સો સો સિપાઇયોને હાથીડા આવે,
હાં રે જુવો આગળ ચાલે છે મોટા છડીદાર—જોવા૦ ૫

'કુમુદિની' કિશોર પ્રભુ પરણવાને ચાલ્યા,
હાં રે શોભા બની માંડવડાની અપરંપાર—જોવા૦ ૬

卐

( ૩૨૪ )

[ રાગ – ભેટે ઝૂલે છે તલવાર ]

જોવા ચાલોને મારી બ્હેન, હમણાં આવે વરઘોડો.
સો સો બંદુકિયાને અબલખ ઘોડા,
ફરતી આવે મોટી ફોજ—હમણાં૦ ૧
સો સો નગારાં ને અંગરેજી વાજાં,
ફરતી શરણાઇયોના શોર—હમણાં૦ ૨
સો સો હાથીડા ને અંબાડી હેમની,
ફરતી દીવા કેરી જોડ—હમણાં૦ ૩
સો સો પાલખડી ને જનાના ગાડી,
ફરતી સિગરામોની ઘોર—હમણાં૦ ૪
રથ શણગાર્યા ને મખમલની ઝૂલ છે,
ફરતી નરનારીનો કોર—હમણાં૦ ૫
આતસ બાજી ને વળી વરસે છે ફૂલડાં,
ફરતાં થાતાં કીલકોર—હમણાં૦ ૬
'કુમુદિની' કિશોર પ્રભુ પરણવાને ચાલ્યા,
રાધા રંગીલીની જોડ—હમણાં૦ ૭

卐

( ૩૨૫ )

[ જોડિયું ]

આજે આનંદ કેરો દિન, પરણે રાધાકુમારી.......૧
નંદના કુમાર આજ કીધા જમાઈ,
હરખ્યાં સહુ કેરાં મંન—પરણે રાધાકુમારી....૨

કોઈ કહે છે એ તો અંગે છે શામળો,

ગોરાં રાધાજીના તન—પરણે રાધાકુમારી....૩

કોઈ કહે છે એ તો ચોરી ચોરી ખાય છે,

મેણા મારે વ્રજજન—પરણે રાધાકુમારી....૪

'કુમુદિની' કિશોર પ્રભુ આવ્યા માંડવડે,

આપ્યાં છે ઉંચા આસન–પરણે રાધાકુમારી....૫

卐

( ૩૨૯ )

[ રાગ : કાળી કાળી વાદળીમાં વીજળી ઝબૂકે ]

રાધા ને મદનમુરાર, માંડવામાં જમે કંસાર.......૧

સોનાના પાટલા ને રૂપા ગોઠણિયાં,

લીલૂડાં પાન પનવાર—માંડવામાં૦ ૨

કાંસાની થાળી વળી બે બે વાટકડા,

તાજાં તે ઘૃત તણી ધાર—માંડવામાં૦ ૩

ઊની ઊની લાપસી ને ખાજાં ને ખાજલી,

લાડૂ જલેબી મોહનથાળ—માંડવામાં૦ ૪

સામસામા કોળિયા ભરાવતાં ને લાજતાં,

મુખડું નિહાળે વારંવાર—માંડવામાં૦ ૫

સોનાની ઝારી જલ જમુનાજી ભરિયાં,

મંગલ ગાય છે નરનાર—માંડવામાં૦ ૬

હરખે ભરાયાં ત્યારે 'કુમુદિની' આવ્યાં,

કરમાં બીડાં કેરો થાળ—માંડવામાં૦ ૭

★★

( ૩૨૭ )

[ રાગ – ફૂલ બાગે ઉતર્યા વરરાજા ]

આવી નંદભવન કેરી જાન, મન હરખ પામ્યા વૃષભાન,
તેને દીધા ઘણા સનમાન, માંડવડામાં આનંદ ઓછવ થાય. ૧

આંગણિયામાં નોબત વાગે, તેનો શબ્દ ગગન માંહે ગાજે,
તે તો ભાનુરાજા ઘેર છાજે—માંડવડામાં૦ ૨

લીલા પીળાં તે અંબર પેર્યાં કિરતી રાણી સાહેલીયે ઘેર્યા,
ઠામ ઠામે ને ફૂલ વખેર્યા—માંડવડામાં૦ ૩

કુંવરી હરખે બેસાડયાં છે, ખોરે કુમકુમ અક્ષત ચાંદલો ચોડે,
ફૂલ ગૂંથ્યાં છે તેને અંબોડે—માંડવડામાં૦ ૪

હમણાં 'કુમુદિની' ચંદ પધારે, માંડવ ફૂલડિયે શણગારે,
જુવે વાટલડી વારેવારે—માંડવડામાં૦ ૫

卐

( ૩૨૮ )

[ રાગ : આનંદ સાગર ઉલટયો રે લોલ ]

આજે અનુપ વાજાં વાગિયાં રે લોલ,
વાગે છે ઢોલ ને નિશાન જો,
પરણી પનોતી ચાલ્યાં સાસરે રે લોલ૦ ૧

અગણિત હેમરથ સાજિયા રે લોલ,
હાથી ઘોડાની નવી જોડ જો—પરણી૦ ૨

રતન જડિત કેરી પાલખી રે લોલ,
બિરાજે શ્રી જુગલકિશોર જો–પરણી૦ ૩

એક નાચે ને ફરે કૂદડી રે લોલ,
ધરિયા છે નવલા શૃંગાર જો–પરણી૦ ૪

જય જય શબ્દ કરે સહુ મળી રે લોલ,
નેકી પુકારે છડીદાર જો–પરણી૦ ૫

સાથે બિરાજે વૃષભાનજી રે લોલ,
માતા કિરતિજી સહિયર સાથ જો–પરણી૦ ૬

અગણિત સાજ્યા છે દાયજા રે લોલ,
દીધાં સાહેલડીને હાથ જો–પરણી૦ ૭

આવ્યા છે નંદ દરબારમાં રે લોલ,
સાસુનો હરખ ન માય જો–પરણી૦ ૮

હરખે પધરાવવાને આવિયાં રે લોલ,
મુખડું જોઇને સુખ થાય જો–પરણી૦ ૯

ઈંડીપીંડી ને કરી આરતી રે લોલ,
માનિની તે મંગલ ગાય જો–પરણી૦ ૧૦

'કુમુદિની' ચંદ્રને નિહાળતાં રે લોલ,
હૈયામાં હરખ ન માય જો–પરણી૦ ૧૧

卐

( ૩૨૯ )

## વેવાણનો ગરબો

હાં રે મીરા વેવાણ નોર્યાં ને ફેર ફૂદેડા,
હાં રે કાંઈ ડોલ્યાં છે ચૌદે ભુવન–મારી૦ ૧

હાં રે ધરા ધ્રુજે ને શેષનાગ કોપિયા,
હાં રે કાંઈ ડોલ્યાં છે ઇન્દ્રના આસન–મારી૦ ૨

હાં રે તેની ભમરે તો ઈંદ્ર ધનુષ ખેંચિયા,
હાં રે વિજળી ચમકે ને ગાજીયા ગગન–મારી૦ ૩

હાં રે જોવા આવ્યા તૈત્રીસ કોટી દેવતા,
હાં રે કાંઈ મોહ્યા શ્રીકૃષ્ણ પ્રદ્યુમન–મારી૦ ૪

卐

( ૩૩૦ )

## શ્રી સ્નાન યાત્રાનું ધોળ

રસિયા ગોકુલિયાની ગલિયે નિરખ્યા નાથને રે લોલ,
૧ રસિયા સાન કરી સમજાવું સહિયર સાથ ને રે લોલ.......

રસિયા લટકન્તી ચાલે રે મન મારૂં હર્યું રે લોલ,
૨ રસિયા કુટિલ કટાક્ષ ચલાવી કામણ શું કર્યું રે લોલ.......

રસિયા વશ કીધી વ્રજજીવન ક્ષણ એકમાં મને રે લોલ,
૩ રસિયા કારજડું કોર્યું રે શું કહીયે તને રે લોલ.......

રસિયા રૂડા ને રસ ભીના સેવક સાથમાં રે લોલ,
૪ રસિયા લાલ છડી લીધી છે સુંદર હાથમાં રે લોલ.......

રસિક પ્રીતે પ્રિયુજી નયન સમસ્યામાં કહ્યું રે લોલ,
રસિયા જસોદાજી ઘાટે રે નલકેલી તણું રે લોલ........૫

રસિયા પ્રિય વલ્લભ ત્યાં ચાલ્યા હું પણ ત્યાં ગઈ રે લોલ,
રસિયા યમુનાજીને કાંઠે ઊભી થઈ રહી રે લોલ........૬

રસિયા વ્હાલમજી ન્હાવાને જલમાં જઈ રમે રે લોલ
રસિયા જલ કેલીના કૌતુક મુજને બહુ ગમે રે લોલ...... ૭

રસિયા મસ્ત થયો ગજરાજ કે ક્રીડે નીરમાં રે લોલ,
રસિયા જલ છાંટે રસ ભીનો મારા ચીરમાં રે લોલ........૮

રસિયા એ લીલા રસરૂપ તે કેમ કરીને કહું રે લોલ,
રસિયા 'કુમુદિની' ચરણ નિવાસ સદા પાસે રહું રે લોલ........૯

રસિયા ગોકુલિયાની ગલિયે નિરખ્યા નાથને રે લોલ.

卐

( ૩૩૧ )

## શ્રી જન્માષ્ટમીની વધાઈ

[ રાગ : મેં તો ભૂલ ચલી બાબુલ કા દેશ ]

સખી દોડી ચાલો નંદજીને દ્વાર, કન્હૈયો મને વ્હાલો લાગે,
ત્યાં તો વરસે આનંદ અપાર—કન્હૈયો૦ ૧

માતા જસોદાએ નંદજી બોલાવ્યા,
નોબત નગારાં ને વાજાં વગડાવ્યાં,
હો આવ્યો મનગમતો મંગલ તહેવાર—કન્હૈયો૦ ૨

સાસુ નણદલને જલ્દી તેડાવો,
પીળાં પાટંબર ને સેલાં મંગાવો,
હો પીયૂ લૂંટાવો રત્ન ભંડાર—કન્હૈયો૦ ૩

તેડો દેરાણી ને તેડો જેઠાણી,
હૈયામાં હરખ્યાં છે રોહિણીજી રાણી,
હો મેવા મિસરીના મંગાવો થાળ—કન્હૈયો૦ ૪

લલિતા વિશાખા ને રાધાજી આવે,
પ્યારા કન્હૈયાને પલના ઝૂલાવે,
હો મારી નણંદી તેડાવોને ચાર—કન્હૈયો૦ ૫

સાસુ જેઠાણી ને દેરાણી આવ્યાં,
લાલનના ફૈબા ઘરેણાં લઈ આવ્યાં,
હો કડાં કંદોરા ને સોનાના હાર—કન્હૈયો૦ ૬

સગા—કુટુંબી ને સ્નેહે તેડાવ્યાં,
લાડુ જલેબીનાં ભોજન કરાવ્યાં,
હો થયો જગતમાં જય જયકાર—કન્હૈયો૦ ૭

નાચે ગોવાળિયા ને નાચે છે ગોપી,
હરખે લઈ આવ્યાં સહુ ઝબલાં ને ટોપી,
હો સાજ્યાં રમકડાં સોનાનો થાળ—કન્હૈયો૦ ૮

પીળાં પીતાંબર ને સેલાં મંગાવ્યાં,
નંદજીયે નવલાં ઘરેણાં ઘડાવ્યાં,
હો હાથી ઘોડા ને વૈભવ અપાર—કન્હૈયો૦ ૯

નાનકડી નણંદીનું મનડું ન માને,
ભાભીના ઝાંઝર જો આપો અટાણે,
હો વીરા મનગમતા માગુ શૃંગાર–કન્હૈયો૦ ૧૦
માતા જસોદાએ બંટા ખોલાવ્યા,
નાનકડી નણંદીને ઝાંઝર અપાવ્યાં,
હો દીધી અંતરની આશિષ અપાર–કન્હૈયો૦ ૧૧
ગાડાં ભરી ભરી સોના મંગાવ્યાં,
સોના પાલખડીમાં બેનને વરાવ્યાં,
હો છબી નિરખીને જાઉં બલીહાર–કન્હૈયો૦ ૧૨

卐

( ૩૩૨ )

એ વર્ષે ભલે વાદળી ને વાયુ ભલે વાય,
મથુરાથી કાનકુંવર ગોકુલમાં જાય....૧
ભાદરવાની અંધારી રાતે,
ચાલ્યા વસુદેવ બાલ લીધા છે માથે,
તાળાં તૂટયાં પહેરેદાર જોને ઝોલા ખાય....મથુરા૦ ૨
યમુનાના નીર જોને ચઢિયાં હિલોરે,
પ્રીતમ પદ પરસવાને પ્રેમ ભર્યાં ડોલે,
આગળ ધડૂકે સિંહ મન ડરી જાય....મથુરા૦ ૩
રૂમઝૂમ રૂમઝૂમ મેહુલિયો વરસે,
છાઈ ઘટા કાળી જોને વિજલડી ચમકે,
ઉપરથી શેષનાગ કરી રહ્યા છાંય....મથુરા૦ ૪

ચરણે પરસીને નીર નીચાં થયાં છે,
દીધો મારગ શ્યામ ગોકુલ ગયા છે,
માતા જશોદાના મહેલોમાં જાય....મથુરા૦ ૫
જશોદાની સેજમાં સુવરાવ્યા શ્યામને,
ફરી ફરી નિરખે એવા અંતર અભિરામને,
માયારૂપી કન્યા લઈ પાછા ફરી જાય....મથુરા૦ ૬

卐

( ૩૩૩ )

## શ્રી મહાપ્રભુજીની વધાઈ

[ રાગ – આજે વધામણાં રે, ગોકુલ ગામમાં ]

આજે વધામણાં રે ચંપારણ્ય ધામમાં,
પ્રગટ્યા શ્રી વલ્લભરાય, વધામણાં રે—ચંપા૦ ૧
વૈશાખ માસ ને વદી એકાદશી,
શુભ નક્ષત્ર શુભ વાર વધામણાં રે—ચંપા૦ ૨
તાત લક્ષ્મણ ભટ્ટ હૈયામાં હરખ્યા,
હરખ્યાં શ્રીઇલમ્માજી માત વધામણાં રે—ચંપા૦ ૩
સોનાને પારણે લાલને ઝૂલાવિયાં,
નંદ મહોત્સવ કીધો, વધામણાં રે—ચંપા૦ ૪
ભાંત ને ભાંતના ભોગ ધરાવિયા,
વૈષ્ણવને પ્રસાદ લેવરાવ્યા વધામણાં રે—ચંપા૦ ૫
નોબત નગારાં ને વાજિંત્રો વાગે,
માનિની તે મંગલ ગાય, વધામણાં રે—ચંપા૦ ૬

કદલીના સ્તંભ બેની રોપ્યા છે આંગણે,
　　　　તોરણ બાંધ્યા છે દ્વાર, વધામણાં રે—ચંપા૦ ૭
દેવના તે દુંદભી વાગે આકાશમાં,
　　　　પુષ્પની વૃષ્ટિ થાય, વધામણાં રે—ચંપા૦ ૮
સગાં કુટુંબી ને સ્નેહે તેડાવિયાં,
　　　　વરત્યો છે જય જયકાર, વધામણાં રે—ચંપા૦ ૯
ભાંત ને ભાંતના લાડ લડાવિયાં
　　　　હંસી હંસી ગોદ ખેલાવ્યા, વધામણાં રે—ચંપા૦ ૧૦
વિદ્યા અલૌકિક આપ ભણ્યા છે,
　　　　પુષ્ટિ સિદ્ધાંત સમજાવ્યાં, વધામણાં રે—ચંપા૦ ૧૧
વ્રજમંડલમાં આપ બિરાજ્યા,
　　　　સેવ્યા શ્રી ગોવર્ધનનાથ, વધામણાં રે—ચંપા૦ ૧૨
પરમ ઉદાર આપ દયાના સાગર,
　　　　વચનામૃત વરસાવ્યાં, વધામણાં રે—ચંપા૦ ૧૩
વેણુગીત યુગલગીત સુંદર સુબોધિની,
　　　　રસભર્યા ગ્રંથ રચાવ્યાં. વધામણાં રે—ચંપા૦ ૧૪
પૃથ્વી પરિક્રમા ત્રણ કરીને,
　　　　અનેક જીવ શરણ લીધા, વધામણાં રે—ચંપા૦ ૧૫
નામ - નિવેદન શ્રીજીને સનમુખ,
　　　　આપી સેવાના સુખ દીધાં, વધામણાં રે—ચંપા૦ ૧૬
'રસિકપ્રિયા' કર જોડી કહે છે,
　　　　આપો શ્રી વ્રજમાં વાસ, વધામણાં રે—ચંપા૦ ૧૭

卐 卐

( ૩૩૪ )

[ રાગ : નંદકુંવર ન્હાના રે, કાનો રમે છે મારી કેડમાં ]

રંગના રસિયા રે શ્રીવલ્લભ ઝૂલે છે સોના પારણે૦ ૧

સોનાનું પારણું ને રેશમની દોરી,
ઝૂલાવે વ્રજની ગોરી....રંગના૦ ૨

માતા ઇલ્લમાજી હરખે ઝૂલાવે,
ખેલવણે ખેલાવે....રંગના૦ ૩

કહો તો વલ્લભલાલ ! ભોજન કરાવું,
સોનાના થાળ સજાવું....રંગના૦ ૪

કહો તો વલ્લભલાલ ! ઝારી ભરાવું,
શ્રીયમુનાજીના નીર મંગાવું....રંગના૦ ૫

કહો તો વલ્લભલાલ ! જામો શિવરાવું,
રંગીલી ઘોડી સજાવું....રંગના૦ ૬

કહો તો વલ્લભલાલ ! વહુજી પરણાવું,
મોંઘેરા મંડપ રચાવું....રંગના૦ ૭

યુગલ સ્વરૂપને હું લાડ લડાવું,
તનડાના તાપ બુઝાવું....રંગના૦ ૮

દાસી 'રસિક' ને સેવામાં રાખો,
કરૂણાની દૃષ્ટિએ ઝાંખો....રંગના૦ ૯

卐

( ૩૩૫ )

[રાગ–જાઓ જાઓ ને કપટી કા'ના રે, તમ સાથ કોણ બોલે ?]

સાંભળ નોબતનાદ સાહેલી ! વ્રજમાં પ્રકટ્યા ગોકુલચંદ. ૧
ત્યાં કાંઈ તોરણ બાંધ્યાં દ્વારે, ફરકે ધ્વજા પતાકા ભારે,
વાગે વાજાં વિવિધ પ્રકારે—વ્રજમાં૦ ૨
નાચે ગોપગ્વાલનાં ટોળાં, ભરિયાં દૂધ દહીંનાં દોણાં,
શિર પર શોભે ફૂલના તોરા—વ્રજમાં૦ ૩
હરખે નૃત્ય કરે નરનારી, કરતાં નંદમહોત્સવ ભારી,
નિરખી 'રસિકપ્રિયા' બલિહારી....વ્રજમાં૦ ૪

卐

( ૩૩૬ )

[ રાગ–સહિયર ચાલ્યાં રે ઠમકતાં ]

સહિયર ! ચાલો રે નિરખવા, વ્રજમાં પ્રગટ્યા સુંદર શ્યામ,
આનંદસાગર ઊલટ્યો પૂરી મારા મનડા કેરી હામ–સહિયર૦ ૧
નોબત વાગે રે નવરંગી, તોરણ બાંધ્યાં દ્વારો દ્વાર,
કુમકુમ કેરા રે સાથિયા, હરખે નાચે નર ને નાર–સહિયર૦ ૨
ઝબલાં ટોપી રે લાવિયાં કરમાં લીધા કંચન થાળ,
વ્રજની ગોપી રે ગુણભર્યાં, આવ્યાં નંદતણે દરબાર–સહિયર૦ ૩
રસિક પ્રીતમને રે નિરખિયા, હરખે લીધા ખોળામાંય,
આશિષ આપે રે અતિ ઘણી,
એ સુખ 'રસિકપ્રિયા' ગુણ ગાય–સહિયર૦ ૪

卐

( ૩૩૭ )

આજ મેં તો દીઠી સગાઈ મધુરેશલાલની,
મધુરેશલાલની ને કન્હૈયાલાલની—આજ૦ ૧

વ્રજભૂષણલાલ જામનગરથી પધાર્યા,
વાગે નોબત શરણાઈ—મધુરેશલાલની૦ ૨

છોટાં છોટાં લાલીબા ગિરધર ગોપાલના,
બેટીજીએ કીધા જમાઈ—કન્હૈયાલાલની૦ ૩

અરસ-પરસ ફૂલહાર ધરાવ્યા,
મુખડામાં મેલી મીઠાઈ—મધુરેશલાલની૦ ૪

મોદભર્યાં માધવરાયે ચૂંદડી ઓઢાડી,
દાદીજીનો હરખ ન માય—કન્હૈયાલાલની૦ ૫

એ સુખ શોભા કેતાં ને આવે,
વૈષ્ણવ રહ્યાં છે ગુણ ગાઈ—મધુરેશલાલની૦ ૬

卐

( ૩૩૮ )

## * શ્રી રમણપ્રભુની ફુલવાડી *

ફુલી ફૂલવાડી રમણલાલની તૂં જોને સખી....ફુલી૦ ૧

પારિજાત ફૂલ્યાં જાણે પુરૂષોત્તમલાલજી,
મલ્લિકાના ફૂલ મદૂલાલજી તૂં જોને સખી....ફુલી૦ ૨

મોગરાના ફૂલ જાણે ફૂલ્યા માધવરાયજી,
રાયવેલ રસિકરાયની તૂં જોને સખી....ફુલી૦ ૩
ગોવિંદલાલ જાણે ફૂલ ગુલાબના,
ગુલ તુરા ગોપાલલાલની તૂં જોને સખી....ફુલી૦ ૪
તુલસીના વૃક્ષ જાણે ફૂલ્યા ત્રીકમરાયજી,
વળતી આવે વેલ વ્રજપાલની તૂં જોને સખી....ફુલી૦ ૫
રસિક વલ્લભ ફૂલ ખીલ્યાં રંગરંગના,
હરી ભરી બાલ ગોપાલની તૂં જોને સખી....ફુલી૦ ૬
મધુરેશ કન્હૈયા મધૂમાલતી ને કેવડો,
શ્યામસુંદર શ્યામ તમાલની તૂં જોને સખી....ફુલી૦ ૭
ચંદ્રગોપાલ જાણે ફૂલી ચમેલી,
શ્વેતકલી શરદકુમારની તૂં જોને સખી....ફુલી૦ ૮
બ્રજેશકુમાર જાણે બોલસરી ફૂલી,
ઘેરી કુંજ ઘનશ્યામલાલની તૂં જોને સખી....ફુલી૦ ૯
દામોદરલાલ જાણે ફૂલ દાડમના,
વલતી આવે વેલ વલ્લભલાલની તૂં જોને સખી....ફુલી૦ ૧૦
વૃજાલંકાર ફૂલ ખીલ્યાં વિવિધ ભાંતના,
સૂર્યમુખી શરદકુમારની તૂં જોને સખી....ફુલી૦ ૧૧
ત્રિલોકીભૂષણ જાણે તિલ પ્રસૂંન ફૂલ્યાં,
જાઈ ફૂલી જદુનાથલાલની તૂં જોને સખી....ફુલી૦ ૧૨
દ્વારકેશલાલ જાણે ફૂલ ડોલરના,
જૂઈ ફૂલી જયેશકુમારની તૂં જોને સખી....ફુલી૦ ૧૩

કૃષ્ણકુમાર ફૂલ ખીલ્યા કમલના,
કદમ કુલી કુંજવિહારની તૂં જોને સખી....કુલી૦ ૧૪
હાર શુંગાર જાણે ફૂલ્યાં હરિરાયજી,
દેખી છબી દરશનકુમારની તૂં જોને સખી....કુલી૦ ૧૫
વસંતકુમાર ફૂલ ખીલ્યાં વસંતના,
વળતી આવે વેલ વિશાલની તૂં જોને સખી....કુલી૦ ૧૬
અક્ષયકુમાર જાણે મોર આંબાનો,
માધુરી છે મિલનકુમારની તૂં જોને સખી....કુલી૦ ૧૭
વ્રજવલ્લભ, જયવલ્લભની વેલડી,
પ્રાણવલ્લભજીના લાલની તૂં જોને સખી....કુલી૦ ૧૮
લાલ ગુલાબ ખીલ્યાં ગોવર્ધનલાલજી,
પીત જુઈ શોભે પરાગની તૂં જોને સખી....કુલી૦ ૧૯
શ્રીવલ્લભ કૃપાથી પ્રેમ વર્ષા વરસાવે,
સીંચી ક્યારી સ્નેહ રસાલની તૂં જોને સખી....કુલી૦ ૨૦
મધુરી સુગંધ સદા રહે એની મહેંકતી,
કૃપા દૃષ્ટિ મદનમોહનલાલની તૂં જોને સખી....કુલી૦ ૨૧
'રસિકપ્રિયા' એની શીતલ છાંયામાં રહી,
સેવા કરે મદનમોહનલાલની તૂં જોને સખી....કુલી૦ ૨૨

* સમાપ્ત *

卐